પુષ્ટિમાર્ગીય પીઠાધીશ (સ્વરૂપ અને કર્તવ્ય)

પુષ્ટિમાર્ગ-પ્રવર્તક મહાપ્રભુ

શ્રીમદ્-વલ્લભાચાર્યજીના

સિદ્ધાન્તમાં નિષ્ઠા

રાખનારાઓને

સમર્પિત

: વ્યાખ્યાતા :

પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી

(કિશનગઢ-પાર્લા)


પ્રકાશક

પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર, રાજકોટ

પુષ્ટિ પરાગ પ્રકાશન, જુનાગઢ

**પ્રકાશક :**
પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર, રાજકોટ
સહયોગ પ્રકાશન : પુષ્ટિ પરાગ પ્રકાશન, જુનાગઢ
મો. ૯૪૨૭૪ ૯૫૧૫૯
Email : pvdhania@gmail.com
Must Visit : http://www.pushtimarg.net

**પ્રથમ મૂલ હિન્દી પ્રકાશન વર્ષ : વિ.સં.૨૦૪૩**
**ગુજરાતી અનુવાદ પ્રકાશન વર્ષ : વિ.સં. ૨૦૭૨**
**પ્રતિ : ૧૦૦૦**

## નિ:શુલ્ક વિતરણાર્થે

## પ્રાપ્તિસ્થાન

**પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર**
૨૧૪, અમરદિપ કોમ્પલેક્ષ,
૨-રજપુતપરા, રાજકોટ.
મો. ૯૪૨૭૪૯૫૧૫૯

**પુષ્ટિ પરાગ પ્રકાશન**
ગોકુલેશ નિકેતન,
માંગનાથ રોડ, જુનાગઢ.
મો. ૯૮૨૪૨૦૬૨૨૧

**મુદ્રક:**
પૂર્વીપ્રેસ પ્રા. લી., રાજકોટ.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| (૧) શું તમે પુષ્ટિમાર્ગીય નથી! | ૦૧ |


**વિષય પ્રવેશ :**


| | |
|---|---|
| (૧) ઉપક્રમ | ૦૮ |
| (૨) વિચારાર્થ ઉપજીવ્ય પ્રમાણવ્યવસ્થા | ૦૯ |
| (૩) વિચારાધિકારનું સ્વરૂપ | ૧૧ |
| (૪) વિચાર્ય વિષયનું સામાન્ય સ્વરૂપ | ૨૦ |
| (૫) ઉક્ત વિષયગત સંશયનું સામાન્ય સ્વરૂપ | ૨૧ |
| (૬) વિચાર સ્વરૂપ | ૨૩ |


**આદ્ય શ્રુતિકલ્પ પ્રકરણ**


| | |
|---|---|
| ૧. પ્રથમ સૂત્ર ભાષ્ય | ૨૬ |
| ૨. દ્વિતીય સૂત્ર ભાષ્ય | ૩૯ |
| ૩. તૃતીય સૂત્ર ભાષ્ય | ૬૬ |
| ૪. ચતુર્થ સૂત્ર ભાષ્ય | ૮૦ |
| ૫. પંચમ સૂત્ર ભાષ્ય | ૮૪ |
| ૬.ષષ્ઠ સૂત્ર ભાષ્ય | ૯૭ |
| ૭. સપ્તમ સૂત્ર ભાષ્ય | ૧૧૨ |

૮. **અષ્ટમ સૂત્ર ભાષ્ય** ૧૧૮

૯. **નવમ સૂત્ર ભાષ્ય** ૧૩૬

શ્રૂતિકલ્પ પ્રકરણ સમાપ્તિ

**પરિશિષ્ટ :**

(સપ્તમ પીઠાધીશ શ્રીઘનશ્યામલાલજી
મહારાજનો દિનાંક ૧/૨/૫૬નો લેખ) ૧૫૮

આધારભૂત સહાયક ગ્રંથોની તાલિકા ૧૭૦

***

# શું તમે પુષ્ટિમાર્ગીય નથી!

**અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્ વર્જનમાચરેદ્ ।**
**નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ ।।**

(સિદ્ધાન્ત રહસ્ય)

બ્રહ્મસંબંધના વગર સર્વદોષોની નિવૃત્તિ સંભવ નથી તેથી અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો જોઈએ. એટલા માટે પરિવારજનોને ભગવત્સેવામાં સહયોગી બનાવવા જોઈએ. એ જ રીતે અચેતન વસ્તુ ગૃહ વિત્ત અન્ન વસ્ત્ર આભૂષણ વગેરેને પણ ઉચિત રીતિથી ભગવત્સેવામાં ઉપયોગમાં લાવીને ત્યાર પછી આપણા કામમાં લાવવા જોઈએ. આ આપણા ભક્તિમાર્ગની નિર્દુષ્ટ મર્યાદા છે. (ઉપરોક્ત શ્લોક ૪-૫ ની શ્રીપુરૂષોત્તમજીની વ્યાખ્યાનો ગુજરાતી અનુવાદ).

**બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા....કૃષ્ણં ભજેત્** (ભક્તિવર્ધિની)

આપણા માર્ગમાં ભગવદ્ભજન ઘરમાં રહ્યા વિના સંભવ નથી. ઘરમાં રહીને કરવામાં આવતા ભગવદ્ભજનના પ્રકાર સિવાય ભગવદ્ભજનનો અન્ય કોઈ પ્રકાર છે જ નહીં. તેથી ભગવદ્ભજનાનુકૂલ ગૃહમાં રહીને સ્વધર્મપૂર્વક શ્રીકૃષ્ણની સેવા કરવી જોઈએ. (ઉપરોક્ત શ્લોકની શ્રીગોકુલનાથજીની વ્યાખ્યા)

**કૃષ્ણસેવા સદા કાર્યા....તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા** (સિદ્ધાન્તમુક્તાવલી)

ભગવત્સેવા માટે બીજાનું ધન લેવું અથવા બીજા કોઈને ધન આપવું એ ભગવત્સેવાની ઉચિત રીત નથી. એટલા માટે શ્રીમહાપ્રભુ 'તનુજા સેવા' કે 'વિત્તજા સેવા' આમ બે પ્રકારની અલગ-અલગ સેવા કરવાનો ઉપદેશ આપતા નથી. પરંતુ 'તનુવિત્તજા' પદના પ્રયોગ દ્વારા એકજ પ્રકારની સેવા કરવાનો ઉપદેશ આપી રહ્યા છે. (ઉપરોક્ત શ્લોકની શ્રીપ્રભુચરણકૃત વિવૃત્તિ).

સેવા કરવા માટે કોઈ બીજાને પૈસા આપવાથી અહંકાર વધી જાય છે. સેવા કરવાને માટે બીજા કોઈના પૈસા લેવાથી સેવા નિષ્ફળ બની જાય છે. (ઉપરોક્ત વિવૃતિની શ્રીપુરૂષોત્તમજીની વ્યાખ્યા)

**દાને હિ ન સ્વવિનિયોગઃ નતુ નિવેદને** (શ્રીપ્રભુચરણ નવરત્ન પ્રથમ શ્લોકની વિવૃતિ)

પ્રભુને દાનના રૂપમાં એટલે કે ભેટના રૂપમાં કાંઈ પણ ધરવામાં આવતું હોય તો તે દેવદ્રવ્ય બની જાય છે. તેથી આપણા ઉપયોગમાં નથી આવી શકતું, પરંતુ આપણે પોતે જે આપણા માથે બિરાજતા પ્રભુની સેવામાં નિવેદિત સમર્પિત-વિનિયુક્ત કરીએ છીએ તે દેવદ્રવ્ય નથી બનતું તેથી ફરીથી તે આપણા કામમાં પણ લાવી શકાય છે. (ઉક્ત વિધાનની વ્યાખ્યા)

ત્યારે એક વૈષ્ણવે શંકા કરી કે મહારાજ! તે દિવસે આપે રાજભોગ સુધીનો પ્રસાદ ગાયોને ખવડાવ્યો અને શ્રીયમુનાજીમાં પધરાવ્યો તેનું શું કારણ? ત્યારે આપે કહ્યું કે કટોરી ગિરવી મૂકીને જે સામગ્રી આવી તે તો શ્રીઠાકોરજી આપનાજ દ્રવ્યની આરોગ્યા એ તો આપનો જ થયો. જે શ્રીઠાકોરજીનું દ્રવ્ય ખાશે તે મારો નહીં અને મારો સેવક ભગવદીય હશે તે દેવદ્રવ્ય ક્યારેય પણ નહીં ખાય. જે ખાશે તે મહાપતિત થશે. તેથી તે પ્રસાદમાંથી ભોજન કરવાનો આપણો અધિકાર ન હતો. એટલા માટે ગાયોને ખવડાવ્યો અને શ્રીયમુનાજીમાં પધરાવ્યો. (ઘરૂવાર્તા)

**કૌંડિન્યો ગોપિકાઃ પ્રોક્તા ગુરવઃ સાધનં ચ તદ્-**
**ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદિષ્યતે ।।** (સંન્યાસનિર્ણય)

**ગુપ્તસ્ય અભિવૃદ્ધિસ્વભાવકત્વાતદ્ આશ્રમધર્મૈરેવ લોકે સ્વં ભગવદ્ભાવમ્ અનાવિષ્કુર્વન્ ભજેત્....એતેન યાવદ્ અન્તઃકરણે સાક્ષાત્ પ્રભોઃ પ્રાકટ્યં નાસ્તિ તાવદેવ બહિઃ આવિષ્કરણં ભવતિ.**

**પ્રાકટ્યે તુ ન તથા ન સમ્ભવતિ.** (અણુભાષ્ય-૩/૪/૪૯).

પુષ્ટિભક્તિ વ્રજભક્તોના ભાવોની ભાવનાની સાથે કરવી જોઈએ, બીજા કોઈ સાધનની અપેક્ષા નથી, છતાં પણ ભાવ જો ગુપ્ત રહે છે ત્યારે વૃદ્ધિંગત થઈ શકે છે. તેથી આશ્રમધર્મોની આડમાં પોતાના ભગવદ્ભાવને છૂપાવી રાખવો જોઈએ. જેમના હૃદયમાં ભગવાન બિરાજતા નથી એજ વ્યક્તિ પોતાના ભાવોને જનતાની સામે પ્રદર્શિત કરી શકે છે. પ્રભુ, જો, હૃદયમાં બિરાજતા હોય ત્યારે બહાર પ્રદર્શન કરવાનું સંભવ નથી (પૂર્વોદાહૃત બંને વચનોની એક વાક્યતાની સાથે અનુવાદ).

**કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દંભાદિરહિતં નરમ્ ।**
**શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેદ્ જિજ્ઞાસુરાદરાત્ ।।**
**તદભાવે સ્વયં વાપિ મૂર્તિં કૃત્વા હરેઃ ક્વચિત્ ।**
**પરિચર્યાં સદા કુર્યાત્ તદ્રૂપં તત્ર ચ સ્થિતમ્ ।।** (સર્વનિર્ણય-૨૨૭)

જે ગુરૂ ભગવત્સેવાને ઉત્તમ માનીને બીજાઓને સેવાનો ઉપદેશ આપતો હોય તે પોતે ભગવત્સેવામાં તત્પર કેમ ન રહી શકે? તેથી ભગવત્સેવામાં તત્પર પુરૂષને જ ગુરૂ બનાવવા જોઈએ. એ ભગવદ્સેવા દંભ (ધનસંગ્રહાર્થ શિષ્યજનસંગ્રહાર્થ સંગઠનસંગ્રહાર્થ અથવા કીર્તિસંગ્રહાર્થ) વગેરે હેતુથી પ્રેરિત ન હોવી જોઈએ. કેમકે સિદ્ધાન્તના અનુસાર કરવામાં આવતી સેવા જ પુરૂષાર્થરૂપા હોય છે. મનમાં કાંઈક બીજું પ્રયોજન રાખીને બહારથી સેવાપરાયણતાનો દેખાડો કરવાથી સેવા સફળ નથી થતી. ગુરૂ જેમને બનવું હોય તેમને આ આવશ્યક છે કે તે ભાગવતના મુખ્ય સિદ્ધાન્ત અથવા તત્ત્વોના જાણકાર પણ હોય. આવા જો ગુરૂ કદાચ ન મળતા હોય તો ક્યાંય પણ રહીને જાતેજ ભગવત્સ્વરૂપની સેવામાં તત્પર જઈ જવું જોઈએ (ઉપરોક્ત કારિકાઓની શ્રીમહાપ્રભુકૃત વ્યાખ્યાનો અનુવાદ).

**....તેન ગુરૂત્વમેવ વૃત્તિત્વેન ફલતિ. યુક્તંચ એતદ્ અનુપકૃત્ય**

**પરસ્વગ્રહણે ઋણિત્વેન બન્ધસ્ય પ્રસંજનાત્. કિંચ ઋતોત્તરમ્ અમૃતાખ્યાયાઃ અયાચિતવૃત્તેઃ ઉક્તત્વાત્ તસ્યામપિ શિષ્યસ્યૈવ ગ્રાહ્યં ન ઈતરસ્ય તુ એવં સંકોચે તસ્યામપિ પ્રશસ્તત્વસિદ્ધિઃ** (શ્રીપુરૂષોત્તમજીકૃત સ્વવૃત્તિવાદ)

....આથી આ સિદ્ધ થાય છે કે ગુરૂના રૂપમાં આપણને આપવામાં આવતી ચરણભેટ દ્વારાજ આપણે આપણો નિર્વાહ ચલાવવો જોઈએ, આ જ ઉચિત રીતિ છે. અન્યથા કાંઈ પણ ઉપકાર કર્યા વિના કોઈ બીજાનું ધન લેવામાં આવે તો ઋણનો જ પ્રકાર થાય જેને ન ચુકવવાથી પાપ લાગે છે, વગર માગ્યે જે મળતું હોય તેમાં પણ શિષ્યના દ્વારા ગુરૂભાવનાની સાથે જે આપવામાં આવતું હોય તેનાથીજ નિર્વાહ ચલાવવાનું વ્રત લેવું એથી પણ પ્રશંસનીય છે (ઉપરોક્ત સ્વવૃત્તિવાદનો અનુવાદ)

**ચિતિં ચ ચિતિકાષ્ઠં ચ પૂયં ચંડાલમેવ ચ ।**
**સ્પૃષ્ટ્વા દેવલકં ચૈવ સવાસા જલમાવિશેદ્ ।।**
**દેવાર્ચનપરો યસ્તુ વિત્તાર્થી વત્સરત્રયમ્ ।**
**સ વૈ દેવલકો નામ હવ્યકવ્યેષુ ગર્હિતઃ ।।**

(શ્રીપુરૂષોત્તમજીકૃત દ્રવ્યશુદ્ધિ)

શબ, શબને દાહ કરવાના લાકડા, રૂધિર વગેરે અપવિત્ર વસ્તુ, મરેલા જાનવરના ચામડા કાઢીને વેંચવાવાળા તથા દેવલકનો સ્પર્શ થાય તો વસ્ત્રસહિત સ્નાન કરીને જ ઘરમાં પ્રવેશ કરવો જોઈએ. ધન કમાવા માટે એટલે કે આજીવિકાના રૂપમાં જે ત્રણવર્ષ સુધી દેવપૂજા કરે તેને અપવિત્ર દેવલક સમજવો જોઈએ (ઉપરોક્ત કારિકાઓનો અનુવાદ).

**તતો ભાગવતં કૃતમ્, એતદભ્યસનાલ્લોકો**
**મુચ્યતેનુપજીવનાત્....પઠનીયં પ્રયત્નેન સર્વ હેતુવિવર્જિતં,**
**વૃત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ કંઠગતૈરપિ,**
**તદભાવે યથૈવ સ્યાત્ તથા નિર્વાહમાચરેદ્** (સર્વનિર્ણય).

શ્રીમદ્ ભાગવતના અભ્યાસથી બધું જ કાંઈ સિદ્ધ થાય છે, પરંતુ શરત આ જ છે કે ભાગવતનો ઉપયોગ આજીવિકાર્જન હેતુ ન હોવો જોઈએ. ભાગવતનો પાઠ સર્વથા પ્રયોજન રહિત જ કરવો જોઈએ (એટલે કે ફંડફાળો કે ભેટ એકઠા કરવાના હેતુથી પણ નહીં). આજીવિકાર્જનાર્થ તો પ્રાણ ગળાસુધી આવી જાય ભલે તો પણ ભાગવતનો દુરૂપયોગ ન કરવો જોઈએ (ઉપરોક્ત કારિકાઓનો અનુવાદ).

આ પ્રકારના શ્રીમહાપ્રભુજીના આ સિદ્ધાન્તોથી સર્વથા વિપરીત સાર્વજનિક સંસ્થા અથવા સાર્વજનિક નિજી મંદિરોમાં ચાલતી ભગવત્સેવાના માહોલમાં સંમિલિત થઈને, ત્યાં નિત્ય નિયમની સાથે દર્શન કરવા જવાના દુરાગ્રહના કારણે, ધનોપાર્જનના હેતુથી કરવામાં આવતા મનોરથોની ઝાંખીના ધરમધક્કાને આર્થિક કે સક્રિય પ્રોત્સાહન આપીને, દેવદ્રવ્યથી ધરવામાં આવતી ભોગસામગ્રી, કે જેને લેવાથી શ્રીમહાપ્રભુજી આપણને 'મહાપતિત' ગણતા હોય, એને પણ મોહવશ લઈને, ફંડફાળા ઉઘરાવવા માટે કરવામાં આવતી ભાગવત સપ્તાહોને આર્થિક કે બીજી કોઈપણ રીતથી સહયોગી બનીને આપણે આપણા શ્રીમદાચાર્યચરણોની સાથે જબરદસ્ત વિશ્વાસઘાત કર્યો છે.

આના પરિણામરૂપે આપણા દેશની સુપ્રીમ-કોર્ટે આપણા સિદ્ધાન્તોની અવગણના કરીને ત્રણ-ત્રણ ચુકાદા આપણા વિરૂદ્ધ આપ્યા છે- પોતાની જાતને વૈષ્ણવ કહેવડાવનારા સંપ્રદાયદ્વેષીઓની હલકી વાતો ન્યાયાધીશોના ગળે ઉતરી જાય છે પરંતુ આપણા દિવ્ય સિદ્ધાન્ત એમના ગળે ઉતરતા નથી. પારિવારિક ભાવનાના ભાવથી પોતાના ઠાકોરજીના દર્શન કરવાની પૂર્વે વૈષ્ણવોને આપવામાં આવેલી છૂટના દુષ્પરિણામતયા આજે આપણા ધર્મગુરૂઓને પૂજારિપણાની હીન કક્ષા ઉપર ફેંકી દેવાનું સંપ્રદાય વિરોધી ષડ્યંત્ર સફળ થવા જઈ રહ્યું છે. અંતમાં આ ષડ્યંત્રોના શિકાર બનેલા હતાશ ગોસ્વામિ મહાનુભાવ એક દિવસ પોતાની જાતને

દેવલક પૂજારિ જ માની લેવાની હીનતાગ્રંથીથી બંધાઈ જશે. આપણા દિવ્ય સંપ્રદાયની આવી દુર્ગતિ કરવાના અપરાધી અનુયાયી વૈષ્ણવ લોકો છે કે ધર્માચાર્ય મહારાજશ્રી આ વિવાદનો સમય વીતી ગયો છે.

આવો! આપણે શ્રીમહાપ્રભુ પાસે આપણા દુષ્કૃત્યની ક્ષમાયાચના કરીએ અને સોગંદ ખાઈએ કે -

(૧) જે આપણા માથે ન બિરાજતા હોય તેવા ઠાકોરજીના દર્શન કરવાનો નિત્યનિયમ નહીં લઈએ કે જેનાથી કોઈપણ પુષ્ટિપ્રભુને નંદાલય છોડીને સાર્વજનિક અનાથાલયમાં બિરાજવાનો પરિશ્રમ પડે કેમકે આપણા આવા પ્રકારના દુષ્કૃત્યથી આમ જનતાનો કાનૂની અધિકાર પેદા થઈ જાય છે.

(૨) જે મનોરથ મનોરથીના પોતાના દ્રવ્યથી પોતાના માથે બિરાજતા સેવ્ય સ્વરૂપના તથા પોતાના નિજજનોની સાથે ન મનાવવામાં આવતા હોય એવા મનોરથોમાં, ભેટ-સામગ્રી આપીને અથવા દર્શન કરવા જઈને શ્રીમહાપ્રભુ વગેરેના સર્વસ્વ નિધિસ્વરૂપો, સંપ્રદાય કે સિદ્ધાન્તની સાથે હવે આપણે ક્યારેય પણ વિશ્વાસઘાત નહીં કરીએ.

(૩) સાર્વજનિક મંદિરોમાં શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તથી વિપરીત દેવદ્રવ્યથી અથવા બ્રહ્મસંબંધવગરના દર્શનાર્થીઓના દ્રવ્યથી ધરવામાં આવતી ભોગ-સામગ્રી શ્રીપુષ્ટિપ્રભુ કાં તો આરોગતા જ નથી કાં પછી દેવદ્રવ્યથી આરોગેલી સામગ્રીનો પ્રસાદ લેવો શ્રીમહાપ્રભુએ પાતિત્યકારક માન્યો છે, એટલા માટે કોઈ પણ સ્થિતિમાં પ્રસાદ લેવો જ ન જોઈએ. તેથી સાર્વજનિક મંદિરનો પ્રસાદ આપણે ક્યારેય નહીં લઈએ.

(૪) ફંડફાળા (પૈસા) એકઠા કરવા માટે આયોજિત કરવામાં આવતા ભગવન્મનોરથ કે ભાગવત સપ્તાહમાં દર્શન-શ્રવણ કરવાના હેતુથી આપણે ક્યારેય જઈશું નહીં, જેથી સાક્ષાત્ ભગવત્સ્વરૂપ કે ભગવદ્રૂપ ભાગવત પુરાણના ખરીદવા કે વેંચવાના આપણે અપરાધી ન બની

જઈએ.

આજ દિવસ સુધી આપણાથી શ્રીમહાપ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન, ભલે અજ્ઞાનવશ કે મોહવશ કે પ્રમાદવશ થયું, આપણા આવા બધાજ અપરાધોને શ્રીપુષ્ટિપ્રભુ શ્રીમહાપ્રભુ તથા શ્રીપ્રભુચરણ ક્ષમા કરે; અને પુષ્ટિસૃષ્ટિના બધા જીવોને પુષ્ટિપથની યાત્રામાં સિદ્ધાન્તાભિમત દિશામાં અગ્રસર થવાની મતિ રતિ તથા ક્રિયાશકિત પ્રદાન કરે! **''બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મ પ્રસીદતુ !''**

(સેંકડોની સંખ્યામાં હવે સ્વસિદ્ધાન્તમાં સાચી નિષ્ઠા રાખનારા વૈષ્ણવોએ આ સોગંદ સ્વયં લેવાના શરૂ કર્યા છે તથા બીજાઓને પણ પ્રેરિત કરી રહ્યા છે, આ ગોસ્વામિબાલકોના વિરોધમાં કોઈ આંદોલન નથી પરંતુ સંપ્રદાયના સિદ્ધાન્ત, ભાવના તથા શ્રીમદ્વલ્લભવંશજ ગોસ્વામિઓથી દ્વેષ રાખનારાના કુટિલ ષડ્યંત્રોનો પ્રતીકાર છે. કેટલાંક સ્વાર્થાન્ધ અથવા અભણ લોકો આને શ્રીમદ્વલ્લભવંશજ ગોસ્વામિઓ તેમજ સંપ્રદાયનો વિરોધ બતાવી રહ્યા છે. એમને ઉદ્ધૃત કરવામાં આવેલા વચનોંનો બીજો અર્થ શું છે એ કહી બતાવવાનો પડકાર અમે આપીએ છીએ સાથે સાથેજ ગ્રંથાન્તમાં પરિશિષ્ટતયા પ્રદત્ત સપ્તમ ગૃહાધીશ ગો.શ્રીઘનશ્યામલાલજી મહારાજના અતીશય મનનીય વકતવ્યના મનનની સલાહ આપીએ છીએ.-**લેખક**)

# વિષય પ્રવેશ

**શ્રીગોવર્ધનનાથપાદયુગલં હૈયંગવીનપ્રિયં,**
**નિત્યં શ્રીમથુરાધિપં સુખકરં શ્રીવિઠ્ઠલેશં મુદા ।**
**શ્રીમદ્દ્વારવતીશગોકુલપતી શ્રીગોકુલેન્દું વિભું,**
**શ્રીમન્મન્થમોહનં નટવરં શ્રીબાલકૃષ્ણં ભજેત્ ।।૧।।**

**શ્રીમદ્વલ્લભવિઠ્ઠલૌ ગિરિધરં ગોવિંદરાયાભિધં,**
**શ્રીમદ્બાલકકૃષ્ણગોકુલપતિ નાથં રઘુણાંસ્તથા ।**
**એવં શ્રીયદુનાયકં કિલ ઘનશ્યામં ચ તદ્વંશજાન્,**
**કાલિન્દીં સ્વગુરૂં ગુરૂંવિભું સ્વીયંપ્રભૂંશ્ચ સ્મરેત્ ।।૨।।**

**જયતિ શ્રીવલ્લભાર્યો જયતિ ચ શ્રીવિઠ્ઠલેશ્વરઃ પ્રભુઃ શ્રીમાન્ ।**
**પુરૂષોત્તમશ્ચ તૈશ્ચ નિર્દિષ્ટા પુષ્ટિપદ્ધતિર્જયતિ ।।૩।।**

**વાગર્થાવિવ સમ્પૃક્તૌ ગ્રન્થકૃષ્ણૌ હિ યન્મુખે ।**
**વક્તારં તં વિભું વન્દે તદ્વાગર્થોપલબ્ધયે ।।૪।।**

આપણા સંપ્રદાયમાં એક લાંબા અરસાથી ષષ્ઠપીઠના વિષયમાં વિવાદ ચાલ્યો આવે છે. પૂર્વકાલમાં પણ આ પ્રશ્ન અથવા સમસ્યાનું સમાધાન ક્યારેય પણ સંતોષકારક રીતે શોધી ન શકાયું અને ન આજે પણ અમારા આ પ્રયાસમાં પણ એવી કોઈ મહત્વપૂર્ણ ઉપલબ્ધિની સંભાવના છે. છતાં પણ આ નિબંધને પ્રકટ કરવાની તાત્કાલિક આવશ્યકતા આ છે કે વર્તમાન શતાબ્દીમાં શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તોથી સર્વથા વિપરીત હોવા છતાં પણ સ્વધર્મરૂપ ભગવત્સેવા સેવાસ્થળો તથા સેવ્ય સ્વરૂપોના વ્યાવસાયિક પ્રદર્શનોના કારણે પુષ્ટિભક્તિની ગૌરવપૂર્ણ પરંપરાનું જે વિકૃત રૂપ અનુયાયિજનસમાજમાં તથા અદાલતોમાં ઉભર્યું છે એ વિકૃત રૂપનેજ સંપૂર્ણ સિદ્ધાન્તનિષ્ઠાને છોડીને આ વિવાદના પક્ષધરો દ્વારા પુષ્ટ કરવામાં આવી રહ્યું છે. આવી સ્થિતિમાં આ વિવાદાસ્પદ વિષયની

બાબતમાં જે કાંઈપણ સિદ્ધાન્તસંગત તથ્ય અમારી સમજમાં આવ્યા છે તેને બધા સિદ્ધાન્તનિષ્ઠ વિચારકોની સમક્ષ પ્રસ્તુત કરવું અમારૂં પરમ કર્તવ્ય બની જાય છે.

અન્યથા આજ સુધી આ વિવાદને અમે કોઈપણ પ્રકારની તુલના આપવા નહોતું ઈચ્છ્યું આ જ કારણ હતું કે ષોડશગ્રંથોના પ્રકાશનના પ્રસંગ ઉપર વડોદરાસ્થિત અને સૂરતસ્થિત બંને જ ગૃહોને અમે ષષ્ઠપીઠતયા જ સ્વીકાર કર્યા હતા. એમાં પણ પાછું કારણ આ જ હતું કે એક તો આ વાત આવા મનોમાલીન્યનો હેતુ બની શકે છે કે જેમાં ન તો વાલ્લભ સંપ્રદાયમાં સ્વસ્થ સ્પર્ધાજન્ય કોઈ પ્રકારના વિકાસની સંભાવનાઓ સ્વીકારી શકાય છે અને ન વિવાદગ્રસ્ત પક્ષધરોના ધર્માચાર્ય પદોચિત આદર્શ રૂપને પણ આના સ્પષ્ટીકરણ દ્વારા ઉજાગર કરી શકાય છે. ઉચિત થાત કે કાલક્રમવશ સ્વતઃ મહત્ત્વહીન બનીને આ વિવાદ સંપ્રદાયમાં વિસ્મૃત થઈ જાત, એનાથી વિપરીત આજે આને એ આત્મઘાતી હદ સુધી હઠપૂર્વક ખેંચીને લઈ જવામાં આવી રહ્યું છે કે જ્યાં પહોંચીને આપણે પુષ્ટિમાર્ગના તથાકથિત પાંચસો વર્ષની કિંવદન્તીને પ્રામાણિક માનવા માટે મજબુર થવું પડશે.

આ યાદવાસ્થળી જેવા વિવાદને પુષ્ટિમાર્ગના પાંચસો વર્ષની પરિસમાપ્તિના અંતિમ અધ્યાયન વર્ણ્યવિષય બનાવવો જ હોય તો ‘‘ભગવદિચ્છા બલીયસી’’ માનીને એને આપણે શિરોધાર્ય કરવું પડશે, પરંતુ પુષ્ટિમાર્ગના વર્તમાનકાલના ઈતિહાસમાં સિદ્ધાન્તનિષ્ઠાના અભાવના લાંછનનું કાંઈક થોડુંઘણું પણ પ્રક્ષાલન આ નિબંધ કરી શકે તો અમે પોતાની જાતને ધન્ય માનીશું.

**વિચારાર્થ ઉપજીવ્ય પ્રામાણ્ય વ્યવસ્થા :**

વર્ણાશ્રમ ધર્માનુયાયી બધા વેદાદિશાસ્ત્રપ્રામાણ્યવાદી લોકો માટે ધર્મરૂપ સ્વકર્તવ્યના સ્વરૂપના નિધારણાર્થ એક આદર્શ પ્રમાણ વ્યવસ્થા

આ બતાવવામાં આવી છે **"શ્રુતિસ્મૃતિસદાચારઃ સ્વસ્ય ચ પ્રિયમાત્મનઃ સમ્યક્ સંકલ્પજઃ કામો ધર્મમૂલમિદં સ્મૃતમ્"** (યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ) શ્રુત્યાદિ ચતુષ્ટયમાં પરસ્પર સંવાદ રહેવાથી મુખ્ય કલ્પતયા નિર્વિચિકિત્સ ધર્મસ્વરૂપનો બોધ થાય છે. અન્યથા પૂર્વ-પૂર્વથી અવિરૂદ્ધ તથા અનવગત વિષયનું પ્રતિપાદન જો ઉત્તરોત્તરમાં ઉપલબ્ધ થતું હોય તો મધ્યમકલ્પતયા એને પણ અનુસરણીય ધર્મ જ સ્વીકારવામાં આવે છે. પૂર્વ પૂર્વથી વિરૂદ્ધ ઉત્તરોત્તર પ્રમાણના પ્રામાણ્યમાં સંકોચની કલ્પના પણ કરવી જ પડે છે.

જેવી આ એક સામાન્ય પ્રામાણ્યવ્યવસ્થા આપણે બધા વર્ણાશ્રમધર્માનુયાયીઓને માટે માન્ય છે એવીજ એક વિશેષ પ્રામાણ્યવ્યવસ્થા આપણે પુષ્ટિમાર્ગીય અનુયાયીઓને માટે પણ સ્વીકારી શકાય છે.

મહાપ્રભુ શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણ, ગોસ્વામી શ્રીગોપીનાથ પ્રભુચરણ તથા ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણના સાક્ષાત્ વચન આપણે બધાના માટે શ્રુતિકલ્પતયા મૂલભૂત પ્રમાણ વચન હોવા જોઈએ, પરવર્તી વ્યાખ્યાકાર વાર્તાકાર તેમજ વચનામૃતકાર મહાનુભાવોના વચન, આપણે પુષ્ટિમાર્ગીયોને માટે, સ્મૃતિકલ્પ પ્રમાણ બની શકે છે. આપણે ત્યાં વિભિન્ન ઘરોમાં પ્રચલિત વિભિન્ન પ્રણાલી કે પરંપરાઓને સદાચાર કલ્પ પ્રમાણ માની શકાય છે. ઉદાહરણરૂપે ઘૈયા બોલતી વખતે કોઈ ઘરમાં શ્રીબાલકૃષ્ણજીનું નામ લેવામાં આવે છે, તો બીજા ઘરમાં શ્રીકલ્યાણરાયજીનું, ક્યાંક કોઈપણ નામ ન લેવામાં આવતું હોય એ પણ સંભવ છે, કેમકે સેવા વિધિના પ્રાચિન ગ્રંથોમાં આ પ્રકારથી નામ લઈને ઘૈયા ભોગ ધરવાનું વિધાન જ ઉપલબ્ધ નથી થતું. શ્રીહરિરાયજીવિરચિત સહસ્રીભાવના, શ્રીદ્વારિકેશજીકૃત ભાવભાવના, શ્રીગોપેશ્વરજીકૃત રશ્મિ (૪/૩/૧૬)ના પરિશિષ્ટ, મહેશ શ્રીઈન્દિરેશકૃત નિત્ય સેવાહ્નિક વિધિ

પ્રકાશ આદિ બધા ગ્રંથ આ વિષયમાં મૌન છે. જો આ શ્રીમત્પ્રભુચરણ દ્વારા પ્રવર્તિત નિયમ, જેમકે કતિપય અપઠિત લોકોનું કહેવું છે, હોત તો તે સેવા વિધિઓમાં અવશ્ય સન્નિવિષ્ટ હોત. આનાથી સિદ્ધ થાય છે કે ઘૈયામાં આ નિધિસ્વરૂપોના નામ બોલવાની વિધિ તે-તે ગૃહોમાં ભિન્ન ભિન્ન હોવાથી તે-તે ગૃહોના માત્ર સદાચાર શિષ્ટાચાર છે, સિદ્ધાન્ત નથી. અંતમાં આનાથી અવિરૂદ્ધ જે પણ કાંઈ રાગદ્વેષરહિત બુદ્ધિથી દેશકાલાદિના ઔચિત્યના વિચારવશ આપણને ઉત્તમ લાગતું હોય એ પણ સમ્યક્ સંકલ્પજ કામરૂપ સ્વાત્મપ્રિય ઉહના સમાન પ્રમાણ માની શકાય છે.

જે વસ્તુ કે કર્તવ્યમાં આ ચારે પ્રમાણોનો સંવાદ અનુભૂત થતો હોય એને મુખ્યતમ કલ્પ સમજવો જોઈએ. પૂર્વ-પૂર્વમાં અનુપલબ્ધ કોઈ વાતની પ્રામાણિકતાના નિર્ધારિણ માટે ઉત્તરોત્તર પ્રમાણો ઉપર અવલંબિત થવું જોઈએ પરંતુ પૂર્વ-પૂર્વથી વિરૂદ્ધ ઉત્તરોત્તરના પ્રામાણ્યનો સંકોચ પણ સ્વીકારવો જોઈએ.

આ પ્રકારની પ્રામાણ્યવ્યવસ્થા જો માન્ય ન હોય તો સ્પષ્ટ છે કે વાલ્લભ સંપ્રદાયમાં કોઈ પણ વસ્તુ કે કર્તવ્યનું સ્વસિદ્ધાન્તોચિત સ્વરૂપ નિર્ધારિત કરી શકવું એક દુષ્કર વાત બની જશે.

**વિચારાધિકારનું સ્વરૂપ :**

સ્પષ્ટ છે કે શ્રીમહાપ્રભુ અથવા શ્રીપ્રભુચરણના સાક્ષાત્ વચનોમાં કોઈ વાત ઉપલબ્ધ થઈ જતી હોય તો અન્ય કોઈના વિચારાધિકારના વિમર્શનો કોઈ પ્રસંગ જ ઉપસ્થિત થઈ નથી શકતો. ઉદાહરણરૂપમાં થોડીવાર એવું માનીને ચાલીએ, જે એક વાસ્તવિકતા પણ છે જ, કે ષષ્ઠપીઠ કઈ છે આ બાબતમાં શ્રીમહાપ્રભુ અથવા શ્રીપ્રભુચરણના કોઈ પણ વચન ઉપલબ્ધ નથી થતાં, આવી સ્થિતિમાં પ્રામાણિક ષષ્ઠપીઠ કઈ છે આ કેવીરીતે નિર્ધારિત કરી શકાય? કોને નિર્ણયાધિકારી થવાની

માન્યતા પ્રદાન કરવી જોઈએ?

**શંકા :**

(૧) શું આ પ્રશ્નને પુષ્ટિમાર્ગીય અનુયાયી સર્વસાધારણ જનતાની બહુમતિ દ્વારા નિર્ધારિત કરી શકાય છે?

અથવા

(૨) શું આને વૈષ્ણવોની પ્રતિનિધીભૂત સંસ્થા આન્તરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ્ કે સ્વધર્મવિવર્ધિની સભા અથવા વિ. પી. એસ. એસ. જેવી સંસ્થાઓના કાર્યકર્તાઓના કોઈ સામાન્ય કે વિશેષ અધિવેશનમાં ઉપસ્થિત પ્રતિનિધિઓની બહુમતિના આધારે નિર્ધારિત કરી શકાય છે?

અથવા

(૩) શું આ પ્રશ્નને શ્રીમદ્વલ્લભવંશજ ગોસ્વામિપરિષદ્ કે આન્તરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ્ દ્વારા કાગળ ઉપર ઉપસ્કૃત આચાર્યપરિષદ જેવી કોઈ સંસ્થાના સદસ્યોની બહુમતિ દ્વારા નિર્ધારિત કરી શકાય છે?

અથવા

(૪) શું આને સાત પીઠોના પીઠાધીશ અને/અથવા કેવળ પ્રમુખ પીઠાધીશ શ્રીતિલકાયત મહારાજશ્રીની બહુમતિ કે નિજમતિ દ્વારા નિર્ધારિત કરી શકાય છે?

અથવા

(૫) શું આ વિવાદને દેશના કોઈ ન્યાયાલયમાં પ્રસ્તુત કરીને ઉચ્ચ કે ઉચ્ચતમ ન્યાયાલયીય નિર્ણય દ્વારા નિર્ધારિત કરી શકાય છે?

આ પાંચેયમાંથી અથવા એવીજ રીતે અન્ય પણ કોઈ પદધારી

અથવા પદવીધારી વ્યક્તિના નિર્ણયાધિકારનો વિષય આને માની શકાય છે?

**સમાધાન :**

(૧) શંકાના સમાધાનરૂપથી આ જણાય છે કે ષષ્ઠપીઠ ષષ્ઠપીઠાધીશ અથવા ષષ્ઠનિધિનુ સ્વરૂપ તેમજ કાર્યકલાપ જો સર્વથા લૌકિક જ હોય તો પરિવર્તનશીલ લૌકિક બહુમતિના દ્વારા આજે આને તો કાલે કોઈ બીજાને તે-તે સમય ઉપર ષષ્ઠપીઠ પીઠાધીશ તેમજ ષષ્ઠનિધિના રૂપમાં નિર્વાચિત કરી શકાશે. પરંતુ ષષ્ઠપીઠ પીઠાધીશ તેમજ પીઠનિધિનું સ્વરૂપ મહત્ત્વ તેમજ ક્રિયાકલાપ જો અલૌકિક માનીએ છીએ તો તેમાં લૌકિક બહુમતિનું પ્રામાણ્ય માન્ય નહીં થઇ શકે.

(૨) શંકાના સમાધાનરૂપમાં આ જાણવા યોગ્ય છે કે કોઈપણ પરિષદ કે સંસ્થાના કાર્યકર્તા પ્રતિનિધિ કે સદસ્યોની બહુમતિ તો સામાન્ય વૈષ્ણવ જનતાની બહુમતિની તુલનામાં તેનાથી પણ અધિક સંકીર્ણ તથા ક્ષુદ્ર ગુટબાજીથી પણ પ્રભાવિત હોઈ શકે છે. આના સિવાય ન તો કોઈ એવી સર્વમાન્ય સંસ્થા વિદ્યમાન છે અને ન આવા થોથા દાવાના આધાર ઉપર અકાટ્ય પ્રામાણ્યની કલ્પના પણ કરી શકાય છે.

હાલમાં જ કેટલાક સમય પહેલાં કરમુક્તિના મોહવશ, ''વૈષ્ણવ પરિષદ્‌માં અવૈષ્ણવોને પણ સદસ્ય તેમજ પદાધિકારી બનાવી શકાય છે'', આવી આત્મઘાતી યોજના વિચારવામાં આવી રહી હતી. સૌભાગ્યવશ પ્રબલ વિરોધ ઉભો થયો અને એ યોજના તથા તેના પુરસ્કર્તા બંનેને પરિષદમાંથી કાઢી નાખવામાં આવ્યા. અન્યથા ભવિષ્યમાં અપુષ્ટિમાર્ગીય ''આરામ-દક્ષ'' લોકો આ પુષ્ટિમાર્ગીય સંસ્થામાં ઘુસીને આ સંપ્રદાયના ભાગ્યવિધાતા બની બેશત. અને આવી સ્થિતિમાં સ્વસંપ્રદાયની પીઠના પીઠાધીશ કઇ વ્યક્તિને બનાવવામાં આવે, આનો અધિકાર પણ અવૈષ્ણવોમાં નિહિત થઇ જાત. આવી અવ્યવસ્થા

આપણને સ્વીકાર્ય ન હોય તો પછી આ સંસ્થાઓને પીઠાધીશ નિયુક્ત કે નિર્ધારિત કરવાનો અધિકાર કેવી રીતે માની શકાય છે!

(૩) શંકાના સંદર્ભમાં કોઈક મહાનુભાવોનું આમ પણ કહેવું છે કે ષષ્ઠપીઠનો વિવાદ બડભૈયાઓનો વિચારાધિકારનો વિષય છે. છૂટભૈયાઓએ આમાં માથાફોડી કરવી ન જોઈએ.

પરંતુ આ બાબાઆદમના જમાનાની ધારણાની વિવેચના કરવી જોઈએ કે છૂટભૈયા છે કોણ? કેમકે સ્વયં સુરતસ્થ ગૃહને ષષ્ઠપીઠ સિદ્ધ કરવામાટે નિરંતર પ્રયત્નશીલ સમાદરણીય શ્રીકલ્યાણરાયજી તથા શ્રીવલ્લભરાયજી સૂરતના ઘરમાં તો છૂટભૈયા છે, શું એમને આ વિવાદમાં પડવું ન જોઈએ? સ્વયં શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણ પણ કનિષ્ઠ બંધુ હતા અને આજે એમનોજ વંશ વિદ્યમાન છે. શ્રીગોપીનાથપ્રભુચરણનો વંશ તો વિદ્યમાન જ નથી, તેથી શું બધા ગોસ્વામિમહાનુભાવોને આ વિષયમાં મૌન સેવન કરવું જોઈએ? કેમકે ગોસ્વામિ તિલકાયતશ્રી અર્થાત્ પ્રધાનપીઠાધીશ કે પ્રથમ પીઠાધીશ પણ શ્રીગિરધરજીના જ્યેષ્ઠ પુત્રના વંશજ ન હોઈને દ્વિતીય તેમજ તૃતીય પુત્રોના વંશજ છે. આવી સ્થિતિમાં તો ઓપનિંગ બેટ્સમેન જ ક્લીન બોલ્ડ થઈ જશે, છુટભૈયા હોવાથી! જો વિદ્યમાન બધા ગોસ્વામિઓના તત્તત્ પરિવારમાં જે બડભૈયા હોય એમનેજ બોલવાનો અધિકાર હોય તો પ્રસ્તુત નિબંધ લેખક પણ પોતાના પરિવારમાં જ્યેષ્ઠ છે કનિષ્ઠ નહીં.

રહી વાત કેવળ સાત પીઠ કે પ્રમુખપીઠ સહિત આઠ પીઠના બડભૈયાઓને જ આ વિષયમાં બોલવાના અધિકારી માનવાની વાત તો આ ષષ્ઠપીઠના જ વિવાદાસ્પદ હોવાના કારણે કોરમમાં એક મત ઓછો રહેશે. અથવા ત્રણે દાવેદારોને પણ વિવાદ ચર્ચામાં સંમિલિત કરવા પર છુટભૈયાઓને બોલવાનો અધિકાર આપવો જ પડશે. કેમકે આ સહજ સંભવ છે કે તૃતીય-ચતુર્થ-પંચમ-સપ્તમ-પીઠોના બડભૈયાઓના અનુસાર

સૂરતનું ઘર તૃતીય છૂટભૈયાનું ઘર કહી શકાય છે. બીજું તો ઠીક સ્વયં સૂરતસ્થ સમાદરણીય પૂ.ગો.શ્રીવ્રજરત્નલાલજી મહારાજે પણ નડિયાદના કેસની જુબાનીમાં તો **''સૂરતની હવેલી શામલજીના પુત્ર શ્રીવ્રજરાયજી મહારાજે સ્થાપિત કરેલી, શ્રીવ્રજરાયજી મહારાજ શ્રીવિઠ્ઠલનાથજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીના ઘરમાં આવે''** (ગો.શ્રીવ્રજરાયજી મહારાજ, બી.બી.દેશાઈ કમિશ્નર ઑફ ખેરા, સ્પેશિયલ સૂટ નં.૨૫૪૩ તા.૨/૧૧/૪૬) કહીને સૂરતના ઘરને (તૃતીયગૃહ/૨) જ માન્યું છે, એમ કહી શકાય છે. આ જ રીતે સંભવ છે કે કાશી તેમજ વડોદરાના ઘરોને પ્રથમ તથા દ્વિતીય પીઠાધીશ છુટભૈયાઓનું ઘર માનીએ!

નિષ્કર્ષરૂપે છુટભૈયા તથા બડભૈયાના વિભાજન આમાં નભી નથી શકતા.

થોડી વાર પુરતુ માની લેવામાં આવે કે ગોસ્વામી શ્રીતિલકાયિત મહારાજ કાશી તેમજ સૂરતની વચ્ચે કોને ષષ્ઠ માનવામાં આવે આ બાબતમાં કોઈ નિશ્ચિત નિર્ણય ઉપર પહોંચી નથી શકતા અને અનિર્ણયની સ્થિતિમાં મૌન ધારણ કરી લે છે. પ્રથમેશ તથા દ્વિતીયેશ સૂરતના ગૃહને ષષ્ઠતયા માન્યતા પ્રદાન કરવા માગતા હોય પરંતુ તૃતીયેશ-ચતુર્થેશ-પંચમેશ-સપ્તમેશ એકમતથી વડોદરાના ગૃહનેજ ષષ્ઠપીઠતયા માન્ય કરતા હોય તો બડભૈયાઓના એકમતના અભાવમાં જો બહુમતિ થી નિર્ણય લઈએ તો વડોદરા સિદ્ધ થશે. આને, પરંતુ, શ્રીતિલકાયિત મહારાજ પાસેથી માન્યતા નહીં મળે. પ્રથમેશ દ્વિતીયેશના અન્યોથી બડભૈયા હોવાના કારણે જો સૂરતના ગૃહને ષષ્ઠપીઠ માને છે તો જ્યેષ્ઠતમ પ્રધાનપીઠાધીશની અનિર્ણયાત્મિકા મનોવસ્થાનું બહાનું બનાવીને અન્ય કોઈ માન્ય નહીં કરે. અંતમાં અગતિકતયા કેવળ પ્રધાન પીઠાધીશ ગોસ્વામિતિલકાયિત મહારાજશ્રીના નિર્ણય ઉપર બધુંજ છોડી દેવામાં આવે છે તો, તે કેવળ શ્રીનાથદ્વારામાં શ્રીનાથજીની પાસે ષષ્ઠનિધિતયા

પધરાવવા અને છઠી આરતીનો અધિકાર પ્રદાન કરવાની સીમિત માન્યતાનું જ દ્યોતક થશે, સર્વમાન્ય નહીં. ભૂતકાળમાં પણ ઉદાહરણતયા નાથદ્વારામાં ષષ્ઠપીઠતયા કાશીના ઘરને ગોસ્વામિ-તિલકાયિતશ્રીની માન્યતા પ્રાપ્ત હતી. પરંતુ તે સર્વમાન્ય ન બની શકી સ્વયં વર્તમાન ગો.શ્રીતિલકાયિત મહારાજશ્રીએ પણ પહેલા એક વખત શ્રીમુકુંદરાયજીને જ ષષ્ઠનિધિતયા નાથદ્વારામાં પધરાવ્યા હતા સૂરતવાળા શ્રીબાલકૃષ્ણજીને નહીં. હાલમાં પરંતુ શ્રીબાલકૃષ્ણજી ષષ્ઠ પીઠાધીશતાના દાવાની ઘોષણાની સાથે પધરાવવામાં આવ્યા, જેમાં ''મૌનં સંમતિલક્ષણમ્''ની નીતિના અનુસાર ગો.શ્રીતિલકાયિત મહારાજશ્રી દ્વારા ન તો એમને શબ્દશઃ માન્યતા પ્રદાન કરવામાં આવી અને ન કાશીના ઘરને પ્રકટ શબ્દોમાં અમાન્ય પણ કરવામાં આવ્યા. આ પ્રકારથી તો કાલે જો વડોદરા ઘરના કોઈ ગોસ્વામી ગોસ્વામિતિલકાયિત મહારાજશ્રીને રિઝાવી લે તો ભવિષ્યમાં સૂરત-કાશી બંનેની માન્યતા નિરસ્ત કરાવીને વડોદરાના હકમાં પણ નિર્ણય લઈ લેવો કોઈ અશક્ય વાત નથી. ષષ્ઠનિધિ હોવાના દાવાની સાથે શ્રીબાલકૃષ્ણજીનું એક સ્વરૂપ સપ્તમપીઠમાં પણ બિરાજી રહ્યું છે. અને તે ભવિષ્યમાં જો ક્યારેય ગોસ્વામિતિલકાયિતશ્રીને રિઝાવી લે તો કાલે એમને પણ ષષ્ઠ-સપ્તમોભયપીઠની માન્યતા મળી શકે છે!

આથી સિદ્ધ થાય છે કે ન તો સપ્તમગૃહોની બહુમતિ અને ન ષષ્ઠપીઠની પ્રમુખમતિજ આ વિષયમાં અંતિમ નિર્ણાયક વાત માની શકાય છે.

(૪) શંકાના સમાધાનરૂપથી આ જાણવા યોગ્ય છે કે ઉદાહરણરૂપે શ્રીવલ્લભવંશજ ગોસ્વામિ પરિષદ્‌ના તરફથી પ્રકાશિત વંશવૃક્ષ જેમ સૂરતના ઘરને માન્ય નથી, બરાબર એજ પ્રકારથી આંતરરષ્ટ્રીય વૈષ્ણવ પરિષદ્ દ્વારા પુરસ્કૃત આચાર્ય પરિષદ્ પણ પુષ્ટિમાર્ગના અન્ય આચાર્યોને માન્ય નથી. આવી સ્થિતિમાં ન તો ગોસ્વામિ પરિષદ્ અને ન આચાર્ય પરિષદ્‌ની પણ બહુમતિના આધારે કાંઈપણ નિર્ધારિત થઈ શકે છે.

(૫) શંકાના સમાધાનરૂપમાં આ જાણવા યોગ્ય છે કે ગુજરાત-ઉચ્ચ ન્યાયાલયે તથા દેશના ઉચ્ચતમ ન્યાયાલયે વાલ્લભ સંપ્રદાયના સેવાસ્થળોને સાર્વજનિક સ્વામિત્વના મંદિર તથા વાલ્લભ સંપ્રદાયના ધર્મગુરૂઓને તેમાં પૂજારિ-ટ્રસ્ટી માની લીધા છે. શું આ સ્થિતિમાં વાલ્લભ સંપ્રદાયમાં શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણના નિષેધોની અવહેલના કરીને પોતાની જાતને આપણે પૂજારી માની શકશું? અવધેય છે કે શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે "મેરો હો કે દેવદ્રવ્ય ખાયેગો સો મહાપતિત હો જાયેગો મેરો નાહિ કહાવેગો"(ઘરૂવાર્તા) તો શું આપણે પતિત દેવલક પૂજારી છીએ? કોઈપણ સિદ્ધાન્તનિષ્ઠાશીલ વ્યક્તિ સિદ્ધાન્તવિરૂદ્ધ આવા ન્યાયાલયીય નિર્ણયોને હૃદયથી તો સ્વીકારી નહીં શકે, અપ્રતીકાર્ય હોવાથી ભીતિવશ કે સ્વાર્થવશ અથવા લજ્જાગ્લાનિવશ સિદ્ધાન્તોને જનતાની સમક્ષ સ્વીકારવા ભલે તૈયાર ન પણ હોય.

છ વર્ષ સ્વમાર્ગીય સિદ્ધાન્તોને ગુરૂમુખેથી શીખ્યા પછી સ્વયંને સિદ્ધાન્તનિષ્ઠ માનવાવાળા એક ગોસ્વામિમહાનુભાવને જ્યારે અમે કહ્યું કે "શું તમે પુષ્ટિમાર્ગીય નથી?" (આ નિબંધના પ્રારંભમાં સહલગ્ન)નો કયો શબ્દ કે કઈ પંક્તિ સિદ્ધાન્તથી વિરૂદ્ધ છે જરાક કાઢીને બતાવી આપો! તો બિચારા ગભરાઈ ગયા અને કહેવા લાગ્યા-"બધુંજ કાંઈ બરાબર છે અમારે આપની સાથે શું મતભેદ છે?" જ્યારે આ નિબંધના લેખકે અનુરોધ કર્યો કે "તો આ જ વાત લખી આપો જેથી જે લોકો એમ કહે છે કે નવોદિત સિદ્ધાન્ત મર્મજ્ઞ(!)મહારાજશ્રીને શપથપત્ર સિદ્ધાન્તતઃ માન્ય નથી તો એમને બતાવી શકાય!" તો નીચી મૂંડી કરી ગયા કે "લખીને તો હું નથી આપી શકતો" આમના જ સહયોગી બીજા બે વિખ્યાત વિદ્વાન મહાનુભાવોમાંથી એકે અમને કહ્યું કે "ભગવત્સેવાર્થ અથવા ભગવન્મનોરથાર્થ બીજા પાસેથી દ્રવ્ય ન લેવું જોઈએ આ સિદ્ધાન્ત તો માન્ય છે, પરંતુ ચાર-પાંચ વર્ષમાં જ્યાં સુધી કોઈ બીજો ધંધો અમારો જામી ન જાય, ત્યાં સુધી અચાનક ભગવત્સેવાર્થ દ્રવ્ય લેવાનું બંધ કરવા

માટે આપ કહો તો અમે ક્યાં જઈએ?'' સામાન્ય રીતે તો લોકો વિવાહના પહેલાં પોતાનો ધંધો નિશ્ચિત કરી લે છે. હવે કોઈ ધર્મોપદેશક સંતતીના પિતા બન્યા પછી પણ, ધર્મસંમત કે ધર્મવિરૂધ્ધ કયા પ્રકારનો ધંધો કરવાનું નિશ્ચિત ન કરી શકે તો આપણી સમવેદના જ આપણે પ્રકટ કરી શકીએ છીએ બીજું કાંઈ જ નહીં!

સ્પષ્ટ છે કે ભીતિવશ કે સ્વાર્થવશ ભલે કોઈ સ્વીકારે કે ન સ્વીકારે પરંતુ અન્તર્મનથી તો બધા સમજે છે કે ન્યાયાલયીય નિર્ણય આપણા સિધ્ધાન્તોથી વિરૂધ્ધ છે. આ જ સ્થિતિ આ વિવાદમાં પણ થશે-જેમના વિરૂધ્ધ નિર્ણય આવ્યો.

આના સિવાય ન સિધ્ધાન્તનિષ્ઠ અને ન સિધ્ધાન્તબોધ અર્થાત્ ઉભયથી શૂન્ય એવી પુષ્ટિમાર્ગીય જનતામાં નિધિસ્વરૂપોના દર્શનાર્થ ભટકતા ઘણાં લોકો આમ પણ વિચારવા લાગી ગયા છે કે પુષ્ટિમાર્ગીય હવેલીઓનું મુખ્ય પ્રયોજન જે વૈષ્ણવોથી પોતાના ઘરમાં ભગવત્સેવા નભતી હોય કે ન નભતી હોય એમને દુકાન-ઑફિસ પહોંચવામાં આડે ન આવે એવી રીતે નિધિ સ્વરૂપોની નિત્યસેવા દર્શન-મનોરથ-ભેટ-સામગ્રી-સમાધાનની સુવિધા પ્રદાન કરવી એ જ છે!

સ્વાભાવિકરૂપે આવી મનઃસ્થિતિના કારણે પોતાની ભેટથી ટી.વી. વિડીઓ રેફ્રીજરેટર એયરકંડીશન કાર વગેરેના એશોઆરામમાં ગોસ્વામિઓને આળોટતા જોઈને એમને લાગે છે કે શું પુષ્ટિમાર્ગીય હવેલી કોઈ સસ્તા પૂજારિઓ દ્વારા સંચાલિત ન થઈ શકે? એવો કોઈ પૂજારિ જે સાદગીપૂર્ણ જીવન જીવીને આ નિધિ સ્વરૂપોની, નિત્યસેવા-મનોરથ-દર્શન-ભેટ-સામગ્રી-પ્રસાદ-સમાધાનાત્મિકા પંચધા ભગતિની નિર્ધારિત સમયાનુસાર પ્રદર્શન કરનારી હવેલી ચલાવતા હોય. આજની દેશકાલની પરિસ્થિતિમાં શું આ વધારે ઉપયોગી નહીં થાય?

અનતિદૂર ભવિષ્યમાં નિત્ય-સેવા-મનોરથ-દર્શન-ભેટ-

સામગ્રી-પ્રસાદ-સમાધાનાત્મિકા સાર્વજનિક પંચધા ભગતીની શોખીન જનતા ઉહાપોહ કરશે કે આ મોંઘા પૂજારિઓને કાઢીને સસ્તા (ઓછા ખર્ચવાળા) સાદા તથા હંમેશા મંદિરમાં નોકરી ઉપર હાજર રહેનારા ટકાઉ પૂજારિ નિયુક્ત થવા જોઈએ. આંધ્રપ્રદેશમાં અનુસૂચિત જાતિઓને પણ મંદિરમાં સેવા પૂજાર્થ પ્રશિક્ષિત કરવામાં આવી રહ્યા છે, તેથી ન્યાયાલયમાં આ આશયના દાવાની જો જીત થઈ ગઈ તો આ જ નવનિધિઓની સેવાને માટે તનુવિત્તજા સેવાને સ્વધર્મબુદ્ધિથી નહીં પરંતુ આજીવિકાર્થ કરવાવાળા, સ્વગૃહોચિત પુષ્ટિભાવસંગોપનની ગરિમા તથા નવધાભક્તિની સાથે નહીં પરંતુ નિત્ય-સેવા-મનોરથ-દર્શન-ભેટ-સામગ્રી - પ્રસાદ-સમાધાનાત્મિકા પંચધા ભગતી કરવાવાળા પુજારિ (!) ની નિયુક્તિ થઈ જશે. તો શું આવા પૂજારિઓને પણ પીઠાધીશ માનવા? ત્યાં આંધ્રપ્રદેશમાં પણ આનુવંશિક અધિકાર સમાપ્ત થવા જઈ રહ્યો છે તો બકરીની માં અહીં ઉત્તરમાં ક્યાં સુધી ખૈર મનાવી શકશે? તેથી ગોસ્વામિ બાલકોને અમારી હાથજોડીને વિનમ્ર પ્રાર્થના છે કે હવે આવી બાલલીલા બંધ કરી દે! ભલે સ્વસંપ્રદાય તથા સ્વસિદ્ધાન્તના ગૌરવનો નહીં, ઓછામાં ઓછો, આત્મગૌરવનો ખ્યાલ રાખીને પણ વૈચારિક તેમજ વ્યાવહારિક કાંઈક પ્રૌઢતા પ્રકટ કરે. આપણે હિંમત રાખવી જોઈએ કે આજ દિવસ સુધી જનતાએ આપણને જે આદર આપ્યો છે તે કતિપય નિધિ સ્વરૂપોના પૂજારિ હોવાના કારણે નહીં, પરંતુ શ્રીમદ્‌વલ્લભાચાર્યના વંશજ હોવાના કારણે જ આપ્યો હતો. પછી મિથ્યા મોહની આવશ્યકતા શું છે?

સ્વધર્માનુયાયી જનતા સાથે સ્વધર્મોપદેશાત્મક સંબંધને નિભાવવાની આળશ તથા ઉપેક્ષાના કારણે; તથા નિચલા સ્તર ઉપર ભગવત્પ્રદર્શનના જોર શોરથી ચાલતા વ્યવસાયના કારણે જે આર્થિક લાભ દિનદુગુનો મળતો રહે છે, એના કારણે પણ આજે આપણે ભીતરથી અકર્માણ્ય સત્ત્વ-પૌરૂષહીન બની ગયા છીએ. અન્યથા આ નિધિસ્વરૂપોની

આડમાં આપણે આપણી આજીવિકા કમાવાની પ્રમાદવૃત્તિ ન બતાવી હોત તો, જેવી રીતે અન્ય ધર્મોપદેશકોના વૈભવ ઉપર લોકો વિરોધ નથી ઉઠાવતા, એવી રીતે આપણા વૈભવ પણ લોકોની આંખમાં ખટકત નહીં. કેમકે જનતા પણ એ જાણી જાત કે જ્યારે એમને ભેટ ધરી છે તો એમને વાપરવાનો પણ અધિકાર છે. આજે જનતાના હૃદયમાં આ ભાવ દૂર કરવો મુશ્કેલ છે કે વાલ્લભ સંપ્રદાયના ધર્મગુરૂ ભગવાનના નામ ઉપર પૈસા એકઠા કરીને ખુદ મોજમજા ઉડાવી રહ્યા છે!

તેથી પૂજારિપીઠવાદને વધારે પ્રચારિત કરવાથી કાલે જે કોઈ વ્યક્તિને સરકાર આપણા સંપ્રદાયમાં પ્રધાન પીઠાધીશ, પ્રથમેશ કે દ્વિતીયેશ વગેરે બનાવી દેશે ત્યારે એમને આપણે પણ સ્વીકારવું પડશે. અને આપણા માર્ગમાં સ્વયં આપણે જે ખાડા ખોદ્યા છે એમાં ન કેવળ આપણે જ પડીશું પરંતુ આખા સંપ્રદાય સહિત શ્રીમહાપ્રભુની સર્વસ્વ આ નિધિઓને પણ પટકી દેશે!

આનાથી સિદ્ધ થાય છે કે વાલ્લભ સંપ્રદાયમાં ષષ્ઠપીઠ ષષ્ઠનિધિ અથવા ષષ્ઠપીઠાધીશના નિર્ધારિણાર્થ શ્રીમદાચાર્યચરણ-શ્રીપ્રભુચરણ, પરવર્તી વ્યાખ્યાકાર-વાર્તાકાર-વચનામૃતકાર, તથા તે-તે ઘરોમાં પ્રચલિત પ્રણાલી અને સાથેસાથેજ વર્તમાન દેશ-કાલના અનુસાર બનતા-બગડતા કાનૂન તેમજ જનભાવનાનો સરખીરીતથી વિચાર કરીને રાગદ્વેષરહિત બુદ્ધિથી તથા મૂલાચાર્યોના વચનોથી અવિરૂદ્ધ જે પણ આપણને ઉચિત લાગે એને નિર્ધારિત કરવું જોઈએ. સાંપ્રદાયિક કોઈપણ પ્રમેય-કર્તવ્યનો બોધ સાંપ્રદાયિક પ્રમાણોના આધારે નિર્ધારિત થવો જોઈએ-યથાકથંચિત્ નહીં.

**વિચાર્ય વિષયનું સામાન્ય સ્વરૂપ :**

સંપ્રદાયમાં લાંબા અરસાથી ચાલ્યા આવતા આ વિવાદના અનુસાર ષષ્ઠપીઠના ત્રણ દાવેદાર છે :

(૧) વડોદરા સ્થિત ગૃહ જ્યાં હાલમાંજ શ્રીયદુનાથવંશસમુદ્ભૂત નિત્યલીલાસ્થિત ગોસ્વામી શ્રીવલ્લભલાલજી મહારાજના ધર્મપત્ની શ્રીમતી કૃષ્ણાવતી વહુજી મહારાજે તૃતીય પીઠાધીશ્વર ગોસ્વામી શ્રીવ્રજેશકુમારના દ્વિતીયાત્મજ ગોસ્વામી શ્રીદ્વારકેશ બાવાને પોતાના ધર્મપુત્રરૂપે મનોનીત કર્યા છે.

(૨) કાશી સ્થિત શ્રીયદુનાથવંશસમુદ્ભૂત શુદ્ધાદ્વૈતમાર્તણ્ડકાર શ્રીગિરધરજીનું ગૃહ જ્યાં હાલમાંજ ગોસ્વામી શ્રીમુરલીધરજી મહારાજનો નિત્યલીલાપ્રવેશ થવાના કારણે પીઠાસન ખાલી થયું છે.

(૩) ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણના તૃતીયાત્મજ શ્રીબાલકૃષ્ણવંશસમુદ્ભૂત શ્રીવ્રજરાયજી દ્વારા સુરત નગરમાં સ્થાપિત ગૃહ જ્યાં સંપ્રદાયના વયોવૃદ્ધ સમ્માન્ય વિદ્વાન્ ગોસ્વામી શ્રીવ્રજરત્નલાલજી મહારાજ, જેઓ ઔરસ ક્રમમાં શ્રીગિરિધરજીના વંશજતયા બિરાજમાન છે.

આ ત્રણેમાં સાચા દાવેદાર કોણ છે તે આ નિબંધનો વિચાર્ય વિષય છે.

**ઉક્ત વિષયગત સંશયનું સામાન્ય સ્વરૂપ :**

અહીં સંશય એટલા માટે પેદા થાય છે કે સંપ્રદાયમાં શું–

(૧) કોઈ વિશેષ નિધિસ્વરૂપની સેવા માટે ઉપયુક્ત સ્થળ (ગૃહ/પીઠ/હવેલી/મંદિર)ને તથા ત્યાં નિવાસ કરવાવાળા સેવાકર્તા શ્રીવલ્લભવંશજને કેવળ સેવાધિકારીતયા પીઠાધીશ માની શકાય છે શું?

અથવા

(૨) સ્વસંપ્રદાયના પ્રમુખ પીઠાધીશ ગોસ્વામિતિલકાયિત મહારાજશ્રી જ્યારે જે પીઠના જેને અધિપતિ માની લે શું એજ એ પીઠના પીઠાધીશ બની શકે છે–બીજા નહીં?

(૩) વાલ્લભ સંપ્રદાયમાં ધર્માચાર્ય ન તો સંપ્રદાયાનુયાયી જનતા દ્વારા સાર્વજનિક નિર્વાચનની પ્રક્રિયાથી અને ન કોઈ સમિતિ વિશેષ દ્વારા મનોનયનની પ્રક્રિયાથી બને છે. પરંતુ આર્ષ પ્રણાલીના* અનુસાર શ્રીમદ્વલ્લભાચાર્યના વંશમાં પુરૂષ સંતતીને સ્વસિદ્ધાન્તસંમત સ્વકર્તવ્યના નિભાવવાથી અર્થાત્ જન્મકર્મસમુચ્ચયેન સ્વતઃ જ ગુરૂત્વાધિકાર પ્રાપ્ત થઈ જાય છે. જ્યાં સુધી કોઈ ગૃહવિશેષ કે પીઠવિશેષના અધિપતિ થવાનો પ્રશ્ન છે તો તે ગૃહ કે પીઠના પૂર્વાધિપતિથી ઔરસક્રમવશ અથવા અનૌરસ હોવા છતાં પણ શાસ્ત્રીય વિધિ દત્તક/દ્વામુષ્યાયણવશ અથવા લૌકિક વિધિ ગોદ જવાવશ કે ભેટરૂપે પ્રાપ્ત કરવાવશ બનેલા ઉત્તરાધિકારીને જ પ્રાપ્ત થાય છે, અન્યથા નહીં.

(***આચાર્યે તુ ખલુ પ્રેતે ગુરૂપુત્રે ગુણાન્વિતે । ગુરૂદ્વારે સપિણ્ડે વા ગુરૂપદ વૃત્તિમાચરેત્ । એતેષ્વવિદ્યમાનેષુ સ્નાનાસનવિહારવાન્ । પ્રયુંજાનોડગ્નિશુશ્રૂષાં સાધયેદ્ દેહમાત્મનઃ ।।** (મનુસ્મૃતિ ૨/૨૪૭-૮) **ગુર્વભાવે તત્પત્ન્યા તત્પુત્રે તદ્ગોત્રે વા બ્રહ્મચર્યમ્ ઈતિ જ્ઞાપયિતું 'કુલ' પદમ્** (ભાષ્ય પ્રકાશ ૩/૪/૪૭).)

આ આનુવંશિક ઉત્તરાધિકાર જેમ 'છુટભૈયાઓ'ના ઘરમાં ઉત્તરાધિકાર કે દાયભાગના કારણે પ્રાપ્ત થાય છે તેવીજ રીતે 'બડભૈયાઓ'ના ઘરમાં પણ ઉત્તરાધિકાર કે દાયભાગના કારણે જ પ્રાપ્ત થાય છે. પૂર્વપીઠાધીશના સેવ્ય સ્વરૂપને લડી-ઝઘડીને કે ચોરીને અર્થાત્ અનુત્તરાધિકારવશ ઝુંટવીને સેવા કરવા લાગી જવાથી નહીં.

આ ત્રિવિધ કલ્પોમાંથી કયો કલ્પ સંપ્રદાયમાં સર્વમાન્ય પૂર્વોક્ત પ્રમાણચતુષ્ટયીના આધાર ઉપર પ્રામાણિક છે? તે પ્રામાણિક કલ્પ આ દાવેદાર વડોદરા-કાશી-સૂરતમાં કયા ગૃહમાં પરિલક્ષિત થાય છે? અર્થાત્ કોઈ સ્વરૂપવિશેષના સેવાધિકારવશ પીઠાધીશતા આવતી હોય તો એ દેવલક પુજારીમાં પણ પીઠાધીશતા લાવશે. ત્યારે પુજારિપીઠવાદ પ્રામાણિક સિદ્ધ થશે. અન્યથા શ્રીમદ્વલ્લભાચાર્યકુલમાં જન્મ લેવો સ્વમાર્ગીય પ્રણાલીથી સ્વસંપ્રદાય મંત્રોની દીક્ષા લેવી તથા સ્વધર્મપરાયણ

રહેવું આટલા સામાન્ય લક્ષણના સિવાય તત્તત્ પીઠ કે ગૃહમાં કુલાચારની રીતિના અનુસાર જેને ઉત્તરાધિકાર મળ્યો હોય તે એ ગૃહ કે પીઠના પીઠાધીશ બને છે. આ પ્રામાણિક વ્યવસ્થા હોય તો આચાર્યપીઠવાદ પ્રામાણિક સિદ્ધ થશે.

સંક્ષેપમાં, પૂજારિપીઠવાદ પ્રામાણિક છે કે આચાર્યપીઠવાદ આ જ સંશયનું સામાન્ય સ્વરૂપ છે.

**વિચારસ્વરૂપ :**

પ્રસ્તુત નિબંધ આ સંશયના સમાધાનની પ્રાપ્તિના પ્રયાસમાં વાદરૂપેણ લખવામાં આવી રહ્યો છે. તેથી ક્રમશઃ સંશય પૂર્વપક્ષ ઉત્તરપક્ષ તથા સંગતિના વિન્યાસ દ્વારાજ વિચારાર્થ અગ્રસર થવું અમોને અભિષ્ટ છે. એતદર્થ સાધક અથવા બાધક જે પણ ઉલ્લેખ, આપણને સંપ્રદાયના આ વિવાદ સાથે સંબંધિત જે કોઈ ગ્રંથમાં ઉપલબ્ધ થતા હોય, તેને યથાશક્ય સંકલિત કરીને અમે વિષયવાક્યતયા આ નિબંધમાં પ્રસ્તુત કરવા માગશું. જે વચન અમારી અસાવધાનીના કારણે અહીં સંકલિત ન થઈ શક્યા હોય અને એનો આ વિવાદાસ્પદ વિષયની સાથે સાક્ષાત્ અથવા પરંપરયા કોઈ સંબંધ હોય તો વિદ્વાન આલોચક એને અમારી સામે લાવશે. આનાથી અમે ચિરકૃતજ્ઞ થઈશું. ગ્રંથના અંતમાં પરિશિષ્ટતયા એનો સમાવેશ પણ અવશ્ય કરીશું. આ વિષય-વાક્યોનું પૂજારિપીઠવાદી તથા આચાર્યપીઠવાદી વ્યાખ્યાનોના વિકલ્પવશ સંશયનું નિરૂપણ ચિકીર્ષિત છે. પુર્વપક્ષ સર્વદા પૂજારિપીઠવાદીઓની યુક્તિના સંકલનાર્થ રહેશે અને ઉત્તરપક્ષમાં એ યુક્તિઓના આચાર્યપીઠવાદીઓ દ્વારા આપવામાં આવતા સમાધાનોનું સંકલન હશે. આવી વૈચારિક સંગતિના નિરૂપણ દ્વારા અમને વિશ્વાસ છે કે અનાગ્રહી વિચારકોની સામે સંપૂર્ણ સ્થિતિ ચોકખે-ચોકખી ઝલકવા લાગી જશે.

યદ્યપિ પૂર્વકાલમાં શ્રીતૈલીવાલા પ્રભૃતિએ પણ આ વિષય ઉપર કલમ ઉપાડી હતી પરંતુ જેવો સાંગોપાંગ વિચાર આપણને અહીં અભિષ્ટ છે તેવો તે સમયે થઈ નહોતો શક્યો. પ્રસ્તુત વિવાદાગ્રસ્ત વિષયની સૈદ્ધાન્તિક, વ્યાવહારિક, વર્તમાનકાલિક તથા સ્વસંપ્રદાયની હિતેચ્છાની પૃષ્ઠભૂમિ ઉપર આ બધા વિચાર આપણને ચિકીર્ષિત છે. અતએવ આ નિબંધના પ્રથમ શ્રુતિકલ્પ પ્રકરણમાં શ્રીમદાચાર્યચરણ તથા શ્રીગોપીનાથપ્રભુચરણ તેમજ શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણના વચનોને વિષયવાક્યતયા ઉપસ્થાપિત કરવાના છે. દ્વિતીય સ્મૃતિકલ્પ પ્રકરણમાં આ મૂલાચાર્યોના વચનોની વ્યાખ્યા અથવા ચરિત્ર નિરૂપક વાર્તા અથવા સિદ્ધાન્ત અને ઈતિવૃત્ત નિરૂપક વચનામૃતોને સંકલિત કરીને વિષયવાક્યતયા ઉપસ્થાપિત કરવાના છે. તૃતીય સદાચારકલ્પ પ્રકરણમાં સંપ્રદાયના વિભિન્ન ગૃહોમાં પ્રચલિત પ્રણાલિકાના વિમર્શ દ્વારા પૂજારિપીઠવાદ તથા આચાર્યપીઠવાદમાંથી કયો વાદ યુક્ત છે તેમજ કયો અયુક્ત કે અનુપયુક્ત છે એની વિચારણા અમને અભિલષિત છે. ચતુર્થ ઉહકલ્પ પ્રકરણમાં વર્તમાન દેશકાલની પરિસ્થિતિને લક્ષ્યમાં રાખીને શું કરવું ઉચિત છે એ વિચારવું અભીષ્ટ છે.

જો આ પ્રયાસથી વિવાદનો ઉપશમ થઈ જતો હોય તો નિઃસંદેહ તે એક મહતી કૃપા પરમાત્માની અમે સંપ્રદાય ઉપર માનશું. આમતો વિવાદોપશમ ન પણ થતું હોય તો ભગવદિચ્છા માનીને ‘‘તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્’’ આદેશાનુસાર અમે તો નિશ્ચિંત જ છીએ. કેમકે અમારૂં પ્રયોજન ન તો જલ્પશૈલીમાં અને ન વિતણ્ડાશૈલીમાં જ વિવાદ કરવાનું છે. અમારૂં તો પ્રયોજન માત્ર તત્ત્વનિર્ણય તથા સંપ્રદાયહિત જ છે. છતાં પણ વિજિગીષાવશ પણ કોઈ જલ્પ કરવા માગે તો પણ અમે યથામતિ પ્રસ્તુત તથા પ્રતિબદ્ધ છીએ. વિતંડા તો ઉભયતઃ સ્વસ્વ પક્ષોના સ્થાપિત જ થઈ જવાના કારણે અપ્રાસંગિક છે. અમારા

તરફથી અમે બધા વિદ્વાન મહાનુભાવોને આમંત્રિત કરીએ છીએ કે આ નિબંધમાં જે પણ અનુક્ત કે દુરૂક્ત હોય તે અમારા દૃષ્ટિપથમાં લાવે, અમે આવી આલોચનાનો અમારા એતદ્વિષયક સૂત્ર તથા ભાષ્યના ઉપર વાર્તિકના રૂપમાં સમાદર કરીશું.

કિમ્ અધિકમ્ . . .

**યદિ સ્ફુરતિ દૂષણં નિપુણબુદ્ધયઃ સર્વથા**
**મદીય વચસિ સ્ફુટં તદપિ યુક્તિભિર્દીયતામ્ ।**
**વિચારભરચાતુરીફલમિદં હિ લોકે યતઃ**
**સમાધિકુશલસ્ય તદ્ ભવતુ ચાપિ કૌતુહલમ્ ।।**

***

# શ્રુતિકલ્પપ્રકરણ

**સૂત્ર**

**પીઠાધીશતા-સંપાદક અષ્ટનિધિઓની સેવાના ઉક્ત મહત્ત્વનો કે અષ્ટપીઠનો ઉલ્લેખ શ્રીમન્મહાપ્રભુવિરચિત ગ્રંથોમાં ઉપલબ્ધ નથી થતો (૧/૧)**

**ભાષ્ય**

આ અધિકરણમાં સામાન્યતયા શ્રીમદાચાર્યચરણવિરચિત યચ્ચ-યાવદ્ ગ્રંથોમાં સ્થિત વચન વિષય વાક્ય છે. એમાં ન તો કોઈ સ્વરૂપનું ષષ્ઠત્વ નિરૂપિત થયું છે અને ન કોઈ આઠ સ્વરૂપોનું સ્વસેવયા પીઠાધીશતાધાયક માહાત્મ્યવિશેષ પણ.

આનાથી પ્રતિત થાય છે કે બધા સ્વરૂપ સમપ્રધાન છે. પરવર્તી વ્યાખ્યાકાર વાર્તાકાર તેમજ વચનામૃતકાર ગોસ્વામિમહાનુભાવોના વચનોનો ઘણું કરીને એવો અર્થ સ્વીકારવામાં આવે છે કે આઠ નિધિસ્વરૂપોની વાલ્લભ સંપ્રદાયમાં પ્રમુખતા તેમને અભિમત છે. આ જો શ્રીમદાચાર્યવચનથી વિરૂદ્ધ ન હોય તો વ્યાખ્યા-વાર્તા-વચનામૃતનું સ્મૃતિકલ્પ પ્રામાણ્ય તો સ્વીકૃત છે જ. એતાવતા અષ્ટનિધિની પ્રમુખતા સિદ્ધ તો થશે. આ પ્રમુખતા, પરંતુ સ્વરૂપગત જ છે કે સ્વરૂપની સેવા કરવાવાળામાં પણ આ સ્વરૂપગત-પ્રમુખતા અનુસંક્રાંત થાય છે? આ સંશય અહીં પેદા થાય છે.

પૂજારિપીઠવાદનો પૂર્વપક્ષ અહીં આ છે કે મૂલ શ્રીમદાચાર્યવચનોમાં અનિરૂપિત હોવા છતાં પણ, શ્રીપ્રભુચરણના કાલમાં આઠ મુખ્ય સ્વરૂપ એક સિંહાસન પર સેવામાં બિરાજતા હતા, આ જ આઠ સ્વરૂપોમાંથી, પછીથી બટવારાના સમયે, એક-એક (કે એકથી વધારે પણ) સ્વરૂપ નિજસુતોને યથાયથ પધરાવવામાં આવ્યા. એતાવતા આ

સ્વરૂપોની મુખ્યતા શ્રીપ્રભુચરણ દ્વારા નિરૂપિત થઈ છે. અથવા એતદ્દ્વારા કમ સે કમ આ સ્વરૂપોમાં એ મુખ્યતા આહિત તો થઈ જ છે. અતએવ એના સેવાધિકારથી પુષ્ટિસંપ્રદાયમાં આઠ ગોસ્વામી 'પ્રમુખ પીઠાધીશ' કહેવાય છે. આ અષ્ટાંતર્ગત સ્વરૂપોમાં ષષ્ઠનિધિ કયા સ્વરૂપ છે આ વિવાદાસ્પદ વિષય હોઈ શકે છે, એતાવતા અષ્ટનિધિસ્વરૂપોની પ્રમુખતા તથા એમની સેવા કરવાવાળા શ્રીમદ્ વલ્લભવંશજ આઠ ગોસ્વામિમહાનુભાવોની પ્રમુખ પીઠાધીશતા વિવાદાસ્પદ હોઈ નથી શકતી. વિચાર, અતએવ, આ વાતનો થવો જોઈએ કે આ આઠ નિધિસ્વરૂપોમાંથી ષષ્ઠનિધિ શું સૂરતસ્થિત શ્રીબાલકૃષ્ણજી છે કે કાશીસ્થિત શ્રીમુકુન્દરાયજી અથવા વડોદરાસ્થિત શ્રીકલ્યાણરાયજી. ત્રણમાંથી જે પણ નિધિ ષષ્ઠ હોય એમની સેવાના દ્વારા સેવાકર્તામાં ષષ્ઠ પીઠાધીશત્વ સ્વતઃ આવી જશે.

આચાર્યપીઠવાદનો ઉત્તર પક્ષ આ રીતે છે : શ્રીમહાપ્રભુવિરચિત પૂર્વોત્તર મીમાંસા ભાષ્ય, પ્રકરણત્રયોપેત-સપ્રકાશ નિબંધ, સૂક્ષ્મ ટીકાના ત્રુટિત અંશ, પ્રથમ-દ્વિતીય-તૃતીય-દશમ એકાદશ સ્કન્ધના સુબોધિની, યમુનાષ્ટકાદિ ષોડશગ્રંથ તથા અન્ય પણ પ્રકીર્ણ ગ્રંથોમાં; અથવા શ્રીપ્રભુચરણ વિરચિત ગ્રંથોમાં પણ સ્વપ્રવર્તિત સંપ્રદાયમાં કોઈ કે કોઈપણ નિધિ સ્વરૂપોની સેવાના અધિકારના કારણે પોતાની નાદસૃષ્ટિ કે બિંદુસૃષ્ટિમાં વિશેષાધિકારશાલી આચાર્યત્વ ગુરૂત્વ કે પીઠાધીશત્વ આવશે, આવું કોઈ પણ વિધાન ઉપલબ્ધ નથી થતું. સ્વયં જે અષ્ટ નિધિસ્વરૂપોની સેવાના અધિકારના કારણે, એક વલ્લભવંશજમાં સ્વજાતીય ઈતર વલ્લભવંશજથી ઉત્કૃષ્ટ કે વિશેષ માહાત્મ્યવાળી પીઠાધીશતા આવી જાય છે એવું કહેવામાં આવી રહ્યું છે, એ સ્વરૂપોને પણ ઈતર ભગવત્સ્વરૂપોથી ઉત્કૃષ્ટ કે વિલક્ષણ મહત્તા સિદ્ધાન્તતયા ક્યાંય પ્રતિપાદિત થઈ નથી. આવી સ્થિતિમાં આમની સેવાના કારણે ઉત્કૃષ્ટ ગુરૂત્વની તો ચર્ચા જ દુરાપાસ્ત છે. આનાથી વિપરિત, પ્રણાલિકા કે રૂઢીમાં આઠ નિધિ સ્વરૂપો

તથા આઠ પીઠાધીશોની કાંઈક વિશિષ્ટતા ને કહેવામાં-માનવામાં આવી રહી છે તે સૈદ્ધાન્તિક મહત્તા ન હોઈને કેવળ રૂઢીગત વ્યવહારની મહત્તા છે. આ વ્યવહારોપયોગી તથા વ્યવહારાર્થ સંભવતઃ ઉચિત હોવા છતાં પણ સંપ્રદાયના સિદ્ધાન્તની પદવી ઉપર બિરાજી નથી શકતી. સિદ્ધાન્ત અને રૂઢીમાં પરસ્પર પ્રભેદ આ જ છે કે એક મૂલાચાર્યવચનસિદ્ધ છે તથા બીજી વચનથી અવિરૂદ્ધ હોવાથી અનુસરણીય અન્યથા ત્યાજ્ય.

રૂઢીનો મૂલ સ્રોત પણ વિચારણીય હોય છે. મૂલાચાર્યની વ્યાવહારિક કૃતિમાં કોઈ રૂઢીના મૂલ હોઈ શકે છે તથા પરવર્તી આચાર્યોની વ્યાવહારિક કૃતિમાં પણ સ્પષ્ટ છે કે પ્રથમ રૂઢી દ્વિતીય રૂઢીથી બલવતી માની પણ શકાય છે, જો મૂલાચાર્યની કૃતિ વ્યાવહારિક હોવા છતાં પણ સૈદ્ધાન્તિક આગ્રહનો પુટ લીધેલી હોય તો. જો આ નિધિસ્વરૂપોમાં સ્વરૂપગત એવું માહાત્મ્ય હોત કે જે એમની સેવા કરતો હોય તે પીઠાધીશ બની જતા હોય તો એ નિશ્ચિત છે કે શ્રીમહાપ્રભુએ જે વૈષ્ણવોને સેવાર્થ આ સ્વરૂપ પધરાવ્યા હતા એમને દીક્ષાપ્રદાન વગેરે અધિકારોથી પણ મંડિત કર્યા હોત. જે વૈષ્ણવોને દીક્ષા પ્રદાનના અધિકારથી મંડિત કર્યા હતા એમને આ નિધિસ્વરૂપોમાંથી એક પણ નિધિસ્વરૂપ પધરાવવામાં આવ્યા નહોતા, આ સંપ્રદાયેતિહાસથી સ્પષ્ટ જ છે.

શ્રીનાથજીની સાક્ષાત્ સેવા અપુષ્ટિમાર્ગીય બંગાળીઓને સોંપવામાં આવી હતી, પછીથી સામગ્રી સેવા રામદાસ ચૌહાણને તથા વ્યવસ્થા-સંપાદનનો અધિકાર કૃષ્ણદાસજીને સોંપ્યો હતો. ઉલ્લેખ, પરંતુ, આ ક્યાંય નથી મળતો કે આમને અષ્ટાક્ષર કે બ્રહ્મસંબંધ દીક્ષા પ્રદાનના આચાર્યોચિત અધિકાર પણ આપવામાં આવ્યા હતા.

શ્રીનવનીતપ્રિયાજી ગજ્જનધાવનને સેવાર્થ પધરાવવામાં આવ્યા હતા-શ્રીમથુરેશજી પદ્મનાભદાસજીને પધરાવવામાં આવ્યા હતા. શ્રીદ્વારકાધીશ દામોદરદાસ સંભરવાળાને પધરાવવામાં આવ્યા હતા.

શ્રીગોકુલચંદ્રમાજી નારાયણદાસ બ્રહ્મચારીને સેવાર્થ પધરાવવામાં આવ્યા હતા. આમાંથી કોઈને પણ દીક્ષાપ્રદાન કરવાના અધિકારથી મંડિત નહોતા કરવામાં આવ્યા. જે ગોપાલદાસ નરોડાવાળા વગેરે વૈષ્ણવોને દીક્ષા પ્રદાન કરવાના અધિકાર આપ્યા હતા એમના માથે સાત આઠ કે નવ નિધિસ્વરૂપોમાંથી એક પણ સ્વરૂપ પધરાવવામાં નહોતા આવ્યા.

જ્યાં સુધી ષષ્ઠનિધિના ત્રણ દાવેદાર સ્વરૂપોનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે તો આપણે જોઈ શકીએ છીએ કે શ્રીકલ્યાણરાયજી બાબા વેણુદાસને તથા શ્રીમુકુન્દરાયજી રામદાસ મુખિયાને સેવાર્થ પધરાવવામાં આવ્યા હતા. આ બંનેમાંથી એકને પણ ષષ્ઠપીઠાધીશ માનવામાં નહોતા આવ્યા. જ્યાં સુધી સૂરતસ્થ શ્રીબાલકૃષ્ણજીના સ્વરૂપનો સવાલ છે તો એ તો અનિશ્ચિત ઈતિહાસના કારણે સર્વથા સંદિગ્ધ જ છે.

કહેવામાં આવે છે કે કુલપરંપરાગત હોવાથી આ સ્વરૂપ શ્રીમદાચાર્યચરણની સાથે બ્રહ્મચર્યાવસ્થાથી જ યાત્રાના સમયે બિરાજતા હતા, પરંતુ શ્રીયદુનાથજીના અનુસાર ''શ્રીવલ્લભેન દેવાલયં ગત્વા એકા શાલિગ્રામશિલા શ્રીભાગવતપુસ્તકં ચ યાચિતં, માત્રા હરિસ્વરૂપં ચ તદા જનાર્દનઃ પ્રાહ 'ઈયં શિલા વિરંચેઃ અર્ચિતા ભગવદ્વદનસંગતા સમ્યગ્ રક્ષણીયા, અયં મુકુન્દઃ શ્રીગોવિન્દાચાર્યૈ દત્તઃ, બાલકૃષ્ણો વિષ્ણુમુનિના, શ્રીમદનમોહનો યજ્ઞનારાયણાય....નીયતાં યદ્ રોચતે' ઈતિશિલાં મુકુન્દં પુસ્તકં ગૃહિત્વા ચલિતઃ '' (શ્રીવલ્લભ-દિગ્વિજય પ્રથમ અવચ્છેદઃ) આનાથી સિદ્ધ થાય છે કે બ્રહ્મચર્યકાલથી તો શ્રીબાલકૃષ્ણજી સાથે ન હતા.

તૃતીય યાત્રામાં **''શ્રીબાલકૃષ્ણવાત્સલ્યનિષ્ઠાનિમગ્નમાનસઃ''** (શ્રીબદરીનાથ તીર્થના પુરોહિતને વિ.સં.૧૫૬૮માં અર્થાત્ ૩૩વર્ષની ઉંમરમાં લખેલ વૃત્તિ પત્રમાં) **''શ્રીબાલકૃષ્ણ...''** નામના પ્રયોગવશ અનુમાન કરવામાં આવે છે કે ત્યારે આ સ્વરૂપ સાથે સેવામાં બિરાજમાન

હતા–પરંતુ શ્રીમદાચાર્યચરણના આસુર–વ્યામોહલીલાના પછી પણ આપના અગ્રજ શ્રીગોપીનાથજીને લખેલા પત્રમાં શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણ શ્રીબાલકૃષ્ણજીનો ઉલ્લેખ નથી કરતા. આનાથી સિદ્ધ થાય છે કે ઉક્ત પુરોહિતને લખેલા વૃત્તિપત્રમાં 'શ્રીબાલકૃષ્ણ' નામ સેવ્ય નિધિસ્વરૂપનું વાચક ન હોઈને શ્રીકૃષ્ણના બાલરૂપનું વાચક છે.

ષષ્ઠનિધિ ચરિતામૃતમાં **''શ્રીબાલકૃષ્ણ પ્રભુજીને શ્રીયમુનાજીથી પ્રાપ્ત થયા હતા.''** કાશીવાળા શ્રીરણછોડલાલજી મહારાજ (વિ.સં.૧૮૫૭)ના શ્રીમુખના વચનામૃત મોટા પ્રાચિન સ્વરૂપોના સંબંધમાં સાંભળીને મથુરાવાળા શ્રીપુરૂષોત્તમજી મહારાજશ્રીના આત્મજ શ્રીરમણજી દ્વારા રચિત ''શ્રીમહાપ્રભુ અને શ્રીગુસાંઈજીના સેવ્ય સ્વરૂપ નિરૂપણ'' નામના ગ્રંથમાં (પૃષ્ઠ ૧૫૬ ઉપર) ઉલ્લેખ છે કે 'હવે ગામ સૂરતમાં બિરાજિત શ્રીબાલકૃષ્ણ, શ્રીમહાપ્રભુજીના સેવ્ય, એ શ્રીમહાપ્રભુજીની જનોઈમાં વીંટળાઈને શ્રીયમુનાજીમાંથી પધાર્યા તે શ્રીવ્રજરત્નલાલજી મહારાજને માથે બિરાજે છે (હાલમાં સૂરતમાં બિરાજમાન શ્રીવ્રજરત્નલાલજીના તાતજીનું આ નામ છે),'' પૃષ્ઠ ૨ ઉપર આ કહેવામાં આવ્યું છે. પરંતુ સંપ્રદાયકલ્પદ્રુમકારે આ શ્રીરમણજી (જન્મ વિ.સં.૧૯૦૪)ના વચનામૃતથી ઘણાં પહેલાં અર્થાત્ વિ.સં. ૧૭૨૯માં આ સ્પષ્ટીકરણ આપી રાખ્યું છે કે **''કર્ણવેધ કે કૂપસોં બાલકૃષ્ણ પધરાય નન્દનન્દન કે સેવ્ય જો શ્રીવલ્લભ પહચાન દ્વારકેશ પ્રભુ પાસ પધરાયે નૃપ માન, યમુના સ્નાન ફિર કરત પ્રભુ બાલકૃષ્ણ પ્રકટાય હેત જુ રાણાવ્યાસકોં પ્રેમ પેખ હરખાય''** (સં.ક.દ્રુ.૫/૨૧-૧૨). આનાથી સિદ્ધ થાય છે કે એક બાલકૃષ્ણજીનું સ્વરૂપ પ્રારંભથી શ્રીદ્વારિકાધીશની ગોદમાં સંપુટજીમાં બિરાજમાન થયું હતું. આ શ્રીદ્વારિકાધીશનું જ પ્રતિનિધિ સ્વરૂપ હોવાથી શ્રીપ્રભુચરણે આનો ઉલ્લેખ પોતાના પત્રમાં સ્વતન્ત્રતયા કરવો આવશ્યક નહીં માન્યું હોય. જે શ્રીબાલકૃષ્ણજીનું

સ્વરૂપ શ્રીયમુનાજીમાં પ્રકટ થયું હતું એ તો રાણાવ્યાસને પધરાવવામાં આવ્યું હતું જે તેના ઘણા સમય પછી ફરીથી ગોસ્વામિગૃહમાં પધાર્યું હશે.

જ્યાં સુધી ઠોરની ખેંચાતાણીની લીલાનો પ્રસંગ છે તો એ તો શ્રીપ્રભુચરણની અતિ બાલ્યાવસ્થામાં જ સંભવ હોવાથી એ સેવામાં બિરાજતા સ્વરૂપની બાબતમાં ન હોઈને ક્રીડામાં બિરાજતા, શ્રીબાલકૃષ્ણજીના સ્વરૂપની બાબતમાં, હોવો જોઈએ. અતઃ શ્રીમહાપ્રભુ દ્વારા પુષ્ટ પણ નહીં કરવામાં આવ્યા હોય.

આમ વિભિન્ન આખ્યાયિકાઓમાં પ્રયુક્ત શ્રીબાલકૃષ્ણ નામના સામ્યવશ કલ્પિત તથા યથાર્થતયા અનવગત ઈતિવૃત્ત જ્યારે સપ્રમાણ ઈદમિત્થતયા પ્રકટ ન કરવામાં આવે ત્યાં સુધી ષષ્ઠનિધિનું નિર્ધારિણ શ્રીબાલકૃષ્ણજી (સૂરતસ્થ)ના વિષયમાં દુષ્કર છે.

કોઈ પણ સંજોગોમાં ન તો બાબાવેણુ, ન શ્રીરામદાસમુખિયા, ન દામોદરદાસ સંભરવાળા, ન રાણાવ્યાસ અને ન શ્રીપ્રભુચરણને પણ ક્યારેય ષષ્ઠનિધિપદની દાવેદાર આ અનેક નિધિઓની સેવાને કારણે ષષ્ઠપીઠાધીશ માનવામાં આવવાનો ઉલ્લેખ શ્રીમદાચાર્યચરણના ઈતિવૃત્તથી પ્રકટ થઈ શકે છે.

એટલા માટે કેવળ ષષ્ઠનિધિ અપિતુ કોઈ પણ નિધિસ્વરૂપમાં સ્વરૂપભેદેન લીલાભેદ, લીલાભેદેન સ્વરૂપભેદ, તથા સ્વરૂપભેદેન તત્તત્સ્વરૂપાસક્ત ભક્તમાત્રને માટે તો માહાત્મ્ય સંભવ છે. અન્યથા કોઈપણ સ્વરૂપમાં ભક્તભાવનિરપેક્ષ માહાત્મ્યમાં ભેદ કે તારતમ્યની કોઈ સૈદ્ધાન્તિક સંગતિ દષ્ટિગત થતી નથી. સ્વસેવયા પીઠાધીશતાધાયક માહાત્મ્યની કલ્પના પણ પ્રાચીન ગ્રંથોમાં ક્યાંય જોવામાં આવતી નથી, વ્યવહાર કે સિદ્ધાન્તની કથા તો દૂરાપાસ્ત છે. આવી સ્થિતિમાં પ્રમુખ અષ્ટનિધિ સ્વરૂપોની સેવાના અધિકારના કારણે ઈતર વલ્લભવંશજ સજાતીય બંધુઓથી આ નિધિઓના સેવાકર્તામાં અસાધારણ

પીઠાધીશતાની કલ્પના સર્વથા નિર્મૂલ છે.

આ રીતે કંઠોક્ત કે શ્રુત હેતુનો અભાવ તો સર્વથા સ્પષ્ટ જ છે. છતાં પણ ઈતર સ્વરૂપોની તુલનામાં આ સાત કે આઠ સ્વરૂપોનું વૈશિષ્ટ્યનું અનુમાપક લિંગ શું હોઈ શકે છે, આ પણ પ્રસંગોપાત વિચારણીય છે -

(૧) શ્રીમદાચાર્યચરણ અથવા શ્રીમત્પ્રભુચરણના ગૃહમાં એક સિંહાસન ઉપર બિરાજમાન થઈને એક સાથે ભોગ આરોગવો, શું કોઈ સુસંગત હેતુ છે? નહીં!

કેમકે આજે એ તે પ્રકારથી બિરાજમાન નથી. તેથી આ વિધિ સ્વરૂપોની તેવી પીઠાધીશતાધાયક મહત્તા પણ ભૂતકાલનો વિષય બની જશે.

જો ભૂતકાલમાં એક વખત પણ બિરાજ્યા હોય તો તે મહત્તા આજ સુધી કાયમ રહે છે, એમ માનવામાં આવે , તો નટવરલાલજી પણ એક સિંહાસન ઉપર બિરાજીને એકસાથે ભોગ આરોગતા હતા એવો ઉલ્લેખ ક્યાંક શ્રીકાકાવલ્લભજીના વચનામૃતમાં મળતો હોવાથી એમનામાં કેમ આ મહત્તા સ્વીકારવામાં નથી આવતી? એમની સેવા કરવાવાળાને પણ કેમ પીઠાધીશ માનવામાં નથી આવતા?

(૨) શ્રીશોભા બેટીજીને એક શ્રીબાલકૃષ્ણ (''મૂલ નામયુક્ત હોવાથી સર્વ લીલાનુસ્યૂત-મધુરેશ!'') સ્વરૂપ પધરાવવાનો ઉલ્લેખ મળે છે. શ્રીકમલાબેટીજીને તો સિંહાસન ઉપર એક સાથે બિરાજીને આરોગવાવાળા શ્રીનવનીતપ્રિય (દ્વિતીય) તથા શ્રીદેવકા શ્રીયમુના બેટીજીને શ્રીમદનમોહનજી ના સ્વરૂપ પધરાવવામાં આવ્યા હતા. તો પછી એમની સેવા કરવાવાળાઓને કેમ આજે પીઠાધીશ નથી માનવામાં આવતા?

શું એ બેટીજી હતા એટલા માટે એમને પધરાવવામાં આવેલા

ભગવત્સ્વરૂપમાં આ મહત્તા સ્વીકારવામાં નથી આવી શકતી? તો સ્પષ્ટીકરણ કરવું પડશે કે માત્ર પુત્રોને બટવારામાં જે સ્વરૂપ પ્રાપ્ત થયા, એજ સ્વરૂપોની ભીતર આ મહત્તા આહિત થાય છે શું? આવી સ્થિતિમાં શ્રીનાથજી-શ્રીનવનીતપ્રિયાજી જે બટવારામાં પુત્રોને પધરાવવામાં નહોતા આવ્યા એમની સેવા કરવાવાળાઓમાં પણ પીઠાધીશતા નહીં આવે, તો પ્રધાનપીઠાધીશતા તો દૂરાપાસ્ત છે!

જો કહેવામાં આવે કે બટવારામાં નથી પધરાવવામાં આવ્યા પરંતુ શ્રીપ્રભુચરણની આસુરવ્યામોહલીલા પછી તો પધાર્યા જ હતા. કેમકે આ બે સ્વરૂપ પણ શ્રીગિરધરજીના માથે પધાર્યા, એટલા માટે શ્રીમહાપ્રભુની ભાવનાથી સેવ્ય શ્રીનાથજી તથા શ્રીપ્રભુચરણની ભાવનાથી સેવ્ય શ્રીનવનીતપ્રિયાજીના કારણે પ્રધાનપીઠાધીશતા આવી જાય છે. તો શા માટે આ એક પ્રધાન પીઠાધીશતા આવે છે કેમ બે કે ત્રણ પ્રધાન પીઠાધીશતા નહીં? સ્વાભાવિકતયા બે કે ત્રણ સ્વરૂપોના કારણે આવતી પ્રધાન પીઠાધીશતા પણ બે કે ત્રણ જ થશે! આવું પરંતુ ક્યારેય સાંભળવામાં નથી આવ્યું. બીજા આજ સ્વરૂપોની સાથે બિરાજતા અચ્યુતદાસના શ્રીમદનમોહનજી તથા રામદાસના શ્રીમુકુન્દરાયજી પણ બટવારાના સમયે શ્રીગિરધરજીના માથે ભલે નહીં પરંતુ પછીથી તો શ્રીનાથજીની સાથે પધાર્યા જ હતા. તેથી એમનું પણ પ્રધાનપીઠાધીશતાધાયક માહાત્મ્ય સ્વીકારવું જોઈએ. આના સિવાય ત્યારે પ્રથમ પીઠાધીશતા શ્રીપ્રભુચરણ દ્વારા પ્રસ્થાપિત માનવામાં આવશે પરંતુ પ્રધાનપીઠાધીશતા નહીં. કેમકે એ તો શ્રીગિરધરજીના બટવારામાં અલગ થઈ છે. તેથી ગૌણ બની જશે. અર્થાત્ પ્રધાનપીઠાધીશ પ્રથમપીઠાધીશથી નિમ્ન કક્ષાના સિદ્ધ થશે.

(૩) જેવી આ સ્વરૂપોની વિશેષ-વિશેષ સ્વરૂપ ભાવનાઓ પરવર્તી ગોસ્વામિમહાનુભાવો દ્વારા પ્રતિપાદિત થઈ છે, તેવી અન્ય નિધિ

સ્વરૂપોની નહીં. અર્થાત્ અન્ય નિધિ સ્વરૂપોને આ જ સાત કે આઠ કે નવ નિધિસ્વરૂપોના પ્રતિનિધિ સ્વરૂપ માનવામાં આવેલા છે. તેથી આ સાત આઠ કે નવ નિધિઓમાં સ્વસેવયા પીઠાધીશતાધાયક માહાત્મ્ય સ્વીકારવું જોઈએ પરંતુ એતદરિક્ત સ્વરૂપોમાં નહીં.

આ પણ હેતુસંગત નથી કેમકે સર્વપ્રથમ તો ઉક્ત સ્વરૂપભાવનાઓ શ્રીમદાચાર્યવચન કે શ્રીમત્પ્રભુચરણવચનમાં ઉપલબ્ધ નથી થતી. પરવર્તી ગોસ્વામિમહાનુભાવો દ્વારા નિરૂપિત સ્વરૂપભાવનાને કારણે જો પીઠાધીશતાધાયક માહાત્મ્ય કતિપય સ્વરૂપોમાં સ્વીકારવામાં આવે છે તો શ્રીદ્વારિકેશજી કે શ્રીયોગિગોપેશ્વરજીએ જેમને ગોદના કે ઔત્સંગિક માન્યા હોય એમને ષષ્ઠનિધિ માનવામાં નહીં આવી શકે. સ્પષ્ટ છે કે ઉક્ત હેતુવશ ન સૂરતવાળા શ્રીબાલકૃષ્ણલાલજી અને ન કાશીવાળા શ્રીમુકુન્દરાયજીને જ પીઠાધીશતાધાયક માહાત્મ્યથી યુક્ત સ્વીકારવામાં આવી શકશે. આચાર્યચરણના જ સેવ્ય નિધિ સ્વરૂપોની બાબતમાં આજે પણ કોઈ વિશિષ્ટ સ્વરૂપભાવના કરે તો તે નિધિ સ્વરૂપમાં પણ પીઠાધીશતાધાયક માહાત્મ્ય આહિત થાય છે કે નહીં? જો થતું હોય ત્યારે સંપ્રદાયમાં પ્રધાનપીઠતયા સપ્તપીઠની પરિસંખ્યાતતા રહી નહીં જાય. જો આહિત ન થતું હોય તો શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણના પછી કેટલી પેઢી સુધીના ગોસ્વામિમહાનુભાવો દ્વારા વર્ણિત સ્વરૂપભાવનામાં આ સામર્થ્ય સ્વીકારવું કે તેના કારણે શ્રીમહાપ્રભુના નિધિસ્વરૂપોમાં અસાધારણ માહાત્મ્ય આહિત થાય છે? શું ચોથી પેઢી સુધી? તો આઠમી પેઢી સુધી કેમ નહીં! જો આઠમી પેઢી સુધી! તો સોળમી પેઢી સુધી કેમ નહીં?

બીજા ગોદના સ્વરૂપોની પણ સ્વરૂપ ભાવનાઓ, ભાવનાવાળા શ્રીદ્વારકેશજી તથા રશ્મિકાર શ્રીયોગીગોપેશ્વરજી, એ બતાવેલી છે, તેથી જ્યાં-જ્યાં ગોદના સ્વરૂપ બિરાજે છે ત્યાં-ત્યાં એક પીઠાધીશતા આવશે-ગોદના સ્વરૂપ તથા મુખ્ય સ્વરૂપના કારણે, અને બટવારો થવાથી

સૂરતના શ્રીબાલકૃષ્ણજીની સેવાના કારણે જેમ પીઠાધીશતા આવે છે તેવીજ રીતે શ્રીનટવરલાલના કારણે પણ આવવી જોઈએ. જો કહેવામાં આવે કે એક વખત ગોદમાં પધરાવી દેવાથી  એ માહાત્મ્ય તિરોહિત થઈ જાય છે તો શ્રીનવનિતપ્રીયાજીમાં પણ તિરોહિતતા માનવી પડશે કેમકે તેઓ પણ કોઈ સમયે–સમયે શ્રીનાથજીની ગોદમાં બિરાજતા રહે છે.

આમ તો 'સ્વરૂપભાવના' શબ્દ પણ આ તથ્યનું પ્રમાણ છે કે ભક્તભાવનિરપેક્ષતયા સ્વરૂપ એવું નથી પરંતુ ભક્તને આ સ્વરૂપોના વિષયમાં એવી સ્વરૂપભાવના કરવી જોઈએ (દ્રષ્ટવ્યઃ **"ભવિતુઃ ભવનાનુકૂલો ભાવક વ્યાપારવિશેષઃ ભાવના"**, તથા **"ભાવો ભાવનયા સિદ્ધઃ"**) સ્વરૂપ તો આધિભૌતિક દષ્ટિમાં સિદ્ધ જ છે તથા પુષ્ટ થતાં જ આધિદૈવિક દષ્ટિથી પણ સિદ્ધ જ છે તેથી **'ભવિતા'** નથી માની શકાતું. લીલાનુભાવ સિદ્ધ નહીં હોવાથી યથાયથ લીલાનુભવદાતૃત્વ જ **'ભવિતા'** બની શકે છે જે ભાવના દ્વારા સાધ્ય છે. ઉદાહરણ રૂપે ઝારીજીની સ્વરૂપભાવના શ્રીયમુનાજી કે શ્રીયશોદાજીની બતાવવામાં આવી છે. એતાવતા સેવામાં અપ્રયુક્ત હોવાના કે પ્રયુક્ત હોવાના પહેલાં શું નારીયલના કોઈક છોતા તેમજ માટીથી માંજી નથી શકાતા? ભક્તભાવનિરપેક્ષ સ્વરૂપ શ્રીયશોદાજી કે શ્રીયમુનાજીનું હોત તો ક્યારેય પણ સંભવ ન હતું. ભાવનિરપેક્ષ સ્વરૂપ ઝારીનું એક જલપાત્ર હોવાનું જ હોય છે અને એની સ્વરૂપભાવના યથાવસર શ્રીયમુનાજી કે શ્રીયશોદાજીની કરવામાં આવે છે આ જ રીતે ભાવનિરપેક્ષ સ્વરૂપ કાં તો બાલરૂપ કે કિશોરરૂપ હોય છે પરંતુ આવા સ્વરૂપની સ્વરૂપભાવના વિભિન્ન પ્રકારની હોઈ શકે છે. એતાવતા સ્વરૂપભાવનાનો વિષય ભક્તનિરપેક્ષ નહીં થઈ શકે. છપ્પનભોગ તથા શ્રીનાથજીના પાટોત્સવના દિવસે પણ ભાવનાજી ને પધરાવવામાં આવે છે તે તત્કાલાર્થ માત્ર હોય છે. અતએવ પશ્ચાત્ એમની સેવાનો ક્રમ ક્યાંય દષ્ટિગત નથી થતો. આ કેવળ સ્વરૂપની

બાબતમાં સંભવ નથી.

(૪) શું સાત બાલકોના મુખ્ય સેવ્ય બનવાથી એ સામર્થ્ય આ પરિગણિત નિધિસ્વરૂપોમાં આહિત થઈ જાય છે? નહીં!

કેમકે ત્યારે તે કેવળ સપ્તસ્વરૂપમાંજ સ્વીકારવી પડશે અર્થાત્ શ્રીનાથજી શ્રીનવનીતપ્રિયાજીમાં નહીં. જો એમ કહેવામાં આવે કે જ્યારે સાત બાલકોના મુખ્ય સેવ્ય બનવાથી સાત સ્વરૂપોમાં વિશેષ સામર્થ્યનું આધાન આપણે સ્વીકારીએ છીએ તો શ્રીપ્રભુચરણના સેવ્ય શ્રીનવનીતપ્રિયાજી તથા શ્રીમહાપ્રભુના સેવ્ય શ્રીનાથજીમાં તો એ સામર્થ્ય સુતરાં સ્વીકારવું જ પડશે. પરંતુ આ વાત પણ તર્કસંગત નથી, કેમકે અહીં સ્વીકૃત હેતુનો પરિત્યાગ થઈ રહ્યો છે. મુખ્ય સાતે સ્વરૂપ પણ શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણના તો સેવ્ય છે જ તેથી સાત બાલકોના મુખ્ય સેવ્ય માની નથી શકાતા. બટવારા પછી તો છ કે સાતની જેમ બાકીના બે સ્વરૂપ પણ શ્રીગિરધરજી તથા એમના ભાઈઓના સંયુક્ત પરિવારને પ્રાપ્ત થયા હતા. એટલા માટે શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણના મુખ્ય સેવ્ય નહીં રહી જાય; અને રહેશે તો આ બે સ્વરૂપોની જેમ અન્ય છ-સાત સ્વરૂપ પણ શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણના જ સેવ્ય રહેશે. ત્યારે તો આઠ કે નવ કે દશ પ્રધાનપીઠાધીશ બની જશે!

(૫) શું **"અષ્ટ કૃષ્ણાઃ ભવન્તિ"** વિધાનવશ કતિપય સ્વરૂપોની ભીતર પીઠાધીશત્વાધાયક વૈશિષ્ટ્ય સ્વીકારી શકાય છે? નહીં!

કેમકે સર્વપ્રથમ તો અષ્ટ સ્વરૂપોમાં કોની ગણના કરવી કોની નહીં આ વિવાદાસ્પદ વિષય છે. તથા ઉક્ત સુબોધિનીવચનનું તાત્પર્ય અષ્ટનિધિપ્રામુખ્યવાદ સુધી ખેંચી શકાય છે કે નહીં આ વિષયની ચર્ચા આગામી અધિકરણમાં થશે.

જો ભક્તભાવનાનિરપેક્ષ વૈશિષ્ટ્ય આ સ્વરૂપોનું શ્રીમહાપ્રભુને

અભિમત કે અવગત હોત તો શા માટે આ સ્વરૂપોની સેવા સ્વયં ન કરીને એને અન્યોને સેવાર્થ પધરાવત? ભાવનાસાપેક્ષ વૈશિષ્ટ્ય સ્વીકારવાથી એ શ્રીમહાપ્રભુ  તથા શ્રીપ્રભુચરણના ગ્રંથોમાં તો ઉપલબ્ધ થતું નથી; તથા પરવર્તી ગોસ્વામીમહાનુભાવોએ પણ સ્વરૂપભાવનયા તત્તત્ સ્વરૂપોમાં લીલાભેદ તો સ્વીકાર્યો છે પરંતુ પીઠાધીશતાધાયક અસાધારણ માહાત્મ્ય તો ક્યાંય પણ વર્ણિત નથી કરવામાં આવ્યું.

આ ખરેખર કેટલી હાસ્યાસ્પદ વાત છે કે શ્રીમહાપ્રભુ દ્વારા પુષ્ટ થયા છતાં પણ, સેવિત હોવા છતાં પણ, તત્તત્ નિજસેવકોને દિવ્ય સાનુભાવ પ્રદાન કરાવવા છતાં પણ, શ્રીપ્રભુચરણ દ્વારા પુનઃ સેવિત હોવા છતાં પણ જે માહાત્મ્ય આ સ્વરૂપોમાં ન હતું તે ઓચિંતાનું કેવલ સપ્તાત્મજોની વચ્ચે બટવારાના કારણે પેદા થઈ ગયું (!) કે આટલાજ સ્વરૂપ એક સાથે કે શ્રીનાથજીની સાથે બિરાજી શકે છે, કેમ અન્ય સ્વરૂપ આ સ્વરૂપોની સાથે કે શ્રીનાથજીની સાથે બિરાજી નથી શકતા? જ્યારે કે શ્રીકાકાવલ્લભજીના અનુસાર આમના અન્નકુટોત્સવમાં એક સાથે બિરાજવાથી દર્શનાર્થ આગમનની પણ શ્રીપ્રભુચરણે તો નિંદા જ કરી હતી–''યામેં લૌકિક બઢ જાયેગી ઔર દૂજે સ્વરૂપ વિષે લૌકિક ભાવ બઢ જાયેગો'' (વાર્તા–૨૦)

આનાથી સિદ્ધ થાય છે કે નવ કે દશ નિધિ સ્વરૂપો તથા અન્ય સ્વરૂપોની વચ્ચે તારતમ્ય વિચારવું લૌકિક ભાવ છે, જેની શ્રીમદાચાર્યચરણે **''ન લૌકિક પ્રભુઃ કૃષ્ણો મનુતે નૈવ લૌકિકમ્''** કહીને આપણને ચેતવણી આપી રાખી છે. આનાથી વિપરિત **''બાધનં વા હરિચ્છયા''** કલ્પ ના અનુસાર જે આ સ્વરૂપ સાથે બિરાજ્યા અને તત્પ્રયુક્ત લૌકિકતા–પ્રવાહિતા જે વૃદ્ધિંગત થઈ તે આજે બધા સ્વરૂપોની સાથે તૃણાવર્તની જેમ ઉચ્ચ–નીચ કરવા માગે છે. પરંતુ એને સ્વીકારવાની સૈધાન્તિક આવશ્યકતા નથી. તે આજ્ઞા ત્યારે થઈ હતી તેથી ત્યારે

અનુસરણીય હતી અત્યારે નહીં. જેમ નિજ શય્યા ઉપર સાથે પોઢાડવાની આજ્ઞા શ્રીનવનીતપ્રિયાજીની ત્યારે શ્રીમહાપ્રભુને થઇ હતી, પરંતુ આજે એ **"બાધનં વા હરિચ્છયા"**ને અનુસરવાની કોઇ આવશ્યકતા નથી.

ત્યારે પણ આ લૌકિક ભાવ અન્યોને માટે તો અનુસરણીય ન હતો, આ **"તબ આપ ખીજીકે ગારી દેયકે કહી જો શ્રીઠાકુરજીકી સેવા છોડિકે યહાં આઇ હૈ સો કહા વહાં શ્રીઠાકુરજી ઔર હૈ? મૈનેં તો પહલે હી કહી હતી જો યામેં લૌકિક બઢી જાયેગી પરંતુ શ્રીનાથજીકી ઈચ્છા ઐસી હૈ તાકો મેં કહા કરૂં"** (શ્રીકાકાવલ્લભજીના વચનામૃત-૨૧). આથી સિદ્ધ થાય છે કે જ્યારે તે આજ્ઞા થઇ હતી ત્યારે પણ કેવળ આ સમજાવવા માટે જ લીલા કરવામાં આવી હતી કે શ્રીપ્રભુચરણના વિદ્યમાન હોવા છતાં આવી પ્રક્રિયાથી લૌકિકતાની વૃદ્ધિ શક્ય છે, તો એમના પ્રકટતયા વિદ્યમાન ન રહેવાના સમયે, આ કે આવા અન્ય મનોરથ તથા સ્વરૂપોની બાબતમાં આવો તારતમ્યભાવ કેટલો અનર્થકારી બની જશે! છતાં પણ "કલિકાલતમશ્છન્નદૃષ્ટિવૈદુષ્ય"વશ આજે પણ આ જ ભાવોને ઉકસાવવામાં આવી રહ્યા છે!

**"પીછે બેટીજી અપને ઘર ગઈ સો જાય કે દર્શન કરેં તો શ્રીનાથજી ઓર સાતોં સ્વરૂપ અપને ઘરમેં અન્નકુટ આરોગત હૈ"** (ઉક્ત વચનામૃત-૨૧) આનાથી એ પણ સ્પષ્ટ થઇ જાય છે કે બેટીજીને ત્યાં બિરાજતા ઠાકોરજી, શ્રીનાથજીથી લઇને શ્રીમદનમોહનજી પર્યંત, કોઇ પણ નિધિસ્વરૂપથી ઈષન્માત્ર ન્યૂન ન હતા. તેથી પુષ્ટિભાવ-ભાવિત કોઇ પણ સ્વરૂપ કોઇપણ અન્ય સ્વરૂપથી કોઇ પણ અર્થમાં ન્યૂન નથી હોઇ શકતા, આ અચલરૂપમાં સિદ્ધાન્તિત થયું.

તેથી પૂજારિપીઠવાદ કાં તો અપઠિત ઉપદેશકોની વાલ્લભ સંપ્રદાયને અવિચારિત અશુભ દેન છે કે કલિકાલતમશ્છન્નદૃષ્ટિવૈદુષ્યનો આ નિજાચાર્ય-નિજસંપ્રદાય નિજભાવભાવિત સ્વરૂપની સાથે અક્ષમ્ય દ્રોહ છે (૧/૧).

**સૂત્ર**

**"અષ્ટ કૃષ્ણાઃ ભવન્તિ"** (સુબો.૧૦/૩૦/૩) **વચનના આધારે પણ અષ્ટનિધિપ્રામુખ્ય સિદ્ધ નથી થતું, વાક્તાત્પર્યાવિષયીભૂત હોવાથી તથા કયા સ્વરૂપોને અષ્ટાન્ર્ગત માનવા આની બાબતમાં પણ અનિર્ણય હોવાથી.** (૧/૨)

**ભાષ્ય**

પૂર્વાધિકરણ દ્વારા આ સિદ્ધ થયું કે પીઠાધીશત્વવ્યવસ્થા સૈદ્ધાન્તિક ન હોઈને કેવળ વ્યાવહારિક છે. વસ્તુતઃ મૂલાચાર્યો દ્વારા પ્રવર્તિત પ્રણાલિકા ન હોઈને આ પરવર્તી કાલમાં ક્યારેક પનપેલી પ્રણાલિકા છે. વસ્તુતઃ આનો વિચાર શ્રુતિકલ્પ પ્રકરણમાં થવો જ ન જોઈતો હતો. છતાં પણ જે આચાર્યવચનોમાં આનો ઉત્સ શોધી શકાય છે તેનો વિચાર પણ પ્રારંભમાં કરી લેવો ઉચિત રહેશે.

પ્રસ્તુત અધિકરણમાં વિષય વાક્ય સૂત્રોલ્લિખિત સુબોધિનીવચન છે.

સંશય અહીં એ થાય છે કે ભાવનાવાળા શ્રીદ્વારકેશજી (વિ.સં.-૧૭૫૧) વિરચિત 'ભાવભાવના', (જેને શ્રીયોગિગોપેશ્વરજી એમના પુત્ર શ્રીગોવિંદજી (વિ.સં.-૧૭૮૨) દ્વારા વિરચિત માને છે) નામક ગ્રંથમાં આઠ મુખ્ય સ્વરૂપોને ધર્મીરૂપ તથા ગોદના છ સ્વરૂપોની અન્ય સ્વરૂપોની તુલનામાં કાંઈક વિશિષ્ટ સ્વરૂપ ભાવનાઓ સમજાવી છે-"પુષ્ટિ જ ફલરૂપ છે તેથી ફલપ્રકરણમાં 'ષોડશ ગોપિકાઓની મધ્યે અષ્ટ કૃષ્ણાઃ ભવન્તિ' તેથી આ અષ્ટ સ્વરૂપોનું ધ્યાન આવશ્યક છે સ્વરૂપભાવનાથી." યદ્યપિ શ્રીમદાચાર્યચરણાનુક્ત અર્થમાં આ આચાર્યવાક્ય તાત્પર્યનું યોજન છે, છતાં પણ મૂલાચાર્યવચનાનવગત તદવિરૂદ્ધ વચનનું પ્રામાણ્ય તો સ્વીકૃત છે જ. તેથી સુબોધિનીવચન તથા ભાવભાવનાવચનની પરસ્પર

એકવાક્યતા સાધવાથી ઈતર સ્વરૂપાપેક્ષયા આઠ નિધિ સ્વરૂપોની અસામાન્ય વિશિષ્ટતા સ્વીકારવી જ પડશે. સ્વાભાવિકતયા આવા પ્રમુખ નિધિ સ્વરૂપોની સેવામાં કાંઈક અનિવર્ચનીય પ્રામુખ્ય પણ સ્વીકારવું પડશે. એ પ્રમુખ સેવાનો જેનો અધિકાર હોય એવા ગોસ્વામિમહાનુભાવોમાં પણ અતએવ ઈતર બંધુઓની તુલનામાં કાંઈક પ્રમુખતા અર્થાત્ પીઠાધીશતા પણ પૃષ્ઠલગ્ન સિદ્ધ થઈ જશે કે નહીં?

પૂજારિપીઠવાદનો પૂર્વપક્ષ અહીં આ જ છે કે યદ્યપિ ઉલ્લિખિત સુબોધિનીસ્થ વચનમાં વિવક્ષિત સેવ્ય સ્વરૂપોની બાબતમાં કોઈ પણ સંકેત નથી છતાં પણ શ્રીહરિરાયજી (વિ.સં.-૧૬૪૭) એમના વહુજી શ્રીશોભાવહુજી આ જ રીતે શ્રીકાકાવલ્લભજી (શ્રીયદુનાથસુત (પ્રથમ/૫) વિ.સં.-૧૭૯૩/ દ્વારિકેશસુત (પ્રથમ/૨) વિ.સં.-૧૮૨૯/ વિઠ્ઠલેશસુત (પ્રથમ/૪) વિ.સં.-૧૮૬૭? કયા એ જાણી શકાતું નથી)*આદિ પરવર્તી ગોસ્વામિમહાનુભાવોએ આ સ્વરૂપોનું અસાધારણ વૈશિષ્ટ્ય સ્વીકાર્યું છે. તેથી અન્ય બધા સ્વરૂપો કાં તો ધર્મરૂપ છે અથવા પ્રતિનિધિરૂપ છે. તેથી આ આઠ મૂલભૂત ધર્મિસ્વરૂપોની સેવા કરવાવાળામાં ધર્મિરૂપ પીઠાધીશતા આવે છે તથા અન્ય આચાર્યવંશજોમાં ધર્મરૂપ સાધારણ ગુરૂત્વ જ આવે છે. **''વ્યાખ્યાનતો વિશેષપ્રતિપત્તેઃ નહિ સન્દેહાદ્ અલક્ષણં શાસ્ત્રમ્''** ન્યાયના અનુસાર **''અષ્ટ કૃષ્ણાઃ ભવન્તિ''** વાક્યમાં આ આઠ નિધિસ્વરૂપોની વિવક્ષા છે કે નહીં આના કેવળ સંદિગ્ધ હોવાથી ''નથી'' એમ માની નથી શકાતું. કેમકે પરવર્તી વચનામૃતકારોને સ્વીકૃત અષ્ટનિધિપ્રાધાન્યવાદના આધારે ઉક્ત સુબોધિનીવચનનો વિવક્ષિતાર્થ બોધ અન્યથા સંભવ નથી.

(*વચનામૃત ૪૨, ૪૭માં ક્રમશઃ વિ.સં. ૧૮૬૨, ૬૫ તથા ૧૮૯૨ સુધી બિરાજવાના કારણે આ પ્રસિદ્ધ કાકાવલ્લભજી નથી. વિ.સં.૧૮૬૨ ચૈત્ર દ્વાદશીના વચનામૃતમાં ''હમારે બડે શ્રીવલ્લભજી મહારાજ હમસોં ચોથી પીઢી તિનકી વાર્તા....'' આ ચોથી પેઢી ઉપરના સંભવતઃ પ્રસિદ્ધ કાકાવલ્લભજી છે.)

આચાર્યપીઠવાદનો ઉત્તરપક્ષ અહીં આ છે કે આ પ્રકારનું તાત્પર્યવર્ણન ન તો શ્રીપ્રભુચરણોંએ ટીપ્પણીજીમાં કર્યું છે અને ન શ્રીપુરૂષોત્તમજી, શ્રીવલ્લભજી, શ્રીલાલુભટ્ટજી અથવા શ્રીપુરૂષોત્તમજીના શિષ્ય શ્રીતુલજારામજીએ પણ કર્યું છે.

સુબોધિનીજી : **અષ્ટકૃષ્ણાઃ ભવન્તિ**

બીજું આ સંદર્ભમાં પ્રયુક્ત સંપૂર્ણ શબ્દાવલીને એક વખત દષ્ટિગત કરી લેવી અધિક શ્રેયસ્કર થશે.

> **"તસ્ય ભગવતઃ તાસુ સન્નિવેશપ્રકારમ્ આહ 'તાસાં મધ્યે દ્વયોઃ' ઇતિ. મણ્ડલી કૃતાઃ યાવત્યઃ ગોપ્યઃ તાસાં દ્વયં-દ્વયં ભિન્નતયા ભાવનીયમ્. દ્વિત્વદ્વસ્ય ન એકાધિકરણતા ભાવ્યા. અતઃ મણ્ડલમધ્યે યત્ર હસ્તદ્વયગ્રન્થિ તત્ર ભગવદુદરં યથા ભવતિ તથા ભગવાન્ ઉત્થિતઃ જાતઃ. તથા ઉદ્ગતસ્ય ઉભયત્ર સમ્બન્ધમ્ આહ દ્વયોર્દ્વયોઃ મધ્યે પ્રવિષ્ટેન ભગવતા કણ્ઠે ગૃહીતાનામિતિ હસ્તદ્વયેન પાર્શ્વસ્થિતયોઃ કણ્ઠે ગ્રહણમ્. એવં ષોડશગોપિકાનામ્ અષ્ટ કૃષ્ણાઃ ભવન્તિ. અન્યથા રસાભાસઃ સ્યાત્ કૃષ્ણદ્વૈવિધ્યપ્રતીતેઃ ઇમમેવ અર્થમ્ આહ 'સ્વનિકટે સ્ત્રિયઃ યં મન્યેરન્' ઇતિ. સ્વસ્યૈવ નિકટે નતુ અન્યાસાં, સ્વસમ્મુખસ્થિતગોપિકા-કણ્ઠાલિંગિત ભગવદ્દર્શનમપિ ભગવદિચ્છયા તાસાં ન જાયત ઇતિ. પ્રયોજનાર્થં હિ રૂપકરણં તદ્ અર્ધસંખ્ય યૈવ પ્રયોજનં ભવતીતિ ન સમસંખ્યા મૃગ્યા. 'યાવતિર્ગોપયોષિતઃ' ઇતિ અગ્રે સમસંખ્યા ભગવતઃ વક્ષ્યતિ, યત્ પુનઃ કૈશ્ચિદ્ ઉક્તમ્ 'અંગનામંગનામન્તરે માધવઃ" ઇતિ તત્રાપિ**

**સવિસર્ગઃ પાઠઃ જ્ઞેયઃ દ્વિવચને બહુવચનપ્રયોગશ્ચ. અન્યદેવ વા તન્મણ્ડલં ન ભાગવતોક્તં મધ્યે વેણુનાદસ્ય ઉક્તત્વાત્. અત્રતુ રસાર્થે નૃત્યમિતિ. ગાનાર્થમ્ અપેક્ષાયામપિ દેવૈરેવ તત્સિદ્ધિઃ. 'મધ્યે મણીના હેમાનામ્' ઈત્યત્ર તુ દર્શનાર્થમ્ ઉક્તત્વાદ્ ગોપિકાનાં દેવાનાં ચ દર્શનં તથૈવેતિ ન અનુપપન્નં કિંચિત્''** (સુબો.૧૦/૩૦/૩-૪).

આ વિસ્તુત ઉદ્ધરણના અવલોકનથી અનેક વાતો સ્પષ્ટ થઈ જાય છે કે શ્રીમહાપ્રભુના અનુસાર-

(ક) રાસ પ્રકરણમાં કેવળ આઠ જ રૂપ નહીં પરંતુ નૃત્યના સમયે ઓછામાં ઓછા આઠહજાર રૂપોમાં શ્રીકૃષ્ણ પ્રકટ થયા તથા જલાદિવિહારમાં તો સોળહજાર રૂપ પણ શ્રીકૃષ્ણના એકસાથે પ્રકટ થયા છે.

આવી સ્થિતિમાં આ વાક્યને નિધિ સ્વરૂપોની વિવક્ષાવાળું સ્વીકારવાથી ઓછામાં ઓછી આઠહજાર પીઠાધીશતાધાયક માહાત્મ્યયુક્ત નિધિસ્વરૂપ અને એટલા જ પ્રમુખ પીઠાધીશ પણ માનવા જોઈએ. અન્યથા એવીજ રીતે આ સોળહજાર નિધિ સ્વરૂપો તથા પીઠાધીશોને પણ પુષ્ટિમાર્ગમાં ફલાત્મકતયા જ માન્ય કરવા પડશે.

(ખ) રાસલીલામાં સોળ-સોળ ગોપિકાઓના યૂથમાં આઠ-આઠ કૃષ્ણ છે.

આનાથી સિદ્ધ થાય છે કે એક-એક પીઠનિધિના સેવાકર્તા બે-બે પીઠાધીશ હોવા જોઈએ.

(ગ) પ્રત્યેક ગોપિકા શ્રીકૃષ્ણને પોતાના જ નિકટ અનુભવ કરી રહી હતી બીજાના નિકટ નહીં. અહીં સુધી કે એક ગોપિકાને પોતાના

સંમુખ સ્થિત બીજી ગોપિકાના કંઠમાં ગલબાંહી આપવાવાળા ભગવાનના તો દર્શન પણ નહોતા થયા.

આનાથી સિદ્ધ થાય છે કે ગોપિકાસ્થાનાપન્ન પીઠાધીશોને પણ પોતાના સેવ્યના સિવાય બીજા સેવ્યની ચિંતા જ ન કરવી જોઈએ. ત્યારે લૌકિકતા (તે વખતે, પરંતુ આજ તો પ્રાવાહિકતા)ની જ બુદ્ધિ કરનારા આઠ સ્વરૂપોમાં કયા શ્રીનાથજીની સાથે બિરાજી શકે છે અને કયા નહીં આ વાતની ચર્ચા પણ કરવી જ ન જોઈએ. સ્વનિકટ જે હોય તેને પ્રથમપ્રધાન-પરમ નિધિ માનીને સેવા કરવી જોઈએ. ત્યારે ઓચિંતુ ષષ્ઠનિધિની ગણના બીજી નિધિઓને લૌકિક બુદ્ધિથી જોયાવિના સંભવ જ નથી. લૌકિક બુદ્ધિથી જોવાથી તો ભગવાનનું ભાવાત્મક સ્વરૂપ પણ લૌકિક જડ મૂર્તિ બની જશે જેને ''અષ્ટ કૃષ્ણાઃ ભવન્તિ''વાક્યનો વિષય માની નથી શકાતું.

(ઘ) ભગવાન્ જેટલાં પણ રૂપ પ્રકટ કરે છે તે બધા પ્રયોજનવશ છે. તેથી સોળ-સોળ ગોપિકાઓએ અનેક યૂથોમાં આઠ-આઠ રૂપ જે પ્રકટ કર્યા એનું પ્રયોજન આ જ હતું કે મણ્ડલાકાર નૃત્યમાં કોઈ પણ ગોપિકાને બીજા કૃષ્ણની અનુભૂતિ ન થવી જોઈએ. અન્યથા રસાભાસ થઈ જશે. અહીં આઠ-આઠ સ્વરૂપોના પ્રાકટ્યથી આ પ્રયોજનની પૂર્તિ થઈ જવાના કારણે અધિક રૂપ પ્રકટ ન થયા. અન્યથા જલાદિવિહારમાં પ્રત્યેક ગોપિકાને માટે એક સ્વતન્ત્ર તથા પૃથક રૂપ ભગવાને પોતાનું પ્રકટ કર્યું જ હતું સર્વથા તારતમ્યવિહીન.

આનાથી સિદ્ધ થાય છે કે જો એક સેવાકર્તા હોય તો એક નિધિસ્વરૂપ હોવું જોઈએ અને સાત સેવાકર્તા હોય તો સાત નિધિસ્વરૂપ હોઈ શકે છે. આ જ રીતે શ્રીપ્રભુચરણના પરિવારમાં એક તેઓ સ્વયં, સાત ઔરસ પુત્ર, આઠમા ધર્મપુત્ર; તેમજ બે અગ્રજના તથા ચાર સ્વયંના બેટીજી આમ બધા મળીને કુલ પંદર સેવાકર્તા હોય તો પંદર

સ્વરૂપ પણ ‘‘પ્રયોજનાર્થ હી રૂપકરણમ્’’ન્યાયથી કેમ પ્રમુખ નિધિસ્વરૂપ ન હોઈ શકે? શું કેવળ ‘‘અષ્ટ કૃષ્ણાઃ ભવન્તિ’’વિધાનનું જ મહત્ત્વ છે? શા માટે શ્રીમહાપ્રભુના પણ ‘‘પ્રયોજનાર્થં હિ રૂપકરણમ્’’વચનની કોઈ મહત્તા નહીં?

(ચ) જલવિહારાદિની લીલામાં પ્રત્યેક ગોપિકાને સ્વકીય ભાવને અનુસાર ભગવદ્રૂપની અનુભૂતિ થઈ હતી.

આનાથી સિદ્ધ થાય છે કે પ્રત્યેક પુષ્ટિજીવના ઘરમાં બિરાજમાન પ્રત્યેક પુષ્ટિ પ્રભુ પુરૂષોત્તમરૂપ જ છે. જેમ ‘‘અષ્ટ કૃષ્ણાઃ ભવન્તિ’’ વિધાન શ્રીમહાપ્રભુકૃત છે તેવીજ રીતે ‘‘યાવતીર્ગોપયોષિતઃ ઈત્યગ્રે સમસંખ્યાં ભગવતો વક્ષ્યતિ’’ પણ શ્રીમહાપ્રભુજીનાજ વચન છે બીજા કોઈના નહીં.

(છ) રાસમાં નૃત્યના વખતે મધ્યમાં અવસ્થિત થવાની કોઈ આવશ્યકતા ન હતી, ન વેણુનાદાર્થ અને ગાનાર્થ પણ. ‘મધ્યમણિ’ ન્યાયેન મણ્ડલ મધ્યસ્થિત શ્રીમહાપ્રભુના અનુસાર ભાગવતોક્ત નૃત્ય પ્રકાર નથી. છતાં પણ એવા દર્શન એ લીલાના **અનધિકારી દેવતાઓને** થયા હતા એ એક બીજી કથા છે.

આનાથી સિદ્ધ થાય છે કે શ્રીનાથજીને અષ્ટ નિધિસ્વરૂપોના મણ્ડલની મધ્યમાં સ્થિત માનવા પોતાની ભાગવતતત્ત્વજ્ઞતા પ્રકટ કરવી છે. તેથી ભાગવતના અતત્ત્વજ્ઞ અથવા કેવળ અભાગવતના તત્ત્વજ્ઞ હોવાથી સામાન્ય ગુરૂત્વ જ સિદ્ધ નહીં થાય તો પીઠાધીશતાની દિલ્લી તો અભી બહુત દૂરી પર સ્થિત હે. આ નિશ્ચયપૂર્વક કહી શકાય છે.

સૌથી મજેદાર વાત અહીં આ છે કે **‘‘અષ્ટ કૃષ્ણાઃ ભવન્તિ’’** વચનના આધારે આઠ જ મુખ્ય નિધિસ્વરૂપ આપણા સંપ્રદાયમાં છે આવો પ્રચાર કરવાથી તથાકથિત ષષ્ઠનિધિ સ્વરૂપમાં અથવા તો ષષ્ઠત્વ દુર્નિરૂપ્ય થઈ જશે કાં પછી તથાકથિત ષષ્ઠનિધિનો અંતર્ભાવ અષ્ટનિધિ સ્વરૂપોમાં

કરવાથી શ્રીનાથજી તેમજ શ્રીનવનીતપ્રિયાજીમાં થી કોઇ એક સ્વરૂપનો શ્રીમદ્ ભાગવત વર્ણિત સારસ્વતકલ્પીય રાસલીલાના મણ્ડલમાંથી બહિર્નિષ્કાસન કરવો પડશે. કાં પછી એમને પ્રચલિત સંખ્યાક્રમમાં અષ્ટમનિધિ સ્વરૂપ માનવા પડશે.

વાસ્તવિકતા, જ્યારે કે, આ છે કે ''અષ્ટ કૃષ્ણાઃ ભવન્તિ'' વચનનું યથેષ્ટ તાત્પર્ય પર્યંત અર્થાકર્ષણ કરવાથી પણ કેવળ આઠ નિધિ સ્વરૂપ જ સિદ્ધ થાય છે. આ આઠ નિધિ સ્વરૂપોમાં પ્રથમત્વ દ્વિતીયત્વ તૃતીયત્વ ચતુર્થત્વ પંચમત્વ ષષ્ઠમત્વ સપ્તમત્વ અને અષ્ટમત્વ તો કેવળ પૂજારિપીઠવાદનો જ ઉપદ્રવ છે, ભાગવત-સુબોધિનીભાવાર્થ નહીં.

ન કેવળ આટલું અપિતુ આ સુબોધિનીની સંપૂર્ણ શબ્દાવલીમાં કેવળ આ આઠ કૃષ્ણરૂપોની જ મુખ્યતા અથવા ફલરૂપતા છે; તથા ગોપીસંખ્યાક શ્રીકૃષ્ણરૂપોની ગૌણતા કે ધર્મરૂપતા છે આવું ક્યાંય-કોઇ પણ પ્રકૃતિ-પ્રત્યયથી પ્રકટ નથી થતું. તેથી આ પણ એક ભયંકર વાત પૂજારિપીઠવાદના વિપક્ષમાં જાય છે.

આ સૈદ્ધાન્તિક સ્પષ્ટતાથી વિપરીત સુબોધિનીજીના નિત્યાભ્યાસી પ્રાતઃ સ્મરણીય શ્રીગોવિન્દરાયજીના વિદ્યાભ્યાસી આત્મજ ચિ. શ્રીવલ્લભરાયજીને પ્રતિત થાય છે બધુંજ જાણતા હોવા છતાં પણ, કેવળ પૂજારિપીઠવાદના મોહવશ તથા ભવિષ્યમાં ક્યારેય પોતાના ઉપર કોઇ આરોપ ન આવી જાય એવી લજ્જા-ભીતિવશ સ્વવિરચિત શ્રીબાલકૃષ્ણાષ્ટકનું ભાવતાત્પર્ય 'શ્રીબિપિનબિહારીદાસ'ના નામથી પ્રકાશિત કરાવ્યું છે. તેમાં કરવામાં આવેલા અનર્ગલ વિધાન અવલોકનિય છે-

''આમ નવે નિધિસ્વરૂપોમાં પરસ્પર કાંઇ પણ તારતમ્ય નથી સૌ સર્વોપરિ છે છતાં 'સ એવ કૃષ્ણપદાર્થઃ ક્વચિદ્ વિવૃતઃ' એ ભાવાત્મક શ્રીકૃષ્ણનું પ્રકટ ભાવન શ્રીબાલકૃષ્ણજીના સ્વરૂપમાં અનૂસ્યુત હોવાથી

(અર્થાત્ તે શ્રીનાથજીમાં પણ અનૂસ્યુત નહીં) શ્રીબાલકૃષ્ણ તેમજ શ્રીમહાપ્રભુજી દ્વારા પોતાના મુખ્ય સેવ્ય તરીકે સ્થાપિત સર્વોપરિ પ્રધાનતાને (અર્થાત્ શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ સારસ્વત કલ્પીય સર્વ ભાગવત લીલામાં અનૂસ્યુત તથા શ્રીનાથજીનું સ્વરૂપ શ્રીમહાપ્રભુના કેવળ સ્વયંના મુખ્ય સેવ્યતયા સ્થાપિત હોવાના કારણે) આધારે શ્રીગોવર્ધનનાથજી આમ બે સ્વરૂપોની અનેરી વિલક્ષણતા છે. રાસમણ્ડલમાં શ્રીમહાપ્રભુજીએ 'અષ્ટ કૃષ્ણાઃ'ની ભાવના દર્શાવી છે. તેમાં આઠ સ્વરૂપો પૈકીનું એક શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ છે, ઘણા લોકો (અર્થાત્ ભાવનાવાળા શ્રીદ્વારકેશજી અને સ્વયં સૂરત ઘરથી દ્વિતીય ઘરમાં ગોદ પધારવાવાળા શ્રીયોગિગોપેશ્વરજી) શ્રીસુબોધિનીના સિદ્ધાન્ત (જ્યારે કે સુબોધિનીકાર સ્પષ્ટ શબ્દોમાં મણ્ડલમધ્ય સ્થિતિને અભાગવતોક્ત કહે છે તો પણ) સમજ્યા વગર મણ્ડલના આઠ સ્વરૂપો પૈકી શ્રીનાથજીનું એક સ્વરૂપ ગણી બેસે છે, પરંતુ તે ઉચિત (!?) નથી. શ્રીમહાપ્રભુજીએ રાધાદામોદરવત્ નૃત્યમ્ એ ભાવના સમજાવી (ક્યાં?) છે. આ ભાવના અનુસાર શ્રીનાથજીની ભાવના તો મુખ્યતયા મણ્ડલની મધ્યમાં છે. શ્રીનાથજીને મણ્ડલમાં જ ગણી લેવાથી મણ્ડલનું મધ્યનું સ્થાન ખાલી પડી જાય જે શ્રીમહાપ્રભુજીને સંમત (!?) નથી તેથી મણ્ડલની મધ્યમાં શ્રીનાથજી છે. તે જ પ્રમાણે 'ક્યાંક જ વર્ણિત' વિલક્ષણ 'શ્રીકૃષ્ણ' તત્ત્વ શ્રીબાલકૃષ્ણજીમાં અનુસ્યૂત હોવાથી મણ્ડલના અષ્ટ સ્વરૂપોમાં શ્રીબાલકૃષ્ણજી મણ્ડલમાં સૌથી આગળ (જાણે કે ચંચલ અલૌકિક રાસનૃત્યમણ્ડલ હોવાના બદલે લૌકિક સામગ્રી પ્રદર્શનોત્સવનું કોઈ અચલ મણ્ડલ ન હોય!) સન્મુખ વચ્ચોવચ દર્શન આપે છે.'' (સે.સે.ર.પૃષ્ઠ ૧૩)

સ્પષ્ટ છે કે આ દર્શન નિષ્ઠાવિહીન પૂજારિપીઠવાદિઓને જ થાય છે આચાર્યવચનોમાં નિષ્ઠાશીલ આચાર્યપીઠવાદિઓને નહીં.

હોઈ શકે છે કે **"સુબોધિનીચિંતન તત્પર સુબોધિનીજી ભાવમર્મજ્ઞ સુબોધિનીસુધાદાનદક્ષ"** પ્રાતઃસ્મરણીય શ્રીગોવિન્દરાયજીના વિદ્વાન આત્મજ ચિરંજીવી શ્રીવલ્લભરાયજીએ આ ભાવતાત્પર્ય ન પણ લખ્યું હોય પરંતુ પ્રકાશિત કરાવતાં પહેલાં આ ઉપર કહેવામાં આવેલી વાતોને લક્ષ્યમાં લેવી જોઈતી હતી. કાંકરોલી કાશી વડોદરાના ઘરોની સાથે જે પણ પ્રતિસ્પર્ધા હોય તે રાખો! પરંતુ શ્રીગોવર્ધનધરને અભાગવતોક્ત તથા ભાગવતીય લીલાઓમાં અનુસ્યૂત દેખાડવા અને પાછું આ જ સ્વરૂપની પાસે ષષ્ઠ નિધિતયા પોતાના સેવ્યસ્વરૂપની માન્યતાને માટે આવા મિથ્યા સ્તોત્ર તથા નામાવલીઓ ઘડવી–**"તતઃ શ્લાઘ્યપદં કાંક્ષન્ તમેવં હન્તુમુત્સકઃ"** જેવી કૃતઘ્નતા ભરેલી મનોવૃત્તિ છે. જો 'બાલકૃષ્ણ' નામના કારણે આટલી બધી મહત્તા પોતાના સેવ્ય સ્વરૂપમાં સિદ્ધ કરવી હોય તો ખ્યાલ રાખવો જોઈએ કે શ્રીમહાપ્રભુ શ્રીપ્રભુચરણના સેવ્ય વીસ–એકવીસ 'શ્રીબાલકૃષ્ણ' નામવાળા બધા સેવ્ય સ્વરૂપોમાં આ બધી વિશિષ્ટતાઓ સિદ્ધ થઈ જશે. પછી વ્યર્થમાં શ્રીનાથજીની સાથે પ્રતિસ્પર્ધા કરીને લાભ શું થશે? શું ષષ્ઠપીઠાધીશતાને મૌન સ્વીકૃતિ મળી ગઈ તેથી હવે પ્રધાન પીઠાધીશતાના દાવાના બીજ રોપવામાં આવી રહ્યા છે!

આ રીતે **"અષ્ટ કૃષ્ણાઃ ભવન્તિ"** વાક્યના તાત્પર્યના અવિષયીભૂત હોવાના કારણે પૂજારિપીઠવાદની અપ્રામાણિકતા સિદ્ધ થઈ. હવે સૂત્રોક્ત દ્વિતીય "કયા સ્વરૂપોને અષ્ટાન્તર્ગત માનવા એના પણ અનિર્ણિત હોવાથી" હેતુની વ્યાખ્યા આપણે કરવાની છે.

**"અષ્ટ કૃષ્ણાઃ ભવન્તિ"** વાક્યના ભાવભાવનાકાર વર્ણિત તાત્પર્યના આધારે આઠ નિધિસ્વરૂપોને પ્રમુખ માનવાથી પણ અવિચ્છિન્ન પરંપરાથી મુખ્ય આઠ સ્વરૂપ કયા હતા એ કહી શકવું ખૂબજ કઠિન છે.

**શ્રીપ્રભુચરણ લિખિત પત્ર**

જે શ્રીપ્રભુચરણના પત્રનો હવાલો આપવામાં આવે છે તેમાં સ્વરૂપોના નામ એ ક્રમથી નથી મળતા જે ક્રમ સૂરતથી પ્રકાશિત ''ષષ્ઠનિધિસ્વરૂપ શ્રીબાલકૃષ્ણજી (સૂરત)નુ ચરિતામૃત''નામક ગ્રંથમાં આપવામાં આવ્યા છે. આ ગ્રંથમાં પૃષ્ઠ ૬-૭ તથા પૃષ્ઠ ૨૦-૨૧ ઉપર ક્રમ આવી રીતે આપેલો લાગે છે-

**(૦) શ્રીગોવર્ધનનાથજી** **(૧) શ્રીનવનીતપ્રિયાજી**
**(૨) શ્રીમથુરેશજી** **(૩) શ્રીવિઠ્ઠલનાથજી**
**(૪) શ્રીદ્વારિકાધીશજી** **(૫) શ્રીગોકુલનાથજી**
**(૬) શ્રીગોકુલચન્દ્રમાજી** **(૭) શ્રીબાલકૃષ્ણજી**
**(૮) શ્રીમદનમોહનજી**

આનાથી વિપરીત પોતાના અગ્રજને લખેલા પત્રમાં શ્રીપ્રભુચરણ જે ક્રમથી સેવ્ય સ્વરૂપોને વંદન કરી રહ્યા છે તે ક્રમ આમ છે-

**(૧) શ્રીનવનીતપ્રિયાજી** **(૨) શ્રીમથુરાનાથજી**
**(૩) શ્રીદ્વારકાનાથજી** **(૪) શ્રીગોવર્ધનધર (શ્રીગોકુલનાથજી)**
**(૫) શ્રીવિઠ્ઠલનાથજી** **(૬) શ્રીમદનમોહનજી**
**(૭) શ્રીગોવર્ધનધર (?)** **(૮) શ્રીનવનીતપ્રિયાજી (દ્વિતીય)**

આ પત્ર ઘણા વરસો પહેલાં ''પુષ્ટિભક્તિ સુધા'' (વર્ષ ૪ અંક ૫-૬માં) નામક પત્રિકામાં પ્રકાશિત થયો હતો, એ પત્રના સમ્બદ્ધાંશને એક વખત મૂલરૂપેણ દષ્ટિગત કરી લઈએ ત્યારે આગળ વિચાર કરીશું.

**શ્રીવિઠ્ઠલેશ્વરાણાં પત્રાણિ (૬)**

**શ્રીનવનીતપ્રિય-મથુરાનાથ-દ્વારકાનાથ-ગોવર્ધનધર-વિઠ્ઠલેશ્વર-મદનમોહન-ગોવર્ધનધર - નવનીતપ્રિય-ચરણારવિન્દેષુ અનુચરસ્ય પ્રણયતઃ નિવેદનનીયાઃ**

**....અહં ભગવદાજ્ઞયા રાસોત્સવપર્યંતં શ્રીગોવર્ધન-ચરણારવિન્દનિકટે સ્થિતઃ અસ્મિ. હરિદ્વારં પ્રતિ આજ્ઞા ન જાતેતિ ન ગતમ્. અત્ર મમ અસ્વાસ્થ્યં બહુ જાતમ્ આસીદ્. ઉપવાસદશકં કૃતમ્. અધુના ભગવત્કૃપયા શ્રીમત્કૃપયા ચ નૈરૂજ્યં જાતમ્ અસ્તિ. કાપિ ચિન્તા ન કાર્યા. અક્કા-અમ્મા-અત્તાચરણેષુ નતયઃ....''**

પ્રકૃત ચર્ચામાં ઉપયોગી બધા અંશ આ પત્રમાં અમે અહીં આપી દીધા છે. સંપૂર્ણ પત્ર ઉક્ત પત્રિકામાં જોઈ શકાય છે. જે તથ્ય આનું અવલોકન કરવાથી પ્રકટ થાય છે તે આ છે-

(૧) આ પત્ર શ્રીમહાપ્રભુની આસુરવ્યામોહલીલાના પછી ઓછામાં ઓછું શ્રીપ્રભુચરણની એ વયમાં લખેલો પત્ર છે કે જ્યારે એકાકિતયા અડેલથી દૂર જતિપુરા બિરાજવા તથા હરિદ્વારાદિ સ્થાનોની યાત્રાની અનુમતિ પોતાના પરિવાર-વૃદ્ધોથી મળવા લાગી ગઈ હતી. ન્યૂનમાં ન્યૂન આને આચાર્યચરણની આસુરવ્યામોહલીલા (વિ.સં.૧૫૮૭) ના પછી કેવળ એક વર્ષની ભીતરની અવધિમાં પણ લખવામાં આવેલો માનીએ તો પણ વિ.સં.૧૫૮૮ની આસપાસ (જે વર્ષે પ્રબોધિની પછી ક્યારેક શ્રીપ્રભુચરણના વિવાહ થયા હતા)નો જ માની શકાય છે.

(૨) પત્રમાં ઉલ્લિખિત તથ્યોના વિમર્શથી આ પણ સ્પષ્ટ થઈ જાય છે કે શ્રીગોપીનાથપ્રભુચરણ અડેલમાં બિરાજી રહ્યા છે તથા આ પત્ર શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણોંએ જતિપુરાથી લખ્યો છે.

(૩) અડેલમાં નિજગૃહ સ્થિત સેવ્ય સ્વરૂપ આઠ અવશ્ય છે પરંતુ ન તો અધુના પ્રચલિત પ્રથમાદિ ક્રમ આ સ્વરૂપોમાં નિર્ધારિત થયો છે કેમકે શ્રીવિઠ્ઠલનાથજીનું નામ ચાર સ્વરૂપોના પછી ગણાવ્યું છે. અને ન અધુના પ્રસિદ્ધ આઠે-આઠ સ્વરૂપોનો આ આઠ સ્વરૂપોમાં અંતર્ભાવ

દેખાઈ રહ્યો છે. 'શ્રીગોવર્ધનધર' તથા 'શ્રીનવનીતપ્રિય' નામક કોઈ બે સ્વરૂપ બીજા વધારે છે. જેને આજે પ્રમુખનિધિ ગણવામાં નથી આવતા. શ્રીબાલકૃષ્ણજીનો તો આ પત્રમાં ક્યાંય નામોલ્લેખ જ છે નહીં. ન શ્રીમુકુન્દરાયજી અથવા શ્રીકલ્યાણરાયજીનો પણ. ન આ પત્રમાં અન્ય પણ ગોદના શ્રીનટવરલાલ વગેરે સ્વરૂપોનો કોઈ ઉલ્લેખ છે.

(૪) અડેલમાં બિરાજતા આ આઠ સ્વરૂપો સિવાય જતિપુરામાં બિરાજતા શ્રીગોવર્ધનધરણ સ્વરૂપ પૃથક છે. 'મધ્યમણિ'ન્યાયના તો અભાગવતોક્ત સિદ્ધ થઈ જવાથી જતિપુરા સ્થિત શ્રીગોવર્ધનધરણની મણ્ડલમધ્યસ્થિતિ સંભવ નથી અને અષ્ટના અંતર્ગત પરિગણન કરવાથી પત્રમાં ઉલ્લિખિત આઠ સ્વરૂપમાંથી કોઈ એક સ્વરૂપનો ''નિજગૃહ સ્થિત સેવામાં એક સિંહાસન ઉપર બિરાજીને આરોગવા''છતાંપણ અષ્ટ બહિર્ભાવ સ્વીકારવો પડશે.

**મુરલીધરદાસરચિત આચાર્યચરિત્ર**

આનાથી વિપરીત શ્રીપ્રભુચરણના શિષ્ય શ્રીમુરલીધરદાસ કહે છે–

**''ગોકુલે સેવામાર્ગપ્રવર્તકાચાર્યવર્યગૃહે નિત્યદા સ્વપૂજાયાં નવનીતપ્રિયો વિઠ્ઠલેશ્વરો મથુરાનાથો નટવરો ગોકુલચંદ્રમા દ્વારકાનાથો મદનમોહનઃ શ્રીગોવર્ધનનાથઃ ચ ઈતિ અષ્ટૌ મૂર્તયઃ સ્નેહપૂર્વકં પૂજિતાઃ''** (શ્રીવલ્લભાચાર્યચરિતં મુરલીધરદાસવિરચિતં પૃષ્ઠ ૨૧)

આમાં ન તો પ્રથમાદિ ક્રમ છે, અને ન અષ્ટસ્વરૂપોના નામોમાં અધુના પ્રસિદ્ધ ક્રમ પણ. પત્રમાં અનુલ્લિખિત શ્રીનટવરલાલ હવે અહીં સિંહાસન ઉપર બિરાજવા લાગ્યા છે તથા પત્રમાં ઉલ્લિખિત બે સ્વરૂપ અન્યત્ર ક્યાંક સેવાર્થ પધરાવી દેવામાં આવ્યા છે.

### નિજવાર્તા

નિજવાર્તાના અનુસાર પણ શ્રીમહાપ્રભુના અડેલગ્રામસ્થ ગૃહમાં આઠ સ્વરૂપ નહીં પ્રત્યુત કેવળ પાંચ સ્વરૂપ જ સેવામાં બિરાજતા હતા, જેમાં સૂરતવાળા શ્રીબાલકૃષ્ણજીનું નામ સર્વથા અનુલ્લિખિત છે. અહીં સ્થાનાભાવવશ અમે કેવળ સમ્બદ્ધાંશ આપી રહ્યા છીએ–

> **“સો શ્રીગોવર્ધનનાથજી આજ્ઞા દીની હૈ જો એક ઠોર આપ બિરાજો. સો શ્રીઆચાર્યજી મહાપ્રભુ યહ શ્રીગોવર્ધનનાથજીકી આજ્ઞા મનમેં નિર્ધાર કરિકે આપ યહ વિચારે જો કહૂં સ્વતંતર વાસ કરનો જાપે કાહૂકી સત્તા ન હોઈ. તબ શ્રીઆચાર્યજી મહાપ્રભુ કાશીતેં શ્રીમહાલક્ષ્મીજીકો લૈકે આપ અડેલકોં પધારે સો ઉહાં સ્થલ કરિકે આપ બિરાજે.... ઔર શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ ભગવત્સેવા કરેં. સો શ્રીમદનમોહનજી તો અપને બડેન કે ઠાકુર હૈ, શ્રીઆચાર્યજી મહાપ્રભૂન કે માતા શ્રીઈલ્લમ્માગારૂજી દક્ષિણ તે પધરાઈ લાઈ હૈ, સો ઔર શ્રીગોકુલનાથજી, શ્રીઆચાર્યજી મહાપ્રભૂન કે સાસુરે તે પધારે.... એસી રીતિ સો શ્રીઆચાર્યજી મહાપ્રભુ અડૈલ મેં વાસ કરિકે સેવા કરત હૈં....**॥વાર્તા દશમી॥**.... અબ સેવ્ય સ્વરૂપ તિની ભયે શ્રીગોકુલનાથજી શ્રીમદનમોહનજી શ્રીવિઠ્ઠલનાથજી. અબ એક સમેં શ્રીઆચાર્યજી મહાપ્રભુ વ્રજ મેં પાઉં ધારે, સો શ્રીગોકુલ મેં બિરાજત હતે ઔર શ્રીનવનીતપ્રિયાજી ગજ્જનધાવન કે ઘર આગરા મેં બિરાજત હુતે. સો શ્રીનવનીતપ્રિયાજી શ્રીઆચાર્ય મહાપ્રભૂન કે મન કી જાની જો શ્રીઆચાર્યજી મહાપ્રભૂન**

**ને યહ વિચારે જો સબ સ્વરૂપન કે અધિનાયક તો શ્રીનવનીતપ્રિયાજી હૈં.** (તુલના કરો ''અભિમતયા મૂર્ત્યા પ્રકારસહસ્રમધ્યે નવનીતચૌર્યાદિરૂપેષુ સ્વ-ભાવઃ નિયામકઃ'' સુબો.૧૧।૩।૪૮). **સો શ્રીનવનીતપ્રિયાજી પધારેં તો આછો....અબ શ્રીમહાપ્રભૂન કે ઘર ચારિ સ્વરૂપ બિરાજે શ્રીનવનીતપ્રિયાજી શ્રીવિઠ્ઠલનાથજી શ્રીગોકુલનાથજી શ્રીમદનમોહનજી....તબ શ્રીદ્વારિકાનાથજી નાવ મેં બિરાજિકે અડેલ મેં શ્રીઆચાર્યજી મહાપ્રભૂન કે ઘર પધારે. અબ સિંઘાસન પર સ્વરૂપ પાંચ બિરાજત હૈ-શ્રીનવનીતપ્રિયાજી શ્રીવિઠ્ઠલનાથજી શ્રીદ્વારિકાનાથજી શ્રીગોકુલનાથજી શ્રીમદનમોહનજી યે પાંચોં સ્વરૂપ સિંઘાસન પર બિરાજત હૈ. ઇતિ.''** (નિજવાર્તા ૧૦-૧૧).

આનાથી આ સ્પષ્ટ થઇ જાય છે કે કાં તો શ્રીમહાપ્રભુના કાલમાં શ્રીપ્રભુચરણની બાલ્યાવસ્થામાં ક્રીડાર્થ પધરાવેલા શ્રીબાલકૃષ્ણલાલના સ્વરૂપને શ્રીમહાપ્રભુએ પુષ્ટ જ નહોતા કર્યા, અન્યથા સેવામાં બિરજાવતા જ, કાં પછી તે દ્વારકાનાથજીના પ્રતિનિધિ સ્વરૂપ હોવાથી સ્વતંત્ર ઉલ્લેખ નથી મળતો.

**શ્રીયદુનાથજીકૃત શ્રીવલ્લભદિગ્વિજય**

ચિરંજીવી ગોસ્વામી શ્રીવલ્લભરાયજીએ પૂજારિપીઠવાદના મોહવશ શ્રીયદુનાથજીના અનેક મિથ્યા નામ તો ઘડી લીધા છે જેમ- **''શ્રીબાલકૃષ્ણસર્વસ્વઃ....બાલકૃષ્ણૈકહૃદયો બાલકૃષ્ણૈકલોચનઃ બાલકૃષ્ણૈકેષ્ટદેવો બાલલીલાવિભાવનઃ''** (સેવ્ય સેવક રસાસ્વાદાન્તર્ગત નામકામધેનુસ્તોત્ર શ્લો.૪, ૨૨ તથા ૨૩), પરંતુ શ્રીયદુનાથજીવિરચિત

શ્રીવલ્લભદિગ્વિજયનું અવલોકન કરવાથી આ નામાવલીની કામધેનુ પૂજારિપીઠવાદિઓની પ્રથમ કામનાની શ્રીબાલકૃષ્ણજી શ્રીમહાપ્રભુસેવિત ષષ્ઠનિધિ છે તથા પરમ કામનાની એમની સેવાના કારણે સ્વયંના પરિવારમાં ષષ્ઠપીઠાધીશતા નિહિત છે, આમ આ બંનેમાંથી એક પણ કામનાને પૂર્ણ કરતી પ્રતીત નથી થતી! અહીં અમે સમ્બદ્ધ ગ્રંથાશોને ઉદ્ધૃત કરીએ છીએ–

> "....સ્વસુરે સંન્યસ્ય ગતે....(૧) **તતો જાતા શ્રીગોકુલેશ્વરપ્રાપ્તિઃ**....તતઃ શ્રી વધૂજિતા એકદા આર્યાઃ પ્રાર્થિતાઃ, શ્રીમદ્ભિઃ શ્રીગોકુલેશાવિર્ભાવ તદર્ચનાય આચાર્યૈઃ ઉપદિષ્ટા તત્કુર્વન્તી પુનઃ એકદા આહ 'શ્રીગોકુલેશો (૨) **મદનમોહનશ્ચ** યાં હસતિ જિહ્વેતિ તત્ર કારણં બ્રૂથ. આર્યા આહુઃ 'જાતઃ તે મનોરથઃ. પ્રાદુર્ભાવઃ અચિરાદ્ ભવિષ્યતિ' ઇતિ....ગોસ્વામિ શ્રીવિઠ્ઠલનાથાનાં પ્રાદુર્ભાવઃ સમભવત (૩) **તસ્મિન્ સમયે શ્રીવિઠ્ઠલનાથસ્વરૂપમપિ આગતમ્**....અથ પુનઃ વ્રજયાત્રા કૃતા. તતઃ ગઙ્ગનધાવનેન (૪) **નવનીતપ્રિયાનયનં કૃતમ્**....તતઃ (૫) **શ્રીદ્વારિકેશાગમનં જાતમ્** તતો ગોપીનાથ યાત્રા તેષાં દક્ષિણે વિવાહોપિ પિતૃવ્ય જનાર્દનેન કારિતઃ.... (શ્રીવલ્લભ–દિગ્વિજય પૃષ્ઠ ૫૦–૫૩).

સ્પષ્ટ છે કે મિથ્યા નામાવલીની કામધેનુથી મિથ્યા કામનાની પૂર્તિ કરાવવી હોય તો જેમ રાજનગરવાળા શ્રીરણછોડલાલજી મહારાજના વચનામૃતનું **"વિરૂદ્ધાંશપરિત્યાગાત્ પ્રમાણં સર્વમેવહિ!"** સંસ્કરણ નૂતનતયા મુદ્રિત કરાવ્યું છે તેવીજ રીતે શ્રીવલ્લભદિગ્વિજયની પણ એક નૂતનતયા મુદ્રિત સંસ્કરણની આવશ્યકતા છે. કોઈ પણ સ્થિતિમાં વિ.સં.૨૦૪૧માં ફાલ્ગુન શુક્લા એકાદશીના(દ્રષ્ટવ્યઃપૃષ્ઠ) દિવસ સુધી તો

''શ્રીબાલકૃષ્ણૈકેષ્ટદેવ'' શ્રીયદુનાથજી ન તો નિજગ્રંથમાં શ્રીમહાપ્રભુના સેવ્યતયા અને ન ગ્રંથારંભ કે ગ્રંથાન્તર્ગતમાં ક્યાંય નિજારાધ્ય ઈષ્ટદેવતયા સૂરતસ્થિત શ્રીબાલકૃષ્ણપ્રભુને વંદન કે સ્મરણ કરે છે :

**શ્રીહરિરાયજીરચિત શ્લોક**

વિ.સં.૨૦૩૨માં પ્રકાશિત ''ષષ્ઠનિધિ સ્વરૂપ શ્રીબાલકૃષ્ણજી (સૂરત)કા ચરિતામૃત''નામક ગ્રંથમાં (પૃષ્ઠ ૨૭-૨૯) ''ગો.શ્રીહરિરાયકૃત સેવાવિધિઃ'' શીર્ષકથી એક પરિચ્છેદ આપવામાં આવ્યો છે જેમાં-

**યદુનાથમહં વન્દે બાલકૃષ્ણપદાશ્રયમ્ ।**
**રુક્મિણીહૃદયાનન્દદાયકં ભક્તવત્સલમ્ ।।**

તથા

**નમામિ શ્રીબાલકૃષ્ણં યશોદોત્સંગલાલિતમ્ ।**
**પૂતનાસુપયઃપાનરક્ષિતાશેષબાલકમ્ ।।**

બે કારિકાઓ શ્રીબાલકૃષ્ણજીના શ્રીયદુનાથ સેવ્યતયા ષષ્ઠનિધિ હોવાના સમર્થનાર્થ આપેલ છે.

અમારી પાસે વિ.સં. ૧૯૯૮માં પ્રકાશિત શ્રીહરિરાયકૃત સાહસ્રીભાવનાના પરિશિષ્ટમાં પૃષ્ઠ (૧૧૮-૧૨૩) શ્રીમત્પ્રભુચરણ-શ્રીહરિધનપ્રભુપ્રણોદિતા સેવાશિક્ષામાં તો આ શ્લોકોનું અસ્તિત્વ ક્યાંય દષ્ટિગત નથી થતું. અને ન શ્રીહરિરાયવાંગ્મુક્તાવલીમાં પણ આ શ્લોક પહેલાં ક્યારેય કોઈએ મુદ્રિત કરાવ્યા છે. કિમ્ અધિકં સુજ્ઞેષુ?

**શ્રીશોભાવહુજીરચિત ધોળ**

ઉલ્લિખિત ચરિતામૃતમાં જ પૃષ્ઠ ૩૦ ઉપર ''ધોલ'' શીર્ષકની સાથે શ્રીહરિરાયજીના વહુજી શ્રીશોભાજીના ધોળની ''શ્રી જદુપતિ જી જુગતે જોવા જેવા જી, એમને મન્દિરે શ્રીબાલકૃષ્ણની સુન્દર સેવા

જી''પંક્તિ પ્રકાશિત કરવામાં આવી છે.

સુરતના જ ઘરથી સાઠ-સીત્તેર વર્ષ પહેલાં પ્રકાશિત શ્રીશોભાવહુજીના ધોળના પુસ્તકમાં એક આ ગરબી વધારે મળે છે જેને ક્યારેય ભુલવું ન જોઈએ-

**જોડી હાથ ને કહે છે જદુનાથ જી રે લોલ**
**મન વસ્યા છે હમારે તો શ્રીનાથજી રે લોલ**
**કૃપાઽનુગ્રહ થી શ્રી આપ પધરાવીઆ રે લોલ**
**ત્યારે પ્રસન્ન થઈ ને તાત મન ઘણું રે લોલ**
**સ્વરૂપ પધરાવ્યું શ્રીકલ્યાણરાય તણુ રે લોલ,**

તેથી જેવું શ્રીશોભાવહુજીનું આ ધોળ છે એવી જ એમની ગરબી પણ છેજ.

**શ્રીવૃજભુષણજીરચિત શ્લોક**

''શ્રીવૃજભુષણજી કૃત શ્રીગુસાંઈજી કે સહસ્ત્ર નામ''માં શીર્ષકની સાથે એક પરિચ્છેદ પૃષ્ઠ (૧૫-૧૭) સુધી આપ્યું છે, તેમાં આપવામાં આવેલી કેટલીક કારિકાઓ આવી રીતે ઉદ્ધૃત થઈ છે-

**યદુનાથપિતા પુષ્ટિજ્ઞાનદાતા દયાનિધિઃ**
**યદુનાથસ્નેહવેત્તા સ્વસ્નેહાનુભવપ્રદઃ**
**પ્રિય શ્રીયદુનાથસ્તદ્ભક્તિવેત્તા પ્રમોદકૃત્**
**તસ્ય સ્નેહેન સન્તુષ્ટઃ શ્રીબાલકૃષ્ણદાયકઃ ।**

એક અન્ય ગોસ્વામિ મહાનુભાવ, જે આ વિવાદમાં ઉલઝવા નથી માગતા, એટલા માટે નામ અમે નથી આપી શકતા પરંતુ એમના પાસે શ્રીવ્રજભૂષણજીકૃત શ્રીગુસાંઇજીના સહસ્ત્રનામની વિ.સં. ૧૮૭૦ની હસ્તલિખિત પ્રતિ છે. આ પ્રતિમાં ''તસ્ય સ્નેહેન સન્તુષ્ટઃ શ્રીકલ્યાણપ્રદાયકઃ'' પાઠ ઉપલબ્ધ થાય છે. તથા ''લઘુસ્વરૂપાસ્વીકર્ત્રે

મહારાજાભિધપ્રદઃ'' ઉલ્લેખ પણ ત્યાં સ્પષ્ટ છે એમ તેઓનું કહેવું છે.

આ બધી વાતોનો ગંભીરતયા વિમર્શ કરવાથી એવું લાગે છે કે કૃપાસિન્ધુ શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણોંએ અપ્રસન્ન થઈને નહીં પરંતુ ઉપહાસમાં જ શ્રીયદુનાથજીનું નામ 'મહારાજા' રાખ્યું હશે. આનીજ પુષ્ટિ ''પ્રિય શ્રી યદુનાથ સ્તદ્ભક્તિવેત્તા પ્રમોદકૃત્ તસ્ય સ્નેહેન સન્તુષ્ટઃ શ્રીકલ્યાણપ્રદાયકઃ'' નામની સંગતિ બેસી જાય છે. બંનેમાંથી કયો પાઠ પ્રામાણિક છે આ મૂલ પ્રતિને, અતએવ, જોયા વિના નિસન્દિગ્ધતયા સ્વીકારવું કઠિન કામ છે.

**શ્રીવલ્લભજીના વચનામૃત**

જ્યાં સુધી શ્રીવલ્લભજીના વચનામૃતનો સવાલ ઉભો થાય છે તો આ તો સાચું છે કે એમના અનુસાર સૂરતસ્થ શ્રીબાલકૃષ્ણજી શ્રીદ્વારિકાધીશજીના ગોદના ઠાકુર નથી પરંતુ એમના પૂરા વચનામૃત મોટોભાગે ઉદ્ધૃત કરવામાં નથી આવતા. સંભવતઃ રાજનગરવાળા શ્રીરણછોડલાલજીના વચનામૃતનું જેમ ''વિરૂદ્ધાંશપરિત્યાગાત્ પ્રમાણં સર્વમેવ હિ''સંસ્કરણ પ્રકાશિત થયું તેવીજ રીતે નિકટના ભવિષ્યમાં આમના વચનામૃતનું નૂતન સંસ્કરણ પણ પ્રકાશિત થઈ શકે છે. તેથી અમે આજેજ એ વચનામૃતના સમ્બદ્ધ અંશને ઉદ્ધૃત કરી દઈએ છીએ–

''શ્રીગુસાંઈજી કે સાત સ્વરૂપ ઠાકુર અરૂ શ્રીબાલકૃષ્ણજી શ્રીનટવરલાલજી યે સબ સેવ્ય સ્વરૂપ શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઈજી કે સેવ્ય હૈં. **શ્રીગુસાંઈજી** કે ઘર હુ એક સિંઘાસન પર બિરાજત હતે ઔર ભોગ–સેવા સબ ભેલી હોતી. ઈતને મેં ન્યૂનાધિક સ્વરૂપ કોઈ નહીં. પાછે સબ શ્રીઠાકુરજી તો બેટાન કો પધરાય દીને. શ્રીનવનીતપ્રિયાજી આપુ સેવામેં રાખે ઔર શ્રીબાલકૃષ્ણજી તથા શ્રીનટવરલાલજી હૂ આપકે શ્રીનવનીતપ્રિયાજી કે પાસ રહે ઔર શ્રીબાલકૃષ્ણજી કૂં છઠે લાલજી શ્રીયદુનાથજી કૂ પધરાય દેતે હતે સો ન લીને ઔર કહ્યો જો છોટે ઠાકુરજી

કૂ કહા કરૂં? તબ શ્રીગુસાંઈજી આજ્ઞા દીની જો એ તો બડે મહારાજ જી હૈ! શ્રીઠાકુરજી કો કહા બડો કહા છોટો? તબ ઉનકો નામ તા દિનાતે શ્રીમહારાજજી ભયો. ઔર શ્રીબાલકૃષ્ણજી શ્રીગુસાંઈજી કે ઘર હી બિરાજે. ઔર શ્રીનાથજી કાહૂ કે ઉપર પધરાયે નહીં. શ્રીનાથજી સબ કે ઠાકુર હૈં. ઐસે આજ્ઞા કીની.

ઔર શ્રીબાલકૃષ્ણજી તથા શ્રીનટવરલાલજી ગોદ કે ઠાકુર કીસે બાજત હૈ? તાકી આજ્ઞા કીની–

જો પહલે તો કિતનેક દિના જુદે–જુદે અન્નકૂટ આપ–આપકે ઘર હોતો સો ઘર સેવાતે પહોંચિકે શ્રીનાથજી કે દર્શન કો આવતે. શ્રીનાથજી કી સેવા મેં તો પહોંચતે નહીં તબ શ્રીબાલકૃષ્ણજી–શ્રીનટવરજી શ્રીનવનીતપ્રિયાજી કે પાસ બિરાજતે, શ્રીગુસાંઈજી કે તીન સ્વરૂપ અન્નકૂટ ભેલો આરોગતે. ઐસે કિતનેક બરસતાંઇ ચલ્યો, પીછે એક બરસ શ્રીગિરધરજી ને શ્રીગુસાંઈજી સૂં બિનતી કીની જો સબહિ સ્વરૂપ શ્રીનાથજી કે યહાં ઔર ભેલો અન્નકૂટ આરોગે તો બહોત સુખ હોય. તબ શ્રીગુસાંઈજી ને એક બાર તો નાહીં કીની તબ દૂસરી બખત ફેરી વિનંતી કીની તબ શ્રીગુસાંઈજી કે ચિત્ત મેં આઈ જો શ્રીગિરધરજી ને દૂસરી બાર ફેરી કહ્યો તાતે શ્રીનાથજી કી ઈચ્છા ઐસી દીસત હૈ પરન્તુ યામેં લૌકિક બઢિ જાયેગી. તબ શ્રીગુસાંઈજી ને શ્રીનાથજી સોં પૂછી ઔર વિનંતી કીની જો મહારાજ! **યામે લૌકિક બઢિ જાયેગી ઔર દૂજે સ્વરૂપ વિષે લૌકિક ભાવ બઢિ જાયેગો,** તબ શ્રીનાથજી ને આજ્ઞા કીની જો હમારી ઈચ્છા હૈ. સો શ્રીનાથજી કી એસી ઈચ્છા જાની કે સાતોં સ્વરૂપ શ્રીજી કે યહાં પધરાયે.

**સો શ્રીઠાકુરજી કે સ્વરૂપ તો નવ ઔર શ્રીગુસાંઈજી કે સાત બાલક સો તા ભાવ સોં 'સાતોં સ્વરૂપ' કહત હૈં.**

તબ શ્રીનવનીતપ્રિયાજી પ્રભૃતિ દૂજે સ્વરૂપ તો ઝાંપી મેં પધરાયે

ઔર શ્રીમથુરેશજી શ્રીદ્વારિકાનાથજી એ તો બડે સ્વરૂપ હૈં સો ઝાંપી મેં કૈસે પધરાયે જાયે! તબ શ્રીગુસાંઈજી ને આજ્ઞા કીની જો પાલકી મેં પધરાઓ તબ દોઉ સ્વરૂપ પાલકી મેં પધરાયે. **તબ સાતોં સ્વરૂપન કો ઐસી રીતસોં પધરાયવેકોં અપને-અપને ઘરતે તૈયારી કીની. તબ શ્રીબાલકૃષ્ણજી-શ્રીનટવરલાલજી રહે તિનકૂ કૌન જૂદે પધરાવે ઔર શ્રીનવનીતપ્રિયાજી ઝાંપીમેં તીન સ્વરૂપ કૈસે બિરાજે** તબ શ્રીનટવરલાલજી શ્રીમથુરેશજી કી પાલકી મેં પધરાયે ઔર શ્રીબાલકૃષ્ણજી શ્રીદ્વારિકાનાથજી કી પાલકી મેં પધરાયે તાતેં 'ગોદ કે ઠાકુર' કહત હૈં પરંતુ ગોદ કે હૈ **નહીં, જૈસે સાત સ્વરૂપ તૈસેઈ યે સ્વરૂપ હૈં.** ઈન સ્વરૂપન મેં ભિન્નભાવ નહીં હૈ. ઐસે સબ સ્વરૂપ શ્રીગુસાંઈજી કે ઘર એક સિંઘાસન ઉપર બિરાજકે ભોગ આરોગવેવારે હૈં. ઐસે આજ્ઞા કીની. શ્રીનાથજી સબનકે હૈં પરંતુ હુકુમ સરકાર ઔર ટીકાયત શ્રીગિરધરજી તિનકે હાથ ભઈ. શ્રીનવનીતપ્રિયાજી શ્રીગુસાંઈજી કે ઠાકુર હૈં સોહુ શ્રીગિરધરજી કે માથે બિરાજે, શ્રીમથુરેશજી શ્રીનટવરલાલ પહલેં શ્રીગુસાંઈજી ને હી પધરાય હતે. ઐસે તીન ઠાકુર ઘર કે ઔર શ્રીમથુરેશજી ચોથે શ્રીનાથજી સરકાર ટીકાયત શ્રીગિરધરજી કે માથે બિરાજે. પીછે શ્રીમથુરેશજી શ્રીનટવરલાલજી જૂદે પધારે તિનકી વાર્તા જુદી હૈ.'' ઈતિ શ્રીવલ્લભજી મહારાજ કે બીસમો વચનામૃત સમ્પૂર્ણમ્ ।।

આ વચનામૃતથી ઘણી વાત બિલકુલ સ્પષ્ટ થઇ જાય છે જેમ-

(૧) શ્રીગુસાંઇજીના ઘરના ઠાકોરજીમાંથી કેટલાક શ્રીબેટીજીને ત્યાં પધાર્યા જેમ શ્રીપ્રભુચરણ-લિખિત પૂર્વોક્ત પત્રમાં ઉલ્લિખિત શ્રીનવનીતપ્રિયાજી (દ્વિતીય). કેમકે એમનો ઉલ્લેખ અહીં નથી કરવામાં આવ્યો. અહીં ઉલ્લિખિત શ્રીનટવરલાલજી પત્રમાં અનુલ્લિખિત હોવા છતાં પણ શ્રીમુરલીધરદાસજીના શ્રીવલ્લભાચાર્યચરિતમ્માં ઉલ્લિખિત છે. નિજવાર્તા-શ્રીવલ્લભદિગ્વિજયમાં ઉલ્લિખિત પાંચ સ્વરૂપોના પછી શ્રીમથુરાનાથજી તથા શ્રીગોકુલચંદ્રમાજી શ્રીમહાપ્રભુની આસુર-વ્યામોહ

લીલા પછી ઘરમાં પધાર્યા. આ પ્રકારથી પાંચ અને બે સાત સ્વરૂપ થયા. પરંતુ અહીં ઉલ્લેખનીય આ છે કે શ્રીબાલકૃષ્ણલાલજી તથા શ્રીનટવરલાલજી કાં તો પત્રલેખનકાલમાં ઘરમાં નહોતા બિરાજતા અથવા બિરાજતા હશે તો પુષ્ટ કરેલા સ્વરૂપ નહીં હોય. આવી સ્થિતિમાં બની શકે છે કે શ્રીબાલકૃષ્ણલાલજી તથા શ્રીનટવરલાલજી શ્રીમહાપ્રભુજીના પુષ્ટ કરેલા નિધિસ્વરૂપ ન હોય પરંતુ પ્રભુચરણના પુષ્ટ કરેલાં નિધિસ્વરૂપ હોય. આ "(ક) શ્રીગુસાંઈજીના સાત સ્વરૂપ ઠાકુર અને (ખ) શ્રીબાલકૃષ્ણજી શ્રીનટવરલાલજી આ બધા સેવ્ય સ્વરૂપ (ક) શ્રીઆચાર્યજી તથા (ખ) શ્રીગુસાંઈજીના સેવ્ય છે "યથા સંખ્યામનુદેશઃ સમાનામ્"ન્યાયના અનુસાર સિદ્ધ થઈ જાય છે.

સ્વરૂપ ભલે શ્રીગુસાંઈજી દ્વારા પુષ્ટ કરવામાં આવેલ હોય કે શ્રીઆચાર્યજી દ્વારા આમાં ભિન્નભાવ ન રાખવો જોઈએ, આ નિતાંત અવધેય છે. આ જ વાત "સ્વરૂપમેં છોટો ઔર બડો કહા" દ્વારા સમજાવી છે.

(૨) શ્રીબાલકૃષ્ણજીના સ્વરૂપને સેવાર્થ શ્રીયદુનાથજીએ ન તો સ્વીકાર્યા અને ન સેવા પણ કરી હતી. અન્યથા શ્રીનવનીતપ્રિયાજીની પાસે બિરાજી રહેવા અને "આને કોણ પધરાવે" એનો પ્રશ્ન જ નથી ઉભો થઈ શકતો.

(૩) નિજ સુતોંને સેવાર્થ પધરાવવામાં આવેલા સ્વરૂપોને જ કેવળ શ્રીનાથજીની સાથે અન્નકૂટ આરોગાવવા માટે પધરાવવા અને અન્ય સ્વરૂપોને નહીં , ભવિષ્યમાં અન્ય સ્વરૂપોને અનધિકારી માની લેવાના લૌકિક ભાવમાં વિકૃત થઈ જશે, આ સરખી રીતે ધ્યાનમાં રાખીને જ શ્રીપ્રભુચરણોંએ અનામંત્રિત શ્રીનવનીતપ્રિયાજી-શ્રીનટવરલાલજી-શ્રીબાલકૃષ્ણજીને પણ પધરાવ્યા હતા તથા શ્રીબેટીજીને સપ્તસ્વરૂપના દર્શન કર્યા વગર પોતાના ઠાકોરજીને સર્વસ્વ માનવાની સલાહ આપીને

પાછા ફરવાની આજ્ઞા આપી હતી.

(૪) 'સાત સ્વરૂપ' જે કહેવામાં આવે છે તે સ્વરૂપાપેક્ષયા પ્રથમ-દ્વિતીય-તૃતીય-ચતુર્થ-પંચમ-ષષ્ઠ-સપ્તમ નહીં પરંતુ શ્રીપ્રભુચરણોંના સપ્ત-સુતાપેક્ષયા છે. આનાથી સિદ્ધ થયું કે નિધિસ્વરૂપની પ્રથમાદિ સંખ્યાના કારણે ઘર કે પીઠની પ્રથમાદિ સંખ્યા નથી પ્રત્યુત ઘરની પ્રથમાદિ સંખ્યાના કારણે નિધિસ્વરૂપોની પ્રથમાદિ સંખ્યા છે. અન્યથા ઘરમાં બિરાજતી નવમનિધિ તથા દશમનિધિ શ્રીનવનીતપ્રિયાજી તથા શ્રીનાથજીને માનવા પડશે. શ્રીમથુરેશજીમાં શ્રીગિરધરજીના કારણે પ્રથમ નિધિત્વ સંખ્યા આવી હતી. શ્રીનાથજી, શ્રીનવનીતપ્રિયાજી કે શ્રીમથુરાનાથજીના કારણે શ્રીગિરધરજીમાં પ્રથમત્વ નહોતું આવ્યું, એ તો જન્મના સિદ્ધ હતું જ. બાદમાં બટવારો થવાથી શ્રીગિરધરજીના સ્વતંત્ર દાયભાગવશ શ્રીગોપીનાથજીના માથે શ્રીમથુરેશજી પધરાવવામાં આવ્યા અતએવ શ્રીગોપીનાથજીનું ઘર અને ઘરના નિધિસ્વરૂપ 'પ્રથમ' કહેવામાં આવે છે. અન્યથા તો પ્રથમત્વ શ્રીનાથજી કે શ્રીનવનીતપ્રિયાજીમાં કહેવામાં આવવું જોઈતું હતું. મૂલ બટવારામાં એક ભાગ શ્રીપ્રભુચરણનો તથા સાત ભાગ સપ્ત સુતોંનો હતો. અતએવ આઠ ભાગ થયા હતા. અન્યથા નિધિસ્વરૂપ (શ્રીનાથજીને ન પણ ગણીએ તો પણ) નવ હતા. આવી સ્થિતિમાં નિધિસ્વરૂપમૂલક પીઠાધીશતાની વાત સિદ્ધ નથી થઈ શકતી. અન્યથા નવ પીઠ હોવી જોઈતી હતી-સાત કે આઠ નહીં. ગોસ્વામિતિલકાયિત મહારાજશ્રીના ઘરને 'પ્રધાનપીઠ' એટલા માટે કહેવામાં આવે છે બટવારામાં પૃથક્ થયેલું એ શ્રીપ્રભુચરણનું ગૃહ છે. જો નિધિસ્પરૂપવશ પીઠત્વ કે પીઠાધીશત્વ હોત તો શ્રીનાથજી ઉપર તો બધાનું સ્વત્વ તથા સેવાધિકાર સમાન હતો આવી સ્થિતિમાં આઠેના આઠેય ઘર પ્રધાનપીઠાધીશના હોવા જોઈતા હતા. કેમકે કેવળ શ્રીગિરધરજીનું જ સ્વત્વ ત્યાં ન હતું. એમને તો વ્યવસ્થાધિકાર જ કેવળ સોંપવામાં આવેલો હતો, જ્યેષ્ઠતમ બંધુ હોવાના કારણે.

(૫) ''તબ નટવરલાલજી શ્રીમથુરાધીશજી કી પાલકી મેં પધરાયે ઔર શ્રીબાલકૃષ્ણજી શ્રીદ્વારકાનાથજી કી પાલકી મેં પધરાયે તાતે ગોદકે ઠાકુર કહત હૈ પરંતુ ગોદ કે હૈં નહીં. **જૈસે સાત સ્વરૂપ તેસેઈ યે સ્વરૂપ હૈ''** નો સીધોસાદો આ અર્થ થાય છે કે શ્રીનટવરલાલજીની જેમ શ્રીબાલકૃષ્ણજીનો પણ સપ્ત સ્વરૂપોમાં અન્તર્ભાવ નથી અને ન તો અષ્ટ સ્વરૂપોમાં પણ કેમકે સપ્તમાં (૧) શ્રીનવનીતપ્રિયાજી (૨) શ્રીમથુરેશજી (૩) શ્રીવિઠ્ઠલનાથજી (૪) શ્રીદ્વારકાધીશજી (૫) શ્રીગોકુલનાથજી (૬) શ્રીગોકુલચંદ્રમાજી (૭) શ્રીમદનમોહનજીના સિવાય આઠમાં શ્રીનાથજી જ માનવામાં આવેલા છે, શ્રીનટવરલાલજી કે બાલકૃષ્ણજી નહીં, તે તો દશ મુખ્ય સ્વરૂપોમાં 'નવમનિધિ' કે 'દશમનિધિ' કહી શકાય છે, જો સિદ્ધાન્તવિહીન નિધિસ્વરૂપોની ગણના કરવી જ હોય તો અમે કહી ચૂક્યા છીએ કે નિધિસ્વરૂપોમાં 'એક-બે-ત્રણ-ચાર-પાંચ-છ-સાત-આઠ-નવ-દશ વગેરે ક્રમથી દોષાવહ નથી. પરંતુ પ્રથમ-દ્વિતીય-તૃતીય-ચતુર્થ-પંચમ-ષષ્ઠ-સપ્તમ-અષ્ટમ-નવમ-દશમ આવા ક્રમથી ચોક્કસ જ લૌકિક ભાવ છે પૂજારિપીઠવાદીઓ દ્વારા પ્રચારિત.

### શ્રીરમણજીકૃત સેવ્યસ્વરૂપદર્પણ

આ જ રીતે પુષ્ટિમાર્ગીય સેવ્યસ્વરૂપદર્પણકાર શ્રીરમણલાલજી મહારાજ પણ સુસ્પષ્ટ શબ્દોમાં યદુનાથજીના સેવ્યસ્વરૂપ શ્રીકલ્યાણરાયજીને જ સ્વીકારે છે-''શ્રીઠાકુરજી કો નામ આપને શ્રીકલ્યાણરાયજી રાખ્યો....સો ઈન તીનોન કે શ્રીઠાકુરજી બડે શ્રીયદુનાથજી મહારાજ કે માથે બિરાજત હૈં.'' (પુષ્ટિમાર્ગીય સેવ્ય સ્વરૂપ દર્પણ પૃષ્ઠ ૧૭)

### શ્રીદ્વારકેશજીકૃત મૂલપુરૂષ તથા ભાવભાવના

પૂજારિપીઠવાદનો મોહ કેવા કેવા ધમપછાડા નથી કરાવતો! મૂલપુરૂષ-ભાવભાવનાકાર શ્રીદ્વારકેશજી (વિ.સં.૧૭૫૧)એ સુસ્પષ્ટતયા

'મધુરેશ' વિશેષણ પોતાના સેવ્ય શ્રીગોકુલચંદ્રમાજીને માટે વાપર્યું છે એમ છતાં પણ પાઠ કરવાવાળી જનતાને દિગ્ભ્રાન્ત કરવા માટે આજે તેને સૂરતસ્થ શ્રીબાલકૃષ્ણજીના વિશેષણના રૂપમાં પ્રચારિત કરવામાં આવે (દ્રષ્ટવ્ય સે.સે.ર.પૃ.૧૦૮).

શ્રીગિરિવરધર[૧] છૈલ છબીલો શ્રીનવનીતપ્રિય[૨] અરબીલો પ્રિય શ્રીમથુરેશ[૩] શ્રીવિઠલેશ[૪] શ્રીદ્વારિકેશ જૂ[૫] શ્રીગોવર્ધનધર[૬] શ્રીગોકુલચંદ્રમા[૭] મધુરેશ જૂ* શ્રીમદનમોહન[૮] અષ્ટ ઈહિ વિધિ રમણ શ્રીવિઠલનાથ કે । તાત કો ચિત જાનિ સેવા વિસ્તરી સબ સાથ કે ।।

(*અહીં 'મધુરેશ'ના બદલે 'શ્રીમથુરેશ' પાઠ છાપી દેવામાં આવે છે જે ભ્રામક છે છંદો ભંગ દોષ પણ પેદા થાય છે.)

અહીં અષ્ટ સંખ્યા નિર્ધારિત હોવાથી 'મધુરેશ' નામ અષ્ટાતિરિક્ત કોઈ સ્વરૂપનું તો હોય જ નથી શકતું. આના સિવાય ભાવભાવનામાં ''અથ શ્રીગોકુલચંદ્રમાજી કો સ્વરૂપ''શીર્ષકની સાથે સુસ્પષ્ટ શબ્દોમાં ખુલાશો આપ્યો છે-''ઔર શ્રીમધુરાષ્ટકકો હુ પ્રાકટ્ય યા હી સમય કે સ્વરૂપ કો હૈ....તાતેં **મધુરાધિપતિ** હૂ યહી સ્વરૂપ જાનિયે'' (ભાવભાવના પૃષ્ઠ ૩૧). વાત અહીં ખતમ નથી થતી! શ્રીદ્વારકેશજી આગળ વધીને આ ખુલાશો વધુ આપે છે-''યહ અષ્ટ સ્વરૂપ કો નિરૂપણ કિયો. યહ આઠોં સ્વરૂપ ધર્મી જાનિયે, ઔર ગોદ કે છ સ્વરૂપ હૈં....સો શકટભંજન લીલા હૈ. તીન મહિના કે ભયે તબ ઔત્થાનિક લીલા હૈ યહ લીલા શ્રીદ્વારકાનાથજી કે પાસ કે ઠાકુર શ્રીબાલકૃષ્ણજી હૈ તહાં યહ લીલા પ્રકટ હૈ ઔર લીલા ગુપ્ત હૈ'' (ભાવભાવના પૃષ્ઠ ૩૩). સાથે સાથેજ શ્રીયદુનાથજીએ શ્રીબાલકૃષ્ણજીને ન પધરાવ્યા તથા આમનો અષ્ટ સ્વરૂપોમાં અન્તર્ભાવ નથી, આ પણ શ્રીદ્વારકેશજીએ સ્વીકાર્યું છે-આ સ્પષ્ટીકરણથી વિપરિત મૂલપુરૂષમાં શ્રીગોકુલચંદ્રમાજીના માટે પ્રયુક્ત 'મધુરેશ' વિશેષણ ચુપચાપ 'શ્રીબાલકૃષ્ણ' નામની સાથે જોડી દેવાના

પ્રયાસમાં કુટિલ પ્રયોજન સાફ-સાફ ઝલકે છેઃ ''સ્વપ્રેષ્ઠં મધુરેશં શ્રીબાલકૃષ્ણપ્રભું સેવતે'' (સે.સે.ર.પૃષ્ઠ ૧૦૮)

**ચતુર્ભુજદાસકૃત ષડ્ઋતુવાર્તા**

શ્રીયદુનાથભાવનિકાકાર પૃષ્ઠ ૧૧ ઉપર ચત્રભુજદાસની ષટ્ ઋતુની વાર્તાના અભિપ્રેતાંશ તો ઉદ્ધૃત કરે છે પરંતુ અષ્ટ સ્વરૂપમાં ત્યાં-

(૧) શ્રીજી (૨) શ્રીમથુરેશજી (૩) શ્રીવિઠ્ઠલેશરાયજી (૪) શ્રીદ્વારિકાનાથજી (૫) શ્રીગોકુલનાથજી (૬) શ્રીગોકુલચંદ્રમાજી (૭) શ્રીનવનીતપ્રિયજી (૮) શ્રીમદનમોહનજી આટલા જ સ્વરૂપ ગણાવ્યા છે આ વાત છુપાવી લીધી છે, પૂજારિપીઠવાદના બચાવને માટે!

**રાજનગરવાળા શ્રીરણછોડલાલજીના વચનામૃત**

સૌથી વધુ છોકરમતવાળું તથા હાસ્યાસ્પદ ગૈર જિમ્મેદારીપૂર્વકનું કામ હાલમાં જ કર્યું છે. શ્રીરણછોડલાલજી મહારાજના વચનામૃત કે જેને શ્રીવલ્લભગ્રંથ પ્રકાશન (સૂરત) દ્વારા હાલમાં જ વિ.સં.૨૦૪૩ શ્રીમહાપ્રભુના ઉત્સવના દિવસે પુનર્મુદ્રિત કરીને પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ સંસ્કરણમાં વિ.સં.૨૦૨૭ના સંસ્કરણની જેમ બરાબર ૨૭૪પૃષ્ઠ છે. ઉલ્લેખનીય છે કે આ બંને સંસ્કરણોના પ્રત્યેક પૃષ્ઠની ઉપરની તથા નીચેની પંક્તિ-પદ બધુંજ એકસરખું છે, છતાં પણ, પૃષ્ઠ ૨૬-૨૭ની આસપાસ ''(૫) નિધિ સ્વરૂપો'' શીર્ષકની નીચે ૬૨-૬૩-૬૪ વચનામૃત જેમાં શ્રીરણછોડલાલજી મહારાજે સ્પષ્ટતયા શ્રીયદુનાથજીએ શ્રીબાલકૃષ્ણજી સ્વીકાર્યા ન હતા તથા **''જે ઘર છે તે બાલકથી છે, ઠાકુરજીથી નહીં''** આ આચાર્યપીઠવાદી વિધાન કરેલું છે એ બધું ગાયબ કરી દીધું છે. સૌભાગ્યથી બંને સંસ્કરણોના ઉપલબ્ધ હોવાથી પૂજારિપીઠવાદિઓની નૈતિકતા તથા બૌદ્ધિક સાહસનું સ્તર કેટલું નીચે પટકાઈ ગયું છે, આ તપાસી શકાય છે. પોતાના મિથ્યા તેમજ ક્ષુદ્ર અહંની

તુષ્ટિને માટે ''બુભુક્ષિતઃ કિં ન કરોતિ પાપમ્'' ઉક્તિને ચરિતાર્થ કરીને અન્ય પણ ઐતિહાસિક-પ્રામાણિક દસ્તાવેજોની સાથે આવો ખિલવાડ નહીં કર્યો હોય, આવું માનવાનું કોઈ કારણ હવે રહી નથી જતું.

એતાવતા આ સિદ્ધ થયું કે સેવ્ય સ્વરૂપના સેવાધિકારથી પીઠાધીશતા નથી આવતી પરંતુ શાસ્ત્રીય કે લૌકિક વિધિવશાત્ દાયભાગમાં કોઈ ગૃહ ઉપર ઉત્તરાધિકાર પ્રાપ્ત થવાથી, એ ગૃહ જો સંપ્રદાયની પ્રમુખ આઠ પીઠોમાં એક હોય તો, ત્યારે ત્યાં પીઠાધીશતા પ્રાપ્ત થાય છે. અન્યથા નહીં. પૂજારિપીઠવાદ આધુનિક દેવદ્રવ્યાદિ સિદ્ધાન્તદ્રોહી વ્યક્તિઓનું અકાંડતાંડવ છે. જે નિશ્ચિતરૂપમાં આખા સંપ્રદાયને ખાઈમાં ધક્કો મારી દેવાનું એક દુર્ભાગ્યપૂર્ણ ષડયંત્ર છે. દુઃખની વાત આ જ છે કે આમાં કેવળ અપઠિત ગોસ્વામી જ નહીં અપિતુ અધીત નિષ્ઠાવિહીન વિદ્વાન મહાનુભાવ આ નગ્ન તાંડવ કરી રહ્યા છે.

આ પ્રકારથી ન કેવળ શ્રીમદાચાર્યચરણ-પ્રભુચરણના વચનોનો, અપિતુ પરવર્તી વ્યાખ્યા-વાર્તા-વચનામૃત-કારોના વચનોનો પણ તટસ્થવૃત્તિથી વિમર્શ કરવાથી પૂજારિપીઠવાદની અપ્રમાણિકતા સિદ્ધ થઈ જાય છે.

અંતમાં એક વધુ શંકાનું સમાધાન આપીને આ અધિકરણને સમાપ્ત કરીશુ.

**શંકાઃ** નિજવાર્તાના અનુસાર શ્રીનવનીતપ્રિયાજીના સ્વરૂપને શ્રીમહાપ્રભુએ પણ બધા સ્વરૂપોના અધિનાયક માન્યા છે તો શું તે લૌકિક ભાવ નથી?

**સમાધાનઃ** વાલ્લભ સંપ્રદાયના કોઈ પણ વિષયમાં ''ઈત્થંવાનિત્થમ્'' નો આધાર આપણી નિર્મૂલ ઉત્પ્રેક્ષા બની નથી શકતી-અતએવ ગ્રંથારંભમાં જ અમે સ્પષ્ટીકરણ આપી દીધું હતું કે શ્રીમહાપ્રભુ તથા શ્રીપ્રભુચરણના વચન અમારા માટે શ્રુતિકલ્પ પ્રમાણ છે.

યદ્યપિ નિજવાર્તા સ્વયં શ્રીમહાપ્રભુવિરચિત નહીં-શ્રીગોકુલનાથજી અથવા શ્રીહરિરાયજી વિરચિત માનવામાં આવે છે, તથાપિ શ્રીહરિરાયજી પ્રભૃતિ મહાનુભાવોના વચન પણ ''તદનવગતત્વે સતિ તદવિરુદ્ધત્વાત્ પ્રમાણમ્'' ન્યાયથી આપણને શિરોધાર્ય હોવાજ જોઈએ. તેથી આપણે માનીને ચાલીએ છીએ કે શ્રીમહાપ્રભુના મનોભાવવશ શ્રીનવનીતપ્રિયાજી સર્વ સ્વરૂપોના અધિનાયક છે. આમ તો આ પ્રચલિત માન્યતા, કે શ્રીનાથજી અધિનાયક-ધર્મી-મૂલસ્વરૂપ-દશલીલાનુસ્યૂત-સ્વરૂપ છે, થી વિપરીત તો નહીં પરંતુ ભિન્ન છે. છતાં પણ ''અણોરણીયાન્ મહતો મહીયાન્'' વચનસિદ્ધ વિરુદ્ધધર્માશ્રયતાની જેમ કે 'સ્વાર્થ-યજ્ઞાર્થ-હિંસાભેદ', ન્યાયથી શ્રીમદાચાર્યચરણને આ અધિકાર છે કે કોઈ સ્વરૂપવિશેષને ઈતર સ્વરૂપોના અધિનાયક માને. એતાવતા આપણને એવો અધિકાર પ્રાપ્ત નથી થઈ જતો. પ્રિયા ભાર્યા પોતાના પ્રિયતમ ભર્તાને માનલીલામાં પ્રણિપાત કરવા દે છે તેના કારણે સંતતીને તે અધિકાર પ્રાપ્ત નથી થઈ જતો કે પિતા પાસે પોતાના ચરણોમાં પ્રણિપાત કરાવે. તેથી શ્રીમહાપ્રભુ કોઈ સ્વરૂપને અન્ય સ્વરૂપોના અધિનાયક માનતા પણ હોય તેના કારણે તેવું માનવા-વર્તવાનો અધિકાર આપણને નથી મળી જતો. આપણે તો સ્વરૂપમાં તારતમ્ય ન કરવાની આજ્ઞાનું જ પાલન કરવું જોઈએ. ''ઈશ્વરાણાં વચઃ સત્યં ક્વચિદ્ આચરિતં તથા.''

આ તો ''બધા સ્વરૂપોના અધિનાયક'' માનવાથી લૌકિક ભાવ થાય છે આ આક્ષેપને સ્વીકારીને આપવામાં આવેલું સમાધાન છે. વાસ્તવિકતા તો આ છે કે શ્રીમહાપ્રભુએ આનું સ્પષ્ટીકરણ ''અભિમતયા મૂર્ત્યા પ્રકારસહસ્રમધ્યે નવનીતચૌર્યાદિરૂપેષુ સ્વ-ભાવઃ નિયામકઃ'' (સુબો. ૧૧/૩/૪૮) દ્વારા આ સંદેહ દૂર કરી જ દીધો છે કે શ્રીનવનીતપ્રિયાજીની સર્વ સ્વરૂપાધિનાયકતા નિરપેક્ષ ન હોઈને શ્રીમદાચાર્યભાવ-સાપેક્ષ છે. તથા ''નવનીતચૌર્યાદિરૂપેષુ'માં 'આદિ' પદવિન્યાસ દ્વારા આ અનુમતિ પણ આપી છે કે અન્ય કોઈને જો અન્ય

કોઈ સ્વરૂપમાં સર્વસ્વરૂપાધિનાયકતા સ્વ-ભાવને અનુસાર લાગતી હોય તો એ પણ અનુમત છે. પોતાના સેવ્યને પોતાના સર્વસ્વ તથા સર્વોપરિતયા સ્વીકારવામાં કોઈ દોષ નથી. તેના માટે બીજાના સેવ્ય સ્વરૂપ પ્રમુખ છે કે નહીં આ વિવાદ કે તર્કવાદની આવશ્યકતા નથી, અને ન અન્ય પાસે હઠપૂર્વક મનાવવાની કોઈ આવશ્યકતા છે, અને ન બીજાના ગ્રંથ-વચનોને તોડી-મરોડીને પુનર્મુદ્રિત કરાવવાની; અને ન કોર્ટમાં દાવો માંડીને સ્ટે ઓર્ડર લેવાની પણ. શ્રીમહાપ્રભુએ ક્યાંય-કોઈ પણ અન્ય ભગવદ્વિગ્રહોની સેવા કરવાવાળાના ઘર ઉપર પત્રાવલમ્બન કે છદ્મનામ્ના પત્રપ્રેષણ નથી કર્યું કે ''કેવળ'' શ્રીનવનીતપ્રિયાજી જ બધા સ્વરૂપોના અધિનાયક છે, તેથી એમની સેવા કરવાના કારણે એમને (શ્રીમહાપ્રભુને) જગદ્ગુરૂ સ્વીકારવા જોઈએ.''

આનાથી સિદ્ધ થયું કે સર્વસ્વરૂપાધિનાયકતા ''મલ્લાનામશનિર્નૃણાં નરવરઃ'' ન્યાયથી કેવળ શ્રીમહાપ્રભુ પ્રતિ જ છે-બધા પ્રતિ નહીં. ભક્તભાવ-નિરપેક્ષતયા તો બધા સ્વરૂપ સર્વથા સમાન જ છે-તત્તદ્ભક્તભાવસાપેક્ષતયા સ્વ-સ્વભક્તના પ્રતિ તત્તત્ સેવ્ય સ્વરૂપ સર્વોપરિ હોય એમાં લૌકિકતા નથી માનવામાં આવી શકતી. અતએવ શ્રીપ્રભુચરણોંએ શ્રીબેટીજીને એમના સેવ્યમાં શ્રીનાથજી સમેત અન્ય પણ બધા સ્વરૂપોનો સાનુભાવ પ્રદાન કરાવ્યો હતો. જેની પુષ્ટિ શ્રીવલ્લભજીના એકવીસમા વચનામૃત દ્વારા પણ થાય છે.

**સૂત્ર**

**''કૃષ્ણસેવા સદા કાર્યા....''** (સિ.મુ.) તથા **''કૃષ્ણસેવાપરં વીક્ષ્ય....'' વચનોના આધારે શ્રીમદ્ વિઠ્ઠલનાથ પ્રભુચરણના ગૃહમાં પ્રામુખ્યેન સેવ્ય સ્વરૂપોની પ્રમુખતાના વિચારથી તત્સેવાપર ગોસ્વામી મહાનુભાવોમાં સ્વજાતીય ઈતર ગોસ્વામિઓથી કાંઈક પ્રમુખતા કે પીઠાધીશતા છે, આ વિધાન પણ અતએવ પૂર્વોક્ત તથા અન્ય પણ હેતુઓના કારણે દોષપૂર્ણ છે** (૧/૩).

**ભાષ્ય**

સિદ્ધાન્તમુક્તાવલીમાં શ્રીકૃષ્ણની સેવાને આવશ્યક માનવામાં આવેલી છે-"કૃષ્ણ સેવા સદા કાર્યા" વચનદ્વારા. ચતુશ્લોકીમાં શ્રીકૃષ્ણનું ભજન આપણે પુષ્ટિમાર્ગીઓને માટે આત્મબુદ્ધ્યા એકમાત્ર સ્વધર્મ છે આ બતાવવામાં આવ્યું છે-"સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃ ક્વાપિ કદાચન"દ્વારા. સર્વનિર્ણયમાં જે કૃષ્ણની સેવામાં તત્પર હોય તેનેજ ગુરૂ બનાવવા જોઈએ આ કહેવામાં આવ્યું છે- "કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દંભાદિરહિતં નરં શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેજ્જિજ્ઞાસુરાદરાત્" (સર્વનિર્ણય) દ્વારા. આ વચનની સ્વોપજ્ઞ 'પ્રકાશ' વ્યાખ્યામાં "યો હિ ગુરુઃ સેવામ્ ઉપદેક્ષ્યતિ સ સ્વયં ચેત્ તામ્ ઉત્તમાં જાનીયાત્ સ્વયં કુતઃ ન કુર્યાદિતિ સેવાપરએવ ગુરૂઃ." કહ્યું છે. તેથી શ્રીકૃષ્ણના સ્વરૂપની સેવાથી ગુરૂત્વ સંપાદિત થાય છે, આટલું તો નિશ્ચિત છે.

અહીં સંશય આ થાય છે કે શ્રીકૃષ્ણના સ્વરૂપની સેવાથી જો ગુરૂત્વ સંપન્ન થતું હોય તો શ્રીકૃષ્ણના કોઈક સ્વરૂપોને જો શ્રીમદાચાર્યચરણ અથવા શ્રીમત્પ્રભુચરણોંએ પ્રામુખ્યેન સેવ્ય માન્યા હોય તો એમની સેવાના કારણે સેવાકર્તામાં પ્રમુખ ગુરૂત્વ પીઠાધીશત્વ આવે છે આ પણ સિદ્ધ થવું જોઈએ કે નહીં?

પૂજારિપીઠવાદનો પૂર્વપક્ષ અહીં આ છે કે સાધારણ સ્વરૂપોની સેવાના કારણે જો સામાન્ય ગુરૂત્વ આવતું હોય તો અસાધારણ વૈશિષ્ટ્યયુક્ત સ્વરૂપની સેવાના કારણે અસાધારણ ગુરૂત્વ પણ આવવું જોઈએ. શ્રીમદાચાર્યચરણ દ્વારા સેવિત સ્વરૂપોમાં કેટલાક સ્વરૂપોને એક સિંહાસન ઉપર સાથે બિરાજાવીને તથા કેટલાક નિશ્ચિત સ્વરૂપ જ પોતાના વંશજોને પધરાવીને, વચન દ્વારા ભલે નહીં પરંતુ કૃતિ દ્વારા તો આ સ્વરૂપોની કાંઈક વિશિષ્ટતા શ્રીમહાપ્રભુ-પ્રભુચરણોંએ પણ પ્રકટ

અથવા સૂચિત તો કરી જ છે. ફલતઃ આ સ્વરૂપોની સેવાનો અધિકાર જેમને છે તેઓ આ સંપ્રદાયના વિશેષાધિકારશાલી પીઠાધીશ છે એમ સ્વીકારવું જોઈએ.

આચાર્યપીઠવાદનો ઉત્તરપક્ષ અહીં આ છે કે પૂર્વોક્ત અધિકારદ્વયથી પણ આ પૂર્વપક્ષ અપ્રાસંગિક સિદ્ધ થઈ જાય છે, છતાં પણ, આ અધિકરણના વિષયવાક્યોના યથાર્થ તાત્પર્યના વિમર્શના લોભવશ અમે અપ્રાસંગિકને પણ પ્રાસંગિકવત્ માનીને આ વિવાદના નિરાકરણાર્થ તેને આ વાક્યોના પરિપેક્ષ્યમાં પરખવાની ચેષ્ટા કરીશું.

પૂર્વપક્ષની બધી યુક્તિઓ નિતાંત નિર્મૂલ છે, કેમકે પ્રમુખ સેવ્ય સ્વરૂપોની સેવાના કારણે જો પ્રમુખતા અથવા પીઠાધીશતા આવતી હોત તો શ્રીનાથજી-શ્રીનવનીતપ્રિયાજી, શ્રીમથુરાધીશજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીદ્વારકાધીશજી, શ્રીગોકુલનાથજી, શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીમદનમોહનજીની સેવાના કારણે અપુષ્ટિમાર્ગીય બંગાલી, ગજ્જનધાવન, પદ્મનાભદાસજી, શ્રીવિઠ્ઠલનાથોપાસક બ્રાહ્મણ, દામોદરદાસજી, શ્રીદેવન ભટ્ટજી, નારાયણદાસજી બ્રહ્મચારી, શ્રીલક્ષ્મણ ભટ્ટજીને પણ આદ્ય પ્રધાનપીઠાધીશ, પ્રથમેશ, દ્વિતીયેશ, તૃતીયેશ, ચતુર્થેશ, પંચમેશ, કે સપ્તમેશના રૂપમાં માન્ય કરવા પડશે!

‘‘આમના આચાર્ય વંશજ ન હોવાના કારણે અને શ્રીપ્રભુચરણના ‘‘ભુવિભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્ પિતા સ્વવંશે સ્થાપિતાશેષ-સ્વમાહાત્મ્યઃ’’ (સર્વો.૨૨) વચનના આધારે નિજવંશમાં જ સામાન્ય આચાર્યતા અને વિશેષ પીઠાધીશતા પણ પરિસીમિત કરવામાં આવેલી હોવાથી અન્યોમાં પ્રમુખ સેવ્ય સ્વરૂપોની સેવાના કારણે પીઠાધીશતા નથી આવતી. કેમકે ત્યાં સામાન્ય આચાર્યત્વ જ નથી.’’ આ સમાધાન પણ પૂર્વપક્ષી નથી આપી શકતા કેમકે ત્યારે-

(૧) ‘‘ષષ્ઠનિધિ શ્રીબાલકૃષ્ણજીની સેવા કરવાવાળા સૂરતના

ઘરના ગોસ્વામી સપ્તાન્યતમપીઠાધીશ છે, કેમકે ષષ્ઠનિધિની સેવા કરે છે, જેમ દ્વિતીય નિધિ શ્રીવિઠ્ઠલનાથજીની સેવા કરવાવાળા દ્વિતીયપીઠાધીશ છે, (૨) જે જે પ્રમુખ નિધિ સ્વરૂપોની સેવા કરે છે તે-તે પ્રમુખપીઠાધીશ છે. (૩) શ્રીબાલકૃષ્ણજી પ્રમુખ નિધિ છે ષષ્ઠનિધિ હોવથી. (૪) શ્રીબાલકૃષ્ણજી ષષ્ઠનિધિ છે બટવારામાં ષષ્ઠાત્મજ શ્રીયદુનાથજીના માથે સેવાર્થ પધરાવેલા હોવાથી.

આ યુક્તિમાલાની પ્રત્યેક કડી દુષ્ટ છે. જેમ : (૧) કડીમાં આશ્રયાસિદ્ધિ તથા અસાધારણ સવ્યભિચાર દોષ છે. (૨) કડીમાં 'આચાર્યવંશજત્વ' ઉપાધિના કારણે સોપાધિકતા દોષ છે. (૩) કડીમાં પૂર્વોલ્લિખિત ઈતિવૃત્તના આધારે શ્રીબાલકૃષ્ણજીમાં તથાકથિત પ્રમુખતાનો અભાવ નિશ્ચિત હોવાથી હેતુ બાધિત છે. (૪) કડીમાં પૂર્વોક્ત ઈતિવૃત્તના આધારે હેતુમાં સ્વરૂપાસિદ્ધિ દોષ છે અને વ્યાપ્યત્વાસિદ્ધિ પણ. કેમકે શ્રીપ્રભુચરણ પધરાવવા માગતા હતા પરંતુ પધરાવવામાં ન આવ્યા. જો ૧૨૦ વચનામૃતવાળા પરવર્તી શ્રીગિરધરજી (વિ.સં.૧૯૦૮) સ્વીકૃતિના આધારે એક વખત તો સેવાર્થ પધરાવી લીધા હતા એમ માની પણ લઈએ તો પણ એમના પૂર્વવર્તી શ્રીવિઠ્ઠલ ભટ્ટ (સ.ક.દ્રુમકાર) શ્રીવલ્લભજી તથા શ્રીગિરધરજીના પરવર્તી રાજનગરવાળા શ્રીરણછોડલાલજી મહારાજની સ્પષ્ટોક્તિ કે શ્રીયદુનાથજીએ સ્વીકાર્યા જ ન હતા આ આધારે સન્દિગ્ધવ્યાપ્તિનો દોષ તો નિશ્ચિત છે જ. અતએવ 'સ્વીકૃતિ' ઉપાધિના પણ કારણ હેતુમાં સોપાધિકતાનો સંદેહ છે. કેમકે ઉદાહરણતયા શ્રીવિઠ્ઠલનાથજી દ્વિતીયાત્મજ શ્રીગોવિંદરાયજીને પધરાવવામાં આવ્યા અને એમણે સ્વીકારી લીધા એટલા માટે દ્વિતીયનિધિ બન્યા. ''દ્વિતીયાત્મજની નિધિ'' તે 'દ્વિતીયનિધિ' આમ ષષ્ઠી તત્પુરૂષ સમાસ છે. નહીં કે ''દ્વિતીય જે નિધિ'' તે 'દ્વિતીયનિધિ' સમાસ પ્રામાણિક થઈ શકે છે. અતએવ ''ષષ્ઠાત્મજની નિધિ''જ 'ષષ્ઠનિધિ' કહી શકાય છે- ''ષષ્ઠ જે નિધિ તે ષષ્ઠનિધિ'' વિગ્રહ પ્રામાણિક નથી. તેથી સ્પષ્ટ છે કે

‘પધરાવવા’માં ‘સ્વીકૃતિ’ ઉપાધિ હોવાથી સોપાધિકતાના સંદેહથી ગ્રસ્ત હોવાના કારણે હેતુ અનુમાપક નથી.

“પ્રથમાત્મજ શ્રીગિરધરજીએ સેવા કરી અથવા સેવાર્થ સ્વીકાર્યા આટલા માત્ર હેતુથી શ્રીમથુરેશજીમાં પ્રથમ નિધિત્વ આવતું હોત તો શ્રીનાથજી–શ્રીનવનીતપ્રિયાજી–શ્રીનટવરલાલજીમાં પણ પ્રથમ નિધિત્વ આવવું જોઈએ”, આવી શંકા ઉચિત નથી. કેમકે આચાર્યપીઠવાદના અનુસાર નિધિસ્વરૂપોમાં પ્રથમતા–દ્વિતીયતા–તૃતીયતા–ચતુર્થતા–પંચમતા–ષષ્ઠતા–સપ્તમતા જેવું કાંઈ છે જ નહીં. આચાર્યપીઠવાદની તો સુસ્પષ્ટ ઘોષણા આ જ છે કે બટવારાના સમયે પિતા–પુત્રોની વચ્ચે વિભાજન થયું હોવાથી આઠ ઘર સ્વતન્ત્ર બન્યા હતા. સ્વાભાવિકતયા પિતૃગૃહ બધા સાત પુત્રોને માટે પ્રમુખ ગૃહ હતું જ. અતએવ આઠમાંથી એક પ્રમુખ પીઠ ગોસ્વામિતિલકાયિતશ્રીની તથા સાત પ્રથમાદિ–સપ્તમાન્ત પીઠ યથાક્રમ શ્રીપ્રભુચરણ તથા એમના સાત પુત્રોની ભાવનાથી વિદ્યમાન છે. શ્રીમદ્‌વલ્લભાચાર્યમાં નિહિત એતત્સંપ્રદાયની આચાર્યપીઠાધીશતા, આ પ્રકારથી શ્રીમત્પ્રભુચરણની ઉત્તરાવસ્થામાં, અષ્ટધા વિભક્ત થઈ હોવાના કારણે તો આઠ પીઠાધીશ માની શકાય છે, પરંતુ સાત–આઠ–નવ–દશ નિધિઓની કોઈ પ્રકારની પ્રમુખતા કે ગૌણતાના કારણે નહીં. એક પ્રમુખ નિધિસ્વરૂપની સેવા કરવાના કારણે એક પ્રમુખ પીઠાધીશ તથા સાત ઉપપ્રમુખનિધિ સ્વરૂપોની સેવા કરવાના કારણે સાત ઉપપ્રમુખ પીઠાધીશ હોવાની કલ્પના જ નથી કરી શકાતી. કોણ નથી જાણતું કે શ્રીનાથજી તથા શ્રીનવનીતપ્રિયાજીની વચ્ચે બંનેમાંથી કોઈને પણ પ્રમુખ કે ગૌણ માની નથી શકાતા, બંને જ સમપ્રધાન છે. આ જ રીતથી અન્ય પણ સાતેય નિધિ સ્વરૂપ સમપ્રધાન છે. આ જ રીતથી બધા પુષ્ટિપ્રભુ પણ સમપ્રધાન જ છે.

પ્રધાનપીઠ તથા સપ્તપીઠના તારતમ્યનો આધાર પિતા–પુત્ર હોવો

જોઈતો હતો નહીં કે ‘પ્રધાનનિધિ-સપ્તનિધિ’ની સેવાનો અધિકાર હોવો કેમકે ‘પ્રધાનનિધિ’ની સેવાનો તો બધાનો અધિકાર હતો.

અતએવ ઉત્તરકાલમાં નિજગૃહ અથવા પીઠમાં પીઠાધીશતાના અધિકારની સાથે-સાથે શ્રીમદ્‌વિઠ્ઠલનાથજીના ગૃહ અથવા પીઠમાં પણ પીઠાધીશતાનો અધિકાર જ્યારે શ્રીગિરધરજીમાં નિહિત થયો હતો, ત્યારે એમણે એકમાત્ર પોતાનામાં નિહિત બે અધિકારોને , પોતાના જ્યેષ્ઠાત્મજ શ્રીમુરલીધરજીના વિદ્યમાન ન રહેવાના કારણે, દ્વિતીયાત્મજ શ્રીદામોદરજી તથા તૃતીયાત્મજ શ્રીગોપીનાથજીની વચ્ચે પુનઃ વાટી દીધા હતા. આ બટવારો પ્રધાન (પિતૃ) પીઠ તથા પ્રથમાત્મજ પીઠ ઉપર ઉત્તરાધિકાર પ્રદાન કરવામાં આવવાના રૂપમાં થયો હતો. અતએવ આજે પણ શ્રીદામોદરજીના ઔરસ કે અનૌરસ ઉત્તરાધિકારીઓને પ્રધાનપીઠાધીશ માનવામાં આવે છે તથા શ્રીગોપીનાથજીના ઔરસ કે અનૌરસ ઉત્તરાધિકારીઓને પ્રથમ પીઠાધીશ માનવામાં આવે છે. પીઠાધીશ હોવાનો આધ્યાત્મિક મતલબ એને બટવારામાં શ્રીપ્રભુચરણોંએ જે પોતાનામાં નિહિત સ્વતંત્ર આચાર્યત્વ હતું તેને અષ્ટધા વિભક્ત કર્યું હતું, એ જ આચાર્યત્વની આનુવંશિક પ્રાપ્તિ છે. એ આચાર્યત્વ પોતાના સાતેય પુત્રોમાં સમાનતયા વિભક્ત કરીને શ્રીપ્રભુચરણોંએ આચાર્યત્વમાં જ્યેષ્ઠ પુત્રાધિકારવાદને અમાન્ય કરી દીધો હતો. અતએવ અદ્યાવધિ શ્રીમદાચાર્યચરણના પ્રત્યેક વંશજમાં આચાર્યત્વ, કૃષ્ણસેવાપરતા-દંભાદિરહિતતા-ભાગવતતત્ત્વજ્ઞતા હોવાથી, નિર્વિચિકિત્સિતયા સમાન જ છે. અન્યથા ‘‘સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્ય’’ના અદર્શનમાં ગુરૂત્વ યોગ્યતાના જ સંદિગ્ધ થઈ જવાના કારણે ગુરૂદ્વારતા જ કેવળ માની શકાય છે. આ આધ્યાત્મિક આચાર્યત્વના ઉત્તરાધિકારના સિવાય સંપત્તિધારણાદિમાં આધિભૌતિક ઉત્તરાધિકારમાં* મન્વાદિસ્મૃત્યુક્ત વૈકલ્પિક જ્યેષ્ઠ પુત્રાધિકાર જ માન્ય રહ્યો હતો. આ જ કારણ રહ્યું કે લગભગ જ્યેષ્ઠ પુત્ર જ પીઠાધીશ થતા રહ્યા છે. પીઠાધીશતા, અતએવ

આજે કેટલાક અપઠિતોને લાગે છે કે, બડભૈયાનો વિષય છે, જ્યારે કે વસ્તુતઃ તો આ પણ શાસ્ત્રીય વિષય જ છે.

(*ઉર્ધ્વં પિતુશ્ચ માતુશ્ચ સમેત્ય ભ્રાતરઃ સમં ભજેરન્ પૈતૃકં રિક્થમનીશાસ્તે હિ જીવતોઃ, જ્યેષ્ઠ એવ તુ ગૃહણીયાત્ પિત્ર્યં ધનમશેષતઃ શેષાસ્તમુપજીવેયુઃ યથૈવ પિતરં તથા,....પિતેવ પાલયેત્ પુત્રાન્ જ્યેષ્ઠો ભ્રાતૃન્ યવીયસઃ પુત્રવચ્ચાપિ વર્તેરન્ જ્યેષ્ઠે ભ્રાતરિ ધર્મતઃ.... યો જ્યેષ્ઠો જ્યેષ્ઠવૃત્તિસ્યાત્ માતેવ સ પિતેવ સઃ, અજ્યેષ્ઠવૃત્તિર્યસ્તુ સ્યાત્ સ સંપૂજ્યસ્તુ બન્ધુવત્, એવં સહ વસેયુઃ વા પૃથગ્વા ધર્મકામ્યયા , પૃથગ્વિવર્ધતે ધર્મઃ તસ્માદ્ ધર્મ્યા પૃથક્ ક્રિયા (મનુસ્મૃતિ.૯/૧૦૪-૧૧૧) એકાધિકં હરેજ્જ્યેષ્ઠઃ પુત્રોઽધ્યર્ધં તતોનુજઃ અશીમંશં યવીયાંસ ઈતિ ધર્મો વ્યવસ્થિતઃ (મનુસ્મૃતિ.૯/૧૧૭) વિભક્તાઃ સહ જીવન્તો વિભજેરન્ પુનર્યદિ। સમસ્તત્ર વિભાગઃ સ્યાત્ જ્યૈષ્ઠ્યં તત્ર ન વિદ્યતે (મનુસ્મૃતિ.૯/૨૧૦) વિભાગં ચેત્ પિતા કુર્યાદ્ ઈચ્છયા વિભજેત્ સુતાન્ જ્યેષ્ઠં વા શ્રેષ્ઠભાગેન સર્વે વા સ્યુઃ સમાંશિનઃ (યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ.૨/૧૧૮) "એક પાકેન વસતાં પિતૃદેવદ્વિજાર્ચનમ્, એકં ભવેદ્, વિભક્તાનાં તદેવ સ્યાદ્ ગૃહે-ગૃહે" (બૃહસ્પતિ સ્મૃતિ))

આ જ કારણ હતું કે જ્યેષ્ઠ પુત્ર હોવાના કારણે શ્રીગિરધરજીને શ્રીપ્રભુચરણની વિદ્યમાનતામાં થયેલા સંપત્તિ વિભાજનમાં સમાનાંશ આપી દીધો હતો. બાદમાં શ્રીપ્રભુચરણની આસુરવ્યામોહલીલાના પછી શ્રીમદ્વિઠ્ઠલનાથ ગૃહ/પીઠ ઉપર પણ આધિપત્ય દાયભાગમાં જ્યેષ્ઠ પુત્રોત્તરાધિકારવશ પ્રાપ્ત થયું.

વાલ્લભ સંપ્રદાયના સિદ્ધાંત એવં શિષ્ટાચારથી અનભિજ્ઞ અથવા દ્વેષ કરવાવાળા ઘણા લોકો હાસ્યાસ્પદ વિધાન કરે છે કે શ્રીનાથજીની સેવાના અધિકારના કારણે શ્રીગિરધરજીના દ્વિતીયાત્મજ શ્રીદામોદરજીને તથા એમના વંશજોને ગોસ્વામિતિલકાયિત માનવામાં આવે છે. હકીકત, જ્યારે કે આ છે કે બટવારામાં શ્રીનાથજી કોઈ પણ એકના ઉપર પધરાવવામાં જ નહોતા આવ્યા. અતએવ શ્રીનાથજી ઉપર બધાનું સમાન સ્વત્વ હતું. આ જેમ શ્રીગિરધરજી અને એમના છ ભાઈઓની વચ્ચેની વ્યવસ્થા હતી તેવીજ પછી પણ રહી હતી. આ જ કારણ હતું કે , શ્રીવ્રજરાયજીએ હકથી શ્રીનાથજીની સેવા શ્રીદામોદરજીના વંશજ

શ્રીગોવિંદજી (દ્રષ્ટવ્ય સં.ક.દ્રુ.૯/૫૯-૬૪) માંથી લીધી હતી.

તેથી શ્રીનાથજીના સ્વરૂપ તથા સેવા ઉપર તો બધાનું સમાન સ્વત્વ છે. નિષ્કર્ષરૂપેણ બધા ગોસ્વામિમહાનુભાવ 'પ્રધાન પીઠાધીશ' કહેવાશે, જો શ્રીનાથજી ઉપર સ્વત્વ કે સેવાધિકારના કારણે પ્રધાન પીઠાધીશતા આવતી હોત તો શ્રીદામોદરજીના ઉત્તરાધિકારીઓને પ્રધાન પીઠાધીશ માનવામાં આવતા રહ્યા છે કેમકે શ્રીદામોદરજીને શ્રીમદ્‌વિઠ્ઠલનાથજીનું ગૃહ કે પીઠ શ્રીગિરધરજી દ્વારા ઉત્તરાધિકારમાં દાયભાગતયા પ્રાપ્ત થયું હતું. શ્રીનવનીતપ્રિયજી એ ઘરમાં મુખ્ય નિધિ છે, અતએવ શ્રીગિરધરજી દ્વારા લિખિત ઉત્તરાધિકાર પત્રમાં પણ શ્રીનવનીતપ્રિયાજી તથા શ્રીમથુરાધીશજીનો જ ઉલ્લેખ છે-શ્રીનાથજીનો નહીં (દ્રષ્ટવ્ય વેણુનાદ પૃષ્ઠ૪૧.૧ અં.૧) અતએવ આજે પણ શ્રીનવનીતપ્રિયાજી ઉપર ગોસ્વામિતિલકાયિતશ્રીના એકાધિકારવાળું સ્વત્વ છે. કેમકે તે એમના પ્રધાનગૃહ/પીઠમાં સેવ્ય નિધિસ્વરૂપ છે. જ્યારે કે શ્રીનાથજી ઉપર પ્રત્યેક વલ્લભવંશજ ગોસ્વામીનું સમાન સ્વત્વ હોવાથી કેવળ વ્યવસ્થાધિકાર પ્રધાન પીઠાધીશનો છે. આ સાંપ્રદાયિક સિદ્ધાન્ત તથા શિષ્ટાચાર દ્વારા અભિમત કલ્પ છે. ધર્મનિરપેક્ષતાનો ઢોંગ કરવાવાળી સરકાર પોતાના અધાર્મિક કાનૂન ભલે આપણા ઉપર થોપી દે તેનાથી આપણી સિદ્ધાન્તનિષ્ઠામાં કોઈ ફરક ન પડવો જોઈએ. અસ્તુ.

આનાથી સિદ્ધ થયું કે અસામાન્ય પીઠાધીશતા તો સંપત્તિ (ભલે તે આધિદૈવિક સેવ્ય નિધિ સ્વરૂપ-પાદુકા-હસ્તાક્ષરાદિ રૂપ હોય કે આધિભૌતિક ધન-ભવન-ભૂમિ-આભુષણ-આદિરૂપ હોય) થી સંબંધી આધિભૌતિક અધિકાર છે. જ્યારે કે ગુરૂત્વ કે આચાર્યત્વ તો સ્વમાર્ગીય સિદ્ધાન્ત-દીક્ષા-કર્તવ્યોપદેશ-સેવ્યસ્વરૂપદાતૃત્વરૂપ આધ્યાત્મિક અધિકાર છે. આ કૃષ્ણસેવાપરતા-દંભાદિરહિતતા-ભાગવતતત્ત્વજ્ઞતારૂપ અશેષ માહાત્મ્ય જે-જે સ્વવંશજોમાં શ્રીમહાપ્રભુ પ્રકટ કરે છે એ બધામાં

સમપ્રધાન જ છે, આ નિરૂપણ તો અમે કરી જ દીધું છે, એમ અશેષ માહાત્મ્યશાળી બધા વંશજોમાં ''ભૂવિભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્ પિતા સ્વવંશે સ્થાપિતાશેષમાહાત્મ્ય'' શ્રીમહાપ્રભુનું આચાર્યત્વ અક્ષુણ્ણ છે. અન્યથા ''સ્મયાપહઃ'' બનીને ''તદભાવે સ્વયં વાપિ મૂર્તિં કૃત્વા હરેઃ ક્વચિત્''ના અનુકલ્પનો પણ શ્રીમહાપ્રભુએ ઉપદેશ તો આપ્યો જ છે. આની વિસ્તૃત ચર્ચા આગામી અધિકરણમાં કરીશું.

કથમપિ સેવ્યનિધિ સ્વરૂપોના બટવારામાં નામોલ્લેખનું તાત્પર્ય એટલું નથી ખેંચી શકાતું કે સામાન્ય કે પ્રધાન તત્તત્ સેવ્ય નિધિ સ્વરૂપોની સેવાના અધિકાર દ્વારા સામાન્ય ગુરૂત્વ કે પ્રમુખ ગુરૂત્વ (પીઠાધીશત્વ) પ્રાપ્ત થાય છે-કેમકે ''અર્થો હરિરેવ હિ'' વચનના અનુસાર આપણું સેવ્ય સ્વરૂપ આપણું સૌથી મોટું ધન છે તથા એ ધન ઉપર સ્વત્વ સ્થાપિત કરવા માટે નિધિનો નામોલ્લેખ કરવામાં આવે છે. એતાવતા સેવાધિકાર તથા સ્વત્વાધિકાર એક વસ્તુ નથી. સેવાધિકાર અપુષ્ટિમાર્ગીય બંગાળીઓને પણ હતો પરંતુ એમનો શ્રીનાથજીના સ્વરૂપ ઉપર સ્વત્વાધિકાર ન હતો. એ તો બહુ પાછળથી શ્રીમત્પ્રભુચરણમાં નિહિત થયો હતો. અર્થાત્ શ્રીપુરૂષોત્તમજીના નિત્યલીલામાં પ્રવેશ પછી.

આ બિલકુલ સાફ-સાફ સમજી લેવું જોઈએ કે આ સ્વત્વ છીના-ઝપટી-છલછદ્મ-કુલાચારથી વિપરીત કોઈનો હક છીનવી લેવાથી પ્રાપ્ત નથી થઈ જતું. અન્યથા ભવિષ્યમાં આ નિધિસ્વરૂપોને છીનાઝપટી-છલછદ્મથી ઝુંટવી લેવાની દુવૃત્તિઓ પણ પેદા થઈ શકે છે. અને ત્યારે જે પણ વ્યક્તિ સદસદ્ જે કોઈ પણ વૃત્તિથી મનમાની નિધિને પધરાવી લેવાની હિંમત દેખાડશે તે આઠ પીઠનો પીઠાધીશ બની શકશે. તેથી બે સ્થિતિઓની વચ્ચેની વિભાજક રેખા આપણે ખેંચવી પડશે કે ભલે વલ્લભવંશજ પણ કેમ ન હોય પરંતુ શું કોઈ યથા કથંચિત્ પીઠાધીશ બનવા માટે કોઈ પ્રમુખનિધિસ્વરૂપની સેવામાં તત્પર થઈ રહ્યો છે કે પછી

નીતિન્યાયયુક્ત સ્વત્વાધિકારવશ કોઈ પીઠ કે પીઠાધીશ હોવાના કારણે પીઠ સ્થિત નિધિસ્વરૂણની સેવામાં તત્પર છે?

જો આ બે સ્થિતિઓની વચ્ચે રહેલી વિભાજક રેખાને ધુંધળી બનાવતો હોય તો આ સાફ જોવામાં આવશે કે રેખાની એક તરફ પૂજારિપીઠવાદી મનોવૃત્તિ છે તથા બીજી તરફ આચાર્યપીઠવાદી મનોવૃત્તિ છે. શ્રીમહાપ્રભુએ પણ, અતએવ, કેવળ કૃષ્ણસેવાપરતા જ એકમાત્ર શરત નથી રાખી પરંતુ ''કૃષ્ણસેવાપરત્વે સતિ દમ્ભાદિરહિતત્વે સતિ ભાગવતતત્ત્વજ્ઞત્વં ગુરૂત્વમ્''ની શરત રાખી છે. અતએવ અહીંપરની 'પ્રકાશ' વ્યાખ્યામાં શ્રીમહાપ્રભુએ સ્વયં જ આ સ્પષ્ટ કરી દીધું છે ''તત્રાપિ નિમિત્તાનિ વારયતિ 'દમ્ભાદિરહિતમ્' ઈતિ. સેવા પ્રમાણમૂલૈવ પુરૂષાર્થ પર્યવસાયિની. અન્યથા મનસિ અન્યદ્ વિધાય અન્યથા કરણે ન ફલસિદ્ધિઃ'' (સર્વનિ.પ્ર.૨૨૭). અતએવ ઉક્ત લક્ષણના અભાવમાં ભગવત્સેવાર્થ વર્તમાન ગુરૂઓની અપરિહાર્યતા પણ શ્રીમહાપ્રભુએ નિરસ્ત કરી દીધી છે. પરિણામરૂપેણ પુષ્ટિમાર્ગીય ઈતિહાસમાં આ જોઈ શકાય છે કે જ્યારે કોઈ મહારાજશ્રીને પુરૂષ સંતતિ ન હોય ત્યારે પુત્રીનું પણ સ્વત્વ પીઠથી સંબંધિત લૌકિક-અલૌકિક બધી સંપત્તિ (અર્થાત્ ધન-ભવન-ભૂમિ-આભૂષણાદિ તથા પીઠસ્થિતનિધિ સ્વરૂપ) ઉપર તો સ્થાપિત થઈ જ શકે છે. ઈતિહાસ, પરંતુ, આનો પણ સાક્ષી છે કે આવી બધી પીઠ કે ગૃહોમાં એ પુત્રિઓના વંશજ ક્યારેય ઉત્તરાધિકારી ન બનાવી શકાયા. દેર સબેર કોઈ આચાર્યવંશજ પુરૂષસંતતિને જ ત્યાં ઉત્તરાધિકાર સોંપવો પડ્યો, આનાથી સિદ્ધ થાય છે કે પીઠસંપત્તિ ઉપર સ્વત્વાધિકાર કે અધિપતિત્વ આધિભૌતિક છે, જ્યારે કે આચાર્યત્વ કે ગુરૂત્વ આધિભૌતિક ઉત્તરાધિકાર ન હોઈને આધ્યાત્મિક ઉત્તરાધિકાર છે. આ ઉત્તરાધિકારિતાનું સ્વરૂપ શ્રીપ્રભુચરણના ''ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્ પિતા સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ સ્મયાપહઃ'' (સર્વો.૨૨) તથા શ્રીમહાપ્રભુના ''કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં નરં શ્રીભાગવતતત્ત્વજ્ઞં

ભજેજ્જિજ્ઞાસુરાદરાત્ તદભાવે સ્વયં વાપિ મૂર્તિં કૃત્વા હરેઃ ક્વચિત્ પરિચર્યાં સદા કુર્યાત્ તદ્રૂપં તત્ર ચ સ્થિતમ્'' (સર્વનિ.૨૨૭-૨૮) આમ આ બંને વચનોના સમન્વિત-એકવાક્યતાપન્ન તાત્પર્ય દ્વારા-ઉટ્ટંકકિત કરવું પડશે. અન્યથા આચાર્યવંશજા પુત્રિઓમાં પણ પીઠસંપત્તિધારણના અધિકારની જેમ ગુરૂત્વનો પણ અધિકાર ગલેપતિત થશે. કેમકે સંપત્તિ ઉપર સ્વત્વાધિકારવશ એ પીઠમાં સ્થિત નિધિસ્વરૂપની સેવા કરવામાં કોઈ પણ બેટીજીને ક્યારેય અનધિકારિણી માનવામાં નહોતા આવ્યા. શ્રીવલ્લભાખ્યાનકર્તા શ્રીગોપાલદાસજીએ પણ તો સ્વીકાર્યું જ છે કે ''શ્રીલક્ષ્મી-સત્યભામા બેઉ અગ્રજની અનુહાર રે રસના. શ્રીનવનીતપ્રિયાજીને રીઝવ્યા રે સેવ્યા વિવિધ પ્રકાર રે રસના'' (શ્રીવલ્લભાખ્યાન ૯/૧૨).

જો કહેવામાં આવે કે બેટીજી દ્વારા કરવામાં આવેલી શ્રીનવનીતપ્રિયાજીની સેવા એ સમયની છે કે જ્યારે શ્રીનવનીતપ્રિયાજી શ્રીપ્રભુચરણના સ્વત્વાધિકારમાં બિરાજી રહ્યા હતા, તેથી એ સેવા જ ન હતી એ તો કેવળ પરિચર્યા હતી. ત્યારે તો વાત બિલકુલ સાફ થઈ ગઈ કે કેવળ સેવા કરવાથી પીઠાધીશતા નથી આવતી, જેમ શ્રીગોપીનાથજીના બેટીજીમાં પ્રધાન પીઠાધીશતા નહોતી આવી, પરંતુ સ્વત્વાધિકાર પ્રયુક્ત સેવાધિકાર હોય ત્યારે જ આવે છે. આ સ્વીકારતાજ પૂજારિપીઠવાદીનો પ્રભાવ ઘટ્ટકુટીમાં થઈ ગયો! કેમકે પુત્રસંતતિના અભાવમાં બેટીજીને પણ સ્વત્વાધિકાર પ્રયુક્ત સેવાધિકાર તો છે જ. પરંતુ પીઠસંપત્તિનું અધિપતિત્વ રહેવા છતાં પણ ગુરૂત્વ કે આચાર્યત્વ પીઠાધિપતિત્વ નથી. તેથી પીઠાધીશતાના આ બંને રૂપો, અર્થાત્ (૧) પીઠ સ્થિત લૌકિકાલૌકિક સંપત્તિ ઉપર આધિભૌતિક સ્વત્વ (૨) પીઠસ્થિત આચાર્યપદવી ઉપર આધ્યાત્મિક સ્વત્વ, નું તારતમ્ય સમજ્યા વિના અંધકારમાં સિદ્ધાન્તચક્ષુ રહિત વૈષ્ણવ માતા-પિતાના શ્રદ્ધાળુ પુત્ર જેમ પ્રવચનશ્રવણ ઋષિઓ ઉપર મહારાજા દશરથની જેમ મિથ્યા સ્તોત્રનામાવલિઓના શ્રવણવેધી

બાણ છોડવાની દુઃસાહસપૂર્ણ ક્રૂરતા ન કરવી જોઈએ.

કેટલાક અનધીત અને ચાટુકારી લોકો આ ''કૃષ્ણ સેવાપરં વીક્ષ્ય....તદભાવે સ્વયં વાપિ....''શ્લોકોને શ્રીમહાપ્રભુનો પુષ્ટિમાર્ગીય ઉપદેશ ન માનીને મર્યાદામાર્ગીય ઉપદેશ માને છે. ત્યારે તો કૃષ્ણસેવાપરતા પણ મર્યાદામાર્ગીય ગુરૂનું લક્ષણ થશે. પુષ્ટિમાર્ગીય ગુરૂ પછી શતચંડી-અનુષ્ઠાતત્પર તથા શીરડીના સાંઈબાબાને ચાદર ચઢાવવામાં તત્પર જ હોવા જોઈએ. દંભાદિરહિત હોવું પણ પછી મર્યાદામાર્ગીય ગુરૂનું જ લક્ષણ હોવું જોઈએ. પુષ્ટિમાર્ગીય ગુરૂને તો આજીવિકાર્થ નિત્ય સેવા-મનોરથ-દર્શન-ભેટ-સામગ્રી-મનોરથિ-સમાધાનાત્મિકા પંચધા ભગતિ (દુર્ગતિ)ના વ્યાવસાયિક મંદિર ચલાવવાવાળા પ્રકાંડ દામ્ભિક જ થવું જોઈએ. શ્રીભાગવતતત્ત્વજ્ઞ પણ તો મર્યાદામાર્ગીય ગુરૂનું હોવું જોઈએ તથા ટી.વી. વિડિયો તત્ત્વજ્ઞ પુષ્ટિમાર્ગીય ગુરૂને! આવી સ્થિતિમાં શ્રીમહાપ્રભુજીને પુછવામાં આવે કે ત્યારે પુષ્ટિમાર્ગનું અનુસરણ કરવું કે મર્યાદામાર્ગનું? શ્રીમહાપ્રભુ નિશ્ચિત જ મર્યાદાભક્તિમાર્ગને પસંદ કરશે, ''વિવેકધૈર્યભક્ત્યાદિરહિતસ્ય વિશેષતઃ પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણ એવ ગતિર્મમ'' (કૃષ્ણાશ્રય ૯).

બીજા કેટલાક સ્વાર્થૈકનિષ્ઠ વ્યક્તિ **''તદભાવે સ્વયં વાપિ મૂર્તિ કૃત્વા હરેઃ ક્વચિત્ પરિચર્યાં સદા કુર્યાત્''** અનુમતિમાં પ્રયુક્ત **'તદભાવે'** પદનો અર્થ ''સત્પરિપન્થિનામ્ અભાવયુક્તે'' બતાવે છે. જ્યારે કે વાસ્તવિકતા આ છે કે શ્રીમહાપ્રભુએ આ કારિકાની ઉત્થાનિકામાં જ **''સચ દુર્લભ ઈતિ તેનાપિ વક્તવ્યં પ્રકારમ્ આહ 'તદભાવે' ઈતિ''** કહીને **'તદભાવ'** નો અર્થ **'દુર્લભતા'** કરી દીધો છે. મૂલકારિકામાં **''મૂર્તિ કૃત્વા હરેઃ ક્વચિત્ પરિચર્યાં સદા કુર્યાત્''** જે અનુજ્ઞા આપી છે તેમાં પ્રયુક્ત **'ક્વચિત્'** પદનું વ્યાખ્યાન- **''દેશવિશેષે સત્યપરિપન્થિનામ્ અભાવયુક્તે''** આપ્યું છે. આનાથી સિદ્ધ થાય છે કે

પીઠાધીશપદલોલુપતાવશ કૃષ્ણસેવાપરાયણ વ્યક્તિને ગુરૂ બનાવ્યા વિના જ્યાં સન્માર્ગીઓને દિગ્ભ્રાંત કરવાવાળા ન વસતા હોય એવા દેશમાં વસીને સ્વયમેવ શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તપ્રણાલિકાનુસાર ભગવત્સેવામાં પ્રવૃત્ત થઈ જવું વધારે શ્રેયસ્કર પ્રકાર છે. અતએવ શ્રીમહાપ્રભુ કહે છે- **''અયમેવ અસ્યા માર્ગસ્ય પ્રકારઃ ઉત્તમઃ''** (સર્વનિ.પ્રકાશ.૨૨૮).

શ્રીપુરૂષોત્તમજીએ પણ, અતએવ, અહીંયાના આવરણભંગમાં **''નનુ અત્ર મૂલએવ કુઠારપાતઃ ઈતિ આકાંક્ષાયાં કલેઃ બલિષ્ઠત્વેન અગ્રિમેષુ ગુરૂલક્ષણાભાવમ્ આલોચ્ય સ્વસ્મિન્નેવ એતન્માર્ગીયગુરૂત્વં નિયચ્છન્તઃ આહુઃ 'સચ' ઈત્યાદિ 'તદભાવે....' ઈતિ આજ્ઞાપનાદ્ ઈદં જ્ઞાત્વા કરણે....આભાસત્વાભાવઃ સેવાયાઃ, તૃતીયસ્કન્ધોકત-મૌઢ્યાભાવશ્ચ સેવાકર્તુઃ સાધિતઃ . સ્વયમેવ સેવાકરણેપિ પ્રકારવિશેષઃ સન્દેહે તાદશાઃ યદિ મિલન્તિ તદા પ્રકારાંશે પૃષ્ટવ્યાઃ ઈત્યપિ સૂચિતં 'સત્યપરિપન્થિનામ્ અભાવ યુક્તે' ઈતિ....''** વ્યાખ્યા આપી છે.

આનાથી સિદ્ધ થાય છે કે સેવાર્થ બ્રહ્મસંબંધદીક્ષાદાતા સેવ્યભગવત્સ્વરૂપપ્રદાતા તથા સેવાપ્રકારોપદેશક ગુરૂત્વપદાકાંક્ષી વ્યક્તિ જો ''કૃષ્ણસેવાપરત્વે સતિ દમ્ભાદિરહિતત્વે સતિ શ્રીભાગવતતત્ત્વજ્ઞત્વ-શાલી ન હોય તો દીક્ષાર્થી સ્વયં પણ ભગવત્સેવામાં પ્રવૃત્ત થઈ શકે છે. આવી વિષમ સ્થિતિમાં જ્યારે ગુરૂનેજ અપરિહાર્ય નથી માન્યા, ત્યારે પૂજારિની મધ્યસ્થતાની દીવાલ ભક્ત-ભગવાનની વચ્ચે શ્રીમહાપ્રભુ ઉભી કરવા માગતા હોય આવું તો વિચારી પણ નથી શકાતું. પૂર્વોક્ત પંચધા ભગતીના વ્યાવસાયિક પ્રદર્શન કરવાવાળા મંદિર શ્રીમહાપ્રભુના મત અનુસાર, આચાર્યપીઠ હોઈ જ નથી શકતા.

તેથી એમને સુધારવા તથા તદ્દ્વારા પીઠાસનને પુનઃ આચાર્યોચિત ગરિમાથી મંડિત કરવું આજની તારીખમાં પ્રત્યેક પુષ્ટિમાર્ગીયનું પ્રથમ-પરમ-ચરમ કર્તવ્ય છે. તે ત્યારેજ સંપન્ન થઈ શકે છે જ્યારે આચાર્યવંશજ

હોવાના વિપરીત પૂજારિતાની બાલલીલા કરવાવાળા આત્મઘાતી બાલકોની ભગવત્સેવાર્થ-ભગવન્મનોરથાર્થ ધનોપાર્જનની કુપ્રવૃત્તિમાં વિત્તજ-અસહયોગ કરવામાં આવે. પુષ્ટિમાર્ગીય જનતાના સ્વસ્વગૃહસ્થિત સેવ્ય સ્વરૂપોમાં સેવાનિષ્ઠાના ખંડનાર્થ આયોજિત થતા ભડકીલી સજાવટોવાળા વ્યાવસાયિક ભગવત્પ્રદર્શનોમાં તનુજ-અસહયોગના રૂપમાં હવે પુષ્ટિજીવ અનુપસ્થિત રહે. સાથે-સાથે જ સ્વયં આચાર્યવંશજોમાં આચાર્યપદોચિત ગૌરવપૂર્ણ ભાવોને ફરીથી ભરવા માટે આચાર્યરૂપમાં એમને સંમાનિત પણ કરતા રહેવાથી આ બાલકોમાં ફરીથી આચાર્યોચિત સાહસ આવી શકશે. આનાથી લાભ એ થશે કે શ્રીમહાપ્રભુ-પ્રભુચરણાદિ પૂર્વાચાર્યોના સર્વસ્વરૂપ નિધિઓને પણ્યીકરણ (વેપાર-રોજગાર) દ્વારા આજે આપવામાં આવતો પરિશ્રમ દૂર થઈ જશે. અંતમાં ભગવત્સુખવિચાર જ તો ભગવત્સેવાનું ગૂઢ રહસ્ય છે. અન્યથા આ બધા આચાર્યવંશજ એક દિવસ પ્રસાદ વિક્રેતા (પરસાદિયા) બની જશે. અહીં કવિ ઘનશ્યામની કવિતાને ઉદ્ધૃત કરવાનો લોભસંવરણ અમે નથી કરી શકતા-

**બૂંદી કે સેવ કે મનોહર કે મગદ હૂ કે**
**મોહન થાર કેસરી ધરી હૈ નેગ લાયકે।**
**ઘનશ્યામ પ્યારે પેડા બરફી બદામ પાક**
**પેઠા પાક માવાદાર ગૂંજા દેખ ખાય કે।**
**લુચઈ નરમપૂડી રાજભોગ સેન હૂ કી**
**ઔર દૂધપૂડી તવાપૂડી છબિ છાય કે।**
**બરકદાર કેસરી પ્રસાદ ભાંતિ-ભાંતિ હૂ કે**
**બૈઠે હૈ પરસાચ્ચા યે દુકાન કોં સજાય કે।।**

નિશ્ચિત જ આ ચિત્રણ આચાર્યપીઠનું હોઈ નથી શકતું અને આવું ચિત્ર મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના અશેષમાહાત્મ્યશાલી વંશજોનું ઉભરે

નહીં, આ જ હેતુ અમારો પૂજારિપીઠવાદના તીવ્ર વિરોધનો છે. સામગ્રી પ્રદર્શનોંત્સવોદ્વારા પુષ્ટિમાર્ગીય જનતાની શુદ્ધ પુષ્ટિભક્તિને અશુદ્ધ વ્યાવસાયિકતાવાળી ભગતી (દુર્ગતિ)માં આજે વિકૃત કરી દેવામાં આવી છે. આ પ્રકારથી આપણા ખોદેલા ખાડામાં આપણે પોતે પડી ગયા છીએ!

**સૂત્ર**

**''શ્રીબદરીનાથ તીર્થના પુરોહિતને પ્રદત્ત વૃત્તિપત્રમાં 'શ્રીબાલકૃષ્ણ વાત્સલ્ય નિષ્ઠા નિમગ્ન માનસ' શબ્દાવલીના આધારે સૂરતસ્થ સ્વરૂપની પ્રધાન સેવ્યતા સેવાકર્તામાં પીઠાધીશતાધાયક છે'' કથન પણ બરાબર નથી, કેમકે વિભિન્ન યાત્રામાં વિભિન્ન સ્વરૂપ સેવામાં બિરાજ્યા છે તથા 'શ્રીબાલકૃષ્ણ'નામ બાલલીલાવિશિષ્ટ સકલ સ્વરૂપોનું વાચક પણ હોઈ શકે છે.** (૧/૪).

**ભાષ્ય**

આ અધિકરણમાં શ્રીમહાપ્રભુ દ્વારા બદરીનાથતીર્થના પુરોહિતને આપવામાં આવેલા વૃત્તિપત્રમાં નિજ હસ્તાક્ષરમાં સ્વયંની બાબતમાં શ્રીમહાપ્રભુએ જે શબ્દાવલી લખી છે કે ''શ્રીબાલકૃષ્ણ-વાત્સલ્યનિષ્ઠા-નિમગ્ન-માનસ'' એની બાબતમાં પણ વિચાર કરવાનો છે.

સંશય આ છે કે શું શ્રીમહાપ્રભુનું માનસ કેવળ સૂરતસ્થિત શ્રીબાલકૃષ્ણજીની વાત્સલ્યનિષ્ઠામાં જ નિમગ્ન હોવાથી શું આ જ સ્વરૂપ શ્રીમહાપ્રભુના પ્રમુખ સેવ્ય સ્વરૂપ છે, અથવા, 'શ્રીબાલકૃષ્ણ'નામ શ્રીકૃષ્ણના બાલરૂપમાં શ્રીમહાપ્રભુની વાત્સલ્યનિષ્ઠાનું દ્યોતક છે આવું આ વચનના આધારે માનવું જોઈએ?

પૂજારિપીઠવાદનો પૂર્વપક્ષ અહીં આ છે કે (ક) સાત સ્વરૂપોમાં કોઈ પણ સ્વરૂપની સાથે મૂલનામ 'શ્રીકૃષ્ણ' નથી જોડાયું. તેથી અન્ય કોઈ પણ સ્વરૂપ જન્મ પ્રકરણથી ફલ પ્રકરણ સુધી ભાગવતોક્ત સર્વ

લીલાઓમાં અનુસ્યૂત સ્વરૂપ નથી. **(ખ)** યદ્યપિ 'શ્રીબાલકૃષ્ણ' નામને કારણે બાલલીલાનો બોધ થાય છે પરંતુ **''યશોદાક્રોડે સ્થિતોપિ સકલજગદાધારઃ''** શ્રીમહાપ્રભુના વચનાનુસાર રાસાન્તર્ગત **''અષ્ટ કૃષ્ણાઃ ભવન્તિ''** વાક્યમાં પણ વિવક્ષિત આઠમાંથી એક સ્વરૂપ સૂરતસ્થ શ્રીબાલકૃષ્ણજી છે. **(ગ)** બાલલીલાના અંતર્ગત પ્રમાણ પ્રકરણમાં **''પૂતનાસુપયઃપાનકર્તા''** શ્રીબાલકૃષ્ણલાલ (સૂરતસ્થ)નું સ્વરૂપ જ પ્રમેય પ્રકરણમાં ગોપિકાઓને પુંભાવપ્રદત્ત બને છે તથા ફલપ્રકરણમાં એજ સ્વરૂપ રાસલીલાકર્તા હોવાથી મૂલરૂપ છે. **(ઘ)** તૃતીયાન્ત સુબોધિનીલેખન પછી દશમસ્કન્ધ-સુબોધિની-લેખનાર્થ, સંપ્રદાયપ્રદીપકર્તા શ્રીગદાધરદાસના અનુસાર, **''શ્રીભાગવતતૃતીયટીકા શ્રીવલ્લભૈઃ કૃતા તદા શ્રીબાલકૃષ્ણેન ઉત્સંગે ઉપવિશ્ય ઉક્તં 'મદીયં ચરિત્રં વ્યાકુરૂ', તદા દશમસ્કન્ધવ્યાખ્યાનં કૃતમ્''** વચનના આધારે દશમસ્કન્ધીય લીલામાં મૂલ ચરિત્ર સૂરતસ્થ શ્રીબાલકૃષ્ણજીનું જ હોવાથી એજ મૂલ રૂપ છે. **(ચ)** શ્રીપ્રભુચરણના બાલ્યકાળમાં આ જ શ્રીબાલકૃષ્ણલાલ તથા શ્રીપ્રભુચરણની વચ્ચે એક દિવસ ઠોરની છીના-ઝપટી પણ થઈ ગઈ હતી, આવા બાલલીલાવિનોદી તથા સાનુભાવપ્રદાયક હોવાથી આ જ સ્વરૂપ સર્વોપરી છે. **(છ)** શ્રીપ્રભુચરણોંએ અણુભાષ્યમાં **'જાનીતં પરમં તત્ત્વં યશોદોત્સંગ લાલિતં તદન્યદિતિ યે પ્રાહુરાસુરાંસ્તાનહો બુધાઃ''** જે કહ્યું છે એ પણ સૂરતસ્થ શ્રીબાલકૃષ્ણજીના માટે જ કહ્યું હોવાથી શ્રીબદરીનાથતીર્થપુરોહિતને લખેલા વૃત્તિપત્રમાં પ્રયુક્ત 'શ્રીબાલકૃષ્ણ' પદ પણ સૂરતસ્થ શ્રીબાલકૃષ્ણજી સ્વરૂપનું જ વાચક છે એમ સ્વીકારવું જોઈએ. (દ્રષ્ટવ્યઃ સે.સે.ર.શ્રીબાલકૃષ્ણાષ્ટક-ભાવતાત્પર્ય શ્લોક ૧-૭).

આચાર્યપીઠવાદનો ઉત્તરપક્ષ અહીં આ છે કે આ પ્રકારથી

(ક) કેવળ નામાક્ષરોના બળ ઉપર આટલી બધી અશ્રુતપૂર્વ

નિર્મૂલ મિથ્યા ભાવનાઓનું પ્રવર્તન કરવાની પ્રતિસ્પર્ધા જગાવવામાં આવી તો કાલે કોઈ ચતુર્થપીઠનો કોઈ વ્યક્તિ આમ પણ કહેવા લાગી જશે કે ચતુશ્લોકીની તૃતીય-ચતુર્થ કારિકામાં 'શ્રીગોકુલેશ્વર' તથા 'ગોકુલાધીશ' નામ પ્રયુક્ત થયા છે તેથી પુષ્ટિમાર્ગીય પુરૂષાર્થરૂપ સ્મરણ-ભજન તો કેવળ ગોકુલસ્થિત શ્રીગોકુલનાથજીના સ્વરૂપનું જ થઈ શકે છે અન્ય સ્વરૂપોનું નહીં. આજ રીતે દશમ સ્કન્ધીય સમગ્ર લીલામાં અનુસ્યૂત સ્વરૂપને શ્રીમહાપ્રભુએ 'પરમફલ' કે 'મહાફલ' રૂપ નથી ગણાવ્યા. રાસમંડલના મધ્યમાં સ્થિત હોવું તો બાહ્ય લીલા છે જ્યારે કે આભ્યન્તર લીલાજ પરમફલ છે-**"બાહ્યાભ્યાન્તરભેદેન આન્તરં તુ પરં ફલમ્"** (સુબો.૧૦/૨૬/૧). તેથી આભ્યન્તરલીલારૂપ પરમફલ-પ્રદાયક સ્વરૂપ તો શ્રીમથુરાધીશ-શ્રીદ્વારકાધીશનું જ હોઈ શકે છે. ક્રમશઃ આસક્તિરૂપા તથા વ્યસનરૂપા ભક્તિના સાધક અન્ય કોઈ સ્વરૂપ નહીં. આ **"યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્ તદૈવ"** (ભ.વ.૫) ના આધારે સિદ્ધ થાય છે. તેથી સર્વાનુસ્યૂત સ્વરૂપથી કૃતાર્થતા સંભવ નથી એ તો કેવળ શ્રીમથુરાધીશ-શ્રીદ્વારકાધીશ દ્વારા જ સંભવ છે. આ **"બાલલીલાનામપાઠાત્ શ્રીકૃષ્ણે પ્રેમ જાયતે આસક્તિઃ પ્રૌઢલીલાયાઃ નામ્નાં પાઠાદ્ ભવિષ્યતિ વ્યસનં કૃષ્ણચરણે રાજલીલા-વિધાનતઃ"** (ત્રિ. ના.) વચન દ્વારા સિદ્ધ થાય છે. તેથી 'શ્રીબાલકૃષ્ણ'નામની સાથે 'બાલ' વિશેષણ જોડાઈ જવાના કારણે આ સ્વરૂપ કેવળ પ્રેમપ્રદ હોઈ શકત, જેનાથી કૃતાર્થતા સુલભ નથી. જ્યારે કે પ્રૌઢલીલાયુક્ત શ્રીમથુરાધીશ તથા રાજલીલાયુક્ત શ્રીદ્વારકાધીશ ક્રમશઃ ઉત્કૃષ્ટભાવ ના પ્રદાયક હોવાથી શ્રીબાલકૃષ્ણજીના સ્વરૂપથી પણ અધિક શ્રેયસ્કર છે. સૂરત સ્થિત શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ સર્વલીલાનુસ્યૂત હોઈ શકે છે પરંતુ સર્વ સ્વરૂપોના અધિનાયક તો નાથદ્વારાસ્થિત શ્રીનવનીતપ્રિયાજી છે તેથી શ્રીબાલકૃષ્ણજીના પણ અધિનાયક તેઓ જ છે, તેથી શ્રીબાલકૃષ્ણજી તો વિભૂતિ રૂપ છે-પૂર્ણ પુરૂષોત્તમ નહીં!

પૂજારિપીઠવાદના ભક્તિવશ, પરંતુ આવા ભાવોની પ્રતિસ્પર્ધા જગાડતા પહેલાં વિચારવું જોઈએ કે માત્ર પોતાના અહંની પુષ્ટિમાટે આપણે માર્ગના સિદ્ધાન્ત તથા સ્વરૂપોની સાથે કેટલો જઘન્ય ખિલવાડ કરી રહ્યા છીએ!

**(ખ)** જેમ વિરૂદ્ધધર્માશ્રયતાવશ શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ સર્વલીલાનુસ્યૂત હોઈ શકે છે તેવીજ રીતે અન્ય સ્વરૂપ પણ હોઈ શકે છે. તેથી રાસની ભાવનાવાળા શ્રીગોકુલચંદ્રમાજી કે શ્રીમદનમોહનજી વિરૂદ્ધધર્માશ્રયતયા બાલરૂપેણ પ્રકટ નથી થઈ શકતા, આમાં પ્રમાણ શું?

**(ગ)** પુંભાવપ્રદાન પણ તેથી શ્રીગોકુલચંદ્રમાજી કે શ્રીમદનમોહનજીએ નથી કર્યું એમાં પ્રમાણ શું?

**(ઘ)** બાલલીલાનું સ્વરૂપ હોવા છતાં જેમ શ્રીબાલકૃષ્ણજી રાસમંડલમાં અવસ્થિત થઈ શકે છે એમ વિરૂદ્ધધર્માશ્રયતયા બાલરૂપ ધારણ કરીને શ્રીગોકુલચંદ્રમાજી કે શ્રીમદનમોહનજી કેમ ''મદીયં ચરિત્રં વ્યાકુરૂ'' આજ્ઞા નથી કરી શકતા?

**(ચ)** ઠોરની છીના-ઝપટીનો પ્રસંગ તો આ વાતનું પણ પ્રમાણ હોઈ શકે છે કે આ સ્વરૂપ સેવાના નહીં પ્રત્યુત ખેલવાના ઠાકોરજી હતા. અર્થાત્ પુષ્ટ પણ નહીં કરવામાં આવ્યા હોય.

**(છ) ''જાનિતં પરમં તત્ત્વં યશોદોત્સંગલાલિતં....''** કારિકા તો રશ્મિકારના અનુસાર શ્રીનવનીતપ્રિયાજીની સ્તુતિમાં લખવામાં આવેલી કારિકા છે (રશ્મિ પરિશિષ્ટ કારિકા ૮).

આનાથી સિદ્ધ થાય છે કે શ્રીબદરીનાથ તીર્થના પુરોહિતને લખવામાં આવેલા વૃત્તિપત્રમાં ''શ્રીબાલકૃષ્ણ'' પદ સૂરત સ્થિત સ્વરૂપનું વાચક ન હોઈને શ્રીકૃષ્ણના બાલરૂપનું દ્યોતક છે. એતાવતા ન તો આને 'મુખ્યનિધિ' કહી શકાય છે અને ન આના કારણે એમના સેવાકર્તાઓને

ષષ્ઠ પીઠાધીશ પણ.

સૌથી મહત્વપૂર્ણ તથ્ય તો આ જ છે જે શ્રીયદુનાથજીની મિથ્યા નામાવલી ''શ્રીબાલકૃષ્ણસર્વસ્વ, બાલકૃષ્ણૈકહૃદયો, બાલકૃષ્ણૈકલોચન, બાલકષ્ણૈકેષ્ટદેવ'' ઘડવામાં આવી છે, આ સ્વયં ન તો પોતાના ઈષ્ટદેવતયા અને ન શ્રીમહાપ્રભુના સેવ્યતયા ક્યાંય શ્રીબાલકૃષ્ણલાલનો ઉલ્લેખ કરે છે. જ્યારે કે પુષ્ટિમાર્ગીય અનેક નિધિ સ્વરૂપો, ઉદાહરણતયા, શ્રીમુકુન્દરાયજી, શ્રીમદનમોહનજી, વિષ્ણુમુનિસેવિત એક બીજા બાલકૃષ્ણજી જેને શ્રીમહાપ્રભુએ સ્વીકાર્યા નહીં, શ્રીગોવર્ધનનાથજી, શ્રીગોકુલનાથજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીદ્વારકાનાથજી, શ્રીગોકુલચંદ્રમાજી, આમના સિવાય મર્યાદામાર્ગીય અન્ય અનેક ભગવદ્‌વિગ્રહોનો ઉલ્લેખ પણ શ્રીવલ્લભદિગ્વિજયમાં મળે છે. જ્યારે કે આ ઉલ્લેખનીય છે કે આ ગ્રંથ બટવારા પછી લખવામાં આવેલો છે વિક્રમ સંવત ૧૬૫૮માં. આવી સ્થિતિમાં પૂજારિપીઠવાદીઓના સિવાય અન્ય કોણ સ્વીકારી શકે છે જે ભ્રામક વાતો મિથ્યા નામાવલીઓમાં સૂચિત કરવામાં આવી છેઃ

શ્રીયદુનાથજીનું આ વિષયમાં મૌન જ પૂજારિપીઠવાદની અપ્રામાણિકતાનો તુમુલ ઘોષ છે.

**સૂત્ર**

**''સેવાકૃતિર્ગુરોરાજ્ઞા** (નવર.૭) **વચનથી વિરૂદ્ધ હોવાના કારણે ''તદભાવે સ્વયં વાપિ'' વચન મર્યાદામાર્ગીય ઉપદેશ છે આમ કહી નથી શકાતું કેમકે ઉપક્રમોપસંહાર વિચારથી બંનેજ વચન પુષ્ટિમાર્ગીયોપદેશરૂપ છે, વ્યવસ્થિત વિકલ્પદ્યોતક** (૧/૫).

**ભાષ્ય**

સ્પષ્ટ છે કે ઉલ્લિખિત પરસ્પર વિરાધાભાસી બંને વચન અહીં વિષયવાક્ય છે. ઉપલક્ષણવિધયા અન્ય વચન પણ અહીં વિષયવાક્ય માની શકાય છે. યથા–

**(ક)** સ્વતઃ કરણે હિ સર્વત્ર દોષાઃ (સુબો.૧૦ ઉ/૩૭/૫૫)

**(ખ)** ગુરૂપદેશં બિના યે સ્વતઃ પૂજાં કર્તું વાંછન્તિ તે અતિવ દુર્બુદ્ધયઃ (સુબો.૧૦ ઉ/૩૭/૫૫)

**(ગ)** સ્વતઃ પ્રવૃત્તસ્ય મનસઃ પ્રતિબન્ધકત્વાત્ (સુબો.૧૦ ઉ/૩૮/૩૩)

**(ઘ)** સ્વતઃ કરણે અહંકારો ભવતિ (સુબો.૧૦ ઉ/૪૦/૬૩)

**(ચ)** નિરાલમ્બો યથાલોકે સ્થાન ભ્રષ્ટો નિગદ્યતે હરેઃ કૃપા વિશિષ્ટોપિ ગુરૂહીનસ્તથૈવ હિ (સુબો. ૧૧/૩/૨૧ કા.૧)

આવા અન્ય પણ અનેક વચન અહીં ઉપલક્ષણવિધયા વિષય વાક્ય માની શકાય છે.

સંશય અહીં એ થાય છે કે **"સેવા કૃતિગુરોરાજ્ઞા"** વચનમાં વિધિમુખથી ગુરૂ-આજ્ઞાના અનુસાર જ સેવા કર્તવ્ય છે આ જેમ બતાવવામાં આવ્યું છે તેવીજ રીતે ક-ખ-ગ-ઘ-ચ-ચિન્હાંકિત વચનોમાં સેવા કે પૂજામાં સ્વતઃ પ્રવૃત્ત થવાવાળાની નિંદા પણ કરવામાં આવી છે. તેથી સ્વતઃ સેવાની નિષિદ્ધતા તો સિદ્ધ થાય જ છે. તેથી ગુરૂપદેશ કે ગુર્વાદિશના વિના સ્વતઃ ભગવત્સેવામાં પ્રવૃત્ત થઈ જવું મહાપરાધ છે. એટલા માટે પૂર્વાધિકરણમાં **"તદભાવે"** વચનનું જે તાત્પર્ય વર્ણિત થયું છે તે અસંગત છે. ત્યારે તેને પુષ્ટિમાર્ગીય ઉપદેશ માનવાના બદલે શું મર્યાદામાર્ગીય ઉપદેશ જ માની લેવો ઉચિત નહીં થાય?

(ક) પૂજારિપીઠવાદનો પૂર્વપક્ષ અહીં આમ છે કે **"તદભાવે સ્વયં વાપિ...."** વચનને પુષ્ટિમાર્ગીય ઉપદેશ માનવાથી ન કેવળ પૂર્વોદાહૃત અનેક વચનોની સાથે વિરોધ ઉપસ્થિત થશે પ્રત્યુત એને પ્રકાશિત કે પ્રચારિત કરવાથી પુષ્ટિમાર્ગાનુયાયી જનસમાજ જ્યારે પુષ્ટિમાર્ગમાં દીક્ષિત થવા માગશે ત્યારે દીક્ષાદાતા ગોસ્વામીમાં કૃષ્ણસેવાપરતા-

દંભાદિરહિતતા-શ્રીભાગવતતત્ત્વજ્ઞતા નિશ્ચિત કરવા માગશે. અને ક્યાંય એનામાં કોઈ ન્યૂનતા જોવામાં આવી તો **"તદભાવે સ્વયં વાપિ"** ની અનુજ્ઞાનું બહાનું બનાવીને બધા લોકો સ્વચ્છંદતા ફેલાવી દેશે. અને ત્યારે આ આપણો માર્ગ બહુજ વિષમ સ્થિતિમાં ઘેરાઈ જશે. તેથી આવા વચનને મર્યાદામાર્ગીય માનવાજ શ્રેયસ્કર છે. અથવા આ વચનની ચર્ચા જ ન છેડવી સર્વાધિક શ્રેયસ્કર છે.

આ પૂર્વપક્ષ પુષ્ટિમાર્ગના ઉભયવિધ કલ્યાણો (?!) ની ભાવનાથી પ્રેરિત થઈને શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તોમાં નિષ્ઠા રાખનારા પુષ્ટિમાર્ગીઓની સાચી નિષ્ઠાના અપહારૌ પૂજાપીઠવાદિઓના સર્વવિઘ્નહર્તાલાલ અધિવકતાના પૂર્વપક્ષાર્થ અધિવચન છે.

**(ખ)** કેટલાક પૂજારિપીઠવાદી એવો પણ પૂર્વપક્ષ ઉપસ્થાપિત કરે છે કે **"તદભાવે સ્વયં વાપિ"** વચનની આવરણભંગ વ્યાખ્યામાં શ્રીપુરૂષોત્તમજીએ સુસ્પષ્ટતમ શબ્દોમાં આ ખુલાશો આપી દીધો છે કે શ્રીમહાપ્રભુના પછી કલિયુગના પ્રબલ હોવાના કારણે શ્રીમહાપ્રભુના વંશજોમાં દંભાદિરહિત થઈને શ્રીકૃષ્ણસેવામાં તત્પર હોવાની તેમજ આચાર્યોચિત શાસ્ત્રોના અધ્યયન દ્વારા શ્રીભાગવતતત્ત્વજ્ઞ હોવાની લાયકાત નહીં રહી જાય. તેથી સ્વમાર્ગમાં ગુરૂ કે આચાર્ય તો કેવળ શ્રીમહાપ્રભુ જ હોઈ શકે છે-અન્ય કોઈ નહીં. શ્રીપ્રભુચરણોંએ પણ અતએવ કહ્યું છે **"શ્રીમદ્વલ્લભનામધેયસદશો ભાવી ન ભૂતોસ્ત્યપિ"** (સ્ફૂ.કૃ.પ્રે.સ્તો.૫) અતએવ આપણે ત્યાં નામની સાથે **'આચાર્ય'** જોડવાની રીત પ્રાચીન નથી. સ્વયં શ્રીગોપીનાથપ્રભુચરણ, શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ; કે એમના આત્મજોમાંથી કોઈએ પણ પોતાના નામની સાથે **'આચાર્ય'** પદ જોડ્યું ન હતું. આજે પણ બહુપ્રચલિત શબ્દ તો 'ગોસ્વામી બાલક''જ છે- 'આચાર્ય' નહીં. તેથી ગોસ્વામી બાલકમાં કૃષ્ણસેવાપરતા દંભાદિરહિતતા કે ભાગવતતત્ત્વજ્ઞતા હોય કે ન હોય કાંઈ

ફરક નથી પડતો. કેમકે **"બાલક સબ બ્રહ્મ જાનિયે"–"શ્રીમદ્વલ્લભ વંશમેં સબ હી વલ્લભરૂપ"–"મહા અલૌકિક અગ્નિકુલ સબ"– "અસ્મત્કુલં નિષ્કલંકમ્"** વગેરે વચનોના આધારે કોઈ બાલક દેવદ્રવ્યાદિ પણ બની જાય તો નિંદા કે દોષબુદ્ધિ ન કરવી જોઈએ. કેમકે શ્રીમહાપ્રભુએ પણ સ્પષ્ટ આદેશ આપ્યો છે કે **"દોષાઃ....ન મન્તવ્યાઃ કથંચન"** (સિ.ર.૨-૩). કેમકે આપણો તો પુષ્ટિમાર્ગ છે જ્યાં દયા ભવૈયાનો પણ ઉદ્ધાર થયો છે તથા ગુલાબદાસ ગુલાબખાન બની ગયા તો પણ ઉદ્ધાર થયો છે. તો શું નિજવંશ દેવલક પૂજારિ બની જઈએ તો પુષ્ટિપ્રભુ કે પુષ્ટિમહાપ્રભુ ઉદ્ધાર નહીં કરે? આટલા અસમર્થ આપણા આરાધ્યને અથવા આચાર્યને જે માનતા હોય તેને માર્ગ છોડીને અન્ય માર્ગનું આશ્રયણ કરવું જોઈએ! કયારેય પણઆવા વચનોનો પ્રકાશ-પ્રચાર તો કરવો જ ન જોઈએ કે જેનાથી નિષ્કલંક કુલ ઉપર કોઈ પણ પ્રકારનું કલંક માર્ગવિરોધી લોકો પ્રચારિત કરવા લાગી જાય!

આચાર્યપીઠવાદનો ઉત્તરપક્ષ અહીં આ છે કે **"સેવાકૃતિર્ગુરોરાજ્ઞા બાધનં વા હરિચ્છયા અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થિયતાં સુખમ્"** (નવરત્ન ૭) વચન તથા આની શ્રીપ્રભુચરણકૃત વ્યાખ્યાનું અવલોકન કરવાથી આ સ્પષ્ટ થઈ જાય છે કે ગુરૂ-આજ્ઞાના અનુસાર સેવા કરવી મુખ્ય કલ્પ છે. ગુરૂઆજ્ઞા, પરંતુ, અપરિહાર્ય નથી. અતએવ અનુકલ્પતયા વિના ગુરૂઆજ્ઞાએ પણ સેવામાં પ્રવૃત્ત થઈ શકાય છે. સ્વયં શ્રીમહાપ્રભુ પણ અતએવ **"બાધનં વા હરિચ્છયા અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્"** (નવરત્ન ૭) તો કહેજ છે. પ્રભુચરણોંએ પણ સ્પષ્ટીકરણ તો આપ્યું જ છે કે **"વિકલ્પેન અબાધનમ્ ઈતિ અર્થઃ એવં સતિ ગુર્વાજ્ઞાયાઃ અબાધને બાધને વા સેવૈવ મુખ્યા યતઃ અતઃ તથૈવ સ્થેયમ્ ઈતિ આહુઃ 'અત' ઈતિ. એવં સતિ પર્યવસિતં સુખમેવ ઈતિ આશયેન 'સુખમ્' ઈતિ ઉક્તમ્"** (નવરત્ન ૭). આનાથી સિદ્ધ થાય છે

કે સ્વમાર્ગમાં ભગવત્સેવાની પ્રધાનતા છે ગુરૂઆજ્ઞાના અબાધ કે બાધની નહીં. અંતર કેવળ આટલું જ છે કે અબાધ પ્રમુખ તેમજ પ્રથમ કલ્પ છે જ્યારેકે બાધ ગૌણ તેમજ દ્વિતીય અર્થાત્ અનુકલ્પ છે. આનુંજ નિરૂપણ શ્રીપ્રભુચરણોંએ **''ગુર્વાજ્ઞાયાઃ અબાધનં યથા ભવતિ તથા સેવાકૃતિઃ પૂર્વમ્ અપેક્ષિતાઃ એવં વર્તમાનાનાં કદાચિદ્ વિશેષતઃ ભગવદાજ્ઞા ચેદ્ ગુર્વાજ્ઞાવિરૂદ્ધા તદા તથા કાર્યમ્''** વ્યવસ્થા આપીને સમજાવ્યું છે.

ભગવદિચ્છાનું જ્ઞાન કેવી રીતે સંભવ છે? આ પ્રશ્નનો ખુલાશો યદ્યપિ શ્રીપ્રભુચરણોંએ નથી આપ્યો પરંતુ વિવૃતિ-પ્રકાશકાર શ્રીપુરૂષોત્તમજીએ તો આપ્યો જ છે. જેમ ''જેમને ભગવત્સાનુભાવ હોય એમને તો સ્વતઃ જ ભગવદિચ્છા પણ જાણવામાં આવી શકે. પરંતુ જેમને સાનુભાવ નથી એમને ફલબલથી ભગવદિચ્છાનું અનુમાન કરતા રહેવું જોઈએ. તેથી યથાધિકાર ભગવદિચ્છાના બોધ દ્વારા ગુરૂઆજ્ઞાનો બાધ કરવાથી સ્વધર્મહાનિ નથી થતી. અતએવ આંખો બંધ કરીને રાજભોગના સમયે પ્રભુની પંખાની સેવા કરવાવાળા મોટા રામદાસજીને જ્યારે ભગવદાજ્ઞા થઈ કે ''આંખો ખોલીને દર્શન કરો!'' તો પણ એમણે નેત્ર ન ખોલ્યા આમ કહીને કે ગુરૂઆજ્ઞા નથી આનાથી પ્રભુ પ્રસન્ન થયા'' (પુરૂષોત્તમજીકૃત વિવૃત્તિપ્રકાશ ૭) આથી સિદ્ધ થાય છે કે સ્વસુખાર્થ ગુરૂ આજ્ઞાનો બાધ ઉચિત નથી પરંતુ ભગવત્સુખાર્થ ગુરૂ આજ્ઞાના ભંગ દ્વારા પણ ભગવત્સેવાનો નિર્વાહ તો ક્યારેય પણ અનુચિત નથી હોઈ શકતો. આ પુષ્ટિસૃષ્ટિ ભગવત્સેવાર્થ જ છે-ગુરૂઆજ્ઞાના અબાધનાર્થ કે બાધનાર્થ નહીં.

પુષ્ટિમાર્ગના ઉભયવિધ કલ્યાણોની ભાવનાથી પ્રેરિત સ્વમાર્ગની સાચી નિષ્ઠાના અપહારી તથા પૂજારિપીઠવાદના સર્વવિઘ્નહારીલાલ અધિવક્તાના અધિવચન આવા પણ હોઈ શકે છે-'ઘરમાં જ સેવા કરવી અનિવાર્ય નથી. કેમકે શ્રીપુરૂષોત્તમજીએ **''ગૃહે સ્થિત્વા''** નો અર્થ-

**"ગૃહે ગૃહસ્થાશ્રમે સ્થિત્વા"** કર્યો છે. તેથી સ્વયંના ઘરના સિવાય અન્યત્ર સેવા અકરણીય છે એવું નથી. કેમકે આ વિધાનનો વાસ્તવિક અર્થ છેઃ ગૃહસ્થાશ્રમમાં રહીને, ઘર છોડ્યા વિના અર્થાત્ સંન્યાસ લીધા વિના, પ્રભુસેવા કરવી જોઈએ. અન્યથા પ્રભુચરણના કાલથી અદ્યાવધિ પુષ્ટિમાર્ગીય સેવા ગૃહસેવાના રૂપમાંજ થાત. વિશાળ મંદિરોમાં પ્રચલિત વિસ્તૃત સેવા પ્રકાર હોત જ નહીં . અને ભાષાશાસ્ત્રના અનુસાર 'ગૃહ' અન 'મંદિર' સમાનાર્થી શબ્દ છે."

શ્રીમહાપ્રભુની કૃપા છે કે પૂજારિપીઠવાદના આવા અધિવક્તા પુષ્ટિમાર્ગમાં એકાધિક નથી, અન્યથા "હુએ તુમ દોસ્ત જિસકે દુશ્મન ઉસકા આસ્મા ક્યૂં હો" ઉક્તિ ચરિતાર્થ થઈ જાત!

શ્રીપ્રભુચરણના કાલથી વર્તમાન કાલ પર્યંત સેવા જો વિશાળ મંદિરમાં વિસ્તૃત પ્રકારથી ચાલી આવી રહી છે અને 'મંદિર' અને 'ગૃહ' નો સમાનાર્થી શબ્દ છે તો કુલ વાતનો મતલબ આટલોજ નિકળે છે કે પ્રભુચરણના કાલથી વર્તમાન કાલ પર્યંત પુષ્ટિમાર્ગમાં જેમ આર્થિક દૃષ્ટિથી અસમ્પન્ન લોકોના નાના-નાના ઘરોમાં સેવા ચાલતી આવી રહી છે એવીજ રીતે આર્થિક દૃષ્ટિથી સમ્પન્ન ગોસ્વામી મહારાજોના વિશાળ ઘરોમાં પણ સેવા વિસ્તૃત પ્રકારથી ચાલી આવી રહી છે. પ્રત્યેક અવસ્થામાં ઘરમાં જ સેવા ચાલી આવી રહી છે સાર્વજનિક સ્થળ ઉપર નહીં . કેમકે 'મંદિર' અને 'ગૃહ' જ્યારે સમાનાર્થી શબ્દ છે તો જે સેવા, શ્રીપ્રભુચરણના કાલથી વર્તમાન કાલ પર્યંત, ઘરમાંજ ચાલી આવી રહી હતી તો હવે એને સાર્વજનિક મંદિરમાં વિકૃત કરીને આચાર્યને પૂજારિ શા માટે બનાવવામાં આવી રહ્યા છે?

ટેક્સના ભયથી? તો આનો મતલબ થયો કે આજના ગોસ્વામી બાલક(!)ને સિદ્ધાન્તને બદલે સંપત્તિનો મોહ વધારે બળવાન છે!

સેવાના આકાર-પ્રકારની સુરક્ષા માટે?તો આનો મતલબ થયો કે

સેવ્યમાં પ્રધાન ભાવ નથી. એના ઉપરથી પોતાનું સ્વત્વ છોડીને પણ, સેવાના કેવળ આકાર-પ્રકાર નિભાવવા માટે પૂજારિ બનવાનું પસંદ કરવામાં આવી રહ્યું છે!

ગૃહસેવાની વાત કરવા કે વર્તવાથી ભેટ-ચઢાવા કરવાવાળી જનતાથી સંપર્ક તુટી જશે. એટલા માટે? તો આનો મતલબ થયો કે સ્વસિદ્ધાન્ત સ્વસેવ્યસ્વરૂપ તથા સ્વાભિમાન બધાને અભેરાઈએ ચડાવીને કેવળ અયોગ્યતાને ભગવદ્ભક્તિ કે ભગવન્મનોરથનો સ્વાંગ પહેરાવવો છે!

નવા કાયદાની આગળ ચાલતું નથી એટલે? તો સિદ્ધાન્તોપદેશ ઉપર તો કાનૂની પ્રતિબંધ નથી લાગ્યો તો પછી સિદ્ધાન્તને પ્રકાશિત અને સ્વીકાર કરવામાં આપત્તિ શું છે?

ગૃહસેવા અથવા ગૃહસ્થસેવા અથવા ગૃહસ્થાશ્રમસેવાના પ્રભેદની વાત તો ઉભયવિધ કલ્યાણ(!) પ્રેરિત હોવા છતાં પણ સિદ્ધાન્તગ્રંથોના અજ્ઞાનથી જ પ્રેરિત છે. આને વિભિન્ન ટીકાકારો દ્વારા પ્રદત્ત વ્યાખ્યાના અવલોકન દ્વારા સરળતાથી સમજી શકાય છે-

**આદ્ય તૃતીય પીઠાધીશ શ્રીબાલકૃષ્ણજી :** "બીજસ્ય દાર્ઢ્યે યઃ પ્રકારઃ સ ઉચ્યતે. 'તુ' શબ્દઃ પૂર્વભેદકઃ, યત્ **સ્વગૃહે** સ્થિત્વા....ભજેત્" (ભ.વ.૨)

**આદ્ય ચતુર્થ પીઠાધીશ શ્રીગોકુલનાથજી :** " 'તુ' શબ્દેન એતદતિરિક્ત પ્રકારાન્તરવ્યુદાસઃ ઉક્તઃ **સ્વમાર્ગીયભગવદ્ભજનં ગૃહસ્થિત્યભાવે ન સમ્ભવતીતિ પૂર્વં ગૃહસ્થિતિમેવ** આહુઃ 'ગૃહેસ્થિત્વા' ઈતિ. ભગવદ્ભજનાનુકૂલે ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ કૃષ્ણં ભજેત્" (ભ.વ.૨)

**આદ્ય પંચમ પીઠાધીશ શ્રીરઘુનાથજી :** "ગૃહે સ્થિત્વા કૃષ્ણં

ભજેદ્ ઈતિ અન્વયઃ'' (ભ.વ.૨)

**દ્વિતીય પીઠાધીશ શ્રીકલ્યાણરાયજી :** ''બીજરૂપસ્ય દઢતાસિદ્ધ્યર્થમ્ અયં વક્ષ્યમાણઃ પ્રકારઃ ઈમમેવ આહુઃ, **ગૃહસ્થિતેઃ** ભજનાનુકૂલત્વાત્ (ભ.વ.૨)

**દ્વિતીય પીઠાધીશ શ્રીહરિરાયજી :** ''યથા યેન પ્રકારેણ ચેતઃતત્પ્રવણાત્મિકા ભક્તિઃ વ્યસનપર્યન્તં વૃદ્ધા ભવતિ સર્વથા તથા તેન પ્રકારેણ યઃ ઉપાયઃ સ કથ્યતે. ઉપાયસ્તુ સએવ અત્ર તનુવિત્તજસેવનમ્. ત્યાગાત્યાગવિભેદેન **ગૃહે** ભક્તગૃહે તથા, બીજભાવઃ પ્રાથમિકો યતઃ, સેવા પ્રવર્તતે સ્વામિસેવકભાવાતદ્દાઢર્યાદ્ વૃદ્ધિસમ્ભવઃ અથવા ત્યાગપક્ષેન કૃતશ્રવણકીર્તનાદ્ અનાયાસેન સુદઢભક્તિપ્રાપ્તિઃ ન સંશય, અત્યાગપક્ષે ક્રમશઃ ભક્તિવૃદ્ધિઃ ઈહ ઉચ્યતે. અતઃ હિ બીજદાઢ્ર્યસ્ય પ્રકારઃ અત્ર નિરૂપિતઃ **ગૃહસ્થિતિઃ''** (ભ.વ.૨)

**શ્રીગોપેશ્વરજી :** '' 'તુ' શબ્દઃ પ્રકારાન્તરવ્યવચ્છેદકઃ બીજસ્ય ભગવદ્ભાવસ્ય દાઢ્ર્ય જનકઃ પ્રકારઃ ભગવદ્ભજનલક્ષણઃ....તમેવ આહુઃ **'ગૃહે સ્થિત્વા'**....ઈતિ (ભ.વ.૨).

**શ્રીવલ્લભજી :** ''પાષણ્ડિત્વાભાવાય સ્વધર્મતઃ વર્ણાશ્રમધર્મેણ ગૃહે સ્થિત્વા....**ભજેત્** સેવેત.'' (ભ.વ.૨)

**અજ્ઞાતાનામા વિવૃત્તિકાર** *અનુકૂલે ગૃહે સ્થિત્વા'' (ભ.વ.૨). **શ્રીવલ્લભાત્મજ શ્રીબાલકૃષ્ણજી :** ''યસ્મિન્ બીજભાવઃ દઢઃ તત્ક્રિયા તુ ઈદં-યદ્ ગૃહે **સ્થિત્વા અનુકૂલે** ગૃહે **સ્થિત્વા**....કૃષ્ણં સદાનન્દ ભજેત્'' (ભ.વ.૨)

(*કોઈ મહાનુભાવોના અનુસાર આદ્ય દ્વિતીય પીઠાધીશ શ્રીગોવિંદરાયજી).

**શ્રીગિરધરજી :** ''સ્વગૃહએવ સ્થિતઃ સન્ કૃષ્ણં સદાનન્દં પુરૂષોત્તમં ભજેત્ સેવત'' (ભ.વ.૨)

આનાથી સ્પષ્ટ થઈ જાય છે કે શ્રીગોકુલનાથજી શ્રીગોપેશ્વરજી તથા શ્રીગિરધરજી સ્પષ્ટતમ શબ્દોમાં પોતાના ઘરના સિવાય બીજી જગ્યાએ કરવામાં આવેલી સેવાને સેવા જ નથી માનતા, અવશિષ્ટ પણ બધા વ્યાખ્યાકાર 'ગૃહ'નો અર્થ તો ઘર જ લઈ રહ્યા છે. તેમાં દ્વિતીય પીઠાધીશ શ્રીહરિરાયજીના અનુસાર પોતાના ઘર સિવાય બીજે માત્ર શ્રવણ-કીર્તનાર્થ જવું જોઈએ અને સેવા તો પોતાના ઘરમાં પોતાનાજ તન તથા પોતાનાજ ધનથી કરવી જોઈએ. આનાથી સિદ્ધ થાય છે કે વિશાળ સાર્વજનિક મંદિરમાં વિસ્તૃત આકાર-પ્રકારની સેવાનો ઢોંગ કરવાવાળા પૂજારિઓની તનુજા સેવા તથા દર્શનાર્થીઓની વિત્તજા સેવાનું સમર્થન દ્વિતીય પીઠાધીશ શ્રીહરિરાયજી તો કરતા નથી. પછી તો સિદ્ધ થઈ ગયું કે અકસ્માત્ સાચી નિષ્ઠાના અપહારી પૂજારિપીઠવિઘ્નહારીલાલ અધિવક્તા કલ્યાણપ્રેરિત થઈને માર્ગનું અકલ્યાણજ કરવા માગે છે. અપઠિતપૂજારિતા કયા ખાડામાં પુષ્ટિમાર્ગને પોતાના સ્વાર્થવશ ધકેલવા માગે છે તેનું આ પ્રમાણ છે.

જ્યાં સુધી શ્રીપુરૂષોત્તમજીએ જે 'ગૃહ'નો અર્થ ગૃહસ્થાશ્રમ લીધો છે આનો પ્રશ્ન છે તો એટલું તો સ્પષ્ટ જ છે કે વિવાહપૂર્વ તથા વૈધુર્યોત્તર પણ પુષ્ટિમાર્ગના અનુગામી કે ઉપદેશક ગૃહસ્થાશ્રમી ન હોવાથી પણ સેવા તો કરી જ શકે છે. આનાથી સિદ્ધ થાય છે કે ગૃહસ્થાશ્રમી હોવું આવશ્યક નથી. બ્રહ્મચારી-વાનપ્રસ્થ યતિ પણ સેવા તો કરી જ શકે છે. આ સ્વયં શ્રીમહાપ્રભુએ **''બ્રહ્મચારિપ્રભૃતિનામપિ સેવકસાધનસમ્પત્તૌ એતત્ કર્તવ્યમ્''** (સર્વનિ.૨૪૬) વિધાન દ્વારા સ્વીકાર્યું છે. તેથી શ્રીપુરૂષોત્તમજીના 'ગૃહસ્થાશ્રમી' અર્થમાં પણ ''ગૃહે તિષ્ઠતિ ઈતિ ગૃહસ્થઃ, ગૃહસ્થસ્ય આશ્રમઃ ગૃહસ્થાશ્રમઃ તદ્વાન્ ગૃહસ્થાશ્રમી'' અર્થ જ ફલિત થાય છે. કુટીચક-બહુદક સંન્યાસી પણ ગૃહમાં રહેતા હોવાથી સેવા કરી શકે છે, કોઈ પણ સ્થિતિમાં સેવાના વિસ્તૃત આકાર-પ્રકારના ઢોંગ

અંતર્ગત "તનુવિત્તજા સેવાને સ્વગૃહમાં ભાવસંગોપનની ગરિમાની સાથે નિભાવવા"નો સિદ્ધાન્ત તોડીને આજીવિકાર્થ તનુજા સેવા કરવા અથવા દર્શનાર્થ વિત્તજા સેવા કરાવવા માટે વ્યાવસાયિક ભૂંડા પ્રદર્શન ચલાવવાવાળા સાર્વજનિકીકરણમાં વિકૃત નથી કરી શકાતી. જેઓ કરે છે તેમનામાં ગુરૂત્વાધિકાર લુપ્ત થવાથી બ્રહ્મસંબંધદીક્ષા પ્રદાન કરવાનો અધિકાર છીનવાઈ જાય છે.

**"તદભાવે સ્વયં વાપિ...."** વચનને મર્યાદામાર્ગીય ઉપદેશ માનવાની જે વાત કહેવાઈ ત્યાં આ જ્ઞાતવ્ય છે કે **"અથાપિ ધર્મમાર્ગેણ સ્થિત્વા કૃષ્ણં ભજેદ્ બુધઃ શ્રીભાગવતમાર્ગેણ...."** (સર્વનિ.૨૧૫) ના પ્રારંભથી **"એતન્માર્ગદ્વયં પ્રોક્તં ગતિસાધન સંયુતમ્"** (સર્વનિ.૨૫૬) સુધીની કારિકામાં પુષ્ટિભક્તિ તથા પુષ્ટિપ્રપત્તિનો ઉપદેશ છે. આવી સ્થિતિમાં તદન્તર્ગત આવતા **"માર્ગોઽયં સર્વમાર્ગાણામુત્તમઃ પરિકીર્તિતઃ યસ્મિન્ પાતભયં નાસ્તિ"** (સર્વનિ.૨૨૨) તથા **"સર્વથા ચેદ્ હરિકૃપા ન ભવિષ્યતિ યસ્ય હિ તસ્ય સર્વમશક્યં સ્યાન્માર્ગેઽસ્મિન્ સુતરામપિ, કૃપાયુક્તસ્ય તુ યથા સિધ્યેત્કારણમુચ્યતે....તત્ર આદિતઃ સાધનાનિ આહ 'કૃષ્ણસેવાપરમ્' ઈતિ....સચ દુર્લભઈતિ તેનાપિ વક્તવ્યં પ્રકારમ્ આહ 'તદભાવે'....ઈતિ"** (સર્વનિ.૨૨૬-૨૨૮) આ મધ્યપાતી ઉપદેશ ઓચિંતાનો કેવીરીતે મર્યાદામાર્ગીય બની જશે? અને જો છતાં પણ માનેજ છે કે મર્યાદામાર્ગીય ઉપદેશ છે તો સ્વીકારવું પડશે કે આ મર્યાદામાર્ગ પણ, શ્રીમહાપ્રભુના અનુસાર, સર્વોત્તમ છે તથા ભગવત્કૃપૈકલભ્ય છે.

સાથે સાથેજ શ્રીપુરૂષોત્તમજીવિરચિત આવરણભંગને અપ્રમાણિક ન માનતા હો તો બીજી પણ ઘણી વાતો સિદ્ધ થઈ જાય છે કે સર્વનિર્ણયના આ પ્રકરણમાં વર્ણિત **(૧)** આ માર્ગના ગુરૂ શ્રીમદ્વલ્લભાચાર્યચરણ જ છે અન્ય કોઈ નહીં. **(૨)** "તદભાવે સ્વયં

વાપિ....'' વચનને શ્રીમહાપ્રભુની આજ્ઞા માનીને ભગવત્સેવામાં પ્રવૃત્ત થવાવાળા ઉપર સ્વેચ્છયા અથવા ગુરૂની આજ્ઞા વગર સ્વતઃ પ્રવૃત્ત થવાનો અપરાધ લાગુ નથી થતો. અર્થાત્ આવા આચરણ પર ધર્માભાસ હોવાનો આરોપ પણ પ્રામાણિક નથી. (૩) શ્રીમદ્ભાગવતના તૃતીય સ્કન્ધમાં જે ગુરૂ-આજ્ઞા વિના સ્વતઃ ધર્માચરણ કરવાવાળાને 'મૂઢ' કહેવામાં આવેલ છે, તે વાત પણ શ્રીમહાપ્રભુને ગુરૂ માનીને સેવામાં પ્રવૃત્ત થવાવાળા ઉપર લાગુ નથી થતી. (૪) આ રીતે શ્રીમહાપ્રભુના ગ્રંથોમાં ઉપલબ્ધ આજ્ઞા, જે યદ્યપિ સામાન્યતયા પુષ્ટિજીવોને ઉદ્દેશ્ય કરીને આપવામાં આવી છે, તદન્તર્ગત માર્ગરૂચિવશ પોતાની પુષ્ટિજીવતાનો નિશ્ચય થવા પર વિશેષતયા **''મને પણ શ્રીમહાપ્રભુ નિજગ્રંથો દ્વારા સાક્ષાત્ ભગવત્સેવાની આજ્ઞા આપી રહ્યા છે''** એવી ભાવના રાખીને સેવાનો પ્રારંભ કરી દેવો જોઈએ તથા સેવાના પ્રકારની બાબતમાં ક્યારેય-કાંઈક જિજ્ઞાસ્ય હોય તો સિદ્ધાન્તાભિમત સેવાના પ્રકારમાં તત્પર ભગવદીયોને પૂછી-સમજી લેવું જોઈએ આ પણ સૂચિત થાય છે-''(૧) **એતન્માર્ગીય-ગુરૂત્વં સ્વસ્મિન્નેવ નિયચ્છન્ત આહુ 'સચ' ઈત્યાદિ.** (૨) **'તદભાવે' ઈતિ આજ્ઞાપનાદ્ ઈદં જ્ઞાત્વા કરણે 'યસ્ત્વિચ્છયા કૃતઃ પુંભિરાભાસો હ્યાશ્રમાત્ પૃથકઃ'' ઈતિ આભાસત્વાભાવઃ સેવાયાઃ.** (૩) **તૃતીયસ્કન્ધોક્તમૌઢ્યાભાવશ્ચ સેવાકર્તુઃ સાધિતઃ.** (૪) **સ્વયમેવ સેવાકરણેપિ પ્રકારવિશેષસન્દેહે તાદશાઃ યદિ મિલન્તિ તદા પ્રકારાંશે પૃષ્ટવ્યાઃ ઈત્યપિ સૂચિતમ્''** (સર્વનિ.આ.ભં.૨૨૮).

આનાથી સિદ્ધ થાય છે કે ગુરૂની અપરિહાર્યતા બતાવનારા શાસ્ત્રવચનો તથા શ્રીમદાચાર્યવચનોનો **''તદભાવે સ્વયં વાપિ....''** અનુકલ્પમાં બાધ નથી. કેમકે **''કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં નરં શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેદ્ જિજ્ઞાસુરાદરાત્''** વચનમાં સામાન્ય વ્યવસ્થા દ્યોતિત થઈ છે મુખ્યકલ્પતયા. જ્યારે કે **''તદભાવે સ્વયં વાપિ**

**મૂર્તિં કૃત્વા હરેઃ ક્વચિત્ પરિચર્યાં સદા કુર્યાત્ તદ્રુપં તત્ર ચ સ્થિતમ્''** વચનમાં વિશેષ વ્યવસ્થા ઘોતિત થઈ છે અનુકલ્પતયા. ક્યારેય પણ એ ન ભૂલવું જોઈએ કે આ અનુકલ્પને શ્રીમહાપ્રભુએ **''અયમેવ અસ્યા માર્ગસ્ય પ્રકારઃ ઉત્તમઃ''** કહીને બિરદાવ્યો છે.

આવી સ્થિતિમાં ''શ્રીમદ્વલ્લભાચાર્યના દાર્શનિક આચારની પરંપરા'' ગ્રંથના લેખકે શ્રદ્ધાતિરેકવશ જે પૂર્વોદાહૃત ક ખ ગ ઘ ચ જેવા વચનોનું અવલંબન કરીને ગુરૂની અપરિહાર્યતાની બાબતમાં જે વાતો વધારી-વધારીને લખી દીધી છે એનું કોઈ મહત્વ રહી નથી જતું. કેમકે એ બધા વચન ગુરૂ-આજ્ઞાના અભાવના સંદર્ભમાં છે જ્યારે કે અહીં શ્રીમહાપ્રભુ સ્વયં જ સ્વયંના ગ્રંથોને ગુરૂરૂપમાં પ્રતિષ્ઠાપિત કરી રહ્યા છે.

એતાવતા આ સિદ્ધ થયું કે **''સેવાકૃતિર્ગુરોરાજ્ઞા બાધનં વા હરિચ્છયા''** તથા **''સ્વતઃ કરણે હિ સર્વત્ર દોષાઃ'' ''સ્વતઃ પ્રવૃત્તસ્ય મનસઃ પ્રતિબન્ધકત્વાત્''** વગેરે વચનોનો પરસ્પર કોઈ પ્રકારનો વિરોધ **''તદભાવે સ્વયં વાપિ....પરિચર્યાં સદા કુર્યાત્''** - વચનની સાથે નથી. તેથી બંનેમાંથી કોઈ પ્રકારના વચનને નિરર્થક માનવાનો કોઈ હેતુ નથી.

જ્યાં સુધી આ વચનોને પ્રકાશિત કરવાથી અનુયાયિજનસમાજ દીક્ષાદાતામાં કૃષ્ણસેવાપરતા દંભાદિરહિતતા તથા શ્રીભાગવતતત્ત્વજ્ઞતાની પરખ કરવા માગશે, જેવી આપત્તિઓનો પ્રશ્ન છે તો અહીં આવરણભંગમાં તો શ્રીપુરૂષોત્તમજીએ આ સ્પષ્ટતમ શબ્દોમાં સ્વીકાર્યું છે. કે શિષ્યે દીક્ષાદાતા બનનારની પરીક્ષા કરવી જોઈએ તથા ગુરૂને દીક્ષાગ્રહીતા બનનારની પરીક્ષા કરવી જોઈએ. અન્યથા અન્ધાનુકરણ થશે-**''એતાદૃશસ્ય લોકાનુગતપશુ રૂપત્વાત્ તાદશોનુસરેણ અન્ધાનુગાન્ધવદ્ ઉભાવપિ પતેતામ્''** (સર્વનિ.આ.ભં.૨૨૭) સ્વચ્છંદતા તો શિષ્યોમાં ફેલાય કે ગુરૂમાં ફેલાય ઉભયત્ર દોષાવહ જ છે. તેથી પરપસ્પર હળીમળીને જ અન્યતરમાં ફેલાતી સ્વચ્છન્દતાને રોકવામાં

આવી શકે છે. બંનેમાંથી કોઈ એકનીજ સ્વચ્છન્દતાને રોકવાથી સ્વમાર્ગના વાસ્તવિક હિતની સંભાવના ક્ષીણ જ છે.

આ રીતથી સાચી નિષ્ઠાના અપહારી પૂજારિપીઠવિઘ્નહારીલાલ અધિવક્તાના પૂર્વપક્ષનું નિરસન થયું. હવે દ્વિતીય (ખ) પૂર્વપક્ષનો વિમર્શ કરી લેવો છે.

ત્યાં આ જે કહેવામાં આવ્યું કે કલિયુગની પ્રબલતાના કારણે આચાર્યવંશજોમાં દંભાદિ રહિત થઈને કૃષ્ણસેવા કરવી તથા શ્રીભાગવતાનુસારી ઉપદેશ દ્વારા બીજાઓથી સેવા કરાવવી, આ ગુણોને ધારણ કરી શકવાની લાયકાત ન રહેવાથી શ્રીમહાપ્રભુને જ ગુરૂબુદ્ધ્યા જોવા જોઈએ, તો આ તો ઉચિત જ છે. પરંતુ આના કારણે, આચાર્યવંશજોને સિદ્ધાન્તવૈપરીત્યેન સેવાની અનુજ્ઞા નથી મળી શકતી. તેથી નિજગૃહમાં નિજતન તથા નિજધન દ્વારા ભાવસંગોપનની ગરિમાની સાથે જેઓ કૃષ્ણસેવા નથી નભાવી શકતા એમને કેવળ આચાર્યવંશજ હોવાના નાતે ભગવદ્રૂપ નથી માની શકાતા. કેમકે જ્યાં ગુરૂત્વ માન્ય હોય ત્યાંજ ભગવદ્બુદ્ધિ શાસ્ત્રવિહિત છે. કેવળ ગુરૂવંશજ હોવાના કારણે ન તો ગુરૂત્વ સિદ્ધ થાય છે અને ન ભગવત્ત્વ. અતએવ **"આચાર્યે તુ ખલુ પ્રેતે ગુરૂપુત્રે ગુણાન્વિતે...."** (મનુસ્મૃતિ.૨/૨૪૭)માં ગુણાન્વિત હોવાથી ગુરૂપુત્રમાં ગુરૂવદ્ બુદ્ધિનું વિધાન છે. અન્યથા જ્યારે ગુરૂત્વ જ ન હોય તો ભગવદ્બુદ્ધિની કથા જ અપ્રાસંગિક બની જાયછે. આથી "બાલક સબ બ્રહ્મ જાનિયે" જેવા વચનોનું પણ સાચું તાત્પર્ય સ્પષ્ટ થઈ જાય છે.

રહી વાત દયા ભવૈયાના ઉદ્ધારની અથવા ગુલાબદાસના ગુલાબખાન બનવાની તો આ અને આવી વાર્તાઓ ભગવત્સામર્થ્યના ઉપદેશાર્થ છે, નહીં કે સિદ્ધાન્તવિરૂદ્ધ આચરણની અનુમતિ પ્રદાન કરવા માટે. અન્યથા શિશુપાલને સો ગાળો આપવા છતાં પણ મુક્તિ મળી તો વ્યર્થમાં જ ભગવાનના ગુણગાન જ શા માટે કરવા-ગાળોપ્રદાન જ શા

માટે નહીં. પછી ગોસ્વામી રહેવાની પણ શું આવશ્યકતા છે. કેમ બધા ગુલામ રસૂલ નથી બની જતા? એતાવતા આ સિદ્ધ થયું કે સિદ્ધાન્તાનુરોધ કરવાવાળાને સિદ્ધાન્તવિરૂદ્ધ આચરણ કરવાવાળાઓના પણ ઉદ્ધારની ભગવત્સામર્થ્યમાં સંશય-શંકા નથી. પરંતુ જેમ ભગવત્કૃપાપાત્રતાનું નિદર્શન ભગવદ્ભક્તિમાં પરિલક્ષિત થાય છે તેવીજ રીતે ભગવદુદ્ધારસામર્થ્ય પણ દૈવી જીવોમાં ઉત્સર્ગતયા દૈવી વાસનાના સ્વરૂપમાંજ પરિલક્ષિત થાય છે. અપવાદને સિદ્ધાન્ત નથી માની શકાતા.

આનાથી સિદ્ધ થયું કે ''તદભાવે સ્વયં વાપિ....'' વચનને ભૂલી જવાથી જ સંપ્રદાયમાં મહતી હાનિ થઈ છે. પ્રકટ હોવા પર તો ઉપદેશક તથા અનુયાયી બંને વર્ગને જ આનાથી લાભ જ થશે. આજે તનુવિત્તજા સેવા જે ઉપદેશક તથા અનુયાયિજન સમુદાય બંનેનું જ કર્તવ્ય હતું તે છૂટી ગયું છે. સિદ્ધાન્તવિરૂદ્ધતયા ઉપદેશક વર્ગ તનુજા પરાયણ દેવલક પૂજારિ બની ગયો છે તથા અનુયાયિજનસમુદાય વિત્તજા સેવા પરાયણ કેવળ દર્શનાર્થી બનીને રહી ગયા છે. એકથી બીજા મંદિરોમાં ભટકી રહેલી વૈષ્ણવ જનતા માર્ગના અપસિદ્ધાન્તના ખાડામાં ધકેલાવા માટે સન્નદ્ધ છે.

સ્વધર્મનિષ્ઠાસહિત રહેવાથી ઈતરમાર્ગી આપણી નિંદા પણ કરતા હોય તો શું નુકશાન છે અને સ્વધર્મનિષ્ઠારહિત થવાથી ઈતરમાર્ગીય આપણી પ્રશંસા પણ કરતા હોય તો શું લાભ છે?

**સૂત્ર**

**અનેક વચનોના આધારે ગુરૂમુખથી બ્રહ્મસંબંધની દીક્ષા લીધા વગર ભગવત્સેવાર્થ આવશ્યક સર્વ દોષોની નિવૃત્તિ અસંભવ હોવાથી ''તદભાવે સ્વયંવાપિ....'' વચનોક્ત કલ્પ અનુસરણીય નથી આવું વિચારવું પણ અનુચિત છે કેમકે આ જ વચનોની અન્યયોપપત્તિ પણ સંભવ છે** (૧/૬).

**ભાષ્ય**

પ્રસ્તુત અધિકરણના વિષયવાક્ય અનેક લઈ શકાય છે, શ્રીમહાપ્રભુના શ્રીપ્રભુચરણના તથા પરવર્તી વ્યાખ્યાકાર, વાર્તાકાર તેમજ વચનામૃતકાર મહાનુભાવોના પણ

**યથા–**

**(ક)** બ્રહ્મ સમ્બન્ધ કરણાત્ સર્વેષાં દેહજીવયોઃ સર્વદોષ–નિવૃત્તિર્હિ....અન્યથા સર્વદોષાણાં ન નિવૃત્તિઃ કથંચન'' (સિ.ર.)

**(ખ)** નિર્દુષ્ટં હિ ભગવાન્ ગૃહ્ણાતિ (સુબો.૧૦ ઉ./૪/૩)

**(ગ)** શુદ્ધૈરેવ ભગવત્સેવા કર્તું શક્યતે (સુબો.૧૦પૂ./૨/૩૪)

**(ઘ)** આત્મનિવેદિનો હિ ભગવદ્ભજનાર્હાઃ ન ઈતરે (નવરત્ન વિવૃતિ ૧)

**(ચ)** બ્રહ્મસમ્બન્ધકરણં નામ એતન્માર્ગીયાચાર્ય દ્વારા ભગવન્નિવેદનમ્ (શ્રીગોકુલનાથજીકૃત સિ.ર. વિવૃતિ ૨)

**(છ)** બ્રહ્મસમ્બન્ધો નામ સ્વમાર્ગાચાર્યદ્વારા ભગવતિ નિવેદનમ્ (શ્રીકલ્યાણરાયજીકૃત સિ.ર. વિવૃતિ ૨)

**(જ)** આત્મનિવેદનં હિ સેવાધિકારાર્થં સંસ્કારરૂપતયા ભગવતો અભિપ્રેતમ્ (શ્રીપુરૂષોત્તમજીકૃત નવ.વિ.પ્ર.૨)

**(ઝ)** નિજમાર્ગમાં અંગીકાર થયા વિના ભગવત્સેવામાં અધિકાર ન થાય (નિજવાર્તા)

**(ટ)** અંશાવતારના ભજનમાં બધાનો અધિકાર પૂર્ણપુરૂષોત્તમના ભજનમાં સમર્પણ મંત્રના પછી અધિકાર (શ્રીદ્વારકેશજીકૃત ભાવભાવના)

**(ઠ)** તથા અર્વાચીનાનામ્ અતથાત્વેપિ તન્મૂલભૂતેષુ આચાર્યેષુ

અનુગ્રહાત્ તદનુસારિણઃ તારયસિ (સુબો.પ્રકા.૧૦૫/૨/૩૧)

(ડ) અતએવ સાક્ષાત્ પરમ્પરયા વા ભગવન્મુખોક્તં ગુરૂમુખાત્ શ્રુતમ્....પઠિતસ્ય હિ અનુવચનમ્ આવશ્યકમ્ (સુબો.૧/૧/૧૩)

આ અને આવા અન્ય પણ બધા વચનોના અવલોકનથી એવું પ્રતીત થાય છે કે સેવાકર્તા તત્સહયોગી સેવોપયોગિસ્થળ તથા સેવોપયોગિદ્રવ્ય વગેરે બધી વ્યક્તિ તથા વસ્તુઓની સેવાર્થ અપેક્ષિત શુદ્ધિ બ્રહ્મસંબંધ લીધા વિના થઈ જ નથી શકતી. ભગવાન્ સ્વયં દોષરહિત તેમજ શુદ્ધ છે તેથી નિર્દુષ્ટ તેમજ શુદ્ધ વ્યક્તિ તેમજ વસ્તુના સેવામાં વિનિયોગ થવાથીજ તેને સ્વીકારે છે અન્યથા નહીં. એતન્માર્ગીયાચાર્યના સાક્ષાત્ મુખથી શ્રવણોપદેશના વિના બ્રહ્મસંબંધ શક્ય નથી. તેથી આત્મનિવેદન કે બ્રહ્મસંબંધ વગર સેવાનો અધિકાર પ્રાપ્ત જ નથી થતો. બ્રહ્મસંબંધ વિના કરવામાં આવેલી સેવા પુરૂષોત્તમપર્યાવસાયિની પણ નથી થઈ શકતી. તેથી આધુનિક માર્ગાચાર્યોમાં કૃષ્ણસેવાપરતા તથા દંભાદિરહિતતા તથા શ્રીભાગવતતત્ત્વજ્ઞતા હોય અથવા દેવલક પૂજારીતા હોય પરંતુ બ્રહ્મસંબંધ તો ભગવત્સેવાધિકાર-સંપાદનાર્થ શ્રીમહાપ્રભુના વંશજો પાસેથી જ લેવું અનિવાર્ય છે. આવું પ્રતિત થાય છે.

સંશય અહીં આ થાય છે કે ત્યારે આ વાક્યોની **"તદભાવે સ્વયં વાપિ...."** વચન સાથે સંગતિ બેસી નહીં શકે. ત્યારે શું આ બધા વાક્યોને શ્રુતાર્થથી ભિન્ન કોઈ તાત્પર્યના પ્રતિપાદક માનવા જોઈએ અથવા **"તદભાવે સ્વયં વાપિ...."** વાક્યને શ્રુતાર્થથી ભિન્ન કોઈ તાત્પર્યનું પ્રતિપાદક માનવું જોઈએ.

પૂજારિપીઠવાદનો પૂર્વપક્ષ અહીં આ છે કે અનેક વાક્યોના વિરૂદ્ધ હોવાથી આ એક વાક્યનો જ શ્રુતાર્થથી ભિન્ન કોઈક તાત્પર્ય શોધી લેવું

જોઈએ, ''ભૂયસામ્ અનુગ્રહઃ ન્યાય્યઃ''નીતિના અનુસાર.

આચાર્યપીઠવાદનો ઉત્તરપક્ષ આ છે કે શ્રીમહાપ્રભુવિરચિત સુબોધિની (૨/૯/૩૨)ના અનુસાર જ્યારે શ્રુતિઓમાં આ રીતે પરસ્પર વિરોધાભાસ ક્યારેય પ્રકટ કે પ્રતીત થતો હોય તો ''ભૂયસામનુગ્રહો ન્યાય્યઃ''નીતિ ઉચિત નથી. આપસમાં સીંગડા મારનારી બે ગાયોમાંથી કોઈ પણ એક ગાયને દંડો મારીને ભગાવીને પારસ્પરિક કલહ મટાડવાની રીત સાચા ગોભક્તની ક્યારેય પણ હોઈ નથી શકતી. તેથી પરસ્પર વિરોધાભાસી વાક્યોનું પ્રામાણ્ય સમપ્રધાન માનીનેજ અર્થાત્ ઉભયવિધ વાક્યો તુલ્ય સંમાન કરીને વિરોધોપશમનો પ્રયાસ કરવો જોઈએ-

**પ્રત્યક્ષાદષ્ટવિષયે પદાર્થાઃ શ્રુતિગોચરાઃ ।**
**પરસ્પરં વિરુદ્ધાસ્તે નૈકશેષં ભવન્તિ હિ ।।**
**ઉભયોઃ વૈદિકત્વેન કઃ સ્યાદત્ર નિયામકઃ ।**
**વિચારકાણાં બુદ્ધિસ્તુ સોપજીવ્યા શ્રુતેઃ સદા ।।**

આવી સ્થિતિમાં શ્રીમહાપ્રભુ અથવા શ્રીપ્રભુચરણના સમાનાર્થપ્રતિપાદક બહુસંખ્ય વાક્યોનું અકુંઠિતપ્રામાણ્ય તથા આનાથી ભિન્નાર્થ પ્રતિપાદક વાક્યોનું કુંઠિતપ્રામાણ્ય સ્વીકારીને તત્ત્વનિર્ધારિણની વિચાર રીતિ પણ વાલ્લભી નથી હોઈ શકતી. જ્યાં સુધી વાક્યોની વચ્ચે પ્રતીત થતી વિરોધાભાસિતાનો પ્રશ્ન છે તો એને તો અનેક પ્રકારના ઉહોંના આધારે પરસ્પર સંવાદિતામાં બદલી શકાય છે.

**યથા-**

(૧) **ઉત્સર્ગ-અપવાદન્યાયેન** શ્રીમહાપ્રભુના વંશજ એતન્માર્ગીયાચાર્યોના મુખથી બ્રહ્મસંબંધમંત્રના ઉપદેશ શ્રવણથીજ સેવાધિકાર પ્રાપ્ત થાય છે આ ઔત્સર્ગિક નિયમ છે. આપવાદિક નિયમ, પરંતુ, આ પણ હોઈ શકે છે કે શ્રીમદાચાર્યચરણના ગ્રંથોમાં ઉપલબ્ધ વાણીની ભાવના એવી કરવી જોઈએ કે આ સ્વયં શ્રીમહાપ્રભુજ પોતાના

મુખારવિન્દથીજ આપણને સાક્ષાત્ ઉપદેશ આપી રહ્યા છે. તેથી શ્રીમહાપ્રભુમાં ગુરૂત્વની ભાવના રાખીને ગ્રન્થસ્થ મંત્રના ઉપદેશશ્રવણની ભાવના દ્વારા ગ્રહણ કરવો જોઈએ. અને ત્યારે સેવાધિકાર સંપન્ન થયો જાણીને આચાર્યોપદિષ્ટ પ્રકારથી નિજગૃહમાં બિરાજમાન ભગવત્સ્વરૂપની તનુવિત્તજા સેવાના ભાવસંગોપનની ગરિમાની સાથે કરવા લાગી જવું જોઈએ.

જેમ સેવ્ય ભગવત્સ્વરૂપની પ્રાપ્તિના સિદ્ધાન્તને સમજાવતા શ્રીગોપીનાથપ્રભુચરણોંએ ઉત્સર્ગ-અપવાદ બંનેનું નિરૂપણ કર્યું છે-

**ગુરૂદત્તાં સ્વયં લબ્ધાં ભક્તૈરપિ સુપૂજિતામ્ ।**
**વ્યંગાંગીમપિ સેવેત યદિ ભાવો ન બાધતે ॥**

(સાધનદીપિકા ૯૦)

ગુરૂપ્રદત્ત ભગવત્સ્વરૂપની જ સેવા કરવી જોઈએ આ ઔત્સર્ગિક નિયમ હોવાથી પ્રથમ કલ્પ છે, સ્વયંલબ્ધ, અન્યભક્તસુપૂજિત અથવા વ્યંગાંગ સ્વરૂપની સેવા પણ આપવાદિક રૂપમાં ભાવાગ્રહવશ અનુમત છે. આવી રીતે દીક્ષાની બાબતમાં પણ સ્વીકારી શકાય છે કે આચાર્યવંશજ રૂપ ગુરૂપ્રદત્ત દીક્ષામંત્રનો ગ્રહણનિયમ પ્રથમ કલ્પ છે, ઉત્સર્ગવિધયા, અપવાદવિધયા, પરંતુ, આ પણ સંભવ છે કે કોઈ લિખિત-કે-મુદ્રિત ગ્રંથોમાંથી સ્વયંલબ્ધ દીક્ષામંત્રાક્ષરોનું, અથવા અન્ય કોઈ ગૃહિતમંત્ર વ્યક્તિના મુખથી પણ મંત્રાક્ષરોનું ગ્રહણ શ્રીમદાચાર્યચરણથી જ સાક્ષાત્ મંત્રોપદેશગ્રહણની ભાવના રાખીને પ્રાપ્ત કરી લેવું. એતદર્થ જે સ્વસમાન વ્યક્તિના મુખથી મંત્રાક્ષરોની પ્રાપ્તિ થઈ હોય તેને ગુરૂ માનવાની કોઈ જરૂર નથી.

આ અપવાદવિધિના અનુસરણનો પ્રસંગ પણ ઉલ્લિખિત **''વ્યંગાંગીમપિ સેવેત''** વચનની તુલના દ્વારા સમજી શકાય છે. અહીં ખંડિત સ્વરૂપની જ સેવાની આજ્ઞા નથી પરંતુ ખંડિત સ્વરૂપની પણ

સેવાની અનુજ્ઞા આપવામાં આવી રહી છે, જો સ્વરૂપના ખંડિત હોવા છતાં પણ ભાવ ખંડિત ન થઈ જતો હોય તો. તેથી સ્પષ્ટ છે કે આ ઉત્સર્ગ નિયમ નહીં પરંતુ અપવાદનિયમ છે.

ગુરૂના સ્વરૂપ ઘટક ત્રણ કે ચાર ગુણધર્મ શ્રીમહાપ્રભુક્ત છે તથા એક ગુણધર્મ શ્રીપ્રભુચરણસૂચિત છે. તેથી પુષ્ટિમાર્ગીય ગુરૂનું સંપૂર્ણ સ્વરૂપ આ પ્રકારથી આપી શકાય છે કે **''કૃષ્ણસેવાપરત્વે સતિ દમ્ભાદિરહિતત્વે સતિ શ્રીભાગવતતત્ત્વજ્ઞત્વે સતિ શ્રીમદ્વલ્લભ-વંશજત્વમ્'',** જે વ્યક્તિમાં ચારેય ગુણધર્મ પ્રકટ હોય તેને જ પોતાના ગુરૂ બનાવવા આ ઉત્સર્ગવિધિ છે. અન્યથા સ્વરૂપ ઘટક ચારેય ગુણધર્મોમાંથી એક કે વધારેના અભાવમાં ગુરૂસ્વરૂપ ખંડિત થવું સમજવું જોઈએ. આવા ખંડિત ગુરૂસ્વરૂપ પાસેથી મંત્રદીક્ષા લેવી કે નહીં આ આશંકાના સમાધાનતયા આ જ કહી શકાય છે કે **''યદિ ભાવો ન બાધતે''**. જો ભાવ ખંડિત ન થયો હોય તો લઈ લો અન્યથા સ્વરૂપને ખંડિત જોઈને ભાવ પણ ખંડિત થઈ જતો હોય તો ઉલ્લિખિત પ્રકારથી સ્વયં જ બ્રહ્મસંબંધ લઈ લે શ્રીમદ્વલ્લભાચાર્યચરણને જ પોતાના ગુરૂ માનીને.

અહીં 'શ્રીવલ્લભવંશજત્વ' સ્વરૂપયોગ્યતાધાયક વિશેષ્યકોટિ છે જે શ્રીપ્રભુચરણોક્ત-**''ભૂવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્ પિતા સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ સ્મયાપહઃ''** (સર્વો.૨૨) આ શ્રીમદાચાર્ય-નામો દ્વારા સૂચિત થાય છે. આ જ રીતે **''કૃષ્ણ સેવાપરત્વે સતિ દમ્ભાદિરહિતત્વે સતિ શ્રીભાગવતતત્ત્વજ્ઞત્વં''** ફલમુખ યોગ્યતાધાયક વિશેષણકોટિ છે, જે **''કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં નરં શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેજ્જિજ્ઞાસુરાદરાત્''** (સર્વનિ.૨૨૭) શ્રીમદાચાર્યોક્ત વચનથી સિદ્ધ છે. આમાંથી અન્યતમ ગુણધર્મના અભાવમાં ગુરૂસ્વરૂપ ખંડિત થઈ જાય છે. પરિણામરૂપેણ ઔત્સર્ગિક

નિયમના અપવાદની અનુજ્ઞા મળી જાય છે, જો ભાવ બાધિત થઈ રહ્યો હોય તો.

જો આ છૂટના કારણે સંપ્રદાયમાં અવ્યવસ્થા ફેલાઈ જવાનો ભય લાગતો હોય અને યથાકથંચિત્ બ્રહ્મસંબંધદીક્ષાનો પ્રદાન અધિકાર કેવળ આચાર્યવંશજોમાંજ પરિસીમિત રાખવો હોય તો એ સૈદ્ધાન્તિક નિયતિ ન હોઈને કેવળ વ્યાવહારિક વ્યવસ્થા માત્ર કહી શકાય છે–અન્ય કાંઈ નહીં. વ્યાવહારિક વ્યવસ્થાની પણ ઉપયોગિતા આના ઉપર નિર્ભર કરે છે કે સંપ્રદાયને આના કારણે લાભહાનિમાં ન્યૂનાધિક્ય શું–કેટલું છે.

સ્પષ્ટ છે કે નિરંકુશતા જો બિંદુસૃષ્ટિરૂપ આચાર્યવંશજોની સ્વીકારવામાં આવી તો તેઓ ઉત્પથગામી બનીને પોતાના આરાધ્ય અને એમની સેવાનું પ્રદર્શન તથા આજીવિકાર્થ વિનિયોગ કરવા લાગી જશે. જો નાદસૃષ્ટિરૂપ સાધારણ વૈષ્ણવજનતાને નિરંકુશ રહેવા દેવામાં આવે તો તે પણ સમજ્યા–વિચાર્યા વિના આ છૂટના કારણે સ્વયં ઉત્પથગામિની બની જશે અથવા સંપ્રદાયદ્વેષીઓ દ્વારા બનાવવામાં આવી શકે છે. આથી આવશ્યક આ જ છે કે કોઈ પણ દુરાવ–છુપાવ રાખ્યા વગર સાચો સિદ્ધાન્ત બધાની સમક્ષ પ્રસ્તુત કરી દેવો જોઈએ. બાકી બધી વાતો બુદ્ધિપ્રેરક શ્રીકૃષ્ણની કૃપા ઉપર છોડી દેવી જોઈએ. કેમકે આ માર્ગને શ્રીકૃષ્ણની કૃપાના કારણે પ્રાપ્ત થનારો માર્ગ હોવાના કારણે 'પુષ્ટિમાર્ગ' કહેવામાં આવે છે, નહીં કે શ્રીમદાચાર્યવંશજોની કૃપાના કારણે પ્રાપ્ત થનારો માર્ગ હોવાના કારણે.

કોઈ પણ સ્થિતિમાં માર્ગદર્શક નેતાનું ઉત્તરદાયિત્વ સિદ્ધાન્તોની સુરક્ષાના માટે પ્રમુખ છે માર્ગાનુયાયીજનતાના બદલે. અતએવ ''કૃષ્ણ સેવા પરં વીક્ષ્ય....''માં 'વીક્ષ્ય' પદનું સ્વારસ્ય સમજાવતાં શ્રીપુરૂષોત્તમજીએ આ સ્પષ્ટ કર્યું છે કે સર્વપ્રથમ તો દીક્ષાર્થીને દીક્ષાદાતાની પરીક્ષા લેવી જોઈએ. અન્યથા બે આંધળા આપસમાં એક–

બીજા ઉપર નિર્ભર હોવાના કારણે જે નહીં પડતો હોય તેને પણ પછાડી દેશે-" **'વીક્ષ્ય' ઈત્યનેન માર્ગાન્તરાદ્ અત્ર વૈલક્ષણ્ય જ્ઞાપિતમ્."ઈક્ષદર્શનાંકનયોઃ". 'વિ'ના ચ સમ્યકત્વં પરીક્ષણે દ્યોત્યતે. તથાચ તન્ત્રે 'ગુરૂઃ પરિક્ષે ચ્છિષ્યમ્' ઈતિ વાક્યાત્ શિષ્યઃ યથા પરીક્ષ્યતે તથા અત્ર ગુરૂઃ. નો ચેદ્ અતાદશસ્ય લોકાનુગત પશુરૂપત્વાત્ તાદશઃ અનુસરણે અન્ધાનુગાન્ધવદ્ ઉભાવપિ પતેતામ્"** (સર્વનિ.આ.ભં. ૨૨૭).

આ દીક્ષાર્થિકર્તૃક ગુરૂ પરીક્ષણને માન્ય રાખશું ત્યારેજ આ સંપ્રદાયમાં આચાર્યોક્ત વિશેષણ કોટીના ગુણધર્મોને સ્વયંમાં વિકસિત કરવાની ભાવના શ્રીમદાચાર્યવંશજોમાં પણ પનપશે. અન્યથા કેવળ ચેલા મૂંડવાના ષડ્યંત્રથી તો વ્યક્તિગત લાભ પૂજાની સ્વાર્થસિદ્ધિ જ સંભવ છે પરંતુ સંપ્રદાયને આનાથી લાભ નહીં મળી શકે.

**(૨) કાલભેદ-પ્રયુક્ત-કર્મભેદન્યાયેન** જેમ પૂરા કાલમાં કેટલાક વિહિત કર્મ પણ "અગ્નિહોત્રં ગવાલમ્ભં સંન્યાસં પલપૈતૃકં દેવરાચ્ચ સુતોત્પત્તિ કલૌ પંચ વિવર્જયેત્" આ કલિવર્જ્યપ્રકરણોક્ત વચનના આધારે કલિયુગમાં નિષિદ્ધ માનવામાં આવેલા છે. બરાબર એજ રીતે જ્યાં સુધી શ્રીમદાચાર્યચરણના વંશજોમાં શ્રીકૃષ્ણસેવાપરતા-દંભાદિરહિતતા-શ્રીભાગવતતત્ત્વજ્ઞતા લક્ષણ મળે છે ત્યાં સુધી શ્રીમહાપ્રભુને **"ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્ પિતા, સ્વવંશેસ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ"** માનીને એમના વંશજો પાસેથી જ મંત્રાક્ષરોપદેશગ્રહણ, સેવાર્થ ભગવત્સ્વરૂપગ્રહણ તથા સેવાકરણાર્થ પ્રકારાદિની આજ્ઞા લેવાનો આગ્રહ રાખવો જોઈએ આ **"ભજેદ્ જિજ્ઞાસુઃ આદરાત્"** (સર્વનિ.૨૨૭)માં વર્ણિત થયું છે. હવે આ ઉલ્લિખિત ગુણોના સર્વથા વિપરીત લક્ષણ જો આચાર્યવંશજોમાં દષ્ટિગત થતા હોય તો શ્રીમહાપ્રભુને **"સ્મયાપહઃ"** માનીને સ્વયમેવ અર્થાત્

આચાર્યચરણના ચિત્ર આદિ રૂપમાં સાક્ષાત્ ઉપસ્થિતિની ભાવના કરીને મંત્રાક્ષર તથા સિદ્ધાન્ત શ્રીમદાચાર્યચરણ વિરચિત ગ્રંથોથી પ્રાપ્ત કરી લેવું જોઈએ. અર્થાત્ શ્રીમદાચાર્યચરણને જ સાક્ષાદ્ ગુરૂ માનીને આચાર્યોપદિષ્ટ ભગવત્સેવામાં તત્પર થઈ જવું જોઈએ. આ **"તદભાવે સ્વયં વાપિ...."** માં વર્ણિત થયું છે.

આ કાલભેદપ્રયુક્ત માર્ગપ્રવેશપ્રકારોનો ભેદ છે જેને યથાકાલ અનુસરણીય માની શકાય છે.

આમેય પણ સર્વથા શાંત ચિત્તથી આ એક વિચારણીય વિષય છે કે જેમ શ્રીપ્રભુચરણના સાત પુત્રોમાંથી હવે કેવળ બે પુત્રોનો જ વંશ રહી ગયો છે, પરંતુ, ભવિષ્યમાં જો ક્યારેય એક પણ પુત્રનો વંશ રહી નહીં જાય તો શું બિરાજમાન ભગવત્સ્વરૂપોની સેવાજ બંધ કરી દેવી કે **"તદભાવે સ્વયં વાપિ...."** અનુકલ્પને અનુસરીને ભગવત્સ્વરૂપની સેવા તો નિભાવવી જ જોઈએ? બંનેમાંથી કયો કલ્પ યુક્ત છે?

શ્રીમહાપ્રભુની સ્પષ્ટોક્તિ-**"ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્"** (પુ.પ્ર.મ.ભેદ ૧૨)ના અનુસાર તો ભગવત્સેવા જ પુષ્ટિસૃષ્ટિનું મુખ્ય પ્રયોજન છે. સર્વોત્તમસ્તોત્રના અનુસાર તો શ્રીમહાપ્રભુએ સ્વવંશ પણ ભૂતલ ઉપર ભગવત્સેવાત્મિકા ભક્તિના પ્રચારાર્થ જ સ્થાપિત કર્યો. એવો ઉલ્લેખ તો ક્યાંય પણ નથી મળતો કે સ્વવંશજોમાં આચાર્યત્વની સ્થાપનાને માટે ભક્તિમાર્ગનો પ્રચાર કર્યો. તેથી ભગવત્સેવા પ્રયોજન છે તથા સ્વવંશજોમાં ગુરૂત્વ કે આચાર્યત્વનું આધાન તો કેવળ એક સાધન માત્ર છે. સાધન-પ્રયોજનની દ્વયીમાં પ્રયોજનની મુખ્યતા સર્વવિદિત છે. તેથી ઉત્સર્ગતઃ જ્યાં સુધી શ્રીમહાપ્રભૂક્ત લક્ષણવિશિષ્ટ શ્રીમદ્વલ્લભવંશજ ભૂતલ ઉપર વિદ્યમાન છે ત્યારે એમના મુખથી મંત્રોપદેશગ્રહણની વિધિ છે. લક્ષણરહિત વલ્લભવંશજોના કાલમાં **"તદભાવે સ્વયં વાપિ...."** કલ્પ અનુસરણીય છે.

જ્યાં સુધી–''અંશાવતારના ભજનમાં બધાનો અધિકાર પૂર્ણાવતારના ભજનમાં સમર્પણ મંત્રના પછી અધિકાર'', જેવા વચનોની સંગતિનો પ્રશ્ન છે તો આને સિદ્ધાન્તવાક્ય તો માની નથી શકાતું. કેમકે વ્રજના ગોપ ગોપિકાઓને તો સમર્પણમંત્રના વગર જ પૂર્ણાવતાર પુષ્ટિપુરૂષોત્તમનું ભજન સુલભ થયું હતું. આનાથી સિદ્ધ થાય છે કે આ સિદ્ધાન્તદ્યોતક વચન નથી. પરંતુ શ્રીમદાચાર્યચરણપ્રવર્તિત સંપ્રદાયમાં વ્યવસ્થાનું દ્યોતક વચન છે. સ્વયં બંગાળીઓને પણ પૂર્ણ પુરૂષોત્તમ પુષ્ટિમાર્ગસ્વસર્વસ્વ શ્રીનાથજીની સેવા શ્રીમહાપ્રભુએ વગર બ્રહ્મસંબંધદીક્ષાએ જ આપી હતી. આનાથી સિદ્ધ થાય છે કે આ વ્યવસ્થાદ્યોતક વચન જ છે.

જ્યાં સુધી **''સાક્ષાત્ પરમ્પરયા વા ભગવન્મુખોક્તં ગુરૂમુખાત્ શ્રુતં....પઠિતસ્ય હિ અનુવચનમ્ આવશ્યકમ્''** (સુબો.૧/૧/૧૩) વચનનો જે અસંગત અર્થ ''શ્રીમદ્‌વલ્લભાચાર્ય કે દાર્શનિક આચાર કી પરમ્પરા''ના લેખકે આપ્યું છે એ તો પલ્લવગ્રાહી પાંડિત્યની જ વિડમ્બના છે. મૂલવચનનો સંદર્ભોપાત આશય આવીરીતે છે–''ઋષિગણ સૂતજીને ભગવદવતારચરિત્ર સંભળાવવાની પ્રાર્થના કરતા કહે છે કે અમે યોગ તો સાધી શકીએ છીએ પરંતુ ભગવદ્વચનની સહાયતા વગર અમને ભગવદીય પદાર્થનું જ્ઞાન સંભવ નથી. તેથી આપે સાક્ષાત્ અથવા પરમ્પરયા જે ભગવન્મુખોક્ત ગુરૂમુખથી સાંભળ્યું હોય તે અમને સંભળાવો. કેમકે ભણેલી વાત યોગ્ય અધિકારીને ભણાવવી જોઈએ'' આટલી સીધી સરળ વાત, જે લિટ્–અર્થમાં કહેવામાં આવી છે, તેને સંસ્કૃત ભાષાના વ્યાકરણના નિયમને અભેરાઈએ ચડાવીને, લોટ્–અર્થમા અનુદિત કરવી ન કેવળ સિદ્ધાન્ત અપિતુ ભાષાના પણ હાસ્યાસ્પદ અપરિચયનું દ્યોતક છે. આ પ્રકારના અનર્ગલ વિધાનોથી આ ગ્રંથ ભરેલો છે. અતએવ ગ્રંથ લેખક પૃષ્ઠ ૫૬ ઉપર કહે છે–''આચાર્યશ્રીએ અહીંયા સુધી કહ્યું છે કે

સાક્ષાત્ ભગવાનના મુખથી શ્રવણ કરવામાં આવેલા વાક્યનો અર્થ ત્યારેજ સ્ફુરિત થાય છે જ્યારે ગુરૂમુખથી તેનું અનુવચન થાય. ભગવન્મુખોક્ત ગુરૂમુખથી શ્રુત થવાથી જ ફલિત થાય છે–**''અતએવ સાક્ષાત્ પરમ્પરયા વા શ્રુતં ભગવન્મુખોક્તં ગુરૂમુખાત્ શ્રુતમ્''** સુવ્યવસ્થિત અધ્યયન કર્યા વિના કલમ ચલાવવાની અનધિકાર ચેષ્ટાનું આ દુષ્પરિણામ છે! તેથી અમે તો શ્રદ્ધાતિરેકવશ કરવામાં આવેલા આ દુસ્સાહસપૂર્ણ લેખનની ઉપેક્ષા કરવાનું જ ઉચિત માનીએ છીએ.

જ્યાં સુધી **''અર્વાચીનામ્ અતથાત્વેપિ તન્મૂલભૂતેષુ આચાર્યેષુ અનુગ્રહાત્ તદનુસારિણઃ તારયસિ''** (સુબો.પ્રકા. ૧૦ પૂ./૨/૩૧) વાક્યની સંગતિનો પ્રશ્ન છે તો અહીં આ અવધેય છે કે **'અતથાત્વે'** અને **'તદ્વૈપરીત્યે'** માં ઘણું જ અંતર છે. શ્રીમદાચાર્યચરણ કે શ્રીમત્પ્રભુચરણ વગેરે મૂલભૂત આચાર્યોની સાથે, જેવી સાક્ષાત્ વાર્તાલાપાદિ દ્વારા ભગવદાજ્ઞા કે ભગવદિચ્છાના બોધની શક્યતા હતી, એ એવી શક્યતા અર્વાચીન આચાર્યોની બાબતમાં શક્ય ન પણ હોય, છતાં પણ એ મૂલભૂત આચાર્યોનું યથાશક્તિ અનુસરણ કરે છે, એવા અર્વાચીન ગુરૂઓના ઉપદેશ દ્વારા પણ સન્માર્ગાનુગામી જીવોનો ઉદ્ધાર ભગવાન્ કરે જ છે. અહીં સ્પષ્ટ છે કે ગુરૂનું મૂલભૂતાચાર્યાનુસારી હોવું આવશ્યક છે, મૂલભૂતાચાર્યવિપરીત થવાથી વાત બદલાઈ જશે. ઉદાહરણતયા મૂલભૂતાચાર્યની આજ્ઞા છે–**''અન્યસ્ય ભજનં તત્ર સ્વતો ગમનમેવ ચ પ્રાર્થના કાર્ય માત્રેપિ તતોન્યત્ર વિવર્જયેત''** (વિ.ધૈ.આ.૧૪) અને અર્વાચીન આચાર્ય જો પોતાના ઘરમાં અન્ય દેવી–દેવતાોનું અનુષ્ઠાન કરાવતા હોય તો આવાઓના દ્વારા આપવામાં આવેલા બ્રહ્મસંબંધોપદેશ દ્વારા બ્રહ્મની સાથે સંબંધ થઈ જ નથી શકતો. મૂલભૂતાચાર્યની આજ્ઞા છે કે સેવા સ્વયમેવ સ્વયંના ધનથી તથા સ્વયંના ઘરમાં ભાવસંગોપનની ગરિમાની સાથે કરવી જોઈએ, પરંતુ આનાથી વિપરીત જો કોઈ અર્વાચીન

આચાર્ય પૂજારિ બનીને કેવળ તનુજા સેવા જ કરતા હોય તથા પોતાના માથે બિરાજતા સેવ્ય સ્વરૂપની સેવા માટે દર્શનાર્થીઓ દ્વારા આપવામાં આવેલી વિત્તજા સેવાને સ્વીકારતા હોય અથવા સાર્વજનિક મંદિરમાં ભગવત્સેવા-મનોરથોના પ્રદર્શન કરાવતા હોય તો આવા વિપરીતાચરણ કરવાવાળા વ્યક્તિદ્વારા ઉપદિષ્ટ મંત્રાક્ષરોના કારણે વાસ્તવિક બ્રહ્મ સંબંધ સ્થાપિત થઈ નહીં શકે.

તેથી સરખીરીતથી વાક્યતાત્પર્યનું અવગાહન કરવાથી **"તદભાવે સ્વયં વાપિ"** વચનથી આ વાક્યોનો કોઈ વિરોધ છે જ નહીં.

(૩) **"સચ ગુરૂઃ ભગવાનેવ-ભગવાનેવ વા ગુરૂઃ"** ન્યાયેન પણ પરસ્પર સંવાદિતા સ્થાપિત થઈ શકે છે. આ ન્યાય શ્રીમહાપ્રભુવિરચિત સુબોધિની (૧૦/૮૭/૩૨)માં ઉપલબ્ધ થાય છે.

આ વચનની વ્યાખ્યા કરતાં લેખકારે આ સ્પષ્ટ કર્યું છે-**"અથ ભિન્નગુરૂપક્ષઃ ગુરૂમ્ ઉદ્દિશ્ય ભગવત્ત્વમ્ અનેન ઉચ્યતે. અગ્રે** (સુબો.૧૦/૮૭/૩૩) **ભગવન્તમ્ ઉદ્દિશ્ય ગુરૂત્વં વિધીયતે"** (સુબો.૧૦/૮૭/૩૨). આનાથી સિદ્ધ થાય છે કે પ્રથમ પક્ષ આ છે કે ગુરૂ તથા પરમાત્માના ભિન્ન હોવા છતાં પણ ગુરૂમાં ભગવદ્ભાવના રાખીને ગુરૂ દ્વારા ભગવદ્ભજનમાં પ્રવૃત્ત થવું જોઈએ. દ્વિતીય પક્ષ આ છે કે સ્વયં પરમાત્માને જ પહેલા ગુરૂ માનીને પછી ઈષ્ટદેવના ભજનમાં તત્પર થઈ જવું જોઈએ.

આવી સ્થિતિમાં સેવાર્થ સમાનીત ભગવત્સ્વરૂપના મુખારવિન્દને **"શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિઃ"** (સર્વો.૭) રૂપ ગુરૂ માનીને ગ્રંથસ્થ મંત્રનું અનુપઠન કરવું જોઈએ અને પછી નિઃશંકતયા પોતાના સેવ્યની સિદ્ધાન્તાભિમત પ્રણાલીના અનુસાર સેવામાં તત્પર થઈ જવું જોઈએ. પ્રથમ કલ્પ મુખ્ય કલ્પ છે તથા દ્વિતીય કલ્પ ગૌણ કલ્પ છે.

અતએવ **"ગુરોરનુગ્રહણૈવ પુમાન્ પૂર્ણઃ પ્રશાન્તયે"** (ભાગ.૧૦/૮૦/૪૩) ની વ્યાખ્યા કરતા શ્રીમહાપ્રભુ કહે છે કે **"સ્વાભાવિક કામાદિ દોષ કેવલ સ્વભાવોત્પન્ન શમદમાદિના કારણે શાંત નથી થઇ શકતા. પરંતુ ગુરૂનો અનુગ્રહ અથવા કૃતસ્મરણ ભગવાનજ એને શાંત કરી શકે છે"** (સુબો.૧૦/૮૦/૪૩) અહીં પણ સ્પષ્ટ છે કે પ્રથમ કલ્પ ગુર્વનુગ્રહ બતાવવામાં આવ્યો છે જ્યારેકે દ્વિતીય કલ્પ સ્વતઃ ભગવત્સ્મરણ કરવું જ માનવામાં આવેલ છે. આ જ વાત **"કૃષ્ણસેવા પરં વીક્ષ્ય"** તથા **"તદભાવે સ્વયં વાપિ"** માં પણ ક્રમશઃ પ્રથમ મુખ્ય કલ્પતયા તથા પછી અનુકલ્પતયા કહેવામાં આવી રહી છે.

આના સિવાય પણ-**"આમ્નાયાત્તુ વિનિર્મુક્તા, અનધ્યાયે તથા સ્મૃતાઃ, અયાજ્યે યોજિતાશ્ચૈવ, નિષિદ્ધાય ચ પાઠિતાઃ, ફલાર્થં યોજિતાઃ દષ્ટાઃ, યાતયામાઃ ભવન્તિ હિ, અન્યથાજ્ઞાત રૂપાશ્ચ, અન્યથાર્થપ્રબોધિતાઃ, અવ્રતૈઃ શૂદ્ર સંકાશૈઃ પાતિત્યાદ્યાકુલે સ્થલે અધીતાઃ સર્વેથૈવૈતે યાતયામાઃ ભવન્તિ હિ"** (સુબો.૧૦/૮૦/૪૨), અહીં સુબોધિનીકારે આ ખુલાશો કરી દીધો છે કે શૂદ્રોપમ અવ્રતી પતિત (દેવદ્રવ્યાદિ) પૂજારિથી મંત્રોપદેશગ્રહણ વિફલ જ રહે છે. શ્રીમદાચાર્યવંશજ પણ, જો ભગવત્સ્વરૂપ કે ભગવન્નામને પણ્ય (વેપાર, રોજગાર) વસ્તુ બનાવીને આજીવિકાનિર્વાહાર્થ વિક્રય કરતા હોય તો પતિત કોટીમાં જ પરિગણિત થશે આ **"જો શ્રીઠાકુરજીકો દ્રવ્ય ખાયગો સો મેરો નાહીં. અરૂ મેરો સેવક ભગવદીય હોયગો સો દેવદ્રવ્ય કબહૂ ન ખાયગો. જો ખાયેગો મહાપતિત હોયગો"** (ઘરૂવાર્તા) આ વચનનું અવલોકન કરવાથી સ્પષ્ટ થઇ જાય છે. આવી સ્થિતિમાં આવાઓના મુખથી બ્રહ્મસંબંધદીક્ષા ગ્રહણ કરવાની કોઇ સૈદ્ધાન્તિક આવશ્યકતા રહી નથી જતી. અતએવ પૂજારિપીઠવાદ શ્રીમહાપ્રભુને સર્વથા અનભીષ્ટ છે.

આપણો તો પ્રમેયબલાશ્રિત કૃપામાર્ગ છે તેથી દેવલકવૃત્તિના

નિષેધ વાક્યોની કોઈ ખાસ મહત્તા નથી આવું વિચારવાથી આમ પણ કહી શકાય છે **"વિધિસ્નેહયોઃ સ્નેહઃ બલિષ્ઠઃ"** (સુબો.૧૦/૮૦/૪૦) વચનના આધારે ભગવત્સ્નેહ જ પ્રમુખ છે ભગવત્સેવામાં પ્રવૃત્ત થવા માટે ગુરૂમુખથી મંત્રોપદેશ ગ્રહણ કરવાની વિધિ બલવતી નથી. જો અર્વાચીન ગુરૂઓના મુખથી જ મંત્રોપદેશ ગ્રહણ કરવાની વિધિની કાંઈક અસાધારણ મહત્તા હોય, દીક્ષાર્થીના માટે, તો દીક્ષાદાતાને માટે પણ કૃષ્ણસેવાપરાયણ દંભાદિરહિત તથા શ્રીભાગવતતત્ત્વજ્ઞ હોવાની વિધિ પણ બલીયસી માનવામાં આવશે. તેથી દીક્ષાર્થીનું આ અધિકારપૂર્ણ કર્તવ્ય છે કે દીક્ષાદાતામાં આ ગુણ છે કે નહીં આ પરખે.

શ્રીપુરૂષોત્તમજી, અતએવ, આ સ્પષટીકરણ આપે છે કે **"સ્વત્વાભિમાનના ત્યાગાર્થ એક વિશેષ અધિકારના સંપાદનાર્થ આત્મસમર્પણનો ઉપદેશ આપવામાં આવ્યો છે. તેથી આત્મ સમર્પણ પૂર્વક સેવામાં પ્રવૃત્ત થવાથી ઉત્કૃષ્ટ ભક્તિનું પ્રાકટ્ય થઈ શકે છે"** અહીં પણ આ અવધેય છે કે **"ગુરૂઃ ભગવાનેવ-ભગવાનેવ વા ગુરૂઃ"** આમ બંનેજ કલ્પમાં આ વાત લાગુ થઈ શકે છે.

અતએવ **"ધર્મે હિ ગુરૂઃ મૂલં સચ ભગવાન્ તન્મુખત્વાદ્ બ્રાહ્મણો ગુરૂઃ લૌકિકગુર્વપેક્ષયા ભગવન્મુખસ્ય અત્યન્તગુરૂત્વાત્ નિતરાં ગુરૂઃ"** (સુબો.૧/૭/૪૩) વચનમાં પણ **"ભગવાનેવ ગુરૂઃ"** કલ્પની પ્રધાનતા વર્ણિત થઈ છે નહીં કે **"ગુરૂઃ ભગવાનેવ"** કલ્પની. કોઈ પણ સ્થિતિમાં દેવદ્રવ્યાદિ દેવલક પૂજારિને ગુરૂ માનીને તન્મુખથી મંત્રોપદેશ ગ્રહણ કરવાના બદલે ભગવન્મુખારવિન્દનેજ ગુરૂ માનીને સ્વતઃ મંત્રગ્રહણ કરીને ભગવત્સેવામાં પ્રવૃત્ત થવું ઉચિતતર છે.

સ્વયં "શ્રીમદ્વલ્લભાચાર્ય કે દાર્શનિક આચાર કી પરમ્પરા"ના લેખકને પણ આ તો સ્વીકારવું જ પડ્યું કે **"ભિન્નસત્તાકે જાતાઃ પદાર્થાઃ ભગવદ્ભક્તાનાં શુદ્ધિહેતવો ન ભવેયુઃ"** (સુબો.૧૦/૨૫/૪). આવી

સ્થિતિમાં સાર્વજનિક મંદિર, જ્યાં વૈષ્ણવ-અવૈષ્ણવનું પૃથક્કરણ પણ ન કરવામાં આવતું હોય, ત્યાં આત્મસમર્પણી-અસમર્પણીના પૃથક્કરણની તો કથા જ દૂરાપાસ્ત છે. એમાંય એ ભગવત્સેવા આજીવિકાર્થ ચાલી રહી હોય તો સેવોપયોગી પદાર્થોની ભગવદ્‌ભોગોચિત શુદ્ધિ ક્યાંથી આવશે? સ્પષ્ટ છે કે આવી સ્થિતિમાં **"તદભાવે સ્વયં વાપિ...."** કલ્પ શ્રેયસ્કર છે. તેથી આ વાક્યને મર્યાદામાર્ગીય કે શ્રુતાર્થભિન્નતાત્પર્યક અથવા કુંઠિતપ્રામાણ્ય માનવું નરી વિચારશૂન્યતા જ છે. આ જ કારણ છે કે સિદ્ધાન્તરહસ્યવિવરણમાં શ્રીપુરૂષોત્તમજીએ કહ્યું છે કે **"ભગવદ્‌ભક્તનો સંગ, દામ્ભિક ભક્તના સંગનો ત્યાગ, સાધનાન્તરોમાં (ઉદાહરણતયા શતચંડીના અનુષ્ઠાન કરાવવા કે શીરડીના સાંઈબાબાને ચાદર ચડાવવી)માં શ્રદ્ધારાહિત્ય અને ભગવદ્ ગુણોમાં અનુરાગ હોવાથી જ બ્રહ્મસંબંધ ફલિત થાય છે અન્યથા નહીં"** (સિ.ર.વિ.૨).

આ વિસ્તૃત વિમર્શથી આ સિદ્ધ થયું કે શ્રીમહાપ્રભૂક્ત લક્ષણયુક્ત અર્વાચીન ગોસ્વામીમહાનુભાવો પાસેથી મંત્રોપદેશગ્રહણ પ્રથમ તથા પ્રમુખ કલ્પ છે પરંતુ લક્ષણરહિત વ્યક્તિ પાસેથી દીક્ષા લેવાના બદલે સ્વતઃ લેવી જ અધિક શ્રેયસ્કર છે. આ સૈદ્ધાન્તિક સ્પષ્ટતાથી વિપરીત શ્રીમદ્‌વલ્લભવંશજ પાસેથી જ મંત્રોપદેશ ગ્રહણનો આગ્રહ વલ્લભસંપ્રદાયની વ્યાવહારિકી વ્યવસ્થાથી સંબંધી નિયમ તો માનવામાં આવી શકે છે પરંતુ સિદ્ધાન્ત નહીં

આ ક્યારેય ભૂલવું ન જોઈએ કે સેવાર્થ બ્રહ્મસંબંધમંત્રોપદેશની આવશ્યકતા જેમ શ્રીમહાપ્રભુના વચનોના પ્રામાણ્ય ઉપર નિર્ભર છે તેવીજ રીતે કોની પાસે લેવું અને કોની પાસે ન લેવું આ નિર્ણયની કસોટી પણ શ્રીમહાપ્રભુના વચનોના પ્રામાણ્ય ઉપર જ નિર્ભર હોય છે. કોઈ પણ એક વચનનું પ્રામાણ્ય ગૌણ બનાવવાથી બીજા વચનનું પ્રામાણ્ય પણ સ્વતઃ જ ગૌણ બની જશે.

તેથી **''તદભાવે સ્વયં વાપિ....''** વચન પુષ્ટિમાર્ગીયોપદેશ છે આ નિઃસંદિગ્ધતયા સિદ્ધ થાય છે.

**સૂત્ર**

**''ગુરૂસેવા ગુરોરાજ્ઞા ગુરૌ શ્રીહરિભાવના ગુરૌ ભયં ગુરૌ સિદ્ધિઃ પ્રપન્નઃ પરિભાવયેત્''** (સાધનદીપિકા.૪૭) **વચનના અનુસાર ''ગુરૂઃ ભગવાનેવ'' કલ્પ જ શ્રીગોપીનાથજીને અભિપ્રેત લાગે છે ''ભગવાનેવ વા ગુરૂઃ'' કલ્પ નહીં, આ આશંકા અનુચિત છે કેમકે એમનાજ વચનોમાં અન્યથા પ્રકાર પણ ઉપપન્ન છે** (૧/૭)

**ભાષ્ય**

પ્રસ્તુત અધિકરણમાં શ્રીગોપીનાથપ્રભુચરણના સાધનદીપિકાસ્થ વચન વિષય વાક્ય છે.

સંશય અહીં આ થાય છે કે સૂત્રોલ્લિખિત વચનમાં પુષ્ટિમાર્ગમાં શરણાગત અધિકારીના માટે ગુરૂમાં ભગવદ્ભાવના રાખવાનું વિધાન સાધનદીપિકાકાર કરે છે. અહીં ભગવાનમાં ગુરૂભાવના કરવાનું વિધાન ઉપલબ્ધ નથી થતું. તેથી સ્વતઃ સેવામાં પ્રવૃત્ત થઈ શકવાની શક્યતા પણ સાધનદીપિકા ગ્રંથના અનુસાર ક્ષીણ જ છે. ગ્રંથના ઉપક્રમમાં **''ભક્તિમાર્ગ વિતાનાય યોઽવતીર્ણો હુતાશનઃ સ એવ નઃ પરં માનં શેષમસ્ય પ્રમાન્તરમ્''** (સા.દી.૩) વચનનું અવલોકન કરવાથી આ પણ પ્રકટ થાય છે કે સાધનદીપિકા શ્રીગોપીનાથપ્રભુચરણે શ્રીમન્મહાપ્રભુપ્રવર્તિત પુષ્ટિભક્તિમાર્ગીય સાધનોના નિરૂપણાર્થ પ્રકટ કરેલ છે. તેથી આ ગ્રંથમાં **''ભગવાનેવ ગુરૂઃ''** કલ્પ ના ઉપલબ્ધ ન હોવાથી **''તદભાવે સ્વયં વાપિ....''** વચન તથા **''ભગવાનેવ ગુરૂઃ''** વચન બંનેજ મર્યાદામાર્ગીય ઉપદેશ છે. પુષ્ટિમાર્ગીય કલ્પ તો **''ગુરૂઃ ભગવાનેવ''** જ છે. આવી સ્થિતિમાં પૂર્વાધિકરણોક્ત ઉપપત્તિઓની

સાધનદીપિકા સાથે એકવાક્યતા કેવી રીતે સમજવી જોઈએ?

પૂજારિપીઠવાદનો પૂર્વપક્ષ અહીં આમ છે કે (૧) શ્રીગોપીનાથપ્રભુચરણ સાક્ષાદ્ જ્યેષ્ઠાત્મજ હોવાથી પોતાના પિતાના આશયને જેટલી સરખી રીતે સમજી શકે છે એટલી સરખી રીતે આપણે તો નથી સમજી શકતા, પાંચસો વર્ષનો અંતરાલ આપણા તથા શ્રીમહાપ્રભુની વચ્ચે વિદ્યમાન હોવાથી. (૨) આમેય પણ સર્વનિર્ણયિ નિબંધમાં- **"ભક્તિઃ સ્વતન્ત્રા શુદ્ધા ચ દુર્લભેતિ ન સોચ્યતે"** (સર્વનિ.૧૯૬) આ સ્પષ્ટોક્તિના કારણે પણ પુષ્ટિભક્તિનું નિરૂપણ આ ગ્રંથમાં શ્રીમહાપ્રભુને અભિપ્રેત નથી આમ પ્રતીત થાય છે. પ્રમાણાધિન ભક્તિ, જે કાં તો મર્યાદાભક્તિ છે અથવા મર્યાદામિશ્રિત પુષ્ટિભક્તિ છે, એનુંજ નિરૂપણ સર્વનિર્ણયમાં વિવક્ષિત છે. પ્રમાણાધીન મર્યાદામિશ્રિત શુદ્ધભક્તિ આ પ્રકરણનો વિવેચ્યવિષય જ નથી. શુદ્ધપુષ્ટિભક્તિનો ઉપદેશ તો, અતએવ, ષોડશગ્રંથોમાં જ થયો છે. (૩) એ ગ્રંથોમાં **"ભગવાનેવ ગુરૂઃ"** કલ્પ ઉપલબ્ધ ન હોવાથી તેને મર્યાદામાર્ગીય ઉપદેશજ માનવો જોઈએ. (૪) આવી સ્થિતિમાં **"કૃષ્ણસેવાપરતા-દંભાદિરહિતતા-ભાગવતતત્ત્વજ્ઞતા"** લક્ષણ પણ મર્યાદામિશ્રિત પુષ્ટિ ભક્તિમાર્ગના માટે આવશ્યક છે આપણા શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગના માટે નહીં. શુદ્ધપુષ્ટિ ભક્તિમાર્ગમાં તો **"સ્વવંશેસ્થાપિતાશેષસ્વમાહાત્મ્ય"** જ પર્યાપ્ત છે દીક્ષાદાતૃત્વસામર્થ્યની સિદ્ધિના માટે. (૫) આ જ અશેષ માહાત્મ્યના કારણે કેવળ તનુજા સેવા કે આજીવિકાર્થ સેવા કરવાથી પણ ગોસ્વામિમહાનુભાવોને કોઈ પ્રકારનો દોષ નથી લાગતો. અન્ય કોઈ પુષ્ટિમાર્ગી યથા લાલાજી-મુખિયાજી-કે-સાધારણ વૈષ્ણવ સ્વગૃહમાં તનુવિત્તજા સેવા કરવાના બદલે સાર્વજનિક મંદિરમાં આજીવિકાર્જનાર્થ સેવા કે છપ્પનભોગનું આયોજન કરે તો દોષભાગી બની શકે છે. ગોસ્વામિબાલક, પરંતુ, અશેષમાહાત્મ્યશાળી હોવાથી અશેષ દોષોને

પોતાના સ્વરૂપગત સામર્થ્યથીજ ભસ્મસાત્ કરી શકે છે, પ્રમેયબલના સર્વાતિશાયી હોવાથી.

આચાર્યપીઠવાદનો ઉત્તરપક્ષ અહીં આ છે કે પૂર્વપક્ષીના વિચાર ન કેવળ અપ્રામાણિક સ્વાર્થૈકમૂલ તથા ગર્હાસ્પદ છે પ્રત્યુત વદતોવ્યાઘાતથી પણ ભરેલા પડ્યા છે.

**(૧)** હાં, આ તો ઠીક છે કે અર્વાચીન કોઈ આલોચકની તુલનામાં શ્રીગોપીનાથપ્રભુચરણને શ્રીમહાપ્રભુના ગ્રંથાશયનું જ્ઞાન અધિક નિર્ભ્રાંત હોઈ શકે છે. આ જ તો હેતુ છે કે એમના વચનોનો વિમર્શ આપણે પણ સ્મૃતિકલ્પપ્રકરણમાં કરવાના બદલે શ્રુતિકલ્પપ્રકરણમાં કરી રહ્યા છીએ. છતાં પણ આમ તો નથી કહી શકાતું કે શ્રીગોપીનાથપ્રભુચરણે સાધનદીપિકામાં જે વાત નથી કહી એ શ્રીમહાપ્રભુના ગ્રન્થાન્તરમાં ઉપલબ્ધ થતી હોય તો પણ નિજાશયગોચર નથી માની શકાતી.

શ્રીગોપીનાથપ્રભુચરણે પણ સાધનદીપિકાના ઉપક્રમ ભાગમાં- **"પરમાત્મદર્શન શ્રવણાદિ દ્વારા થાય છે અને એ શ્રવણ-મનન-નિદિધ્યાસનનું અથવા શ્રવણ-કીર્તન-સ્મરણનું ભક્તિમાર્ગીય હોવું આવશ્યક છે. ભક્તિ માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદઢ સર્વતોધિક સ્નેહ છે. માહાત્મ્યજ્ઞાન ભગવદ્ગુણ તથા ભગવલ્લીલાના શ્રવણાદિથી શક્ય છે. આ ગુણશ્રવણ કે લીલાશ્રવણના માટે શાસ્ત્રોની ઉપયોગિતા છે તથા શાસ્ત્રશ્રવણાર્થ ગુરૂની આકાંક્ષા રહે જ છે. તેથી જિજ્ઞાસુને કૃષ્ણસેવાપર-દંભાદિરહિત તથા શ્રીભાગવતતત્ત્વજ્ઞ જે વ્યક્તિ હોય તેને ગુરૂભાવનયા સમાદત કરવા જોઈએ"** (કારિકા ૫-૧૦) આ વિધાન દ્વારા સ્પષ્ટ કરી દીધું છે કે પ્રસ્તુત સાધનદીપિકા તત્ત્વાર્થદીપનિબંધના સર્વનિર્ણયાન્તર્ગત નાનકડા સાધનપ્રકરણ સાથે જોડવામાં આવેલી 'સાધનદીપિકા' છે.

કેવળ આટલું જ નહીં પરંતુ તનુજાસેવાપરાયણ દેવદ્રવ્યાદિ પૂજારિઓની આ માર્ગમાં કોઈ પણ આવશ્યકતા જ નથી, અહીંયા તો શાસ્ત્રોપદેષ્ટા આચાર્યની જ આકાંક્ષા છે, આવું **"તત્ર (શાસ્ત્રોપદેશે નતુ તનુજાસેવાર્થં) આકાંક્ષા ગુરોઃ ભવેત્"** (સા.દી.૯)થી સ્પષ્ટ કરે છે. ગુરૂ કૃષ્ણસેવાપર હોવા જોઈએ કૃષ્ણસેવાપરદર્શક કે પ્રદર્શક નહીં. અતએવ નિજારાધ્યના દર્શનની છૂટ આપતી વખતે પણ શ્રીગોપીનાથપ્રભુચરણ સાવધાનતયા **"સ્વીયાન્ ભક્તાન્"** (સા.દી.૧૦૮) કહેવાનું ભૂલ્યા નથી. અર્થાત્ સ્વીય અભક્તોને તથા અસ્વીય ભક્તોને નિજારાધ્યના દર્શન કરાવવાની છૂટ તો છે જ નહીં, જે આજે સાર્વજનિક મંદિરના નામ ઉપર નગ્ન તાંડવ પુષ્ટિમાર્ગમાં ચાલી રહ્યું છે.

**"ગુરૂ સેવા ગુરોરાજ્ઞા...."** વચનની બાબતમાં પણ અવધેય છે કે પુષ્ટિમાર્ગમાં આરંભિક કક્ષા અર્થાત્ પુષ્ટિમાર્ગાન્તર્ગત-પ્રપત્તિમાર્ગના અનુગામીના માટે આ ઉપદેશ છે. પુષ્ટિમાર્ગાન્તર્ગત-ભક્તિમાર્ગના અધિકારી માટે તો આગામી કારિકા (૬૧)થી ઉપદેશારંભ થાય છે. અહીં ગોપાલમંત્ર તથા ગદ્યમંત્રના ઉપદેશ પછી દીક્ષિત વ્યક્તિને સ્વયંના ઘરમાં ભગવત્સેવા તથા તદંગભૂત આચારાદિનો ઉપદેશ ૬૧મી કારિકાથી ૧૨૬મી કારિકાઓ સુધી આપ્યો છે. મધ્યમાં **"ગુરૂદત્તાં સ્વયં લબ્ધાં ભક્તૈરપિ સુપૂજિતાં વ્યંગાગીમપિ સેવેત યદિ ભાવો ન બાધતે"** (કા.૯૦) દ્વારા **'સ્વયં લબ્ધા'** મૂર્તિના પણ સેવનની અનુમતિ પ્રદાન કરી છે. આ કારિકાઓમાં એકાદશીવ્રત તિલકમુદ્રા અપરસ વગેરે અનેક વિષય સર્વનિર્ણયના આ સાધનપ્રકરણના આધારે સમજાવવામાં આવ્યા છે- ષોડશગ્રંથના આધારે નહીં. સૌથી મજેદાર વાત તો આ છે કે સેવ્યસ્વરૂપની શાસ્ત્રવિધિના અનુસાર પ્રાણ પ્રતિષ્ઠા કરાવવી કે નહીં આ સમસ્યાના સમાધાનરૂપેણ નિરતિશય વિવાદસ્પદ **"તદભાવે સ્વયં વાપિ મૂર્તિં કૃત્વા હરેઃ ક્વચિત્ પરિચર્યાં સદા કુર્યાત્ તદ્રૂપં તત્ર ચ સ્થિતં**

**સાકારવ્યાપકત્વાચ્ચ''** (સર્વનિ. ૨૨૮-૨૨૯) કારિકાઓનું જ અવલંબન કરીને જ શ્રીગોપીનાથપ્રભુચરણ સ્પષ્ટીકરણ આપે છે-**''નાત્ર પ્રાણપ્રતિષ્ઠાદિ વ્યાપકત્વાદજીવતઃ''** (સા.દી.૮૮).

આનાથી સિદ્ધ થાય છે કે કમ સે કમ શ્રીગોપીનાથપ્રભુચરણ તો સર્વનિર્ણયાન્તર્ગત સાધનપ્રકરણમાં નિરૂપિત ભક્તિ-પ્રપત્તિને મર્યાદામાર્ગીય નહીં પ્રત્યુત પુષ્ટિમાર્ગીય જ માને છે. આ જ ઉચિત પણ છે અન્યથા વ્રતપંચક, તિલકમુદ્રાદિધારણ શૌચાચાર વગેરે અનેક વિષય મર્યાદામાર્ગીય બની જશે. કેમકે ષોડશગ્રંથોમાં આનું ક્યાંય પણ નિરૂપણ નથી મળતું.

(૨) રહી વાત શુદ્ધપુષ્ટિની તો એ તો ઉત્સર્ગતયા ભગવત્પ્રાકટ્યસામયિક જ થતી અર્વાચીન પુષ્ટિમાર્ગાનુગામી તો પ્રાયઃ મિશ્રપુષ્ટિના જ અધિકારી છે, આ 'પુષ્ટિપ્રવાહમર્યાદા' વગેરે ગ્રંથોમાં વિવિધ વ્યાખ્યાઓના ધૈર્યપૂર્વક અવલોકન કરવાથી સરળતયા સમજમાં આવી શકે એવી વાત છે. અતએવ ષોડશગ્રંથમાં પણ મિશ્રપુષ્ટિભક્તિથી સંબંધીત ઉપદેશ છે જ.

(૩) અતએવ **''ભગવાનેવ ગુરૂઃ''** કલ્પ સાધનદીપિકામાં ન તો અગ્રાહ્ય છે અને ન **''તદભાવે સ્વયં વાપિ....''** ઉપદેશ સાધનદીપિકાના અનુસાર મર્યાદામાર્ગીય ઉપદેશ પણ સિદ્ધ થાય છે.

(૪) ''કૃષ્ણસેવાપરતાદિ'' ગુરૂલક્ષણ તો સાધનદીપિકાકારને પણ અભિમત છે આ તો અમે બતાવી જ દીધું છે. બાકી શુદ્ધપુષ્ટિના અધિકારી વ્રજભક્તોને ગોસ્વામિબાલકો પાસેથી બ્રહ્મસંબંધ લેવાથી પુષ્ટિપુરૂષોત્તમની પ્રાપ્તિ થઈ એવું ભાગવત કે સુબોધિનીના વર્ણનમાં ક્યાંય આવતું નથી. શુદ્ધપુષ્ટિભક્તિના પ્રતિપાદક ષોડશગ્રંથ તો અર્વાચીન ગોસ્વામિબાલકોને ગુરૂ મનાવવાના બદલે ગોસ્વામિબાલકોથી અદીક્ષિત

કૌંડિન્ય ઋષિને તથા વ્રજગોપિકાઓને જ ગુરૂ માનવાની વાત સમજાવી રહ્યા છે-**"કૌંડિન્યો ગોપિકાઃ પ્રોક્તા ગુરવઃ સાધનંચ તદ્ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદિષ્યતે"** (સં.નિ.૮) તેથી વ્રજભક્તોના ભાવની સિદ્ધિ તો કેવળ ભાવનાદ્વારા જ સ્વીકારી છે. અર્વાચીન ગોસ્વામિબાલકોના મુખારવિંદથી બ્રહ્મસંબંધોપદેશના કારણે નહીં. બ્રહ્મસંબંધદીક્ષા તો સેવાધિકાર સમર્પિકા છે તથા આના વિના પણ વ્રજભક્તોના ભાવોની ભાવનાની સાથે ભગવત્કથાનું સમાશ્રયણ કરવાથી પણ ભક્તિની વૃદ્ધિ પ્રેમાસક્તિ વ્યસન કક્ષાઓમાં સંભવ છે આ ભક્તિવર્ધિનીનું ધૈર્યપૂર્વક અવલોકન કરવાથી સુસ્પષ્ટ જ છે. **"સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિઃ દૃઢા ભવેત્ યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ"** (ભ.વ.૯)ના આધારે વગર બ્રહ્મસંબંધ લીધે અથવા દેવલકોના દ્વારા લોકરંજનાર્થ તથા આજીવિકાર્થ કરવામાં આવતી વ્યાવસાયિક તનુજા સેવામાં વિત્તજા સેવાના ગર્હિત સહયોગ આપ્યા વગર પણ કેવળ કથાપ્રણાલીથી પણ કૃતાર્થતા તો શ્રીમહાપ્રભુના અનુસાર સંભવ છે જ, પછી અન્ધાનુગાન્ધ બનવાથી લાભ શું છે?

**"સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્ય"** ની વિસ્તૃત વિવેચના પહેલા પણ કરી ચૂક્યા છીએ તેથી પિષ્ટપેષણ અનાવશ્યક છે.

**(૫)** અશેષ માહાત્મ્યના આધાન દ્વારા અશેષ અકાંડતાંડવ કરવાની છૂટ સ્વવંશજોને શ્રીમહાપ્રભુ પુષ્ટિમાર્ગમાં આપવા માગતા હોત તો શિક્ષાશ્લોકીમાં **"યદા બહિર્મુખાઃ યૂયં ભવિષ્યથ કથંચન તદા કાલપ્રવાહસ્થા દેહચિત્તાદયોઽપ્યુત સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માનિતિ મતિર્મમ, ન લૌકિકઃ પ્રભુઃ કૃષ્ણો મનુતે નૈવ લૌકિકમ્"** (શિક્ષાશ્લોકી ૧-૨) ચેતવણી ક્યારેય પણ ન આપત.

તેથી સિદ્ધાન્તમુકતાવલ્યુપદિષ્ટ તનુવિત્તજા સેવા,

ભક્તિવર્ધિન્યુપદિષ્ટ સ્વગૃહસ્થિત ભગવત્સ્વરૂપની સેવા તથા અણુભાષ્યોપદિષ્ટ ભાવસંગોપનપૂર્વિકા ભગવત્સેવાના સિદ્ધાન્તોથી વિપરીત, સામાન્ય વૈષ્ણવ જનતા અથવા ગોસ્વામિમહાનુભાવ, જે પણ સાર્વજનિક મંદિરમાં વ્યાવસાયિક પ્રદર્શનાત્મિકા સેવામાં તનુજાસહાયતા અથવા વિત્તજાસહાયતા કરતા હોય તેઓ બધા પુષ્ટિપ્રભુના, લૌકિક પણ્યવસ્તુની જેમ, વિક્રયના અપરાધી ક્રેતા કે વિક્રેતા છે, ઉન્માર્ગગામી, આ સિદ્ધ થઈ જાય છે. આવાઓના સંગ કે ઉપદેશથી ભાવનાશ ન થાય એટલા માટે **''તદભાવે સ્વયં વાપિ''** તથા **''ભગવાનેવ ગુરૂઃ''** કલ્પ શ્રેયસ્કરતયા અનુસરણીય છે. આ સિદ્ધ થયું.

**સૂત્ર**

**શ્રીમત્પ્રભુચરણના પત્રોમાં (૧) કેટલાક સેવ્ય નિધિસ્વરૂપોનો સવિશેષ ઉલ્લેખ તથા (૨) શ્રીયદુનાથજીના ઘરના સિદ્ધ ન થઈ શકવાના ઉલ્લેખના કારણે સૂરતસ્થ શ્રીબાલકૃષ્ણજી શ્રીયદુનાથનિધિ જ છે એવું સિદ્ધ થઈ જવા પર અર્વાચીન શ્રીબાલકૃષ્ણસ્વરૂપ સેવાકર્તાઓને ષષ્ઠપીઠાધીશ સ્વીકારવા પણ ઉચિત નથી, સુદૃઢ હેતુરહિત પ્રતિજ્ઞામાત્ર હોવાથી** (૧/૮).

**ભાષ્ય**

પ્રસ્તુત અધિકરણમાં શ્રીપ્રભુચરણના પત્રોમાંથી પ્રસ્તુત ચર્ચા સાથે સંબંધી કેટલાક અંગો ઉપર વિચાર અભિપ્રેત છે. પૂર્વાપર સંદર્ભના અવધારણાર્થ બંને પત્રોને એક વખત સમગ્રતયા દૃષ્ટિગત કરી લેવા ઉચિત થશે.

**(૧) શ્રીનવનીતપ્રિય - મથુરાનાથ - દ્વારકાનાથ - ગોવર્ધનધર - વિઠ્ઠલેશ્વર - મદનમોહન -ગોવર્ધનધર- નવનીતપ્રિયચરણારવિન્દેષુ અનુચરસ્ય પ્રણયતઃ નિવેદનીયાઃ**

સ્વસ્તિ શ્રીમજ્જ્યેષ્ઠભ્રાતૃચરણકમલેષુ યવીયસઃ વિઠ્ઠલસ્ય પ્રણામકોટિનિવેદકોયં પત્રદૂતઃ શમ્ ઈહ ભાવત્કમ્ આશાસે. અહં ભગવદાજ્ઞયા રાસોત્સવપર્યંતં **શ્રીગોવર્ધનધરણ ચરણારવિન્દ નિકટે સ્થિતોऽસ્મિ.** હરિદ્વારં પ્રતિ આજ્ઞા ન જાતેતિ ન ગતમ્. અત્ર મમ અસ્વાસ્થ્યં બહુ જાતમ્ આસીત્. ઉપવાસદશકં કૃતમ્. અધુના ભગવત્કૃપયા શ્રીમત્કૃપયા ચ નૈરુજ્યં જાતમ્ અસ્તિ. કાપિ ચિન્તા ન કાર્યા, અક્કા-અમ્મા-અત્તાચરણેષુ નતયઃ. અક્કા યથા દુઃખં ન કરોતિ મમ અસ્વાસ્થ્યં શ્રુત્વા તાદક્ કર્તવ્યમ્. ભવતાપિ કાપિ ચિન્તા ન કાર્યા મમ. ભગવતિ સર્વત્ર (!) યાદવેન્દ્રપુરિષુ બ્રહ્માન્દદીક્ષિતેષુ હરિહર-નાગનાથ-ચૂડાદિષુ નમસ્કારાઃ વિષ્ણુદાસાદિષુ આશિષઃ અત્રત્ય વૈષ્ણવાનાં નતયઃ.

**નિર્ભરં કીડતોરાલિ મુદા કુંજે વિવાસસોઃ**
**અન્યોન્યસ્ય પ્રભૈવાસિદ્ અન્યોન્યમુચિતાંશુકમ્ ।।**

(૨) શ્રીકૃષ્ણાય નમઃ, સ્વસ્તિ શ્રીવિઠ્ઠલદીક્ષિતાનાં ગિરધર-ગોવિન્દ-બાલકૃષ્ણ-શ્રીવલ્લભ-રઘુનાથ-યદુનાથ-ઘનશ્યામ-મુરલીધર-કલ્યાણરાય-**ગોકુલોત્સવ**-દ્વારકેશ્વરાદિષુ આશિષઃ. શમ્ ઈહ ભવદીયં ભદ્રં સતતમ્ આશાસ્મહે પ્રભુસેવા સમ્યક્ કાર્યા. ભોગાદિવિષયકો વિચારઃ સાવધાનતયા કર્તવ્યઃ સેવકા. સર્વે યથા મર્યાદાં ન ત્યજન્તિ તથા કાર્યમ્. **સ્થલવિવારં કૃત્વા યદુનાથગૃહં કારણીયમ્.** અત્રત્યઃ સમાચારઃ સર્વઃ ચમ્પાદિમુખાત્ શ્રોતવ્યઃ. **તત્રાપિ વીરરાજસ્ય પૂર્વાપેક્ષયા ભૂયસી પ્રપત્તિઃ દ્રષ્ટવ્યા. રાયપુરૂષોત્તમસ્યાપિ તથૈવ પ્રપત્તિઃ દ્રષ્ટા. વીરવરેણ ઉક્તમ્ અસ્તિ ''મહ્યં સદા આજ્ઞાપત્રં ગિરિધરા યથા લિખન્તિ તથા ભવદ્ભિઃ લેખનીયમ્'' ઈતિ. તેન યદિ અત્યાવશ્યકં કાર્યં ભવતિ તદા તથા લેખનીયમ્.**

અપરંચ ગોવિન્દભટ્ટાદિભિઃ મત્સંગે સમાગમનાર્થં ભૂયાન્ આગ્રહઃ કૃતઃ, ઉષ્ણકાલે પાકજઃ ક્લેશો ભવિષ્યતિ ઈતિ મયા બહુધા નિષિદ્ધાઃ તથાપિ સ્વાગ્રહેણ વાસુદેવઃ સંગે સમાગચ્છતિ. તત્ર વાસુદેવમાતુઃ અનુજ્ઞા ન ગૃહીતા અસ્તીતિ મન્મનસિ ખેદઃ ભવતિ સંકોચઃ તજ્ઞ મમ અશક્યતયા વાસુદેવો નીયતે તેન ભવદ્ભિઃ તન્માતુઃ સમાધાનં કાર્યમ્. ભવદ્ભિઃ ચિન્તા ન કાર્યાઃ. શીઘ્રમેવ આગમિષ્યામઃ. શ્રીગોકુલનાથઃ અસ્માકમ્ ઐહિકં પારલૌકિકં ચ સ્વયમેવ જાતોઽસ્તીતિ કિમ્ અસ્માકં વિચારણીયમ્ અસ્તિ! અહોરાત્રે સેવકાઃ અન્તર્બહિશ્ચ સાવધાનાઃ સ્થાપનીયાઃ, કિમ્ અધિકમ્, ફાલ્ગુન સુદિ ૧. યમુનાદિષુ વૈંકટાદિષુ આશિષઃ ગોવિન્દભટ્ટગણેશભટ્ટૌ રાયપુરૂષોત્તમવીરવરરાજયોઃ નિકટે સપદિ તિષ્ઠતૂઃ.

આ પત્રોમાં સ્થૂલાક્ષરવાળા અંશ આ અધિકરણના વિષય વાક્ય છે. આમ તો પ્રથમ પત્રની બાબતમાં અમે પહેલા પણ વિસ્તૃત ચર્ચા કરી ચૂક્યા છીએ. એ ચર્ચા પરંતુ, ભાષ્યમાં થઈ હતી. સૂત્રમુખેન તે અહીં ચિકીર્ષિત (જાણવું ઈચ્છનીય) છે. દ્વિતીય પત્રમાં પણ આમ તો સાક્ષાત્ વચન કોઈ પણ એવું નથી કે જેનાથી ષષ્ઠનિધિ કે ષષ્ઠપીઠ કઈ છે આ નિર્ધારિત થઈ શકે, છતાં પણ આમાં આવેલ એક ઉલ્લેખ કે **''સ્થલવિચાર કૃત્વા યદુનાથગૃહં કારણીયમ્''** ના આધારે આ નિષ્કર્ષ કાઢી શકાય છે કે શ્રીયદુનાથજીએ શ્રીપ્રભુચરણ દ્વારા પધરાવી આપવામાં આવતા શ્રીબાલકૃષ્ણજી સ્વીકાર્યા તો હતા પરંતુ નંદાલયની ભાવનાને અનુરૂપ એમનું ઘર બની નહોતું શક્યું. અતએવ શ્રીયદુનાથજી સપ્તસ્વરૂપોના ઉત્સવમાં સમ્મિલિત નહોતા થયા. આના કારણે આ ભ્રામક કિવદન્તી ફેલાઈ ગઈ છે કે શ્રીયદુનાથજીએ શ્રીબાલકૃષ્ણ સ્વીકાર્યાજ નહોતા.

અહીં સંશય આ થાય છે ઘર ન બનવાથી સપ્તસ્વરૂપોત્સવમાં પોતાના સેવ્ય સ્વરૂપના ગૌરવની હાનિના વિચારવશ શ્રીયદુનાથજી જો

સમ્મિલિત ન થયા તો પોતાના સેવ્ય સ્વરૂપ શ્રીબાલકૃષ્ણજીને શા માટે પધરાવવા દીધા? પોતાના સેવ્ય સ્વરૂપ શ્રીબાલકૃષ્ણજીને જ્યારે ઉત્સવમાં પોતાના પિતા શ્રીપ્રભુચરણ તથા અગ્રજ શ્રીબાલકૃષ્ણ દ્વારા પધરાવવા દીધા તો પછી સ્વયં પણ સમ્મિલિત શા માટે ન થયા?

**પૂજારિપીઠવાદનો પૂર્વપક્ષ અહીં આ રીતે છે–**

પ્રથમ પત્રમાં યદ્યપિ શ્રીબાલકૃષ્ણજીનુ નામ ઘરમાં બિરાજતા વંદનીય સ્વરૂપોની નામાવલીમાં દૃષ્ટિગત નથી થતું, છતાં પણ કેટલાક સ્વરૂપોની પ્રધાનતા આના કારણે સિદ્ધ થાય છે. સપ્ત સ્વરૂપોત્સવમાં શ્રીબાલકૃષ્ણજીને સાગ્રહ પધરાવવાના શ્રીપ્રભુચરણના પ્રયોજનનો વિચાર કરવાથી આ ઈંગિત થાય છે કે શ્રીબાલકૃષ્ણ પ્રભુમાં પણ શ્રીપ્રભુચરણ પ્રમુખ સપ્તસ્વરૂપાન્તર્ગત ષષ્ઠતા કાં તો સ્વીકારતા હતા કાં આહિત કરવા માગતા હતા. શ્રીયદુનાથજી, જે છઠ્ઠા પુત્ર હતા, તેમને પધરાવવાનો હેતુ પણ એજ હતો કે સૂરતસ્થ શ્રીબાલકૃષ્ણજી અષ્ટ કે સપ્ત પ્રમુખ સ્વરૂપોના અંતર્ગત ષષ્ઠ છે.

દ્વિતીય પત્રના **''સ્થલવિચારં કૃત્વા યદુનાથગૃહં કારણીયમ્''** વચનથી આ પણ સિદ્ધ થઈ જાય છે કે સપ્તસ્વરૂપોત્સવમાં અસહયોગનું કારણ શ્રીબાલકૃષ્ણજીને અસ્વીકારવાનું ન હતું પરંતુ નિજ સેવ્ય સ્વરૂપના ગૌરવના તથા સુખના અનુરૂપ નંદાલયોપમ ગૃહનું સિદ્ધ ન થઈ શકવું હતું

આ રીતે પુરાવૃત્તની સાક્ષી આપનારા શ્રીપ્રભુચરણના આ બે પત્રોને દૃષ્ટિગત કરવાથી ''પુષ્ટિસંપ્રદાયમાં ગાદિની બાબતમાં વિવાદનો અવકાશ જ નથી. કેમકે પુષ્ટિમાર્ગમાં શ્રીવલ્લભાચાર્યચરણની પ્રધાન ગાદી–ઘર (પીઠ) શ્રીનાથદ્વારામાં છે અને એ ગાદીના મહારાજશ્રી ''તિલકાયત મહારાજ''તરીકે ઓળખવામાં આવે છે. એમના સેવ્ય સ્વરૂપ શ્રીનાથજી તથા શ્રીનવનીતપ્રિયાજી છે અને તત્તત્ સમય શ્રીનવનીતપ્રિયજી શ્રીનાથજીની ગોદમાં બિરાજે છે. આના સિવાય શ્રીગુસાંઇજી દ્વારા સ્થાપિત

અન્ય સાત ગાદી-ઘર (પીઠ) પણ છે, જેમાં શ્રીગુસાંઈજીના સાત બાલક અને પ્રત્યેકના શ્રીમસ્તક ઉપર શ્રીગુસાંઈજીએ એક-એક સેવ્ય સ્વરૂપ પધરાવી આપ્યા હતા, જે 'સાત સ્વરૂપ'ના નામથી ઓળખવામાં આવે છે. શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયજીની ગણના સાત સ્વરૂપોના અંતર્ગત નથી થતી. સાત ગાદી કે સાત  ઘર કે (સાત પીઠ) શ્રીગુસાંઈજીના સાત પુત્રોના કારણે છે. જ્યારે કે પ્રધાન ગાદી કે ઘર કે (પીઠ) શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજીના કારણે છે....**સપ્ત બાલક પ્રયુક્ત, તે-તે બાલકોના બટવારામાં પ્રાપ્ત થયેલ તત્તત્ ગાદીના-ઘરના મુખ્ય સ્વરૂપ આજે જેને માથે બિરાજતા હોય અને જ્યાં-જ્યાં બિરાજતા હોય એ સ્થાન ગાદી; અને એમના માલિક ગાદીના અધિપતિના રૂપમાં ઓળખવામાં આવે છે....**ઉદાહરણતયા શ્રીગુસાંઈજીના દ્વિતીય પુત્ર શ્રીગોવિન્દરાયજીને બટવારામાં પ્રાપ્ત થયેલા, એ ઘરના મુખ્ય સ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજી આજે શ્રીનાથદ્વારામાં બિરાજે છે અને તે સાતના અંતર્ગત દ્વિતીય ગાદી છે. આ ગાદીના વર્તમાન અધિપતિ શ્રીગિરધરલાલજી મહારાજના પુત્ર શ્રીકલ્યાણરાયજી છે. શ્રીગુસાંઈજીના દ્વિતીય પુત્ર શ્રીગોવિન્દરાયજીથી ચાલી આવતી પરંપરામાં વર્તમાન દ્વિતીય પીઠાધીશ્વર શ્રીકલ્યાણરાયજીની માલિકીના અન્ય પણ અનેક ઘર હોઈ શકે છે, જ્યાં એમના સેવ્ય સ્વરૂપોની સેવા ચાલી રહી હશે, પરંતુ એને 'દ્વિતીય ગાદી' નથી કહી શકાતી. ભલે એ અન્ય ઘરનું અધિક માહાત્મ્ય પણ કેમ ન હોય!....આ દૃષ્ટિએ જોવાથી શ્રીયદુનાથજીની છઠ્ઠી ગાદીના સંબંધમાં કોઈપણ પ્રકારના વિવાદને અવકાશ જ નથી, તેથી સુરતસ્થિત શ્રીબાલકૃષ્ણજીનું મંદિર જ છઠ્ઠી ગાદી છે, નિર્ભયરામજી લિખિત વંશાવલીને આધારે શ્રીયદુનાથજીના જ્યેષ્ઠાત્મજ શ્રીરામચંદ્રજીનું નહીં પરંતુ દ્વિતીયાત્મજ શ્રીમધુસુદનજીનું ઘર હોવાથી વડોદરાના શ્રીકલ્યાણરાયજીના ઘરને છઠ્ઠી ગાદીના રૂપમાં માન્ય નથી કરી શકાતા.... (આ પૂર્વપક્ષ હાલમાંજ ગોસ્વામી શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રીની આજ્ઞાથી અનેક પત્ર-પત્રિકાઓમાં જે વક્તવ્ય ગુજરાતી ભાષામાં પ્રકાશિત થયું હતું તેનો અનૂદિત સારાંશ છે).

**આચાર્યપીઠવાદનો ઉત્તરપક્ષ અહીં આ રીતે છે-**

જ્યાં સુધી પ્રથમ પત્રના વિષયવસ્તુના વિમર્શનો પ્રશ્ન છે તો અમે પહેલાં પણ આ વિસ્તારની સાથે કરી જ ચૂક્યા છીએ (સૂત્ર ૧/૨ના ભાષ્યના (ક) અનુચ્છેદમાં). દ્વિતીય પત્રના વિષયવસ્તુના વિમર્શરૂપેણ કેટલાક મુદ્દા અવશ્ય વિચારણીય છે.

યદ્યપિ આ પત્ર ક્યારે કે કઈ સંવતમાં લખવામાં આવેલો તેનો ઉલ્લેખ પત્રમાં તો નથી મળતો છતાં પણ પત્રના અંતઃસાક્ષ્યના આધારે પત્રલેખનકાલની પૂર્વોત્તર અવધિને નિર્ધારિત કરવી અશક્ય નથી.

સર્વપ્રથમ શ્રીગોકુલોત્સવજીના નામોલ્લેખના કારણે આ પત્રના લેખનકાલની પૂર્વાવધિ નિશ્ચિત થઈ જાય છે. કેમકે શ્રીગોકુલોત્સવજીનો જન્મ વિ.સં.૧૬૩૪-૫માં થયો છે તેથી આ પત્ર એનાથી પૂર્વકાલનો હોઈ નથી શકતો. આ જ રીતે પત્રમાં અભ્યુપગત બીરબલની વિદ્યમાનતાના કારણે એમનું મૃત્યુ (વિ.સં.૧૬૪૧)ના પછીનો પણ આ પત્ર હોઈ નથી શકતો, શ્રીયદુનાથજી (જન્મ વિ.સં.૧૬૧૫-''પ્રકટ ભયે યદુનાથ ફિર વિઠ્ઠલેશ ગૃહનન્દ ચૈત શુક્લ ગુરુષષ્ઠિકો તત્ત્વ (૫) ભૂમિ (૧) રસ (૬) ચન્દ (૧) સંપ્રદાયકલ્પદ્રુમ ૭/૮૮)ના વિવાહ તો અતિ કિશોરાવસ્થામાં વિ.સં. ૧૬૨૫ની આસપાસ થયા હતા. સ્પષ્ટ છે કે આ સમયે ન તો પૃથક્ ગૃહની આવશ્યકતા અનુભૂત થઈ હશે અને ન આ પત્ર ત્યારનો લખવામાં આવેલો પણ છે, શ્રીગોકુલોત્સવજીના નામોલ્લેખથી જેમકે સિદ્ધ છે. 'શ્રીવિઠ્ઠલેશચરિતામૃત' લેખક શ્રીદ્વારકાદાસ પરીખે વિ.સં. ૧૬૩૭-૮નો એક પ્રસંગ ઉદ્ધૃત કર્યો છે. ચાંપાભાઈ અધિકારીની સાથે આ વરસે શ્રીપ્રભુચરણ ફતેહપુર સીકરી પધાર્યા હતા. ત્યારે બીરબલે ચાંપાભાઈ પાસે શ્રીપ્રભુચરણના વાર્ષિક ઘરખર્ચના આંકડાની બાબતમાં પૂછપરછ કરી હતી. આનાથી શ્રીપ્રભુચરણ અપ્રસન્ન થઈ ગયા હતા. આ પત્રની ભાષાનું અવલોકન કરવાથી શ્રીપ્રભુચરણ બીરબલ ઉપર પર્યાપ્ત પ્રસન્ન જોવામાં

આવી રહ્યા છે. તેથી પત્રલેખનકાલની ઉત્તરાવધિ વિ.સં.૧૬૪૧થી કાંઈક વધુ નીચે લાવી શકાય છે. તેથી સિદ્ધ થયું કે આ પત્ર વિ.સં. ૧૬૩૫થી વિ.સં. ૧૬૩૭ની વચ્ચે ક્યારેક લખવામાં આવેલો હોવો જોઈએ. નિર્ભયરામભાઈ (વિ.સં. ૧૮૪૩)થી બહુજ પહેલાં અર્થાત્ વિ.સં.૧૭૨૯માં લખવામાં આવેલા સંપ્રદાયકલ્પદ્રુમના અનુસાર શ્રીયદુનાથજીના પ્રથમ પુત્ર શ્રીમધુસુદનજીનો જન્મ વિ.સં. ૧૬૩૪માં થયો-''પ્રકટ ભયે યદુનાથગૃહ મધુસૂદન બલવાન સોલહ સો ચોંતીસકે દુતિય દિવસ નૃપ માન'' (સં.ક.૮/૫૬). સ્પષ્ટ છે કે આનાથી એકાદ વર્ષ પૂર્વ ક્યારેક શ્રીયદુનાથજીના વહુજી શ્રીમહારાણીજીનુ દ્વિરાગમન થયું હશે. ત્યારથી પૃથક્ ઘરની શ્રીયદુનાથજીના માટે પ્રાસંગિકતા આવી શકે છે, પરંતુ પત્રમાં ઉલ્લિખિત 'શ્રીગોકુલોત્સવ' નામના કારણે હજુ એક વર્ષ વધારે ઉપર આવવું પડશે. સંપ્રદાયકલ્પદ્રુમના અનુસાર-

**પ્રકટે બહુર ગુવિન્દકે ગોકુલ ઉત્સવનંદ ।**
**જ્યેષ્ઠ કૃષ્ણ ગુરૂ ચૌથીકો પંચ લોક રસ ચન્દ ।।**
**જાતકર્મ ઉત્સાહ કરિ શ્રીવિઠ્ઠલ દ્વિજરાય ।**
**મુનિ મંદિર પારંભ કિય શ્રીમદ્ગોકુલ આય ।।**

(સં.ક.૮/૮૫-૮૬)

આનાથી એકદમ સ્ફુટ થઈ જાય છે કે આ પત્ર વિ.સં.૧૬૩૫થી વિ.સં.૧૬૩૭ની વચ્ચેજ ક્યારેક લખવામાં આવેલો છે.

સંવત ૧૬૪૧માં, સંપ્રદાયકલ્પદ્રુમકારના અનુસાર, સાતેય ઘર તૈયાર થઈ ગયા હતા-

**મંદિર સપ્ત તૈયાર લખિ શ્રીવિઠ્ઠલ હરખાય ।**
**વેદશાસ્ત્ર વેદાંગ મતિ સેવા રીત બતાય ।।**
**બ્રહ્મ વેદ રસ ઈન્દુ ગુણ યુગાદિ દિન પાય ।**
**દીને સપ્ત સ્વરૂપ નૃપ સપ્ત સુતન હરષાય ।।**

**બાલકૃષ્ણ લઘુ જાન પ્રભુ નૃપ યદુનાથ ન લીન ।**
**લૈ કલ્યાણ પ્રભુ વેષ્ણુ સોં બહુર 'મહા' પદ દીન ।।**
**બાલકૃષ્ણ પ્રભુ વિનય કરિ બાલકૃષ્ણ ફિર લેન ।**

(સં.ક. ૭/૧૦૭-૧૧૨)

ત્યારે શ્રીબાલકૃષ્ણજીને પધરાવવાનો શ્રીયદુનાથજીએ ઈન્કાર કરી દીધો આ ન કેવળ સંપ્રદાયકલ્પદ્રુમકાર, ભાવભાવનાકાર શ્રીદ્વારકેશજી, શ્રીવલ્લભજી મહારાજ, નિજવાર્તાભાવપ્રકાશકાર, ષટ્ઋતુવાર્તાકાર ચતુર્ભુજદાસજી, ૧૨૦ વચનામૃતકાર શ્રીગિરધરજી, અમદાવાદવાળા શ્રીરણછોડલાલજી મહારાજ અપિતુ સ્વયં શ્રીવ્રજરત્નલાલજી મહારાજ (સૂરત બિરાજમાન) પણ સ્વીકારતા ચાલ્યા આવ્યા છે. અચાનક ત્યારે આજેજ આ મિથ્યાવાદ શા માટે ફેલાવવામાં આવી રહ્યો છે કે શ્રીયદુનાથજીએ શ્રીબાલકૃષ્ણજીને તો સ્વીકાર્યા હતા પરંતુ ઘર તૈયાર નહોતું થયું એટલા માટે સપ્તસ્વરૂપોત્સવમાં સંમ્મિલિત નહોતા થયા? ઉત્તર તો આનો કેવળ એકજ છેઃ ''પૂજારિપીઠવાદનો મોહ.''

અમે બતાવી ચૂક્યા છીએ કે સંવત્ ૧૬૩૭ કે અધિકાધિક સંવત્ ૧૬૪૧ના પછીનો તો આ પત્ર હોઈ જ નથી શકતો. બટવારો સંવત ૧૬૪૧માં થયો હતો જ્યારે કે સાતસ્વરૂપોત્સવ તો સંવત ૧૬૪૪ના પછી થયો છે (દ્રષ્ટવ્ય સં.ક. ૮/૧૩૫-૧૬૬), તેથી બીરબલના મરણના ઘણા સમય પછી. તેથી એ સમયે જતિપુરામાં શ્રીયદુનાથજીના ઘરના તૈયાર થવા કે ન થવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. પત્રાભ્યુપગત બીરબલની વિદ્યમાનતાના કારણે.

સૌથી વિચિત્ર વાત તો આ છે કે શ્રીયદુનાથભાવનિકાકાર શ્રીકલ્યાણરાયજી તથા સેવ્યસેવકરસાસ્વાદકાર શ્રીવલ્લભરાયજી જેવા વિદ્વાન મહાનુભાવ પણ કોઈ પણ પ્રકારની ઐતિહાસિકી તાર્કિકી સૈદ્ધાન્તિકી અથવા ભાવનાત્મિકા પૂર્વાપર સંગતિનો વિચાર કર્યા વિના

મિથ્યા-મિથ્યા વૃત્ત નામ ભાવના તથા હેતુઓનો પ્રચાર કરી રહ્યા છે. પૂજારિપીઠવાદના મોહવશ સિદ્ધાન્ત તથા સત્યને જુઠા સાબિત કરવામાં ભલે લજ્જા ન અનુભવાતી હોય, પરંતુ પોતાના પરિશ્રમાર્જિત વૈદુષ્યની તો કાંઈક પરવાહ કરવી જોઈતી હતી!

### (૧) શ્રીયદુનાથભાવનિકાનો અનુવાદ

''પ્રાચીનવાર્તાસાહિત્યમાં વર્ણિત ઐતિહાસિક ઘટનાઓનો વિચાર કરવાથી, આ જ રીતે શ્રીપ્રભુચરણના પત્રોના આધારે પણ આ સ્પષ્ટ થઈ જાય છે કે શ્રીયદુનાથજીના સિવાય બધાના ઘર-મંદિર સિદ્ધ થઈ ગયા હતા. શ્રીપ્રભુચરણ પોતાના એક પત્રમાં લખે છે કે-**''સ્થલવિચારં કૃત્વા યદુનાથગૃહં કારણીયમ્.''** અર્થાત્ શ્રીબાલકૃષ્ણપ્રભુની શ્રીયદુનાથજીની ભક્તિભાવનાના અનુસાર સેવા થઈ શકે તદનુરૂપ સ્થળ જોઈને શ્રીયદુનાથજીનું મંદિર સિદ્ધ કરાવવું જોઈએ. અન્ય એક પત્રમાં પણ શ્રીપ્રભુચરણે સ્પષ્ટ લખ્યું છે કે શ્રીયદુનાથજીનું મંદિર સિદ્ધ નથી થઈ શક્યું તેની એમને વિશેષ ચિંતા છે (દુર્ભાગ્યવશ પ્રસ્તુત નિબંધના લેખકને આ ક્યાંય પણ મળ્યું નથી) તેથી જેમ બને તેમ શીઘ્ર જ મંદિર નિર્માણ કરવું'' (શ્રીયદુનાથભાવનિકા પૃષ્ઠ સં.૧૨-૧૩).

### (૨) સેવ્યસેવકરસાસ્વાદનો અનુવાદ

''શ્રીપ્રભુચરણોંએ બધા બાલકોના શ્રીમસ્તક ઉપર શ્રીઠાકોરજીના સ્વરૂપ પધરાવી આપ્યા હતા. કેટલાક સમય સુધી તો આ બધા સ્વરૂપોની સાથેજ શ્રીનવનીતપ્રિયાજી બડે સિંહાસન ઉપર બિરાજ્યા. તેના પછી જ્યારે સાત સ્વરૂપોનો અન્નકૂટ-ઉત્સવનો પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે બધા સ્વરૂપોને પધરાવીને શ્રીગુસાંઈજી જતિપુરા પધાર્યા અને પ્રત્યેક સ્વરૂપને તે-તે ના મંદિરોથી પધરાવવાની આજ્ઞા આપી. અહીં આ ઉલ્લેખનીય છે કે શ્રીયદુનાથજીનું મંદિર યથાસમય પહેલાં બની નહોતું શક્યું જેનો ઉલ્લેખ ''સ્થલનો વિચાર કરીને શ્રીયદુનાથજીનું મંદિર બનાવડાવવાનું

છે'' આ આશયને શ્રીગુસાંઈજીના પત્રમાં આતુરતાની સાથે કરવામાં આવ્યો છે. આ દરમ્યાન તત્કાલિકતયા જે મંદિર સિદ્ધ થઈ શક્યું તે પોતાના અતિશય પ્રિય તથા બટવારામાં મળેલા મધુરેશ(!?) શ્રીબાલકૃષ્ણજીને સુખકારી નંદાલયની ભાવનાને સાકાર કરે એવું બની શક્યું નહોતું. અન્નકૂટ ઉત્સવ થયો ત્યારે અન્ય સ્વરૂપોની જેમ પોતાના સેવ્ય પ્રભુનું અપેક્ષિત મંદિર ન હોવાના કારણે તેવી ભાવનાને અનુસાર સ્વયં શ્રીનાથજીની પાસે પધરાવી ન શકે. એટલા માટે ''અસ્માકં મહતી લજ્જા સ્વામિન્ સ્વપતિનિન્દનાત્'' ન્યાયના અનુસાર શ્રીબાલકૃષ્ણ પ્રભુની કાંઈ પણ ન્યૂનતા રહે આવી કલ્પના પણ શ્રીયદુનાથજીને માટે અસહ્ય તાપરૂપ બની, તેથી વિરહભાવમાં આપ તુલસીવનમાં પધાર્યા. આપનો ગૂઢભાવ જીવબુદ્ધિથી સમજી શકવો શક્ય નથી. અને અતએવ શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ પધરાવ્યું નહીં વગેરે અન્ય વાતો ઘડી લેવામાં આવી છે, જેના કારણે મનમાં અન્યથાભાવ લાવીને આપણે અપરાધભાગી બનીએ છીએ'' (સેવ્યસેવકરસાસ્વાદ પૃષ્ઠ ૩૫-૩૬).

ઉલ્લેખનીય છે કે આ બધી કપોલકલ્પિત ભાવનાઓ તથા ઈતિવૃત્ત ન તો શ્રીયદુનાથજીના પ્રત્યે ભક્તિભાવથી અને ન બાલકૃષ્ણજીના પ્રત્યે ભક્તિભાવથી પ્રસૂત છે પરંતુ માત્ર ષષ્ઠપીઠાધીશતાના મોહવશ જ. પ્રસ્તુત નિબંધના લેખકને સ્વયં શ્રીકલ્યાણરાયજીએ એક વખત અનુરોધ કર્યો હતો કે જો બની શકે તો શ્રીવલ્લભરાયજીને કાશીના ઘરમાં ગોદ લેવાનો સુઝાવ (હવે નિ.લી.)ગો. શ્રીમુરલીધરજીને આપું. મેં કહ્યું કે ''એમને માન્ય નહીં થાય'', આના ઉપર શ્રીકલ્યાણરાયજીએ પૂછ્યું હતું કે ''એમને આપત્તિ તો આ જ હશે કે અમે સુરતના ઘરને ષષ્ઠપીઠ માનીએ છીએ, પરંતુ અમને જો ત્યાં ગોદ લેવામાં આવે તો શા માટે અમે સૂરતના ઘરને ષષ્ઠપીઠ માનીએ. ત્યારે તો અમે કાશીના ઘરને જ ષષ્ઠપીઠ માનશું.'' આનાથી સાફ-સાફ સમજી લેવું જોઈએ કે વડોદરાવાળા પણ આમનામાંથી કોઈ એકને ગોદ લઈ લેત તો

વડોદરાસ્થ શ્રીકલ્યાણરાયપ્રભુને જ ષષ્ઠનિધિ ન માનવા આજે અપરાધ બની ગયો હોત!

ઐતિહાસિક દષ્ટિકોણથી કાલવિમર્શ કરવાથી ઉપર આપવામાં આવેલ લેખન કેટલા બોદા છે આ તો આપણે સમજી ગયા પરંતુ તાર્કિકી સંગતિ, સૈદ્ધાન્તિકી સંગતિ તથા ભાવનાસંગતિની દષ્ટિથી પણ આ બંને કલ્પનાઓ કેટલી વિસંવાદિતાઓથી ભરેલી છે આ બતાવવાનો હવે પ્રયાસ કરીશું.

**તાર્કિકી સંગતિનો વિમર્શ**

**પ્રશ્ન (૧) "સ્થલં વિચારં કૃત્વા યદુનાથગૃહં કારણીયમ્"** વચનના આધારે નંદાલયની ભાવનાને અનુરૂપ પોતાના સેવ્યનું મંદિર સિદ્ધ ન થઈ શક્યું આ કહી તો દીધું પરંતુ હેતુસાધ્યની વ્યાપ્તિનું સ્વરૂપ શું? કેટલા ચોરસફુટ સ્થળ ઉપર કેટલા ચોરસફુટ ભવનનું નિર્માણ નંદાલયની ભાવનાને અનુરૂપ હોય છે. કોઈ પરિમાણ ક્યાંય સિદ્ધાન્તતયા નિર્દિષ્ટ છે શું?

**પ્રશ્ન (૨)** "અચિન્ત્યશક્તિસમ્પન્ન-સોમયાગાદ્યનુષ્ઠાતા-ગોવિપ્રપ્રાણરક્ષકઃ" (સે.સે.ર.પૃષ્ઠ ૪૫-૪૭) શ્રીયદુનાથજી સોમયાગાર્થ જો દ્રવ્ય એકત્રિત કરવામાં સમર્થ હતા તો નિજારાધ્યની સુખસેવાર્થ ભવનનિર્માણ કરાવવામાં સમર્થ ન હતા શું?

**પ્રશ્ન (૩)** "વેદાજ્ઞાવત્ તાતપાદાદેશસંપાલનગ્રહઃ" (સે.સે.ર.પૃષ્ઠ ૫૯) શ્રીયદુનાથજી કોઈ પણ કારણવશ નિજસેવ્યપ્રભુનું મંદિર સિદ્ધ ન થઈ શકવાના કારણે તાતપાદાદેશથી વિરૂદ્ધ ઉત્સવમાં કેમ સંમ્મિલિત ન થયા?

**પ્રશ્ન (૪)** જો નિજસેવ્યપ્રભુની અવમાનના થઈ રહી હતી તો નિજસેવ્યને કેમ પધરાવવા દીધા? શું નિજસેવ્ય ઉપર પોતાનું સ્વત્વ

છોડી દેવા માટે? અથવા 'અચિન્ત્યશક્તિસમ્પન્ન' હોવા છતાં અવમાનના રોકી શકવામાં અસમર્થ હોવાના કારણે અથવા પોતાના અગ્રજ તથા પિતાના વિરોધમાં અચિન્ત્ય શક્તિનો પ્રયોગ કરવામાં સંકોચ કે કુંઠાની અનુભૂતિના કારણે અથવા સેવ્યની અવમાનનામાં સેવકની સાક્ષી ન બનવામાત્રથી મનઃસમાધિનો સંતોષ માની લેવાને કારણે અથવા સ્વસેવ્યના અવમાનનાકારી પ્રસંગમાં અસહયોગાત્મક વિરોધ દ્યોતિત કરવાને માટે?

**પ્રશ્ન (૫)** પોતાના આરાધ્ય પ્રભુની થતી અવમાનના છતાં પોતાના પિતા શ્રીપ્રભુચરણની આજ્ઞાને અનુલ્લંઘનીય માનવાના કારણે અવમાનનાકારી ઉત્સવમાં વિવશતયા પધરાવવા દીધા તો એ જ વિવશતાના કારણે ઉત્સવમાં પણ સંમ્મિલિત થવું જોઈતું હતું તે કેમ ન થયા? જો અવમાનના સર્વથા અસહ્ય હતી તો બાદમાં રાજા આશકરણદાસના મનાવવાથી જવા ઉપર શું અવમાનના સહ્ય બની ગઈ હતી? અન્યથા સમ્મિલિત શા માટે થયા?

**પ્રશ્ન (૬)** સ્વપ્રભુસેવોપયોગી વૈભવશાળી ગૃહ સિદ્ધ ન થઈ શક્યું એતદર્થ ''શ્રીબાલકૃષ્ણ સર્વસ્વ-બાલકૃષ્ણૈકહૃદય-બાલકૃષ્ણૈકલોચન-બાલકૃષ્ણૈકેષ્ટદેવ'' (સે.સે.ર. ૨૨-૫૮) શ્રીયદુનાથજી કેમ ''વૈભવશાલિગૃહસર્વસ્વ-વૈભવશાલિગૃહૈકહૃદય-વૈભવશાલિગૃહૈક-લોચન-વૈભવશાલિગૃહૈકેષ્ટદેવ'' બની ગયા?

**પ્રશ્ન (૭)** જો ''ગોપીવિરહભાવાત્મા-તુલસીકુંજવલ્લભઃ ગૂઢઃ નિગૂઢભાવાત્મા ગૂઢભાવૈક-ભાવનઃ'' (સે.સે.ર. ૩૩-૩૮) શ્રીયદુનાથજી પોતાના તુલસીકુંજમાં પોતાના ગૂઢ-નિગૂઢ-ગૂઢભાવૈકભાવનાઓને શું અન્યદા ક્યારેય નહોતા કરી શકતા કે ઉત્સવમાંજ રસાભાસ પ્રકટ કરવાનો દુરાગ્રહ શા માટે રાખ્યો?

**પ્રશ્ન (૮)** આ ઉત્સવમાં અસહયોગ દ્વારા મૂલ આજ્ઞાપ્રદાયક

શ્રીગોવર્ધનધરનો વિરોધ અભિલષિત હતો અથવા આજ્ઞાનુસારી મનોરથી પોતાના અગ્રજ શ્રીગિરધરજીનો વિરોધ કરવો અભિલષિત હતો અથવા આ મનોરથની અનુમતિ આપવાવાળા પોતાના પિતા શ્રીપ્રભુચરણનો વિરોધ કરવો અભિલષિત હતો અથવા કેવળ ઉત્સવનોજ વિરોધ કરવો ''શ્રીગોવર્ધનસ્થિતિપ્રેષ્ઠો ગોવર્ધનધરપ્રિયઃ ગોવર્ધનસુખસ્વાન્તઃ ગોવર્ધનમહોત્સવઃ'' (સે.સે.ર.પૃષ્ઠ ૫૪) શ્રીયદુનાથજીને અભિલષિત હતું?

**પ્રશ્ન (૯)** અથવા આવા અન્યાય તથા પક્ષપાત ભરેલા ઉત્સવમાં અન્ય ભાઈ કેમ સમ્મિલિત થઈ રહ્યા છે એવી આપત્તિ મનમાં રાખીને બધા ભાઈઓનો વિરોધ ''સર્વભ્રાતૃપ્રિયઃ'' (સે.સે.ર.પૃષ્ઠ ૪૩) શ્રીયદુનાથજી કરવા માગતા હતા?

**પ્રશ્ન (૧૦)** અથવા સ્વયંના સેવ્યપ્રભુને જેમ શ્રીપ્રભુચરણની બાલ્યાવસ્થામાં લડી-ઝઘડીને ઠોરની છીનાઝપટી કરીને પોતાની દિવ્ય બાલલીલાનો સાનુભાવ પ્રદાન કરવાનું સામર્થ્ય પ્રકટ કર્યું હતું એજ રીતે અવશિષ્ટ છ ભાઈઓના એકાદ નંદાલયોપમ ભવનને છીનવી ઝપટીને લઈ લેવાની લીલા કેમ પ્રકટ નથી દેખાડી રહ્યા તેથી પોતાના સેવ્ય પ્રભુનો જ વિરોધ કરવા ''શ્રીબાલકૃષ્ણૈકેષ્ટદેવ'' શ્રીયદુનાથજી ઉત્સવમાં સમ્મિલિત નહોતા થયા?

આ દુઃસમાધેય પ્રશ્ન ઉલ્લિખિત બંને કપોલકલ્પિત વર્ણનોની તાર્કિક વિસંગતિને બિલકુલ ઉજાગર કરી રહ્યા છે.

**સૈદ્ધાન્તિક સંગતિનો વિમર્શ**

જ્યાં સુધી સૈદ્ધાન્તિ સંગતિનો પ્રશ્ન છે તો સંપ્રદાયમાં શ્રીપ્રભુચરણના સમકાલિક ચતુર્ભુજદાસજીથી પ્રારંભ કરીને, સંપ્રદાયકલ્પદ્રુમ (૮/૧૨૫-૧૬૬) કાર જે શ્રીહરિરાયજીના શિષ્ય તથા શ્રીયમુનાબેટીજીના પૌત્ર છે, ભાવભાવનાવાળા શ્રીદ્વારકેશજી, જે ન તૃતીય

પીઠાધીશ છે ન ષષ્ઠપીઠાધીશ અર્થાત્ સર્વથા તટસ્થ વ્યક્તિ છે, શ્રીવલ્લભજી, ૧૨૦ વચનામૃતકાર શ્રીગિરધરજી તથા અંતિમ અમદાવાદવાળા શ્રીરણછોડલાલજી મહારાજ પર્યંત એક સ્વરથી જે ઈતિવૃત્તનું વર્ણન કરી રહ્યા છે કે શ્રીયદુનાથજીએ શ્રીબાલકૃષ્ણ પ્રભુને પધરાવવા સ્વીકાર્યા નહીં એમાં કોઈ સૈદ્ધાન્તિક બાધ તો નથી જોવામાં આવતો. કેમકે સ્વયં શ્રીમહાપ્રભુ પણ આ તો અનુમતિ આપે જ છે કે **''અભિમતયા મૂર્ત્યા પ્રકારસહસ્રમધ્યે....રૂપેષુ સ્વભાવઃ નિયામકઃ''** (સુબો.૧૧/૩/૪૮).

તેથી આકારમાં નાની મૂર્તિ હોવાના કારણે અથવા શ્રીમહાપ્રભુદ્વારા પુષ્ટ ન કરવામાં આવ્યા હોવાના કારણે અથવા સંપુટજીમાં બિરાજવાના કારણે અર્થાત્ જે કોઈ પણ કારણવશ શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ શ્રીયદુનાથજીને સેવાર્થ અભિમત ન હોય તો કોઈ સૈદ્ધાન્તિક ક્ષતિ તો નથી.

પરંતુ નંદાલયની ભાવનાને સાકાર કરી શકે એવા વૈભવશાળી ભવનના ન મળવાથી સ્વસેવ્ય પ્રભુના પણ ઉત્સવમાં સમ્મિલિત ન થઈને વ્યર્થ ગૂઢ-નિગૂઢ-ગુઢૈકભાવોં (!)ની ભાવના દ્વારા વિરહ કરવાનો હાસ્યાસ્પદ સિદ્ધાન્ત તો ''ભગવત્સેવાયામપિ ક્લિષ્ટં ન સમર્પયેત્, તત્ ક્લિષ્ટં ત્રિવિધં લોકક્લિષ્ટં આત્મક્લિષ્ટં ચિત્તક્લિષ્ટં ચ ઈતિ. અતઃ અક્લિષ્ટં નિરૂપ્યતે-(૧) લોકે યદ્-યદ્ ઈષ્ટતમમ્ આમ્રદ્રાક્ષાદિ (૨) આત્મનઃ અત્યંન્તં પ્રિયં દુગ્ધાદિ (૩) સન્માર્ગોપાર્જિતં (નતુ દેવલકવૃત્ત્યા!)* ન અન્યેષાં (યથા શ્રીયદુનાથવંશોદ્ભવાનાં!)* ભાગરૂપમ્, ચિરકાલમનોરથ-ચિન્તિતમ્ અન્તઃકરણપ્રિયં, તેનૈવ ચિત્તનિર્વૃતિઃ ઈતરનિષેધાર્થમ્ એતદ્ ઉક્તમ્'', (સર્વનિ.પ્રકાશ.૨૨) વચનથી સર્વથા જ વિરૂદ્ધ છે.

''અસ્માકં મહતી લજ્જા....'' ન્યાય જો અહીં ન્યાય હોત તો રાજા આશકરણદાસજીના મનાવવા પર પણ ઉત્સવમાં સમ્મિલિત નહોતું

(*કોષ્ઠકાન્તર્ગત શબ્દ પ્રસ્તુત લેખકના છે.)

થવું જોઈતું હતું. નિત્યસેવાર્થ ઘર જો ગોકુલમાં તૈયાર હતું તો ત્યાંથી પધરાવવા જોઈતા હતા કેવળ જતિપુરામાં ઘર તૈયાર ન થયું આટલા માત્રથી આટલો બખેડો કરવો કે જે આજે સવાચારસો વર્ષ સુધી સુલઝી ન શક્યો ક્યાંની સિદ્ધાન્તસંગત કથા હોઈ શકે છે? અથવા બાદમાં શ્રીગિરધરજી અથવા ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીની સાથે રહીને સેવા કરી હતી, આવું સ્વીકારવામાં આવે છે. તો સપ્તસ્વરૂપોત્સવમાં પણ એવું કેમ ન કર્યું?

**ભાવનાસંગતિનો વિમર્શ**

ભાવનાસંગતિનો વિમર્શ પણ પણ આનાથી થઈ જાય છે કે વિપ્રયોગાનુભવ ઉત્તરદલાનુભવ અન્યદા પણ ક્યારેક સંભવ હતો. આવશ્યકતા ન હતી કે જ્યારે સંયોગાનુભવના મહોત્સવનો પ્રસંગ હોય ત્યારે જ વિપ્રયોગાનુભવ કરવા માટે જાણીજોઈને બીછડવું અને પછી રોવું!

કોઈ પત્ની પોતાના પતિના ઘરમાં આયોજિત ઉત્સવમાં એટલા માટે સમ્મિલિત ન રહે કે જેઠ-દીયરને તો સસરાએ મોટા-મોટા ઘર આપ્યા છે પરંતુ પોતાના પતિને નાનું ઘર આપ્યું છે, તેથી પતિ સમ્મિલિત થતા હોય તો થાય, પરંતુ પોતાના પતિના અપમાનને વિચારીને હું સમ્મિલિત નથી થઈ શકતી! આવી પત્નીની ભાવના પતિને સર્વસ્વ માનવાના બદલે વૈભવશાળી ભવનને પોતાનું સર્વસ્વ માનવાની વધારે લાગે છે.

અમને નથી લાગતું કે આવો જઘન્ય ભાવ શ્રીયદુનાથજીના હૃદયમાં ક્યારેય પનપી શકે છે. આ ભાવ તો પૂજારિપીઠવાદિઓના હૃદયમાં જ અંકુરિત તથા પલ્લવિત થાય છે! પરંતુ આનું ફલ ભોગવવું પડે છે આખા માર્ગને જ!

## પૂજારિપીઠવાદિઓની પીઠપરિભાષાનો વિમર્શ

પૂજારિપીઠવાદિઓની પીઠપરિભાષા કે ''બટવારામાં જે-જે સાત બાલકના માથે જે સાત સ્વરૂપ પધરાવવામાં આવ્યા હતા તે આજે જ્યાં જે ઘરમાં બિરાજી રહ્યા છે એ ઘરના જે માલિક છે તે નિધિક્રમાનુસાર પ્રથમાદિ સપ્તમાન્ત પીઠાધીશ કહેવામાં આવે છે'' અહીં આ વિચારણીય છે કે 'માલિક' શબ્દ **(ક)** કાનૂની માલિકીના અર્થમાં **(ખ)** કુલાચારનીતિયુક્ત માલિકીના અર્થમાં **(ગ)** આનુવંશિક માલિકીના અર્થમાં અથવા **(ઘ)** અન્યાયપૂર્ણ માલિકીના અર્થાત્ અનીતિપૂર્ણ માલિકીના અર્થમાં પણ લેવો જોઈએ?

**(ક)** આજે તનુવિત્તજા સેવા તથા સ્વગૃહમાં પુષ્ટિભાવસંગોપનની ગરિમાથી મંડિત સેવાના પ્રકારને નિભાવવાનું આચાર્યોચિત આત્મગૌરવ તો પૂજારિપીઠવાદિઓમાં હોતું નથી. અતએવ યથાકથંચિત્ સંપત્તિ બચાવવા માટે પોતાના આરાધ્ય સ્વરૂપ તથા સેવાસ્થળને સાર્વજનિક ન્યાસ બનાવી દેવામાં આવે છે. જેમણે નથી બનાવ્યા તેઓ પણ પોતાની આ કુપ્રવૃત્તિઓને કાબુમાં નથી લાવી શકતા. તેથી નિકટ ભવિષ્યમાં સરકાર દ્વારા સાર્વજનિક ન્યાસ ઘોષિત કરી દેવામાં આવશે. આવી સ્થિતિમાં કાનૂની માલિક કાં તો ન્યાસસમિતિ હશે કાં જનતા કાં સ્વયં નિધિસ્વરૂપ જ. તેથી પીઠાધીશ પણ આ ત્રણમાંથી જ કોઈ એક હોઈ શકે છે.

**(ખ)** કુલાચારની નીતિના આધારે બેજ સંભાવનાઓ સામે છે- **(૧)** શ્રીબાલકૃષ્ણજી શ્રીયદુનાથજીના સેવ્યસ્વરૂપ છે અથવા **(૨)** એમના અસ્વીકારના કારણે શ્રીપ્રભુચરણના તૃતીયાત્મજ શ્રીબાલકૃષ્ણજીની જ શ્રીદ્વારકાધીશની જેમ આ બીજી નિધિ છે.

**(૧)** શ્રીબાલકૃષ્ણજી શ્રીયદુનાથજીના ઘરમાં આજે તો બિરાજતા

નથી અને ન એમના વંશજોની પાસે પણ. કેમકે સૂરતનું ઘર ત્રીજા ઘરની શાખા છે. આ શ્રીવ્રજરાયજી મહારાજ, સૂરતગૃહ-સંસ્થાપક તથા શ્રીજાનકીવહુજી-શ્રીગંગાબેટીજી-શ્રીવ્રજભૂષણજીની વચ્ચે થયા તથાકથિત ફારગતી પત્ર (ષ. શ્રીબા. ચરિ. પરિ. ૩)ના આધારે સિદ્ધ થાય છે. શ્રીવ્રજરાયજીનો દાવો મૂલતઃ શ્રીદ્વારકાધીશ ઉપર હતો પરંતુ એ ન મળવાથી એની અવેજમાં શ્રીબાલકૃષ્ણ પ્રભુ બાદશાહી ફરમાનની બળજબરી (ત્યાંજ પરિ. ૨) કે તથાકથિત ફારગતી પત્રના આધારે પધરાવી લેવામાં આવ્યા હતા. તેથી ત્રીજા ઘરના બટવારામાં કાંકરોલી તથા સૂરત બે ઘર બન્યા. આવી સ્થિતિમાં આટલું તો નિશ્ચિત છે કે જો પુનઃ શ્રીયદુનાથજી કે એમના વંશજ માંગે તો પાછા આપવાની શરત ઉપર તૃતીયાત્મજના ઘરે બિરાજતા હોય તો કુલાચારની નીતિના આધારે સૂરતમાં શ્રીબાલકૃષ્ણજીના મંદિર ઉપર જ્યાં સુધી શ્રીયદુનાથજીના કોઈ વંશજની માલિકી સ્થાપિત ન થાય ત્યાં સુધી તો કેવળ સંભાળવાવાળા ટ્રસ્ટી જ સૂરતના ઘરના ગોસ્વામી કહેવાશે માલિક નહીં. અને જો ફરીથી પાછા આપવાનું ઉત્તરદાયિત્વ ન હોય તો સિદ્ધ થયું કે શ્રીબાલકૃષ્ણજી શ્રીયદુનાથજીના ઠાકોરજી નથી-ભલે ભૂતકાળમાં રહ્યા પણ હોય તો પણ. કેમકે ત્યારે જેમને મળ્યા એમના ઠાકોરજી કહેવાશે. જેમ શ્રીગિરધરજીને શ્રીનવનીતપ્રિયાજી-શ્રીમથુરાધીશજી-શ્રીનટવરલાલજી મળી જવાથી એ ત્રણે એમના ઠાકોરજી બની ગયા હતા. હોઈ શકે છે કે જો શ્રીયદુનાથજીના માથે બિરાજતા તો એમના ઘરના આ મુખ્યનિધિસ્વરૂપ પણ કહેવાત પરંતુ ત્રીજા પુત્રના ઘરમાં મુખ્યનિધિસ્વરૂપતયા ન તો બિરાજ્યા અને ન ત્રીજા ઘરના મુખ્યનિધિસ્વરૂપતયા શ્રીવ્રજરાયજીને પ્રાપ્ત થયા. તેથી આ સ્વરૂપ ન તો તૃતીયનિધિ અને ન ષષ્ઠનિધિ પણ રહી જાય છે.

(૨) તેથી દ્વિતીય કલ્પ ના અનુસાર શ્રીપ્રભુચરણના તૃતીયાત્મજના દ્વિતીય સ્વરૂપભૂત શ્રીબાલકૃષ્ણના મંદિર ઉપર જ

કુલાચારનીતિના અનુસાર માલિકાના હક સિદ્ધ થતો હોવાથી સૂરતનું ઘર (તૃતીય/૨) ઘર જ સિદ્ધ થાય છે.

**(ગ)** આનુવંશિક માલિકી પણ, સ્વયં ગોસ્વામી શ્રીવ્રજરત્નલાલજી મહારાજની આત્મસ્વીકૃતિના આધારે ઔરસ ક્રમથી શ્રીગિરધરજીના વંશનો માલિકાના હક સાબિત થાય છે, તેથી (પ્રથમ/....) ઘરમાં આને ગણવું જોઈએ અથવા અનૌરસ ક્રમથી તો પુનઃ (તૃતીય/૨) ગૃહ જ સિદ્ધ થાય છે. સ્વયં શ્રીવ્રજરત્નલાલજી મહારાજની પણ સ્વીકૃતિના અનુસાર.

**(ઘ)** અન્યાયપૂર્ણ માલિકીના આધારે તો કાલે જો કોઈ ચોરી જાય કે સરકાર કોઈ ગૈરવલ્લભવંશજને નિયુક્ત કરી દે તો એને પણ ષષ્ઠપીઠાધીશ માનવા પડશે.

આનાથી સિદ્ધ થયું કે આઠ કે સાત કે અન્ય પણ બધા ગોસ્વામિગૃહોમાં ભગવત્સેવાધિકાર અથવા ભગવત્સ્વરૂપના કારણે ગૃહત્વ કે પીઠત્વ નથી પરંતુ જેને ઔરસ અથવા અનૌરસ ક્રમથી કુલાચારનીતિને અનુકૂલ ઉત્તરાધિકાર જે ઘરનો મળે છે ત્યાંજ એ ઘર કે પીઠના પીઠાધીશ કહેવાય છે. ઘર કે પીઠની ભૌતિક સંપત્તિ-ભૂમિ-ભવન-આભૂષણાદિની જેમ સેવ્યસ્વરૂપ પણ આધિદૈવિક સંપત્તિ કે નિધિ છે જેના ઉપર ઔરસ કે અનૌરસ ઉત્તરાધિકારીનું આનુવંશિક સ્વત્વ સ્થાપિત થતું ચાલ્યું આવી રહ્યું છે.

શ્રીયદુનાથજીનું ગૃહ, થોડીવાર માટે શ્રીરામચંદ્રજીને પણ જ્યેષ્ઠ પુત્ર માની લઈએ તો પણ શ્રીગિરધરજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીમુરલીધરજીનો જેમ વંશ ન ચાલ્યો તેવીજ રીતે શ્રીરામચંદ્રજીનો પણ ન ચાલવાના કારણે, શ્રીમધુસુદનજીને જ મળ્યું, જેમ શ્રીગિરધરજીના બે ઘરોમાંથી એક શ્રીદામોદરદાસજીને તથા બીજું શ્રીગોપીનાથજીને મળ્યું હતું તેવીજ રીતે વડોદરાસ્થિત ઘર જ છે.

**સૂત્ર**

**આ રીતે મૂલાચાર્ય વચનોથી અસિદ્ધ તથા વિરૂદ્ધ હોવાથી પૂજારિપીઠવાદ અપ્રામાણિક છે સર્વથા અપ્રામાણિક** (૧/૯).

**ભાષ્ય**

પૂજારિપીઠવાદ ન કેવળ મૂલાચાર્યના વચનોથી અસિદ્ધ છે અપિતુ વિરૂદ્ધ પણ છે.

ન કેવળ આટલું અપિતુ પૂજારિપીઠવાદના મોહવશ સૂરતના ઘરના ષષ્ઠપીઠ હોવાનો દાવો તો એક હાસ્યાસ્પદ ત્રણ કે ચાર અંકવાળું પ્રહસન કે ભાણ છે.

આનો પ્રથમ અંક ષષ્ઠનિધિ અંક છે. દ્વિતીય અંક ષષ્ઠપીઠ કે ષષ્ઠગૃહ અંક છે. તૃતીય ષષ્ઠાત્મજવંશ અંક છે. ચતુર્થ અંક સંભવતઃ પ્રધાનપીઠ અંક થશે એવા કાંઈક-કાંઈક અણસાર નજરે આવી રહ્યા છે!

આ નાટકની વિશેષતા આ છે કે પૂર્વ-પૂર્વ અંકથી વૃત્તાંત કે એમના સંબંધિત પ્રમાણ ઉત્તરોત્તર અંકમાં મિથ્યા સિદ્ધ થતા ચાલ્યા જાય છે. પ્રત્યેક નવીન અંકમાં પૂર્વોપાત્ત પ્રમાણોને ખલનાયક માનીને નિંદનીય માની લેવામાં આવે છે, જેને પૂર્વ અંકમાં વંદનીય નાયકની જેમ સ્વીકારવામાં આવ્યા હતા! સંક્ષેપમાં પ્રથમ અંકમાં કેવળ સૂરતમાં બિરાજમાન શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ ષષ્ઠનિધિ અને એતત્સંબંધી અનેક પ્રમાણ ''ષષ્ઠનિધિ સ્વરૂપ શ્રીબાલકૃષ્ણજી (સૂરત)નું ચરિતામૃત''માં સંકલિત થયા છે. દ્વિતીય અંકમાં ષષ્ઠપીઠ સૂરતનું ઘર છે આમાં ઉક્ત ''૦૦૦ચરિતામૃત''ના બધા પ્રમાણોને વિચારવા-કહેવા અપરાધ માની લેવામાં આવ્યો છે. આના પ્રમાણ શ્રીયદુનાથભાવનિકા-સેવ્યસેવકરસાસ્વાદ-પુષ્ટિમાર્ગમાં ગાદી અંગેના વિવાદને અવકાશ જ નથી વગેરે લેખોમાં એકત્રિત થયા છે. તૃતીય અંકના તથા ચતુર્થ અંકના આવનારા પ્રમાણોનો બીજાવાપ તો થઈ ગયો છે, પરંતુ હમણાં કેમકે

દ્વિતીય અંક ચાલી રહ્યો છે ત્યાં સુધી અંકુરિત-પલ્લવિત નહીં થવા દેવામાં આવે. દ્વિતીય અંકના સમાપ્ત થતાં જ તૃતીય અંકના નવા-નવા પ્રમાણ અંકુરિત થઈ જશે કે સૂરતસ્થિત પરિવાર શ્રીયદુનાથજીના વંશજ જ છે. ચતુર્થ અંક એના પછી આવશે કે સંપ્રદાયમાં પ્રધાન નિધિસ્વરૂપ શ્રીનાથજી નહીં પરંતુ શ્રીબાલકૃષ્ણજી છે અતઃ વાલ્લભ સંપ્રદાયના પ્રધાનપીઠાધીશ સૂરત પરિવાર જ થઈ શકે છે!

તો આવો આ ત્રણ-ચાર અંકોવાળા પ્રહસન માં ઉપર ચઢાવી-ચઢાવીને નીચે પટકવામાં આવતા પ્રમાણોની હાસ્યાસ્પદ દુર્દશાનું અવલોકન કરીએ-

**અંક પ્રથમ : ષષ્ઠ નિધિ અંક**

**(૧) ઉપરોક્ત** બટવારામાં **શ્રીયદુનાથજીએ શ્રીબાલકૃષ્ણ પ્રભુનું સ્વરૂપ નાનું હોવાથી વાંધો ઉઠાવ્યો** ત્યારે શ્રીગુસાંઈજીએ સ્વમુખથી આજ્ઞા કરી કે સ્વરૂપ બધા સમાન છે. **શ્રીબાલકૃષ્ણજીને શ્રીનવનીતપ્રિયાજીની સાથે પધરાવીને શ્રીગિરધરજીને આપ્યા** એમને આજ્ઞા કરી કે **શ્રીયદુનાથજી કે એમના વંશજ જ્યારે પણ શ્રીબાલકૃષ્ણજીની માગણી કરે ત્યારે તેને આ સ્વરૂપ પધરાવી આપવું.** (....ચરિતામૃત પૃ.૭)

**(૨)** આ આજ્ઞાના સમયે સાતેય બાલકો ઉપસ્થિત હતા તત્પશ્ચાત શ્રીબાલકૃષ્ણજીની સેવા કેટલોક સમય શ્રીનવનીતપ્રિયાજીની સાથે ચાલુ રહી....કેટલાક સમય પછી શ્રીગિરધરજી પાસે તૃતીય પીઠાધીશ્વર શ્રીબાલકૃષ્ણજીએ શ્રીબાલકૃષ્ણપ્રભુના સ્વરૂપની સેવાના માટે માગણી કરી.... **શ્રીગિરધરજીએ સ્વરૂપ આ શરત ઉપર સોંપ્યા કે શ્રીયદુનાથજી કે એમના વંશજ સેવાને માટે પાછા માગે તો વિના સંકોચે કોઈ પણ પ્રકારનો વાંધાવગર એમના હકથી એમને સેવા પધરાવી આપવી. શ્રીબાલકૃષ્ણજીએ એ શરતને સ્વીકારી અને**

શ્રીબાલકૃષ્ણપ્રભુનું સ્વરૂપ પધરાવી લીધું. **શ્રીયદુનાથજીએ આ વિષયમાં ખાસ ધ્યાન ન આપ્યું.** (....ચરિતામૃત પૃ. ૭).

**(૩)** ...રાજા માનસિંહની સહાયતાથી **ગોપાલપુરમાં સાત સ્વરૂપોના સાત મંદિર સિદ્ધ કરાવ્યા.** રાજા આસકરણદાસને બોલાવીને મનોરથની પૂર્વ તૈયારી શરૂ કરી. **રાજા આસકરણના સમજાવવાથી શ્રીયદુનાથજીએ પણ મનોરથમાં ભાગ લીધો**....બધા સ્વરૂપો પુનઃ પોત-પોતાના સ્થાને પધાર્યા. **શ્રીબાલકૃષ્ણપ્રભુની સેવા શ્રીદ્વારિકાધીશને સાથે ચાલુ રહી** (....ચરિતામૃત પૃ.૮)

**(૪)** શ્રીદ્વારિકાધીશ તથા શ્રીબાલકૃષ્ણ પ્રભુ જે ત્રીજી અને છઠી નિધિના સ્વરૂપ હતા એમની સેવા ગોસ્વામી શ્રીબાલકૃષ્ણજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીદ્વારિકેશજી અને **ગોસ્વામી શ્રીયદુનાથજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીમધુસુદનજી** સંયુક્ત રીતિથી પ્રેમપૂર્વક કરતા હતા (....ચરિતામૃત પૃ.૮).

**(૫)** શ્રીગોકુલનાથજી કુટુંબમાં મોટા હતા. એમણે શ્રીદ્વારિકેશજીને બોલાવીને કહ્યું કે શ્રીગુસાંઈજીએ જ્યારે સાતેય સ્વરૂપોનો બટવારો કર્યો ત્યારે આજ્ઞા કરી હતી કે **શ્રીબાલકૃષ્ણજી ઠાકુરજી ઉપર શ્રીયદુનાથજીના વંશજોનો અધિકાર છે. જ્યારે પણ શ્રીયદુનાથજીના વંશજ ષષ્ઠનિધિ સ્વરૂપ શ્રીબાલકૃષ્ણજીને પધરાવવા માટે આવે ત્યારે શ્રીબાલકૃષ્ણપ્રભુને કોઈ પણ પ્રકારની હીચકિચાહટ વગર કે તકરાર વગર એમને પધરાવી આપવા. શ્રીગુસાંઈજીએ આ આજ્ઞા પ્રથમ લાલજી શ્રીગિરધરજીને તથા તૃતીય લાલજી શ્રીબાલકૃષ્ણજી મહારાજને કરી હતી અને એમણે સ્વીકાર કર્યો હતો....**અતઃ ષષ્ઠનિધિ શ્રીબાલકૃષ્ણપ્રભુને શ્રીમધુસુદનજીને પધરાવી આપો (....ચરિતામૃત પૃ.૮)

**(૬) સંવત ૧૬૩૭માં શ્રીગુસાંઈજીએ સાતેય નિધિઓને માટે શ્રીગોકુલમાં સાત મંદિર બનાવડાવ્યા હતા એમાંથી છઠ્ઠા મંદિરમાં શ્રીમધુસૂદનજી શ્રીબાલકૃષ્ણપ્રભુને પધરાવીને સેવા કરવા લાગ્યા....**બાદમાં **શ્રીબાલકૃષ્ણપ્રભુએ એમને સ્વપ્નદ્વારા જતાવ્યું કે મને ફરીથી શ્રીદ્વારકાધીશની પાસે પધરાવો.** શ્રીમધુસૂદનજી શ્રીબાલકૃષ્ણ પ્રભુને ઝાંપીમાં પધરાવીને શ્રીદ્વારિકેશજી મહારાજની પાસે આવ્યા. એમણે સ્વીકાર કરવાનો ઈન્કાર કરી દીધો. શ્રીમધુસૂદનજી ફરીથી શ્રીગોકુલનાથજીની પાસે પહોંચ્યા અને સ્વપ્નની વાત કહી, શ્રીગોકુલનાથજીની શિક્ષા-સલાહથી **સ્વપ્નની વાતને પ્રભુ ઈચ્છા સમજીને શ્રીદ્વારકેશજીએ શ્રીમધુસૂદનજીની પાસે લખાવીને શ્રીબાલકૃષ્ણ પ્રભુને પધરાવી લીધા** (....ચરિતામૃત પૃ.૯).

(૭) આના પછી લગભગ સંવત ૧૭૧૮-૧૯માં શ્રીગિરધરલાલજીએ લીલાપ્રવેશ કર્યો. ત્યારે બંને નિધિસ્વરૂપોની સેવા દત્તકપુત્ર શ્રીવ્રજભૂષણજી તથા શ્રીજાનકીવહુજી અને શ્રીગંગાબેટીજી કરવા લાગ્યા. દરમિયાન **શ્રીબાલકૃષ્ણજી મહારાજના ચોથા પુત્ર શ્રીપીતાંબરજીના પૌત્ર શ્રીશ્યામલજી મહારાજના પુત્ર શ્રીવ્રજરાયજી મહારાજે આ દત્તક પુત્રના સમાચાર કાશીમાં સાંભળ્યા. એ દત્તક પુત્ર શ્રીવ્રજભૂષણજીના કાકા થતા હતા. એટલા માટે એમણે વિરોધ ઉઠાવ્યો. એમણે કહ્યું કે કુટુંબમાં સૌથી મોટો હું છું એટલા માટે શ્રીગિરધરજીની ગોદમાં આવવા માટેનો અધિકાર મને મળવો જોઈએ....**પરંતુ જ્ઞાતિના પંચ સમક્ષ શ્રીગંગાબેટીજીએ પોતાના પિતાશ્રીનો દત્તકપત્ર રજુ કર્યો....પરંતુ આ સૂચન શ્રીવ્રજરાયજીને પસંદ ન આવ્યું. તેઓ આગ્રા પધાર્યા ઓરંગઝેબ બાદશાહની સમક્ષ ફરિયાદ રજુ કરી. શ્રીગંગાબેટીજી શ્રીજાનકીવહુજી અને શ્રીવ્રજભૂષણજી પણ આગ્રા પધાર્યા અને બચાવ રજુ કર્યો. બાદશાહે ફેંસલો શ્રીવ્રજરાયજીથી વિરૂદ્ધ

આપ્યો....**પરંતુ મહાવનના કેટલાક બ્રાહ્મણો અને સશસ્ત્ર સૈનિકોની સહાયતાથી શ્રીવ્રજરાયજીએ એક રાતના શ્રીદ્વારિકાધીશ પ્રભુ, શ્રીબાલકૃષ્ણ પ્રભુ અને શ્રીમહાપ્રભુજીના ચરણપાદુકાજીનો કબ્જો લીધો** અને આગ્રા પધાર્યા. શ્રીગંગાબેટીજી વગેરે પણ આગ્રા પધાર્યા અને બાદશાહની બેગમની સહાયતાથી બંને નિધિસ્વરૂપ પાછા પ્રાપ્ત કર્યા....છતાં પણ બંને સ્વરૂપોની સેવા કરવાનો પોતાનો અધિકાર સ્થાપિત કરવા માટે તેઓ પ્રયત્નશીલ રહ્યા. **સંયોગવશ બાદશાહ સાથે પરિચય થયો એમનાથી અમદાવાદના હાકીમના નામે હુકુમ પ્રાપ્ત કર્યો કે નાના સ્વરૂપ શ્રીબાલકૃષ્ણજી જ્યાં હોય ત્યાંથી શોધીને શ્રીવ્રજરાયજી મહારાજને સુપ્રત કરો** (....ચરિતામૃત પૃ.૧૦).

(૮) ....શ્રીવ્રજરાયજીએ **નમ્રતાપૂર્વક** પોતાનો પરિચય આપીને **શ્રીદ્વારિકાધીશ ઉપર પોતાનો હક છે અને ઈનામના રૂપમાં એ મળે એવી પ્રાર્થના કરી. આગ્રામાં આપવામાં આવેલ ન્યાય બાદશાહને યાદ હતો. એટલા માટે આ બાબતમાં અન્યાય કરવાનો એમણે ઈન્કાર કર્યો** અને શ્રીવ્રજરાયજીને કોઈ બીજું ઈનામ માગવા માટે કહ્યું. ત્યારે શ્રીવ્રજરાયજીએ પ્રાર્થના કરી કે **''મારે મૂર્તિનું કામ છે. જો મને મોટા દેવ (શ્રીદ્વારિકાનાથજી) અપાવવા આપ ન ઈચ્છતા હો તો એમની પાસે નાના દેવ (શ્રીબાલકૃષ્ણજી) છે તે મને અપાવવાની મહેરબાની કરો.** આ સમયે શ્રીવ્રજભૂષણજી સપરિવાર અમદાવાદ આવીને વસ્યા હતા. એટલા માટે ત્યાંના હાકિમ ઉપર આપ એક આજ્ઞાપત્ર લખી આપો.'' (....ચરિતામૃત પૃ.૬૮).

(૯) સંવત ૧૭૨૬ના અંતમાં એ હુકમને લઈને શ્રીવ્રજરાયજી અમદાવાદ પધાર્યા. **ત્યાંના હાકેમ પાસેથી લશ્કરી સહાય લઈને શ્રીબાલકૃષ્ણજી પ્રભુને શ્રીવ્રજરાયજીએ પ્રાપ્ત કર્યા....**દરમિયાન શ્રીહરિરાયજી પ્રભુચરણ અમદાવાદ પધાર્યા. એમણે શ્રીવ્રજરાયજી તથા

શ્રીવ્રજભૂષણજી, શ્રીજાનકીવહુજી અને શ્રીગંગાબેટીજીની વચ્ચે મધ્યસ્થી રહીને બંને પક્ષોમાં સમાધાન કરાવ્યું અને શ્રીવ્રજરાયજીને શ્રીબાલકૃષ્ણજી સોંપી દેવાનો લેખ શ્રીવ્રજભૂષણજી-શ્રીજાનકીવહુજી અને શ્રીગંગાબેટીજી પાસેથી લખાવી દીધો. (....ચરિતામૃત પૃ.૧૦).

**(૧૦)** શ્રીસંવત ૨૭૨૭ (મૂલમાં ૩૭ ઉલ્લિખિત છે જેના કારણે આનું નકલી હોવું સહજ સંભવ લાગે છે. બીજા પણ અનેક કારણ કાંકરોલીના ઈતિહાસમાં પૃષ્ઠ ૧૫૩-૧૫૫ જોઈ શકાય છે. આમેય હસ્તાક્ષરકર્તાઓના પ્રામાણિક હસ્તાક્ષરની સાથે મેળવવા માટે ફારગતીપત્રની ફોટોપ્રતિ પ્રકાશિત હોવી આવશ્યક છે). વર્ષે પ્રથમ આસો સુદ ૩ રવેઉ શ્રીશ્યામલજીસુત શ્રીવ્રજરાયજી જોગ લા, શ્રીગંગાબેટીજી તથા શ્રીજાનકીવહુજી તથા શ્રીવ્રજભૂષણજી જત સેવા ૨ બે અ તથા શ્રીપાદુકાજીની સેવા માટે વેવાદ હતો. તે અમે અમારા કુલની રીત સમજી છઉં તેની વિગત જે શ્રીબાલકૃષ્ણજીની સેવા એ હમો આપી તથા શ્રીપાદુકાજી ૧ અંકે એક શ્રીઆચારજીની સેવા શ્રીગંગાબેટીજી આરંગા રહે ત્યાં સુધી શ્રીગંગાબેટીજી પાસે રહે પછી શ્રીપાદુકાજી ૧ અંકે એક શ્રીઆચારજીની આપીએ તથા દ્વારકાનાથજી અમારા છે તે અમો પાસે રહે, તે એવું એણી રીતે સમજાવું છું. અમારે કશી વાતનો વિવાદ નથી. હરામનદાવા બીજું આજ દિન પહેલું એ વિવાદ માટે લખું તથા કાગલપત્ર મોરામોરી જે પાસેથી નિકલે તે રદ છે. આજ દિન સુધી કશી વાતનું લેવું દેવું નહીં.

(૧) અત્ર મતુ
બેટી-ગંગાબેટીજી મતુ
શ્રીજાનકી વહુજી મતુ
ઉપર લખું તે સહી.

(૧) તત્ર સાખ
અતરશાખ શ્રીકલ્યાણરાયજી સુત
શ્રીહરિરાયજી

લા.શ્રી.વ્રજભૂષણજી ઉપર લખું સહી.

સુન્દરલાલ વેણીલાલ
૧ (....ચરિતામૃત પૃ.૬૯)

**(૧૧) ‘‘શ્રીબાલકૃષ્ણ પ્રભુની જે લીલાઓનું શ્રીભાગવતમાં વર્ણન છે એમાંથી પૂતનાપયઃપાન, જૃમ્ભણલીલા, શકટભંજન, તૃણાવર્ત, મૃતિકાભક્ષણ વગેરેનું** શ્રીમહાપ્રભુજીની શ્રીસુબોધિની અતિ સુંદર દર્શન કરાવે છે (....ચરિતામૃત પૃ.૧૦)

**(૧૨)** પ્રતિવાદીએ (સૂરતવાળા શ્રીગોકુલોત્સવજીએ) પ્રતિપાદન કર્યું કે શ્રીવિઠ્ઠલનાથજીના છઠ્ઠા પુત્રે (શ્રીયદુનાથજીએ) દાવાવાળી મૂર્તિ (શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ) **જ્યારે પ્રથમ લેવાનો ઈન્કાર કર્યો ત્યારે તે સ્વરૂપ (સૌથી મોટા પુત્ર) શ્રીગિરધરજીને આપવામાં આવ્યું. આપ (શ્રીગોકુલોત્સવજી) શ્રીગિરધરજીના વંશજ છે. ત્રીજા પુત્ર શ્રીબાલકૃષ્ણજીએ આપવામાં નથી આવ્યું. પાછળથી ત્રીજા પુત્ર શ્રીબાલકૃષ્ણજીને શ્રીગિરધરજી મહારાજ પાસેથી** પાછા આપવાની શરતે **લીધા** (સેવાને માટે) **અને ક્યારેય પાછા ન આપ્યા.** આ વાતના સમર્થનમાં ભાકા નામના ગ્રંથનો ઉલ્લેખ કર્યો છે.

સદર અદાલતની ઉપરની સત્ય હકીકતને દર્શાવવાવાળા શ્રીગોકુલોત્સવજીના કથનના વાદી શ્રીવ્રજભૂષણજી મહારાજના તરફથી પ્રતિવાદ ન કરવામાં આવ્યો. તથા ત્રણે ન્યાયમૂર્તિઓએ પણ પોતાના ફેંસલામાં એ વિષયમાં કોઈ ટીકા ન કરી કે અમાન્ય ન રાખ્યું, તેથી શ્રીબાલકૃષ્ણપ્રભુ પ્રથમ શ્રીગિરધરજીની પાસે હતા આ વાત સિદ્ધ છે, સંદેહનું કોઈ કારણ નથી રહેતું (Extract from The Borradail's Sudder Adawlut Reports Vol.1 Page 206). (....ચરિતામૃત પૃ.૬૭)

**(૧૩) અમે શ્રીગિરધરજીના ઘરમાં ઔરસથી આવીએ છીએ સુરતનું સ્થાન દત્તક ક્રમે અમોને આવેલું. તે શ્રીવિઠ્ઠલનાથજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીના ઘરમાં આવે. સૂરતની હવેલી શામલજીના પુત્ર શ્રીવ્રજરાયજી મહારાજે સ્થાપિત કરેલી. શ્રીવ્રજરાયજી મહારાજ**

**શ્રીવિઠ્ઠલનાથજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીના ઘરમાં આવે** (નડિયાદ કેસમાં શ્રીવ્રજરત્નલાલજી મહારાજની જુબાની બી.બી.દેશાઈ કમિશ્નર ઑફ ખેરા, સોશિઅલ સૂટ નં. ૨૫ ૪૩ તા. ૨/૧૧/૪૬ના દિવસે પૃષ્ઠ ૧)

**(૧૪) શ્રીગુસાંઈજીએ બટવારો કર્યો હતો તેના દાયભાગમાં શ્રીયદુનાથજીને છઠ્ઠું સ્વરૂપ શ્રીબાલકૃષ્ણજીનું પ્રાપ્ત થયું હતું એટલા માટે આ ષષ્ઠનિધિ સ્વરૂપ છે.** શ્રીયદુનાથજીના બિરાજમાન વંશજ શ્રીમહાપ્રભુજીના સેવ્ય સ્વરૂપોની સેવા કરે છે એટલા માટે એ સ્વરૂપોને ષષ્ઠનિધિત્વ પ્રાપ્ત નથી થતું. પરંતુ ઉપર નિર્દિષ્ટ કથનના અનુસાર, શ્રીગુસાંઈજીના બટવારાથી શ્રીબાલકૃષ્ણજીને ષષ્ઠનિધિત્વ પ્રાપ્ત થયું છે (....ચરિતામૃત પૃ. ૧૧)

**।। ઈતિ ષષ્ઠનિધિ અંક સમાપ્તિ ।।**

જેમ કે અમે કહી ચૂક્યા છીએ કે આ પ્રહસનનો બીજો અંક ષષ્ઠપીઠ કે ષષ્ઠગૃહ અંક છે. પાઠકોને આનંદ આવશે હવે આ વાંચીને કે પ્રથમની કેટલી બધી વાતો દ્વિતીય અંકમાં અમાન્ય કરી દેવામાં આવશે. અમે આને ઉલ્લિખિત ક્રમના અનુસાર જ પ્રસ્તુત કરશું, પાઠકોને ખબર પડશે કે દ્વિતીય અંકમાં કથાસૂત્ર કેટલા બદલી ગયા છે, જે દસ્તાવેજ અને પ્રમાણોના આધારે પ્રથમ અંકમાં સૂરતનું ઘર પોતાનો વિજય માની રહ્યું હતું તે દ્વિતીય અંકમાં કરૂણ પરાજયનો ભીષણ હેતુ બની જાય છે. તેથી સર્વથા નૂતન કથાસૂત્ર કાંતવા પડે છે.

***

# અંક દ્વિતીય : ષષ્ઠ ગૃહ (પીઠ) અંક

આ અંકમાં પ્રથમ અંકીય વિધાનોની સાથે ઉપહાસાસ્પદ વદતોવ્યાઘાતના સ્પષ્ટકરણાર્થ બંને વિધાનોને અમે આમને-સામને પ્રસ્તુત કરીશું-

| | દ્વિતીય અંકીય | | પ્રથમ અંકીય |
|---|---|---|---|
| (૧) | શ્રીયદુનાથજીએ શ્રીબાલકૃષ્ણ પ્રભુને લીધા નહીં એ....શ્રીયદુનાથજીના દિવ્ય અતિદિવ્ય ચરિત્ર સાથે સુસંગત નથી. (શ્રીયદુ.ભાવ પૃ.૧૦)<br>શ્રીયદુનાથજીએ બાલકૃષ્ણ પ્રભુને લીધા જ નથી પધરાવ્યા જ નથી એ હડહડતુ જૂઠાણુ છે. (ત્યાંજ પૃ.૧૫)<br>શ્રીબાલકૃષ્ણ સર્વસ્વ....<br>શ્રીબાલકૃષ્ણૈકહૃદયો બાલકૃષ્ણૈકલોચન બાલકૃષ્ણૈકેષ્ટદેવઃ, (સે.સે.ર. ૨૨-૫૮) | વિ<br>રો<br>ધા<br>ભા<br>સ | ઉપરોક્ત બટવારામાં શ્રીયદુનાથજીએ શ્રીબાલકૃષ્ણપ્રભુનુ સ્વરૂપ નાનું હોવાથી આપત્તિ ઉઠાવી હતી (૧)<br>શ્રીબાલકૃષ્ણજીએ એ શરતનો સ્વીકાર કર્યો અને શ્રીબાલકૃષ્ણ પ્રભુના સ્વરૂપને પધરાવી લીધા શ્રીયદુનાથજીએ આ વિષયમાં ખાસ ધ્યાન ન આપ્યું. (૧)<br>દાવાવાળી મૂર્તિ (શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ) જ્યારે પ્રથમ લેવાનો ઈન્કાર કર્યો ત્યારે એ સ્વરૂપ....શ્રીગિરધરજીને આપવામાં આવ્યું-(૧૨) |

ચાલો માની લઈએ કે ષષ્ઠનિધિ ચરિતામૃત, જે શ્રીવ્રજરત્નલાલજી મહારાજની આજ્ઞાથી તે વખતે વિ.સં. ૨૦૩૨ પ્રકાશિત થયું હતું એ નર્યું જૂઠાણું હતું, પરંતુ આ દ્વિતીય અંકના વિધાન આગામી તૃતીય અંકમાં નર્યું જૂઠાણું નહીં માની લેવામાં આવે એનો ભરોસો હવે કેવી રીતે કરવો? જેના ઉપર શ્રીયદુનાથજીએ પહેલાં ખાસ ધ્યાન જ નહોતું આપ્યું એવા શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ અચાનક એમનું સર્વસ્વ કેવી રીતે બની ગયું?

------>

(૨) સાત બાલકોથી પ્રયુક્ત તેને-તેને બટવારામાં પ્રાપ્ત થયેલા તે-તે ગાદિઓના ઘરોના તત્તત્ મુખ્ય સ્વરૂપ આજે જેમના માથે અને જ્યાં-જ્યાં બિરાજે છે, એ સ્થાનને એ ગાદીના રૂપમાં; અને એના માલિકને એ ગાદીના અધિપતિ રૂપમાં માન્ય કરવા જોઈએ.

(''પુષ્ટિસંપ્રદાયમાં ગાદીની બાબતમાં કોઈ વિવાદનો અવકાશ નથી શિર્ષકવાળું વકતવ્ય)

આ પ્રકારે જોવાથી પુષ્ટિસંપ્રદાયમાં શ્રીગુસાંઈજી સ્થાપિત શ્રીયદુનાથજીના કારણે બનતી છઠી ગાદી (સુરતના સિવાય) કઈ છે આ સંબંધમાં કોઈ અવકાશ નથી (ત્યાંજ) ઈતિ શ્રીયદુનાથ-પરંપરોદ્ભવ... વલ્લભવિરચિતં શ્રીબાલકૃષ્ણાષ્ટકં...(નૂ.સ્તો.નિ.)

ઈતિ શ્રીયદુનાથ-ગૃહોદ્ભવ... વલ્લભવિરચિતં શ્રીગોવર્ધનનાથાષ્ટકં.... (નૂ.સ્તો.નિ.)

ઈતિ શ્રીયદુનાથ-પરંપરોદ્ભવ... વલ્લભપ્રોક્તં શ્રીનામકામધેનુસ્તોત્રં... (નૂ.સ્તો.નિ.)

ઈતિ શ્રીયદુનાથગૃહોદ્ભવ... વલ્લભવિરચિતં શ્રીયદુનાથાષ્ટકં... (નૂ.સ્તો.નિ.)

ઈતિ શ્રીયદુનાથ-પરંપરોદ્ભવ... વલ્લભવિરચિતં શ્રીયદુનાથસપ્તરૂપાષ્ટકં... (નૂ.સ્તો.નિ.)

**વિરોધાભાસ**

શ્રીગિરધરજીએ સ્વરૂપ આ શરતથી સોંપ્યું કે શ્રીયદુનાથજી કે એમના વંશજ સેવાના માટે પાછા માગે તો વિના સંકોચે વિના કોઈ આપત્તિએ પધરાવી દેવા. શ્રીબાલકૃષ્ણજીએ આ શરતનો સ્વીકાર કર્યો (૨)

શ્રીબાલકૃષ્ણજી ઠાકોરજી ઉપર શ્રીયદુનાથજીના વંશજોનો અધિકાર છે. જ્યારે પણ શ્રીયદુનાથજીના વંશજ ષષ્ઠનિધિ સ્વરૂપ શ્રીબાલકૃષ્ણજીને પધરાવવા આવે ત્યારે શ્રીબાલકૃષ્ણપ્રભુને કોઈ પણ પ્રકારની હિચકિચાહટ કે તકરાર વિના એમને પધરાવી દેવા.'' શ્રીગુસાંઈજીએ આ આજ્ઞા પ્રથમ લાલજી શ્રીગિરધરજીને તથા તૃતીય લાલજી શ્રીબાલકૃષ્ણજી મહારાજને આપી હતી અને એમણે સ્વીકાર કર્યો હતો (૫)

દાવાવાળી મૂર્તિ (શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ) જ્યારે પ્રથમ લેવાનો ઈન્કાર કર્યો ત્યારે તે સ્વરૂપ... શ્રીગિરધરજીને આપવામાં આવ્યું. આપ (શ્રીગોકુલોત્સવજી) શ્રીગિરધરજીના વંશજ છે.

ત્રીજા પુત્ર શ્રીબાલકૃષ્ણજીને ન આપવામાં આવ્યું.

પાછળથી ત્રીજા પુત્ર શ્રીબાલકૃષ્ણજીએ શ્રીગિરધરજી મહારાજ પાસેથી પાછા આપવાની શરતે પરત લીધું (સેવાને માટે) અને પાછા ન આપ્યા (૧૨)

અમો શ્રીગિરધરજીના ઘરમાં ઔરસથી આવીએ છીએ. સૂરતનું સ્થાન દત્તક ક્રમે અમોને આવેલું. તે શ્રીવિઠ્ઠલનાથજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીના ઘરમાં આવે. (૧૩)

આનાથી સિદ્ધ થાય છે કે ન તો પ્રથમ પુત્ર શ્રીગિરધરજીના વંશજોનું અને ન તૃતીય પુત્ર શ્રીબાલકૃષ્ણજીના વંશજોનું શ્રીબાલકૃષ્ણપ્રભુ ઉપર સ્વત્વ ન્યાયપૂર્ણ હોઈ શકે છે. જો બટવારામાં ષષ્ઠ પુત્ર શ્રીયદુનાથજી અને/અથવા એમના વંશજોના માથે આ શ્રીબાલકૃષ્ણપ્રભુને પધરાવવાની

આજ્ઞાના કારણે એમનામાં ષષ્ઠનિધિત્વ આવે છે તો એજ આજ્ઞાના કારણે શ્રીયદુનાથજીના વંશજોના માથે પધરાવી દેવા જોઈએ. એમના વંશજોનો પણ આ અધિકાર છે કે એમણે માગી લેવા જોઈએ. સૂરતના પરિવારનું પણ આ કર્તવ્ય છે કે જે નિષ્ઠાથી શ્રીપ્રભુચરણવચનના કારણે તથાકથિત પોતાના સેવ્ય સ્વરૂપને ષષ્ઠનિધિ માને છે, તેવીજ નિષ્ઠાની સાથે પીઠાધીશતાનો મોહ છોડીને, સ્વયંને ખોટે-ખોટા ''શ્રીયદુનાથ-ગૃહોદ્ભવ'' તથા ''શ્રીયદુનાથપરમ્પરોદ્ભવ''કહેવાના બદલે સાચા અધિકારીઓના માથે એમના નિધિ પધરાવી દેવા જોઈએ, પિતામહાદિ બધા પૂર્વજ જ્યારે પોતે-પોતાને તૃતીયગૃહોદ્ભવ-પ્રથમવંશોદ્ભવ માને છે તો એવો પણ કેવો પૂજારિપીઠવાદનો મોહ કે પૌત્ર પોતે-પોતાને શ્રીયદુનાથગૃહોદ્ભવ માને! ગૃહ અને પરંપરા એક છે કે પૃથક્ આ પણ સ્પષ્ટીકરણ કરવું જોઈએ. આ કોટીદ્વયાવગાહિ જ્ઞાન કે તેઓ સ્વયં ગૃહોદ્ભવ છે કે પરંપરોદ્ભવ એમના દાવાની અપ્રામાણિકતા સિદ્ધ કરી દે છે. ઉલ્લિખિત સ્વીકૃતિઓના બળ ઉપર આ સાફ-સાફ ઝલકી આવે છે કે સૂરતનું ઘર પોતે-પોતાને પ્રથમ પુત્ર શ્રીગિરધરજીના વંશજ માને કે તૃતીય પુત્ર શ્રીબાલકૃષ્ણજીના ઘરના, બંનેને કેવળ સેવાના માટેજ સોંપવામાં આવ્યા હતા-માથે પધરાવવામાં નથી આવ્યા. તેથી સ્વત્વ સિદ્ધ નથી થતું. સશર્ત સુપુર્દગી માલિકાના હક પેદા નથી કરતી. તેથી ટ્રસ્ટિ બનીને આપવામાં આવેલા વચનનો ભંગ તેમજ વિશ્વાસનો ભંગ ન કરવો જોઈએ. શ્રીબાલકૃષ્ણ પ્રભુ તો શ્રીયદુનાથજી અને/અથવા એમના વંશજોના માથે જ્યારે બિરાજશે તથા જ્યાં બિરાજશે ત્યારે જ એમનામાં ષષ્ઠનિધિતયા તથા સ્થાનમાં ષષ્ઠપીઠતા સિદ્ધ થશે. અન્યથા તો કાલે પરદેશ પધારતી વખતે મુખિયાજીને જો કોઈ સુપુર્દ કરે છે તો મુખિયાજી પણ ષષ્ઠપીઠાધીશ બની જશે. અતએવ પૂજારિપીઠવાદિઓની પરિભાષામાં પણ જાણે-અજાણે આટલી કબૂલાત તો થઈ જ ગઈ છે કે ''આજે જેના માથે બિરાજતા હોય.'' શું મુખિયાજીને સંભાળવાનું કહેવાથી એમના માથે બિરાજતા માની શકાય છે? કબૂલ કરવામાં આવ્યું છે કે ''પાછા આપવાની શરતે લીધા (સેવાના માટે).'' તેથી બધા બતંગડ બેકાર છે.

(૩) પ્રાચીન સાહિત્યમાં વર્ણવેલ ઐતિહાસિક ઘટનાઓનો વિચાર કરતાં તેમજ શ્રીગુસાંઈજીના પત્રો દ્વારા એ સ્પષ્ટ થાય છે કે શ્રીયદુનાથજી સિવાય બાકીના છએ બાલકોના ગૃહો-મંદિરો સિદ્ધ થઈ ગયા હતા. પ્રભુચરણ શ્રીગુસાંઈજી પોતાના એક પત્રમાં લખે છે કે - ''સ્થલવિચારં કૃત્વા યદુનાથગૃહં કારણીયં'' એટલે શ્રીબાલકૃષ્ણ પ્રભુની સેવા થઈ શકે તેને અનુરૂપ સ્થલ જોઈ શ્રીયદુનાથજીનું મંદિર સિદ્ધ કરાવવું.

(શ્રીયદુ.ભાવ.પૃ.૧૨)

આ પ્રસંગ બનયા પછી બધા સ્વરૂપોને લઈને ગોકુલથી આપ ગોપાલપુર જતીપુરા પધાર્યા. **સાતે બાલકો પોત-પોતાના પ્રભુ પોતાના મંદિરોમાંથી ગાજતે વાજતે શ્રીનાથજીની પાસે પધરાવે એવી વ્યવસ્થા કરી.** તે વખતે શ્રીયદુનાથજીએ ઈષ્ટ એવું સેવાનું સોકર્ય સર્વ રીતે જળવાય તેવું મંદિર તેમનું ન હતું. છોટું મંદિર હતું તેથી આજ કારણસર પ્રભુના ગૌરવની હાનિ ન થાય એ દ્રષ્ટિથી સ્વતંત્ર પાલખીમાં પોતે પ્રભુને પધરાવ્યા. (શ્રીયદુ.ભાવ.પૃ.૧૪)

કાંકરોલીવાળા શ્રીગિરધરજી મહારાજ ૧૨૦ વચનામૃતોમાંના એ વચનામૃતમાં કહે છે ''ઔર અન્નકૂટ આરોગવેકો પધારે તબ શ્રીદ્વારિકાધીશજીકી પાલકીમેં શ્રીબાલકૃષ્ણજી પધારે તબ શ્રીગુસાંઈજીને યદુનાથજીસોં કહી જો તુમને શ્રીઠાકુરજી લિયે હોત તો તુમ્હારી પાલકી ન્યારી પધારતી ઔર અબ તો શ્રીદ્વારિકાધીશજીકે સંગ તુમ્હારે લિયે પધારે હેં.''

અહીં ''તુમને ઠાકુરજી લિયે હોત તો'' એનો અર્થ શ્રીઠાકોરજી શ્રીયદુનાથજીએ લીધા નથી એવો કરવાનો નથી. કારણ કે શ્રીગિરધરજી મહારાજે પોતાના એક વચનામૃતમાં એ સ્પષ્ટ કહી દીધું છે કે ''બાલકૃષ્ણજીને યદુનાથજી પધરાવીને લઈ ગયા. (શ્રીયદુ.ભાવ.પુ.૧૪-૧૫)

**વિરોધાભાસ**

સંવત્ ૧૬૩૭ માં શ્રીગુસાંઈજીએ સાતેય નિધિઓના માટે શ્રીગોકુલમાં સાત મંદિર બનાવ્યા હતા (૬).

રાજા માનસિંહની સહાયતાથી ગોપાલપુરમાં સાત સ્વરૂપોને માટે સાત મંદિર સિદ્ધ કરાવ્યા (૩).

**શ્રીગુસાંઈજીના લીલાપ્રવેશ પછી,** શ્રીગિરધરજી મહારાજશ્રીના વચનામૃત મુજબ- ''સો શ્રીનવનીતપ્રિયાજી શ્રીગિરધરજી મહારાજકે માથે બિરાજે, ઓર શ્રીબાલકૃષ્ણજીકો શ્રીયદુનાથજી પધરાય લે ગયે'' એ બિલકુલ સ્પષ્ટ હકીકત છે. (શ્રીયદુ.ભાવ.પૃ.૧૫)

આવું આપશ્રીનું સ્વરૂપ હોઈ એ મનાય જ કેવી રીતે કે પોતે શ્રીબાલકૃષ્ણ પ્રભુનું સ્વરૂપ લીધું નથી અને સેવા કરી નથી. હકીકતમાં સેવાનું સોકર્ય પોતાના મંદિરમાં ન જળવાતું હોવાને કારણે ભગવત્સુખાર્થ આપને ઉદ્વેગ રહેતો હતો અને આથી જ મોટાભાઈ શ્રીગિરધરજીએ પોતાના નાના ભાઈ શ્રીયદુનાથજીના સમાધાનાર્થે પોતાને સાથે રાખ્યા... થોડા વખત પછી શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીએ પોતાના નાનાભાઈ શ્રીયદુનાથજીને પોતાને ઘેર હળીમળીને સેવા કરવા સમજાવ્યા. (શ્રીયદુ.ભાવ.પૃ. ૧૫-૧૬)

વદતોવ્યાઘાતની પણ મર્યાદાની બહાર બધા કથાતંતુ અહીં કાંતવામાં આવી રહ્યા છે!

અમે બતાવી ચૂક્યા છીએ કે સંવત્ ૧૬૩૭માં સપ્ત પુત્રોના સપ્તગૃહોનું નિર્માણ પ્રારંભ થયું હતું તે સંવત્ ૧૬૪૧માં સંપન્ન થયું. ‘‘સ્થલવિચારં કૃત્વા યદુનાથગૃહં કારણીયમ્’’ પણ ત્યારનો પત્ર છે કેમકે બીરબલની સાથે પ્રસન્નતાશીલ સંબંધ અહીં દ્યોતિત થઈ રહ્યા છે કથમપિ સંવત્ ૧૬૪૧માં બીરબલના દેહાવસાન પછીનો તો આ પત્ર હોઈ જ નથી શકતો. સપ્તસ્વરૂપોત્સવ તો બહુ પછીની ઘટના છે. આવી સ્થિતિમાં આ પત્રના કારણે પ્રભુને પરિશ્રમ ન પડે એવું મંદિર તૈયાર ન થઈ શક્યું એમ કહેવું તો ‘‘આમ્રાન્ પૃષ્ટે કોવિદારાન્ વ્યાચષ્ટે’’ની ગતિ છે. સંવત્ ૩૭-૪૧ની વચ્ચે તૈયાર ન થયું તે સંવત્ ૪૧ પછીસુધી તૈયાર જ ન થયું અથવા સુખસુવિધાજનક તૈયાર ન થયું આવું કયા આધારે કહી શકાય છે?....ચરિતામૃતમાં તો સ્વીકારવામાં આવ્યું જ હતું કે ૩૭માં જ ગોકુલમાં તથા બાદમાં તો જતીપુરામાં પણ મંદિર સાતેયના સાત તૈયાર હતા. જો સુખસુવિધાજનક મંદિર તૈયાર ન હતા તો શ્રીયદુનાથજી પોતાના ઠાકોરજીને પધરાવીને ક્યાં પધાર્યા? આશ્ચર્ય તો આ વાતનું છે કે સ્વયં શ્રીયદુનાથભાવનિકાકાર કહે છે ‘‘શ્રીગુસાંઈજીના લીલાપ્રવેશ પછી.... શ્રીયદુનાથજી પધરાવી લઈ ગયા’’ હવે આને શ્રીગુસાંઈજીની ભૂતલ ઉપર વિદ્યમાનતાની અવધિમાં થયેલા સપ્તસ્વરૂપોત્સવમાં પધરાવ્યા હોવાનું પ્રમાણ કેવી રીતે માની શકાય? આવી સ્થિતિમાં ‘‘તુમને ઠાકુરજી લિયે હોતે તો’’નો અર્થ કેવીરીતે અન્યથા હોઈ શકે છે?

બની શકે છે કે ત્યારે સ્વીકાર્યા ન હોય પરંતુ લીલાપ્રવેશ સુધી કોઈ પણ મનોવાંછિત સ્વરૂપ પ્રાપ્ત ન થઈ શકવાના કારણે અમનોવાંછિત સ્વરૂપથી પણ સંતોષ માનવા માટે પધરાવવા ઈચ્છ્યા હોય અને એજ અસંતોષનુ સમાધાન પહેલાં શ્રીગિરધરજીએ શ્રીનવનીતપ્રિયાજીની સેવામાં સહયોગી બનાવીને , પછીથી શ્રીબાલકૃષ્ણજી (તૃતીય પુત્ર) એ

શ્રીદ્વારિકાનાથજીની સેવામાં સહાયક બનાવીને અને અંતમાં કાં તો સ્વયં શ્રીયદુનાથજીને કે એમના જ્યેષ્ઠાત્મજ શ્રીમધુસૂદનજીને શ્રીગોકુલનાથજીએ શ્રીકલ્યાણરાયજીનું સ્વરૂપ પધરાવીને સંતુષ્ટ કરવા ઈચ્છ્યું હશે. આ રીતે યથાશ્રુત જ કલ્પના શા માટે ન કરવી જોઈએ? અમે કહી ચૂક્યા છીએ કે સૈદ્ધાન્તિક સંગતિ પણ આ વૃત્તાન્તની સાથે સુચારૂતયા બેસે છે. અન્યથા વૈભવના લોભવશ જેમ આજે નિજારાધ્યને છોડી દેવામાં આવી રહ્યા છે આવું જ અપસિદ્ધાન્તિ હોવાનું દૂષણ શ્રીયદુનાથજીમાં પણ ઉભુ થશે. મૂલતઃ આ તીવ્રતયા ભર્ત્સનીય કથાતંતુ પૂજારિપીઠવાદિતાના આત્મઘાતી મોહનું જ દુષ્પરિણામ છે, આમાં કોઈ પણ જાતનો સંદેહ રહી નથી જતો. સ્વયં શ્રીપ્રભુચરણ ‘‘યદુનાથગૃહં’’ પદ-પ્રયોગ કરી રહ્યા છે છતાં પણ પૂજારિતાની કુમનોવૃત્તિવશ ‘‘મંદિર સિદ્ધ કરાવવું’’ અર્થ કાઢવામાં આવી રહ્યો છે આ કેવી વિડમ્બના છે!

આ જ નંદાલયના વૈભવના લોભે નંદાત્મજની પુષ્ટિભક્તિની દિવ્ય ગરિમાને પૂજારિભગતિના વ્યાવસાયિક પ્રદર્શનો દ્વારા દેવદ્રવ્ય ઉપર નભવાની અધોગામી હીનતાઓમાં વિકૃત કરી દીધી છે. અને આજે આ દુર્ગતિ છે કે પૂજારિતાના મલિન બિંબ શ્રીયદુનાથજીના નિર્મલ વ્યક્તિત્વના દર્પણમાં શોધવામાં આવી રહ્યા છે!

→

(૪) હવે સંપ્રદાયના પ્રામાણિક ઐતિહાસિક તથ્યોની રજુઆત પ્રમાણે વિચારીએ તો શ્રીયદુનાથજીના મોટા લાલજી શ્રીમધુસૂદનલાલજી નહીં પણ શ્રીરામચંદ્રજી છે એવું પ્રાચીન વંશ કલ્પવૃક્ષોમાં મળે છે. ‘‘શ્રીમતો યદુનાથસ્ય સંભૂતં પુત્ર પંચકમ્ આદ્યો શ્રીરામચંદ્રાખ્યો દ્વિતીયો મધુસૂદનઃ’’... ઉપરના શ્લોકો જેની રચના શ્રીવલ્લભાચાર્ય વંશવર્ણનમાં શ્રીનિર્ભયરામજી ભટ્ટ, જેઓ કાંકરોલીમાં રહેતા અને નીતિવાળા શ્રીવ્રજભૂષણજી મહારાજના આશ્રિત હતા, તેમણે કરી છે... આથી એ સ્પષ્ટ છે કે શ્રીયદુનાથજીના મોટા લાલજી શ્રીરામચંદ્રજી ના ઘરમાં વડોદરાનું શ્રીકલ્યાણરાયજીનું ઘર આવતું નથી. શ્રીયદુનાથલાલજીના જયેષ્ઠ લાલજીના વંશમાં ઘરમાં શ્રીકલ્યાણરાયજી બિરાજે છે અને તેથી તે છઠ્ઠી ગાદી છે એવો જે દાવો કરવામાં આવે છે તે આથી સર્વથા અસિદ્ધ છે (પુ.સં.માં.ગા.અં.વિ.અ.જ નથી.)

**વિરોધાભાસ**

શ્રીદ્વારિકાધીશ તથા શ્રીબાલકૃષ્ણ પ્રભુ જે ત્રીજી તથા છઠ્ઠી નિધિના સ્વરૂપ હતા એમની સેવા ગોસ્વામી શ્રીબાલકૃષ્ણજીના જયેષ્ઠ પુત્ર શ્રીદ્વારિકેશજી અને ગોસ્વામી શ્રીયદુનાથજીના જયેષ્ઠ પુત્ર શ્રીમધુસૂદનજી સંયુકત રીતિથી પ્રેમપૂર્વક કરતા હતા (૪) શ્રીગોકુલનાથજી કુટુંબમાં મોટા હતા. એમણે શ્રીદ્વારિકેશજીને બોલાવીને કહ્યું... શ્રીબાલકૃષ્ણ ઠાકોરજી ઉપર **શ્રીયદુનાથજીના વંશજોનો** અધિકાર છે.... તેથી ષષ્ઠનિધિ શ્રીબાલકૃષ્ણ પ્રભુને શ્રીમધુસૂદનજીને પધરાવી આપો(૫) સંવત ૧૬૩૭ માં શ્રીગુસાંઈજીએ સાતેય નિધિઓને માટે શ્રીગોકુલમાં સાત મંદિર બનાવ્યા હતા. એમાંથી **છઠ્ઠા મંદિરમાં શ્રીમધુસૂદજી** શ્રીબાલકૃષ્ણજી પ્રભુની સેવા કરવા લાગ્યા (૬)

સ્પષ્ટ છે કે ‘‘પ્રાચીન વંશ કલ્પવૃક્ષ’’ની દુહાઈઓ જો સ્વીકારવી છે તો ‘‘સંવત્ ૧૮૪૩ જ્યેષ્ઠ શુક્લ દ્વિતીયાયાં રચિતોયં કલ્પવૃક્ષઃ’’ લખવાવાળા શ્રીનિર્ભયરામભાઈની તુલનામાં ‘‘ભક્તિ (૯) પક્ષ (૨) મૂર્તિ (૭) ભૂ (૧) વિષે રામજન્મ તિથિપાય ઉદિત સંપ્રદાયકલ્પદ્રુમ પૂર્ણ કીન હરષાય’’ લખવાવાળા શ્રીવિઠ્ઠલનાથ ભટ્ટ અધિક પ્રાચીન સાબિત થાય છે. તેઓ શ્રીમધુસૂદનજીને જ્યેષ્ઠ પુત્ર માને છે, રામચંદ્રજીને નહીં. સ્વયં નિર્ભયરામભાઈ પણ શ્રીરામચંદ્રજીનો વંશ ચાલ્યો હોય આ સ્વીકારતા નથી. તેથી જેમ શ્રીગિરધરજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીમુરલીધરજીનો વંશ ન ચાલવાના કારણે તથા શ્રીદામોદરજીને પ્રધાનગૃહ દાયભાગમાં મળ્યું એતાવતા અર્થાત્ દ્વિતીયાત્મજ હોવાના કારણે એમને અથવા એમના વંશજોને પ્રધાનપીઠાધીશ માનવામાં ક્યારેય કોઈએ આપત્તિ નથી ઉઠાવી.

આ જ રીતે શ્રીમધુસૂદનજી જો કનિષ્ઠભ્રાતા હોય તો પણ આપત્તિ શા માટે ઉઠાવવી જોઈએ? જ્યાં સુધી શ્રીયદુનાથજીનો મુખ્ય ઉત્તરાધિકાર એમને દાયભાગમાં નિસ્સન્દિગ્ધતયા મળ્યો જ હતો આ સ્વીકારવામાં કોઈ અસંગતિ ન હોય.

મૂલમાં આ વિવાદનો તૃતીય અંક શ્રીયદુનાથવંશ અંકના બીજાવાપનના માટે ઉઠાવવામાં આવી રહ્યો છે. કર્ણોપકર્ણ અફવાઓ પણ સાંભળવા મળી છે કે શ્રીરામચંદ્રજીના વહુજીએ શ્રીવ્રજરાયજીના હકમાં ગોદનામું કે દત્તકપત્ર લખી દીધો કે પછી આનો નકલી દસ્તાવેજ પ્રકટ થવા જઈ રહ્યો છે. એની પૂર્વભૂમિકારૂપેણ ''શ્રીયદુનાથગૃહોદ્ભવ-શ્રીયદુનાથપરંપરોદ્ભવ'' ઈતિશ્રી લખવામાં આવી રહી છે. શ્રીયદુનાથજીની ભક્તિના વશ શ્રીયદુનાથજીના વંશજોની સાથે આવો વિશ્વાસઘાત જો શક્ય હોય તો શ્રીયદુનાથજીની સાથે દ્વેષ હોત તો કોણજાણે શું-શું ન થાત!

⟶

(૫) સાક્ષાત્ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના સેવકોને પણ શ્રીયદુનાથજી પ્રત્યે આવો અતિ આદર કેમ છે એ રહસ્ય સમજાવવા આ (અચિન્ત્યશક્તિસમ્પન્નઃ) નામ કહ્યું છે. જીવ કલ્પી પણ ન શકે તેવી શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજીની સમગ્ર શક્તિથી આપ સમૃદ્ધ છે. અને ભવિષ્યમાં આપશ્રી ઓરસ (!) તેમજ શ્રીવ્રજરાયજી સ્વરૂપે શ્રીબાલકૃષ્ણ પ્રભુને સેવવા પ્રગટી ષષ્ઠપીઠની પોતાના ભાવરૂપ પરંપરાને આગળ પ્રવર્તાવશે તથા એ રીતે શ્રીમહાપ્રભુજીનું
''ભૂવિભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્'' એ નામને સાર્થક કરશે તે શક્તિ શ્રીમહાપ્રભુ-શ્રીગુસાંઈજીના સર્વજ્ઞ(!) સેવકો જાણતા હોવાથી સાક્ષાત્ મહાપ્રભુ તરીકે આપને સંબોધી આદર દેખાડતા અને તે સ્વાભાવિક છે.

**વિરોધાભાસ**

શ્રીવ્રજરાયજી મહારાજે આ દત્તક પુત્રના સમાચાર કાશીમાં સાંભળ્યા તે દત્તક પુત્ર શ્રીવ્રજભૂષણજીના કાકા થતા હતા. એટલા માટે એમણે વિરોધ ઉઠાવ્યો. એમણે કહ્યું કે કુટુંબમાં સૌથી મોટો હું છું. એટલા માટે શ્રીગિરધરજીની ગોદમાં આવવાનો અધિકાર મને મળવો જોઈએ... પરંતુ જ્ઞાતિના પંચની સમક્ષ શ્રીગંગા બેટીજીએ પોતાના પિતાશ્રીનો દત્તક પત્ર રજુ કર્યો... પરંતુ આ સૂચન શ્રીવ્રજરાયજીને પસંદ ન આવ્યું... આગ્રા પધાર્યા ઔરંગઝેબ બાદશાહના સમક્ષ ફરિયાદ રજુ કરી... બાદશાહે ફેંસલો શ્રીવ્રજરાયજીના વિરૂદ્ધમાં આપ્યો... પરંતુ મહાવનના બ્રાહ્મણો અને સશસ્ત્ર સૈનિકોની સહાયતાથી શ્રીવ્રજરાયજીએ એક રાતે શ્રીદ્વારિકાધીશ પ્રભુ, શ્રીબાલકૃષ્ણ પ્રભુ અને શ્રીમહાપ્રભુજીના ચારણપાદુકાજીનો કબ્જો લઈ લીધો. શ્રીગંગા બેટીજી વગેરે પણ આગ્રા પધાર્યા અને બાદશાહની બેગમની સહાયતાથી બંને નિધિ સ્વરૂપ પાછા પ્રાપ્ત કર્યા...(૭)
... શ્રીવ્રજરાયજીએ નમ્રતાપૂર્વક પોતાનો પરિચય આપ્યો અને **શ્રીદ્વારિકાધીશ ઉપર પોતાનો હક** છે અને **ઈનામના રૂપમાં** તેમને મળે એવી પ્રાર્થના કરી. આગ્રામાં આપવામાં આવેલો ન્યાય બાદશાહને સ્મરણમાં હતો. **એટલા માટે આ બાબતમાં અન્યાય કરવાનો એણે ઈન્કાર** કરી દીધો.... ત્યારે શ્રીવ્રજરાયજીએ પ્રાર્થના કરી કે **'મારે મૂર્તિનું કામ છે જો મને મોટા દેવ (શ્રીદ્વારિકાધીશ)** અપાવવા આપ ન માગતા હો તો એમની પાસે નાના દેવ (શ્રીબાલકૃષ્ણજી) છે તે મને અપાવવાની મહેરબાની કરો (૮).
સંવત્ ૧૭૨૬ ના અંતમાં એ હુકમનામાને લઈને શ્રીવ્રજરાયજી અમદાવાદ પધાર્યા, ત્યાંના હાકેમ પાસેથી લશ્કરી સહાયતા લઈને શ્રીબાલકૃષ્ણ પ્રભુને શ્રીવ્રજરાયજીએ પ્રાપ્ત કર્યા....(૯)

પૂર્વસ્વીકૃત કથાનકમાં ન તો શ્રીવ્રજરાયજીની પ્રમુખ આસક્તિ શ્રીબાલકૃષ્ણ પ્રભુમાં જોવામાં આવે છે કેમકે એમની મુખ્ય માંગ તો શ્રીદ્વારિકાધીશજીની બાબતમાં હતી જેને છલ-બલ-કલથી કોઈ પણ રીતે તેઓ પૂરી કરવા માગતા હતા, પરંતુ એ જ્યારે પૂરી ન થઈ શકી ત્યારે અંતમાં અચિન્ત્ય શક્તિવશ નહીં પરંતુ ઔરંગઝેબની મહેરબાનીના કારણે, કે જે મહેરબાનીને કરવામાં પ્રસિદ્ધ ઔરંગઝેબ પણ અન્યાય માની રહ્યો હતો, શ્રીબાલકૃષ્ણલાલ ઝુંટવી લીધા. જો શ્રીરામચંદ્રજીના વહુજીએ શ્રીવ્રજરાયજીને ગોદ લીધા હોત તો આટલા બધા અગડં-બગડં ઉપાયોની શ્રીવ્રજરાયજીને આવશ્યકતા જ ન પડત!

(૬) ફારગતીનામું તો સંપૂર્ણ જાલી લખવામાં આવેલું લાગે છે. જેના હેતુ નિમ્ન લિખિત છે-

(ક) જ્યારે બાદશાહના હુકમનામાના કારણે શ્રીબાલકૃષ્ણ પ્રભુ મળી જ ગયા હતા ત્યારે શ્રીવ્રજરાયજીના હકમાં ફરીથી શ્રીગંગા બેટીજી વગેરેને ફારગતી લખવાની આવશ્યકતા જ શું હતી?

(ખ) શ્રીહરિરાયજી ગુજરાતી ભાષા જાણતા હશે પરંતુ જે પ્રકારની ગુજરાતી આ પત્રમાં પ્રયુક્ત થઈ છે એની કોઈ બીનગુજરાતી પાસે અપેક્ષા રાખી નથી શકાતી.

(ગ) દસ્તાવેજ-લેખક ગુજરાતી પણ કોઈ હોય તો શ્રીગંગા બેટીજી-શ્રીજાનકીવહુજી તથા શ્રીવ્રજભૂષણજીના હસ્તાક્ષર દેવનાગરી-વ્રજભાષામાં હોવા જોઈતા હતા.

(ઘ) મૂલ ફારગતીપત્રમાં સંવત્ ૧૬૩૭ લખવામાં આવેલ છે જ્યારે કે શ્રીગંગા બેટીજી ભૂતલ ઉપર બિરાજી જ નહોતા રહ્યા અને શ્રીવ્રજભૂષણજી વગેરે અમદાવાદ છોડીને મેવાડ જઈને વસ્યા હતા.

(ચ) શ્રીહરિરાયજી તથા શ્રીવ્રજભૂષણજીના હસ્તાક્ષર ઉપલબ્ધ

થાય જ છે તેથી એમની સાથે મેળવી શકાય એતદર્થ દસ્તાવેજની ફોટો કૉપી કેમ આજસુધી પ્રકાશિત ન કરાવવામાં આવી?

અમારો સુઝાવ છે કે ભવિષ્યમાં જો ખરેખર શ્રીરામચંદ્રજીના વહુજીનો શ્રીવ્રજરાયજીના હકમાં દત્તકપત્ર પ્રકટ કરવો હોય તો આવી બધી ત્રુટિઓ તેમાં રહી ન જાય એની સાવધાની અત્યારથી લેવી આવશ્યક છે!

(૬) સર્વ સ્વરૂપોમાંનું મૂલ સ્વરૂપનું સૂચક કૃષ્ણ નામ કેવળ શ્રીબાલકૃષ્ણ પ્રભુના નામ સાથે આવે છે. તેનાથી સ્પષ્ટ સૂચિત થાય છે કે સર્વસ્વરૂપોમાં શ્રીબાલકૃષ્ણ પ્રભુ સર્વ મૂલભૂત મૌલિક સ્વરૂપ છે... (સે.સે.ર.પૃ.૮)
શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ... શ્રીમદ્ ભાગવતના પ્રમાણપ્રકરણથી લઈને રાસપંચાધ્યાયીના ફલપ્રકરણ સુધી અનુસ્યૂત છે (સે.સે.ર.પૃ.ર).

**વિરોધાભાસ**

શ્રીબાલકૃષ્ણજીની જે લીલાઓનું શ્રીમદ્ ભાગવતમાં વર્ણન છે તેમાં પૂતાનાપયઃપાન, જૃમ્ભણલીલા, શકટભંજનલીલા, તૃણાવર્ત, મૃતિકાભક્ષણ વગેરેનું શ્રીમહાપ્રભુજી રચિત સુબોધિની અતિ સુંદર દર્શન કરાવે છે (૧૧).

આચાર્યપીઠવાદના અનુસાર સેવ્ય ભગવત્સ્વરૂપમાં મૂલ-તૂલનું તારતમ્ય જ અપસિદ્ધાન્ત છે. બધા સ્વરૂપોમાં એમના સેવાકર્તાઓને એમના મૂલ સ્વરૂપ તથા સર્વલીલાનુસ્યૂત સ્વરૂપ હોવાની નિષ્ઠા રાખવી જોઈએ. અથવા યથેષ્ટ જે લીલાભાવના તેમજ સ્વરૂપભાવના પોતાના સ્વરૂપની હૃદયાવર્જક હોય કરવી જોઈએ પરંતુ ‘‘ગુપ્તો હિ રસઃ રસત્વમાપદ્યતે પ્રકટસ્તુ રસાભાસ એવ’’ ન્યાયથી પૂજારિતાની મનોવૃત્તિવશ પોતાની સ્વરૂપભાવનાના પ્રદર્શનાર્થ મનોરથી ભેગા કરવામાં કે દ્રવ્યાર્જનાર્થ દુરૂપયોગ ન કરવો જોઈએ. આ વિષયમાં આનાથી વધારે કાંઈ અમને વિવક્ષિત નથી.

**।।ઈતિ ષષ્ઠપીઠ/ષષ્ઠગૃહ અંક સમાપ્તિ ।।**

## અંક તૃતીય : શ્રીયદુનાથવંશજતા અંક

જેમકે બતાવી ચૂક્યા છીએ કે હમણાં દ્વિતીય અંક ચાલી રહ્યો છે. આગામી અંક અર્થાત્ શ્રીયદુનાથવંશજતા અંકના બિનોલા (કપાશીયા) તો વાવી દેવામાં આવ્યા છે કે શ્રીરામચંદ્રજી જ્યેષ્ઠ પુત્ર હતા તથા શ્રીમધુસૂદનજી જ્યેષ્ઠપુત્ર ન હતા. સાથે સાથેજ વાર્તા પણ પ્રગટ થઈ ગઈ છે કે સૂરતનું ગૃહ શ્રીયદુનાથજીની બેઠક જ નહીં પરંતુ શ્રીબાલકૃષ્ણલાલ આજે જ્યાં બિરાજી રહ્યા છે ત્યાંજ સિંહાસનની નીચે બેઠક છે! ભાષા આની પરંતુ સૂરતની બોલચાલની ન હોઈને ચૌરાસી વૈષ્ણવની વાર્તાની અનુકૃતિના સ્વરૂપમાં પ્રયુક્ત થઈ છે. જાણેકે શ્રીગોકુલનાથજીની લખેલી ભાષા ન હોય! આ કોઈ ઓછો ચમત્કાર છે કે શ્રીગંગાબેટીજી–શ્રીજાનકીવહુજી, જે ગુર્જરભાષાભિજ્ઞ હોઈ નથી શકતા એ ગુજરાતીમાં ફારગતી લખે તથા સૂરતના મુખિયાજી, જે ગુજરાતી લખી શકતા હતા તે વ્રજભાષામાં લખે છે! દુવિધા પરંતુ આ છે કે આ બેઠક અને ચબુતરાનું જ્ઞાન સકલશાસ્ત્રનિષ્ણાંત શ્રીપુરૂષોત્તમજીએ દત્તકપત્રમાં ક્યાંય પ્રગટ નથી કર્યું!

સાથે સાથેજ શ્રીવ્રજરાયજીને શ્રીયદુનાથજીના અચિન્ત્યશક્તિ–સંપન્ન અવતારત્વેન પણ બિરદાવવામાં આવી રહ્યા છે. ઈબ્તદા એ ઈશ્ક હૈ રોતા હૈ ક્યા. આગે–આગે દેખિયે હોતા હૈ ક્યા! હજીતો બીજા પણ આકર્ષક રંગબેરંગી કથાતંતુ કાંતવામાં આવનારા છે.

શ્રીબાલકૃષ્ણલાલને મૂલસ્વરૂપ બતાવીને તથા સર્વલીલાનુસ્યૂત સ્વરૂપ બતાવીને બધા પીઠાધીશોને, અહીં સુધી કે ગોસ્વામિ–તિલકાયિતશ્રીને પણ, ગૂઢ શબ્દોમાં ધમકી આપવામાં આવી છે કે હવે જો ષષ્ઠપીઠ ન માનવામાં આવી તો આગામી ચતુર્થ અંકમાં, શ્રીબાલકૃષ્ણપ્રભુના પ્રમુખતમ નિધિ હોવાના કારણે, સૂરતનું ઘર વાલ્લભ સંપ્રદાયમાં પ્રધાનપીઠ હોવાના પણ દાવેદાર થઈ જશે–તથા એતદર્થ

પ્રાચીન વાર્તા દસ્તાવેજ તથા સ્તોત્રાવલી નામાવલી પણ પ્રકટ થઈ જ જશે!

**સિતારોં સે આગે જહાં ઔર ભી હૈં**
**મુકામાતે આહો ફુગાં ઔર ભી હૈં,**
**અગર લુટ ગયા ઈક નશેમન તો ક્યા ગમ**
**તેરે સામને આશિયાં ઔર ભી હૈ.**

આવો હમણાં કેટલાક વર્ષ પ્રતિક્ષા કરવી પડશે તૃતીય અંક તથા ચતુર્થ અંકના વિચિત્ર કથાતંતુઓની!

પ્રહસન તો હસવા માટે હોય છે અને આ ઉપહાસાસ્પદ વાતો ઉપર હસવું પણ આવે જ છે. પરંતુ સાથે સાથેજ રોવું પણ આવે છે કે મૂલતઃ આપણા સંપ્રદાયમાં ભક્તિ, ભક્ત તથા ભજનીય ભગવત્સ્વરૂપની બાબતમાં શ્રીમહાપ્રભુની કેવી ઉદાત્ત ભાવનાઓ હતી, છતાં પણ વિતેલા અનેક વર્ષોથી મહામારીની જેમ શ્રીમદાચાર્યવંશજોમાં પૂજારિતાની કુમનોવૃત્તિ ઘર કરી ગઈ છે. રોગ ઘણો વ્યાપક તથા ઊંડો છે. ષષ્ઠપીઠનો વિવાદ તો એ આખા શરીરમાં કેન્સરનું હાલમાં રિસવા લાગેલ કેવલ એક નાસૂર (સડાનું છિદ્ર) છે. આ રોગની ચિકિત્સા ન થઈ તો વસ્તુતઃ સંપ્રદાયનું ભવિષ્ય શું થશે તે કહેવાની વાત નથી. શ્રીપુરૂષોત્તમજીના ઘરમાં શાસ્ત્રોનું અધ્યયનાદિ કરવાને બદલે જો સિદ્ધાન્ત-અપસિદ્ધાન્તના ભેદને ભૂલીને કેવળ પૂજારિપીઠવાદના મોહવશ અનુસરણ કરવામાં આવ્યું તો એ અપઠિતોના શું હાલ થશે જે કોઈને કોઈ કારણવશ સ્વસિદ્ધાન્તનું અધ્યયન જ નથી કરી શક્યા અને ન આચાર્યજનોચિત આત્મવિશ્વાસ પણ પોતાની જાતમાં જગાવી નથી શક્યા? પરિણામરૂપેણ પૂજારિતાની ખાઈમાં અધઃપતિત થવામાટે જે અભિશપ્ત છે, એમનું શું થશે?

સૂરતના પૌરૂષોત્તમ ઘર પાસે સિદ્ધાન્તોદ્ઘોષની અપેક્ષા રાખી શકાય છે; છતાં પણ ત્યાંથીજ અપસિદ્ધાન્તની મોહજાળનો પ્રસાર

જોઇ-સાંભળીને હૃદય વ્યથિત થઇ જાય છે-

**શ્રીમદ્‌વલ્લભવંશવૃક્ષજનિતં ભક્ત્યૈકરૂપં ફલં**
**ભૂયાત્ તદ્ ભુવિ ભોગ્યભાવભરિતં કૃષ્ણૈકતોષે પરમ્ ।**
**વૃત્ત્યર્થં ભગવત્પ્રદર્શનવિધૌ પાતિત્યમાસાદયત્**
**કષ્ટં ભો કલિકાકદષ્ટમિહ તદ્ દૃષ્ટ્વાપિ સીદેન્ન કઃ? ।।**

।। આ પ્રકારે ગોસ્વામિશ્રીદીક્ષિતાત્મજ-શ્યામમનોહર-વિરચિત-''પુષ્ટિમાર્ગીય પીઠાધીશઃ સ્વરૂપ અને કર્તવ્ય''નું પ્રથમ પ્રકરણ સમાપ્ત થાય છે ।।

**।। બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ।।**

# પરિશિષ્ટ

**(સપ્તમપીઠાધીશ ગોસ્વામી શ્રીઘનશ્યામલાલજી મહારાજનો મનનીયતમ લેખ)**

## સદૈન્ય નિવેદન

શ્રીનાથદ્વારા સ્થાનના પ્રબંધને માટે દિલ્લીમા જે યોજના થઇ છે તે સંપ્રદાયના સિદ્ધાન્તોથી સર્વથા વિરૂદ્ધ છે. તેથી એની કલમોની સંપ્રદાયના ઈતિહાસ અને સિદ્ધાન્ત પ્રણાલી વગેરેથી આ લેખમાં આલોચના કરવામાં આવી છે. આ આલોચનાથી કેવળ અમારો અભિપ્રાય એટલોજ છે કે સંપ્રદાયની પ્રણાલીની સુરક્ષા થાય અને આ યોજનાને સિદ્ધાન્તાનુકૂલ બનાવીને જ આનો અમલ કરવામાં આવે! જેમાં સંપ્રદાયનું રૂપ સુરક્ષિત રહે અને શ્રીનાથજીના મંદિર ઉપર સંપ્રદાયનું વિશેષતઃ ગોસ્વામિ વંશજોનું સ્વત્વ કાયમ રહે. પ્રત્યેક આચાર્ય વંશજ અને વિદ્વાન વૈષ્ણવ આ યોજનાના ગુણ-દોષો ઉપર વિચાર કરીને પોત-પોતાની સંમતિને સ્વતંત્ર રૂપમાં પ્રકાશિત કરે અથવા કોઈ પ્રકાશન સંસ્થા દ્વારા પ્રકાશિત કરાવે, આ નિતાંત આવશ્યક છે. આ સમયે મૌન રહેવું સંપ્રદાયના પ્રત્યે દ્રોહ કરવો જ કહેવાય એવું હું માનું છું. શ્રીનાથજીની સુખદ સેવા જે આજ સુધી સંપ્રદાયમાં ચાલી આવી છે તે આ યોજનાથી બહુજ જલ્દીથી તિરોધાન થવાની પૂર્ણ સંભાવના છે. આટલા માટે આ યોજનાના વિરોધાર્થ મેં ''શ્રીનાથદ્વારા સાંપ્રદાયિક મર્યાદા સુરક્ષા સમિતિ''મથુરાનો, જેમણે આજે બે મહિનામાં આખા ભારતના પ્રમુખ વૈષ્ણવોમાં સુંદર અને વ્યાપક પ્રચાર કર્યો છે, અને મુંબઈ અને નાથદ્વારામાં પણ પોતાના પ્રચાર કેન્દ્ર ખોલ્યા છે, પ્રમુખ પદનો સ્વીકાર કર્યો છે. આના અંતર્ગત હું વ્યાપક સંગઠન અને પ્રચારની એક યોજના બનાવી રહ્યો છું. આનાથી મને આશા છે કે પુષ્ટિ-સૃષ્ટિમાં નવી ચેતના પેદા થશે. અમારા આ કાર્યમાં સમસ્ત પૂજનીય આચાર્ય-વંશજો અમને આશિર્વાદાત્મક સહયોગ પ્રદાન કરશે, અને વૈષ્ણવગણ સહાયક થશે,

આવે હું આશા રાખું છું. અંતમાં હું આચાર્યચરણોંને સદૈન્ય રૂરૂદુસુસ્વરમાં પ્રાર્થના કરૂં છું કે (પ્રસ્તુત નિબંધમાં ચર્ચિત અનેક વિવાદાસ્પદ મુદ્દા તથા દેવદ્રવ્ય, સંપ્રદાયપ્રણાલીથી વિપરીત ભોગ ધરેલી સામગ્રીનો પ્રસાદ ગ્રાહ્ય છે કે નહીં, કેવા પ્રકારની ભેટ ગ્રાહ્ય છે અથવા કેવા પ્રકારની ભેટ સેવાર્થ ગ્રાહ્ય નથી વગેરે વિષયોનો સિદ્ધાન્તશુદ્ધ વિચાર, સમાદરણીય શ્રીઘનશ્યામલાલજીએ આ ''શ્રીનાથદ્વારા ઠિકાને કે પ્રબંધ કી દીલ્લી યોજના કી આલોચના''માં કર્યો છે. બધા પુષ્ટિમાર્ગીયો માટે આ સર્વદા મનનીય તથા પ્રેરક લેખ છે. તેથી અમે પણ સકૃતજ્ઞતયા આને અહીં સમાવિષ્ટ કરીએ છીએ- ગોસ્વામી શ્યામમનોહર) તેઓ અમને આ બહિર્મુખ કરાવનારા કાળની બાધક પ્રવૃત્તિઓથી બચાવે અને અમારા પ્રમુખ આશ્રય કેન્દ્ર શ્રીનાથજીને અમારાથી જુદા થવા ન દે. અમે અસહાય અને નિઃસાધન છીએ અને આપ નિઃસાધન જનોંના આશ્રય રૂપ અને વિશેષતયા સ્વવંશના પક્ષપાતી છો. એટલા માટે આપ શ્રીનાથજીથી અમને બહિર્મુખ નહીં થવા દો. 'રોષદક્પાત સંપ્લુષ્ટ ભક્તદ્વિટ્' એવા આપજ આ અસહાય પરિસ્થિતિમાં અમારા રક્ષક છો આ જ પુનઃ પ્રાર્થના છે.

આપનો એક દીન વંશજ-

**ગો.ઘનશ્યામ**

ના કોટિશઃ દંડવત્ પ્રણામ

મથુરા-૧-૨-૫૬)

☀ વિજયતે શ્રીમદનમોહનઃ પ્રભુઃ ☀

# શ્રીનાથદ્વારા ઠિકાને કે પ્રબન્ધ કી દિલ્લી યોજના કી આલોચના

(આલોચક : **પૂ.પા.ગો.શ્રીઘનશ્યામલાલજી મહારાજ, સપ્તમ ગૃહાધીશ, કામવન**)

શ્રીનાથદ્વારા સ્થાનના પ્રબંધની નવીન યોજના, જે દિલ્લીમાં બની છે, તે પુષ્ટિમાર્ગના ઈતિહાસ અને સિદ્ધાન્તથી નિતાંત વિરૂદ્ધ છે. આનાથી આ જણાય છે કે આ યોજનાનું નિર્માણ પુષ્ટિમાર્ગના ઈતિહાસ અને સિદ્ધાન્તોથી જે અજાણ છે તેવી વ્યક્તિઓ દ્વારા થયું છે. અને જે સરકારી શાસકોની સમક્ષ આ યોજનાના નિર્માતાઓએ આને રાખી છે, એમને પણ તેઓએ સંપ્રદાયના ઈતિહાસ અને સિદ્ધાન્તોથી વંચિત રાખવાનો જ પ્રયાસ કર્યો છે. અન્યથા એ શાસક વ્યક્તિ, જે ધર્મ અને ન્યાયપ્રિય છે. આ યોજનાને સમસ્ત આચાર્ય-વંશજો અને વૈષ્ણવોની સંમતિ પ્રાપ્ત કર્યા વગર ક્યારેય સ્વીકાર ન કરત.

પુષ્ટિમાર્ગના ઈતિહાસથી આ સિદ્ધ થાય છે કે શ્રીનાથજી શ્રીવલ્લભાચાર્યજીના આરાધ્ય દેવ છે. શ્રીઆચાર્યચરણે વિ.સં. ૧૫૪૯માં શ્રીનાથજીની આજ્ઞા થવાથી વ્રજમાં પધારીને સર્વ પ્રથમ શ્રીનાથજીને ગોવર્ધન પર્વતમાંથી પ્રકટ કર્યા અને એક કાચુ મંદિર સિદ્ધ કરીને તેમાં શ્રીનાથજીને પાટ પધરાવ્યા હતા. તે સમયે તેઓ પોતે પૃથ્વી પરિક્રમામાં હોવાના કારણે શ્રીનાથજીની સેવાનું સંપૂર્ણ કાર્ય એમણે બુંદેલખંડના રામદાસચૌહાણ ક્ષત્રીને સેવક કરીને સોંપી હતી. અને નેગ ભોગના પ્રબંધના માટે આપે પોતાના સેવક સદૂપાંડે વગેરે આન્યોરના વ્રજવાસિઓને આજ્ઞા આપી હતી.

વિ.સં. ૧૫૫૬માં જ્યારે પૂરણમલક્ષત્રી અંબાલાથી શ્રીનાથજીનું મંદિર સિદ્ધ કરાવવા માટે વ્રજમાં આવ્યા અને રામદાસજી પાસેથી

શ્રીનાથજીનું મંદિર સિદ્ધ કરાવવા માટે આજ્ઞા માગતા કહ્યું કે મને શ્રીનાથજીએ મંદિર સિદ્ધ કરાવવા માટે પ્રેરણા કરી છે એટલા માટે હું આવ્યો છું. ત્યારે રામદાસ અને સદૂપાંડે વગેરેએ કહ્યું કે શ્રીનાથજી શ્રીવલ્લભાચાર્યજીના ઠાકુર છે, તેથી એમને પૂછીને એમની આજ્ઞાથી જ મંદિર સિદ્ધ થઈ શકે છે. પછી જ્યારે શ્રીવલ્લભાચાર્યજી વ્રજમાં પધાર્યા ત્યારે પૂરણમલક્ષત્રીએ આપની સમક્ષ શ્રીનાથજીનું મંદિર સિદ્ધ કરાવવાની શ્રીનાથજીની ઈચ્છાને પ્રકટ કરીને આપનાથી તે કાર્યને સંપન્ન કરવાની આજ્ઞા માગી. ત્યારે શ્રીઆચાર્યચરણે પ્રથમ પૂરણમલને બ્રહ્મસંબંધ કરાવીને સેવક કર્યા, અને પછી ગુરૂ-સેવકના સંબંધથી એમનું દ્રવ્ય અંગીકાર કરીને એમને મંદિર સિદ્ધ કરાવવાની આજ્ઞા પ્રદાન કરી. આનાથી આ સિદ્ધ થાય છે કે શ્રીનાથજી શ્રીમહાપ્રભુજીના સ્વતંત્ર માલિકીના આરાધ્ય દેવ છે.

શ્રીઆચાર્યચરણના પુત્ર શ્રીગોપીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજી થયા. આચાર્યચરણના પછી શ્રીનાથજીના ઉપર પૂર્ણ અધિકાર વારસાના રૂપમાં આ બંનેનો રહ્યો. શ્રીગોપીનાથજી અને એમના એક માત્ર પુત્ર શ્રીપુરૂષોત્તમજી બહુજ ઓછો સમય ભૂતલ ઉપર રહ્યા તેથી શ્રીઆચાર્યચરણના દ્વિતીય પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીનો જ શ્રીનાથજી ઉપર પૂર્ણ અધિકાર રહ્યો. એમના પછી વારસાના રૂપમાં એમના સાત પુત્રોને શ્રીનાથજીની સેવાના સમાન અધિકાર પ્રાપ્ત થયા. અને અત્યાર સુધી એમના વંશજોની પાસે બરાબર સુરક્ષિત રૂપથી કાયમ છે.

શ્રીવિઠ્ઠલનાથજીના પ્રથમ પુત્ર શ્રીગિરધરજી હતા. એમને જ્યેષ્ઠત્વના નાતે પોતાના ગોકુલગૃહના નિજી સેવનીય સ્વરૂપ શ્રીનવનીતપ્રિયજી સ્વપિતૃચરણે વિશેષમાં આપ્યા. અને શ્રીનાથજીના ઉત્સવાદિના સેવા શૃંગાર તથા પ્રબંધ કાર્ય પણ એમને સોંપવામાં આવ્યા. આના પહેલાં સાત પુત્રોના બટવારામાં ગૃહ-સેવાર્થ શ્રીમથુરેશજી એમના માથે પહેલાથીજ પધરાવી આપ્યા હતા. જે પ્રકારે શ્રીગિરધરજીને

શ્રીવિઠ્ઠલનાથજીએ ગૃહ-સેવાર્થ શ્રીમથુરેશજી પધરાવ્યા હતા, એજ પ્રકારે અન્ય છએ પુત્રોને પણ ગૃહ-સેવાર્થ આચાર્યચરણના છ પ્રમુખ અન્ય નિધિઓ પધરાવ્યા હતા, જે સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે.

આચાર્યચરણ અને શ્રીવિઠ્ઠલનાથજીની પાસે જે કાંઇ પણ સંપત્તિ હતી તે એમના નિધિ સ્વરૂપો જ હતા. તેથી એજ નિધિ સ્વરૂપો એમના વંશજોને વારસામાં પ્રાપ્ત થયા છે. એટલામાટે એમના વંશજોને એના ઉપર સ્વતંત્ર સ્વત્વ કાયમ છે, અને શ્રીનાથજીની સેવા ઉપર પણ બધા વંશજોનો સ્વતંત્ર રૂપથી અધિકાર આજ સુધી ચાલ્યો આવી રહ્યો છે.

મોગલ સામ્રાજ્યમાં હિન્દૂ ધર્મ ઉપર આપત્તિ આવવાના કારણે અનેક આચાર્ય વંશજો પોતાના ધર્મ તથા નિધિ સેવ્ય સ્વરૂપોની રક્ષાર્થ રાજપૂતાનામાં ધર્મ-પ્રિય રાજપૂત રાજાઓની ઉત્કંઠાથી નિજી સેવનીય સ્વરૂપો ઉપર સ્વતંત્રત અધિકાર રાખીને એમના મનોરથપૂર્ણાર્થ પધાર્યા. અને એ રાજા મહારાજાઓએ ભાવપૂર્વક સેવક થઈને આચાર્યવંશજોને અનેક પ્રકારની સંપત્તિઓ ભેટ કરી. એને સ્વતંત્ર રૂપથી રાજ્યના કોઈ પણ પ્રતિબંધ (દખલ) વગર પોતાના સેવ્ય સ્વરૂપોને અંગીકાર કરાવી. અને જ્યારે જ્યારે રાજ્ય તરફથી કોઈ પ્રતિબંધ ઉપસ્થિત કરવામાં આવ્યા અથવા ધર્મની હાની થતી જોઈ ત્યારે-ત્યારે એ પ્રતાપી વંશજોએ એ સંપત્તિનો ત્યાગ કરીને પોતાના વારસામાં પ્રાપ્ત આધ્યાત્મિક આધિદૈવિક પુષ્ટિ-ભક્તિ સંપત્તિરૂપ નિધિ સ્વરૂપોને અન્યત્ર પધરાવીને લઈ ગયા. પરંતુ એમણે ક્યારેય પણ ભૌતિક સંપત્તિના પ્રલોભનમાં આવીને પોતાના ધર્મ વિરૂદ્ધ રાજ્ય-સત્તાનો સ્વીકાર નથી કર્યો. એના પ્રમાણ સ્વરૂપ માલા પ્રસંગથી લઈને આજ સુધીના જયપુર, અમરેલી, શેરગઢ, કોટા વગેરેના અનેક સુવર્ણાંકિત ઉજ્જ્વળ ઈતિહાસ પુષ્ટિમાર્ગમાં પ્રાપ્ત અને પ્રસિદ્ધ છે. આચાર્ય વંશજોએ ભૂતકાળમાં અને વિદ્યમાન સમયમાં પણ અનેક સંકટોને સહન કરીને પોતાના સેવ્ય સ્વરૂપોની રક્ષા કરી છે અને કરી રહ્યા છે. અસ્તુઃ

આ બધા પ્રમાણોથી આ નિશ્ચિત થાય છે કે આચાર્યવંશજો પોતાની વાસ્તવિક સંપત્તિ પોતાના સેવ્ય નિધિ સ્વરૂપોને જ માને છે, આમાં શ્રીનાથજી મુખ્ય છે. શ્રીનાથજીના ઉપર સંપૂર્ણરૂપેણ સમસ્ત આચાર્ય-વંશજોનો પરંપરાગત અધિકાર પ્રાપ્ત છે. તેથી શ્રીનાથજી કોઈને સોંપવામાં તિલકાયત સર્વતંત્ર સ્વતંત્ર નથી. શ્રીનાથજીની સેવા સુચારૂ રૂપથી સુવ્યવસ્થિત પ્રકારથી થાય એના નિરીક્ષણને માટે જ સમસ્ત આચાર્યવંશજોએ શ્રીતિલકાયતજીને પોતાના મુકુટ-મણિ રૂપથી માન્યા છે. છતાં પણ જ્યારે કયારેય શ્રીનાથજીની સેવા સુચારૂ રૂપથી થતી જોવામાં નથી આવી, ત્યારે પ્રભાવશાળી તથા નિકટવર્તી આચાર્ય વંશજોએ એમાં સમયે સમયે હસ્તક્ષેપ પણ કર્યો છે, જેના આજ સુધીના અનેક પ્રમાણ ઈતિહાસમાં વિદ્યમાન છે.

આધુનિક શ્રીતિલકાયતની નાબાલગી (અવયસ્ક) અવસ્થામાં વૈષ્ણવોની જે સમિતિ મંદિરના કેવળ એ સમય સુધીના પ્રબંધનાર્થ થઈ હતી એ નાબાલગીની હેસિયતથી જ થઈ હતી નહીં કે તિલકાયત પાસેથી સદા સર્વદાને માટે અધિકાર પ્રાપ્ત કરીને સ્વતંત્ર પ્રબંધ કરણાર્થ થઈ હતી. આજ કારણથી અન્ય આચાર્યવંશજોએ તે સમયે હસ્તક્ષેપ નહોતો કર્યો.

આ યોજના જે આ સમયે નિર્માણ થઈ છે તે સર્વ આચાર્ય વંશજોના સ્વત્વનો વિનાશ કરવા માટે થઈ છે. તેથી સર્વ આચાર્યવંશજોનું કર્તવ્ય છે પોતાના સ્વત્વની રક્ષામાટે કટિબદ્ધ થઈને પ્રયત્નશીલ થાય. કેમકે સંપ્રદાયના મુકુટ-મણિ રૂપથી આરાધ્ય દેવ આપણા શ્રીનાથજી છે. અને સંપ્રદાયનું પ્રતિનિધિત્વ ધરાવનારા આચાર્યવંશજ જ છે, નહીં કે અન્ય. તે એટલા માટે કે આચાર્યોના દ્વારા જ સંપ્રદાયનો પ્રચાર થાય છે અને શ્રીનાથજીની સેવાના નિર્માણ અને રક્ષા કરવાવાળા પણ આ જ છે, નહીં કે પૂંજીપતિ. તેથી તે લોકો આપણા સંપ્રદાયનું પ્રતિનિધિત્વ ધરાવનારા સર્વથા નથી માની શકાતા. એટલા માટે નવીન યોજનામાં નં૭ ઉપર આપેલો જે લેખ (પ્રબંધ કમિટીમાં કમસે કમ ૭ સદસ્ય અને

વધારેમાં વધારે ૧૧ સદસ્ય હશે, જે જ્યાં સુધી સંભવ હશે સમસ્ત દેશના પુષ્ટિમાર્ગીય અને વલ્લભ સંપ્રદાયનું પ્રતિનિધિત્વ કરતા હશે) અસંબદ્ધ છે. કેમકે "સંપ્રદાયના નિયમ નિશ્ચય વગેરેના અનુસાર" આચાર્ય જ આ સંપ્રદાયના સર્વ વિધિ પ્રતિનિધિત્વ ધરાવનારા હોય છે અને આજ સુધી રહ્યા છે.

યોજના નં.૩ની (ગ) કલમમાં (હિન્દુની સાધારણતયા તથા વૈષ્ણવ ધર્મ સંપ્રદાયની વિશેષતયા ઉન્નતિ કરવી અને એ બધા કાર્ય કરવા જે આ કાર્યોના સહાયક તથા આવશ્યક હોય) તથા યોજના નં.૩ની (ઘ) કલમમાં (પાઠશાળા, સ્કુલો, ગૌશાળાઓ તથા અન્ય સંસ્થા તેમજ કાર્યોને ધાર્મિક વિદ્યા સંબંધી તથા ધર્મ સંબંધી હોય ચલાવવા, કાયમ રાખવા, તેમજ સહાયતા કરવી) અને યોજના નં.૩ની (ચ) કલમમાં (સમસ્ત વૈષ્ણવોની દરેક પ્રકારની ભલાઈ તેમજ આધ્યાત્મિક ઉન્નતિની દેખ-રેખ કરવી આ ત્રણે કલમ સંપ્રદાયના સિદ્ધાન્તથી વિરૂદ્ધ છે. કેમકે શ્રીવલ્લભાચાર્યજીએ વૈષ્ણવોની આધ્યાત્મિક ઉન્નતિના માટેજ પુષ્ટિ સંપ્રદાય પ્રકટ કર્યો છે. તેમાં ભગવાનની કૃપાનું જ, જે કેવળ એમના અનન્ય શરણથીજ પ્રાપ્ત થઈ શકે છે. એક માત્ર અવલંબન માનેલ છે. તેથી ભગવત્કૃપાના સાધનરૂપ અનન્ય શરણને સિદ્ધ કરવા માટે આપશ્રીએ ભગવત્સેવાનું નિર્માણ કર્યું છે. આ સેવાને આચાર્ય પ્રતિપાદિત સેવા-પ્રણાલીથી અનુસરવાવાળા જીવ જ વાસ્તવમાં પોતાની અને બીજાની ઉન્નતિ કરી શકે છે. આચાર્ય પ્રતિપાદિત સેવા-પ્રણાલીમાં અહંભાવના નાશપૂર્વક દાસભાવની નિતાંત અપેક્ષા માનવામાં આવેલી છે. જે ભગવાન અને ભગવાનના તદીયજનોની દાસત્વભાવથી નિરપેક્ષ રૂપમાં સદૈવ સેવા કરે છે એજ સાચા ઉન્નાયક છે. પરંતુ જેમણે લક્ષ્મીના દાસત્વનો સ્વીકાર કર્યો છે અને રાજ્યબળ, ધનબળ અને અધિકારબળનો જ એક માત્ર આશ્રય કર્યો છે અને આ ત્રણેથી મદાન્ધ થઈ રહ્યા છે એવા વ્યક્તિ સંપ્રદાયની શું ઉન્નતિ કરી શકે છે?

જેઓ સંપ્રદાયના સિદ્ધાન્તોથી નિતાંત અપરિચિત છે, પુષ્ટિમાર્ગ અને સેવાની વ્યાખ્યા પૂછવામાં આવે તો પણ સમજાવી નથી શકતા તેઓ એ ધાર્મિક વિદ્યા સંબંધી કાર્યોને કયા પ્રકારે સુચારૂ રૂપથી ચલાવી શકે અને કાયમ પણ રાખી શકે?

વૈષ્ણવોની આધ્યાત્મિક ઉન્નતિ તેઓ જ કરી શકે છે જે પુષ્ટિમાર્ગીય ધર્મોથી પરિચય સંપન્ન હોય. આજ રીતે હિન્દુ ધર્મની ઉન્નતિ પણ તેઓ જ કરી શકે છે જેઓ એ ધર્મના પ્રધાન ચિન્હ શિખા-સૂત્રને આગ્રહપૂર્વક સવિધિ ધારણ કરતા હોય. શિખા-સૂત્રથી હીન વ્યક્તિ હિન્દુ ધર્મની શું ઉન્નતિ કરી શકે છે?

નં.૩ની (ઘ) ધારા સંપ્રદાયના સિદ્ધાન્તથી નિતાંત વિરૂદ્ધ છે. કેમકે શ્રીનાથજીની સેવાર્થ જે દ્રવ્યની આવક થાય છે, એ દ્રવ્યને પ્રભુની સેવાથી વંચિત કરીને પાઠશાળા સ્કૂલ વગેરેમાં લગાવવી પ્રણાલી અને ન્યાયથી વિરૂદ્ધ છે. કેમકે જે પણ ભાવુક વૈષ્ણવવૃંદ સેવાર્થ દ્રવ્યનું સમર્પણ કરે છે એ દ્રવ્યને ભગવત્સેવાર્થ ન લગાવીને અન્ય કાર્યોમાં વ્યય કરવું, જે કાર્ય કોઈ પણ અંશમાં શ્રીનાથજી સાથે સંબંધ નથી ધરાવતા, સર્વથા અનુચિત છે. કેમકે અન્ય કાર્યોમાં તો તે વ્યક્તિ સ્વયં પોતાનું દ્રવ્ય લગાવી શકે છે. દષ્ટાંત બતૌર શ્રીનાથદ્વારા તા.૧૦-૧-૫૫ના થયેલ અગીયાર સદસ્યોની બેઠકમાં, જેમાં કેવળ આઠ સદસ્ય જ ઉપસ્થિત હતા, તેમાં એકલાખ ત્રીસહજારનો વ્યય કરીને ત્રણ માસમાં નાથદ્વારમાં ચોવીસ કલાક ચાલી શકે એવું એ.સી.કરંટનું પાવરહાઉસ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો. આ રીતે શ્રીનાથજીને ભોગ સામગ્રી માટે આવેલા દ્રવ્યનો અપવ્યય બહુજ અનુચિત છે. શ્રીનાથજીના માટે એ.સી.કરંટનું પાવરહાઉસ નિર્માણ કરવાથી કોઈ સુખ નથી થઈ શકતું. આ એક મહાન હાસ્યાસ્પદ વિષય છે. શ્રીનાથજીની વ્યવસ્થાની આડ લઈને ભૌતિક સુખોમાં દ્રવ્યનો અપવ્યય કરવો એજ આ યોજનાનો ધ્યેય પ્રતીત થાય છે.

યોજનાની કલમ ૩ (ડ-)માં (શ્રીતિલકાયત મહારાજના દસ્તુરને ઈજ્જત તથા સમ્માનની સાથે કાયમ રાખવા જેવા કે ધાર્મિક તથા આધ્યાત્મિક વૈષ્ણવ સંપ્રદાયના સર્વોચ્ચ વ્યક્તિના હોય છે) લખ્યું છે એ પણ નિતાંત ભ્રામક છે. કેમકે શ્રીમાન્ તિલકાયતશ્રીના દસ્તૂર તથા ઈજ્જત ત્યારેજ કાયમ રહી શકે છે જ્યારે તિલકાયતશ્રી સ્વયં શ્રીમદ્વલ્લભાચાર્યજીના પુષ્ટિ સંપ્રદાયના સંરક્ષક રૂપથી કમિટિ ઉપર વર્ચસ્વ ધરાવતા હોય તથા શ્રીઆચાર્યચરણોના પ્રાણપ્રેષ્ઠ આરાધ્ય દેવની સેવાનું સ્વયં નિરીક્ષણ કરવામાં તત્પર હોય. અને એમની આજ્ઞાનુસાર સેવાનો કાર્યક્રમ ચાલતો હોય, અન્યથા વાચારમ્ભણ માત્ર છે.

યોજનાની કલમ નં.૮માં શ્રીતિલકાયતને સભાપતિત્વ આપવામાં આવેલ છે પરંતુ યોજના કલમ નં.૧૮માં લખેલ છે કે સભાપતિ ની અનુપસ્થિતિમાં કોઈ પણ બેઠકના સદસ્યને સભાપતિ પસંદ કરી લેવામાં આવે. આનાથી એમ જણાય છે કે તિલકાયતશ્રીનું સભાપતિત્વ સદૈવના માટે નથી, અન્યથા એમની અનુપસ્થિતિમાં એમની આજ્ઞા અનુસાર કોઈ સદસ્યને પોતાના પ્રતિનિધિના રૂપમાં નિયુક્ત કરી શકે એવી કલમ યોજનામાં રહી શકતી હતી. આનાથી પણ એ સ્પષ્ટ થાય છે કે સભાપતિને પોતાના પ્રતિનિધિત્વ પસંદ કરવાનો અને મોકલવાનો પણ અધિકાર નથી.

યોજનાની કલમ નં. ૧૯માં લખેલ છે કે પ્રબંધ કમિટિની બેઠકમાં જવેરાત, સોનું તેમજ ચાંદીની વસ્તુઓ અન્ય ખિલોના તથા એના સંબંધિત ચીજોની વિક્રય અથવા કોઈ પણ અચલ સંપત્તિનો વિક્રય કે ઈન્તકાલ તેમજ રહન વગેરેના સંબંધમાં કોઈ પણ નિર્ણય બેઠકના ઉપસ્થિત બેતૃતીયાંસ સદસ્યોની બહુમતી મત નાખીને કરવામાં આવશે. શ્રીનાથજીની જવેરાત તથા સોના તેમજ ચાંદીની વસ્તુઓ તથા ખિલૌના વગેરેનો વિક્રય ત્યારે જ થઈ શકે છે જ્યારે કે શ્રીનાથજીના અંગત ભોગમાં કોઈ પ્રકારની આવક ન રહે અને તે પણ શ્રીનાથજીના ભોગ વગેરેના

કામમાં જ આવી શકતી હોય. કેમકે શ્રીનાથજી સ્વયં એના ભોક્તા છે. પરંતુ વૈષ્ણવવૃંદ તથા સેવકગણ પણ એના મહાપ્રસાદ સુધી લેવાના અધિકારી નથી. આ શ્રીઆચાર્યચરણના ઈતિહાસથી પ્રત્યક્ષ પ્રમાણભૂત છે. એનો મહાપ્રસાદ લેવાનો કેવળ ગાયોનો જ અધિકાર છે. અન્યથા એ દેવ-દ્રવ્યનો ઉપભોગ કરવાથી નિશ્ચય જ અધઃપતન છે.

અને પાવરહાઉસ જેવા નિરર્થક કાર્યોમાં અતુલ ધનરાશીનો અપવ્યય કરીને દ્રવ્યનો અભાવ પેદા કરવો આ પણ ન્યાયસંગત નથી.

યોજના કલમ નં.૨૫ (ખ)ના અંતર્ગત (સમસ્ત સેવકો કર્મચારીઓની નિયુક્તિ કરવી અને એમને ચાલુ રાખવા, જેમાં મુનિમ, મહેતા અને એજન્ટ, ચોકીદાર અને અન્ય બધા સંમિલિત છે, પરંતુ મુખિયાજી તેમજ છોટે મુખિયાજી આમાં સામિલ નથી. વગેરે) આ લેખ પણ ત્રુટીપૂર્ણ છે કેમકે જે પ્રકારે બંને મુખિયાજીઓને તિલકાયતશ્રીની સંમતિથી કમિટિ નિયુક્ત તથા પૃથક્ કરશે એજ પ્રકારે સમસ્ત સેવક જે શ્રીનાથજીની ભીતરની સેવાનો અધિકાર ધરાવે છે. એ બધા સેવકોની નિયુક્તિ તિલકાયતશ્રીની આજ્ઞા વગર થવી સંપ્રદાયના સિદ્ધાન્તથી વિરૂદ્ધ છે. સંપ્રદાયના નિયમાનુસાર વૈષ્ણવના ઘરે પણ જે સેવ્ય સ્વરૂપ બિરાજે છે એમને ત્યાં પણ આચાર્ય-વંશજો દ્વારા જ આજ્ઞા લઈને પોતાના ઘરના સેવ્ય સ્વરૂપોની સેવાનો પણ અધિકાર પ્રાપ્ત થાય છે. તો પછી આચાર્ય-વંશજને ત્યાં એમની આજ્ઞા વિના કેવી રીતે સેવા થઈ શકે છે. શ્રીનાથજીનું ગૃહ શ્રીવલ્લભાચાર્યજીનું છે. તેથી એમના વંશજોની આજ્ઞા વિના શ્રીનાથજીની કોઈ પણ સેવા કોઈ પણ સેવક સ્વયં નથી કરી શકતા. અને કમિટિમાં જે વૈષ્ણવ છે તે બધા સંપ્રદાયના સિદ્ધાંત અનુસાર દાસ છે. તેથી તેઓ પોતાના ગુરૂઘરમાં ગુરૂ-વંશજોની અનુમતિ પ્રાપ્ત કર્યા વગર ન તો કોઈ પણ પ્રકારનો સ્વયં અધિકાર પણ કરી શકે છે, ન સેવાની આજ્ઞા દેવાના પણ અધિકારી બની શકે છે. આ નિયમના વિરૂદ્ધ કમિટિ સેવકોની નિયુક્તિ કરશે તો એમના હાથથી સિદ્ધ થયેલી સામગ્રી તથા જલ વગેરેને

શ્રીનાથજી, જે કે પુષ્ટિમાર્ગની પ્રણાલીના અનુસાર શ્રીઆચાર્યજીની કાની (મર્યાદા)થી જ આરોગે છે તેઓ કદાપિ અંગીકાર નથી કરી શકતા. એ હાલતમાં આચાર્ય-વંશજો અને પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તના આગ્રહી વૈષ્ણવો એ તથાકથિત મહાપ્રસાદને સર્વથા નથી લઈ શકતા.

યોજનાની નં.૨૫ (ઝ) કલમમાં જે અધિકાર કમિટિને આપવામાં આવ્યો છે. (પબ્લિકના પ્રવેશને માટે દરકાર હોય અને સંપત્તિની હદના અંદર પ્રબંધ તથા શાંતિને રાખવાને માટે આવશ્યક હોય) તે તથા એની કલમ નં.૨૫ (ઢ)નો (ઉક્ત સંપત્તિનો પ્રબંધ તથા પૂર્ણતયા સ્વામિત્વ રાખવા માટે  આવશ્યક હોય તે કરવું) લેખ આ બંને સંપ્રદાયની પ્રણાલી તથા શાસ્ત્ર મર્યાદાને ગૌણ રાખીને સંપત્તિની જ પ્રધાનતાની દૃષ્ટિને સામે રાખીને લખવામાં આવેલું છે. કેમકે સંપ્રદાયની પ્રણાલી અને ધાર્મિક સિદ્ધાન્તોના વિરૂદ્ધ હોય એવા ''પબ્લિક પ્રવેશના દરકાર''ને માન્ય રાખવું શું ઉચિત છે? સત્ય તો આ છે કે આપણા સંપ્રદાયની પ્રણાલીની રક્ષા થાય એજ રીતે અને એજ પ્રકારના સ્વામિત્વમાં રહેનારી જે સંપત્તિ છે એનોજ પ્રબંધ કરવો યોગ્ય છે. આપણી સંસ્કૃતિના વિરૂદ્ધ કરોડો રૂપિયાની સંપત્તિ પણ મળતી હોય અને જે સંપત્તિથી આપણી સંસ્કૃતિનો નાશ થતો હોય એના પ્રલોભનમાં આવીને સંપ્રદાય ઉપર સદૈવ કલંક લગાવવું ન તો આચાર્યવંશજોને માટે શોભાસ્પદ હશે ન સંપ્રદાય પ્રેમી વૈષ્ણવોના માટે. પુષ્ટિમાર્ગનો આજસુધીનો ઈતિહાસ આ વાતનો સાક્ષી છે કે આવી અખૂટ સંપત્તિઓનો પણ સ્વયં આચાર્યચરણથી લઈને આજ સુધીના એમના વંશજોએ પ્રસન્નતા પૂર્વક ત્યાગ કર્યો છે. કેમકે આચાર્યવંશજો જ સાચા સંપ્રદાયના પ્રતિનિધિ અને એની સંસ્કૃતિના સુરક્ષક છે. તેથી તેઓ જો પોતાની કર્તવ્યપરાયણતાને છોડીને ભૌતિક સુખોની ઈચ્છાથી સંપત્તિની રક્ષાનેજ પોતાનો એકમાત્ર ધ્યેય બનાવે તો તે સ્વયં આચાર્ય-સિદ્ધાન્તના દ્રોહી કહી શકાય છે. આચાર્યચરણનો તો આ સ્પષ્ટ સિદ્ધાન્ત છે કે ''તત્ત્યાગે દુષણં નાસ્તિ યતઃ કૃષ્ણ બહિર્મુખાઃ. અનુકૂલસ્ય સંકલ્પઃ પ્રતિકૂલ વિસર્જનમ્'' તેથી બહિર્મુખ જનધનનો

ત્યાગ અને વિસર્જન જ આચાર્યચરણનો એક આદર્શ સિદ્ધાન્ત છે.

યોજના કલમ નં.૩૨ જેમાં સર્વ પ્રકારના દાન ચઢાવા તથા વસૂલ વસૂલી કરવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે એ પણ સંપ્રદાયના સિદ્ધાન્તથી નિતાંત વિરૂદ્ધ છે. આપણા સંપ્રદાયની પ્રણાલીના અનુસાર જે આપણા સંપ્રદાયના સેવક છે એમનું જ દ્રવ્ય ગુરૂ-શિષ્યના સંબંધથી લઈને સેવામાં ઉપયોગ કરી શકાય છે. સંપ્રદાયમાં સર્વ પ્રકારના દાન ચઢાવાનો ઉપયોગ સેવામાં કરવામાં આવતો નથી. અને કદાચિત ક્યાંય કરવામાં આવતો હોય તો એ સંપ્રદાયના નિયમોથી વિરૂદ્ધ હોવાથી બંધ કરી દેવો જોઈએ.

યોજનાની કલમ નં.૪૫નો (અત્યંત આવશ્યક દશામાં રાજસ્થાન સરકારને અધિકાર છે કે તે હસ્તક્ષેપ કરીને પ્રબંધના માટે નિયમ બનાવે) લેખ સંપ્રદાયની સંસ્કૃતિ અને પ્રણાલી ઉપર સદંતર કુઠારાઘાત કરે છે. કેમકે રાજસ્થાન સરકાર સંપ્રદાયના સિદ્ધાન્ત વગેરેથી સર્વથા અપરિચિત હોય એ સ્વાભાવિક છે અને એમની દષ્ટિ ભૌતિક સંપત્તિની તરફ હોય, આ પણ નિર્વિવાદ છે. એટલામાટે ઠાકુરજીના થોડાક સુખ માટે લાખો રૂપિયાની ન્યોછાવર કરવાવાળા આ સંપ્રદાય પોતાના પ્રમુખ આરાધ્ય દેવ શ્રીનાથજીની સેવા વિષયક પ્રબંધમાં રાજ્ય અથવા અન્ય કોઈનો પણ હસ્તક્ષેપ કરાવીને પોતાની આધ્યાત્મિક ભાવના અને પ્રણાલીની ક્યા પ્રકારથી રક્ષા કરી શકે છે?

આ પ્રકારે આ સમસ્ત યોજના એની કલમ ૩માં, જેમાં સંપ્રદાયના નિશ્ચય, નિયમ, રીતરિવાજ અને સાધનના અનુસાર પ્રબંધ કરવાનું એલાન કરે છે તે એના વિરૂદ્ધ અન્ય કલમો પોતાનામાં વિસંગત રૂપથી ધારણ કરવાના કારણે અમાન્ય થઈ જાય છે. અને સંપ્રદાયના સિદ્ધાન્ત અને ભાવનાની નિતાંત ઘાતક છે. એટલામાટે  કોઈ પણ આચાર્યવંશજ અને સંપ્રદાયના સુજ્ઞાતા વૈષ્ણવ દ્વારા આ કદાપિ માન્ય નથી થઈ શકતી. કમિટિના સંપ્રદાય પ્રેમી સદસ્યોને પણ આનો વિરોધ કરવોજ જોઈએ. અને આના વિરોધમાં તેનાથી ત્યાગપત્ર પણ આપવો જોઈએ. આવી અમારી સંમતિ છે.

***

# આધારભૂત સહાયક ગ્રંથોની તાલિકા


| ક્રમ | નામ | પ્રકાશન વર્ષ તથા પ્રકાશક |
|---|---|---|
| ૧. | ષષ્ઠનિધિસ્વરૂપ શ્રીબાલકૃષ્ણજી (સૂરત) કા ચરિતામૃત | પ્ર.વ.વિ.સં.૨૦૩૨<br>પ્ર. કાન્તિલાલ ગોકળદાસ મશરૂવાળા, હરિપુરા, સુરત. |
| ૨. | નૂતન સ્તોત્ર નિકુંજ | પ્ર.વ.વિ.સં. ૨૦૪૧<br>પ્ર. શ્રીયદુનાથ ગ્રંથ પ્રકાશન, ૧૦।૧૩૭, સૂરત-૩. |
| ૩. | સેવ્ય સેવક રસાસ્વાદ | પ્ર.વ.વિ.સં. ૨૦૪૧<br>પ્ર. શ્રીવલ્લભ ગ્રન્થ પ્રકાશન, ૬।૭૦૯, ગલેમંડી, મોટી શેરી, સુરત-૩. |
| ૪. | શ્રીયદુનાથ ભાવનિકા | પ્ર.વ. શ્રીયદુનાથોત્સવ ૪૨૫<br>અં.રા.પુ.મા.વૈ.પરિષદ, સૂરત શાખા, ૫-વ્રજરત્ન એપાર્ટમેન્ટ, મેજે નાઈન ફ્લોર સૂરત-૩. |
| ૫. | શ્રીવલ્લભદિગ્વિજય | પ્ર.વ.વિ.સં. ૨૦૪૧<br>શ્રીવલ્લભ પબ્લિકેશન્સ, સૂર્યનારાયણ બાગ, રાવપુરા રોડ, વડોદરા. |
| ૬. | શ્રીમદ્વલ્લભાચાર્યકે દાર્શનિક આચારકી પરંપરા | પ્ર.વ.વિ.સં. ૨૦૨૧<br>પ્રકા. શ્રીનાગરદાસ કા. બાંભણિયા, ચમ્પારણ્ય, અહમદાબાદ. |
| ૭. | ગોસ્વામી શ્રીવલ્લભજી મહારાજ કે બાવન વચનામૃત | પ્ર.વ.<br>પ્રકા. શ્રીમતી મીનાક્ષીબેન મૂલરાજ, તીનબત્તી, વાલકેશ્વર, મુંબઈ. |
| ૮. | નિજવાર્તા-ઘરૂવાર્તા પ્રથમાવૃત્તિ સંસ્કરણ | પ્ર.વ.વિ.સં. ૧૯૫૯<br>પ્રકા. ગોવર્ધનદાસ લક્ષ્મીદાસ, મુંબઈ. |

| | | |
|---|---|---|
| ૯. | ષટ્ઋતુવાર્તા | પ્ર.વ.વિ.સં. ૨૦૨૫<br>પ્રકા. શ્રીગોવર્ધન ગ્રંથમાલા<br>કાર્યાલય, દાઉજીઘાટ, મથુરા. |
| ૧૦. | નિજવાર્તા-ઘરૂવાર્તા દ્વિતીય આવૃત્તિ સંસ્કરણ | પ્ર.વ.વિ.સં. ૨૦૧૫<br>પ્રકા. શ્રીબજરંગ પુસ્તકાલય, દાઉજી ઘાટ,<br>મથુરા. |
| ૧૧. | સંપ્રદાય પ્રદીપ | પ્ર.વ.વિ.સં. ૧૯૯૧<br>પ્રકા. શ્રીવિદ્યાવિભાગ, કાંકરોલી,<br>રાજસ્થાન. |
| ૧૨. | શ્રીપુષ્ટિમાર્ગીય સેવ્ય સ્વરૂપ દર્પણ | |
| ૧૩. | નિ.લી.ગો.શ્રીરણછોડલાલજી<br>મહારાજ રાજનગરવાળાના<br>વચનામૃતો અને પ્રસંગો<br>(સંકલનકર્તા દ્વારા સ્વયં સમ્પાદિત) | (પ્ર.આ.)પ્ર.વ.વિ.સં. ૨૦૨૭<br>પ્રકા. શ્રીપુષ્ટિમાર્ગીય યુવક પરિષદ, મુંબઈ. |
| ૧૪. | ‘‘ ‘‘ | (દ્વિ.આ.)પ્ર.વ.વિ.સં. ૨૦૪૩<br>શ્રીવલ્લભગ્રંથ પ્રકાશન કાર્યાલય,<br>૬ ।૩૦૯, ગલેમંડી, મોટી શેરી, સૂરત-૩. |
| ૧૫. | ટીપણ અથવા સંગ્રહસ્થાન | પ્ર.વ.વિ.સં.૧૯૭૪<br>પ્રકા. પં.શ્રીગટુલાલજી પુસ્તકાલય,<br>મુંબઈ-૨ |
| ૧૬. | શ્રીમદ્વલ્લભાચાર્યજીનાં વંશની વંશાવલી | પ્ર.વ.ઈ.સ. ૧૯૪૩<br>પ્રકા. જેઠાનંદ આસનમલ ટ્રસ્ટ, ૨૬૬,<br>કાલબાદેવી રોડ, મુંબઈ-૨ |
| ૧૭. | કાંકરોલીનો ઈતિહાસ | પ્ર.વ.વિ.સં. ૧૯૯૬<br>પ્રકા. શ્રીવિદ્યાવિભાગ, કાંકરોલી, રાજસ્થાન |

| | |
|---|---|
| ૧૮. સહસ્ત્રશ્લોકી-સેવાભાવના | પ્ર.વ.વિ.સં. ૧૯૯૮<br>પ્રકા. જેઠાનંદ આસનમલ ટ્રસ્ટ,<br>૧૬૬, કાલબાદેવી રોડ, મુંબઈ-૨. |
| ૧૯. સંપ્રદાયકલ્પદ્રુમ | પ્ર.વ.વિ.સં. ૧૯૫૦<br>મુદ્રક : લક્ષ્મી વેંકટેશ્વર છાપખાના,<br>મુંબઈ. |
| ૨૦. શ્રીદ્વારિકેશજીકૃત ભાવભાવના | પ્ર.વ.વિ.સં. ૧૯૯૩<br>પ્રકા. વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી,<br>પંચમપીઠ વિદ્યાવિભાગ તરફથી |
| ૨૧. શ્રીમદ્વલ્લભાચાર્યચરિતમ્ | પ્ર.વ.વિ.સં. ૨૦૨૬<br>પ્રકા. કવિ પુરુષોત્તમદાસ ત્રિભોવનદાસ<br>પરિખ, સાંથપીપલી, નડિયાદ. |
| ૨૨. શ્રીમુકુન્દરાયજીની વાર્તા | પ્ર.વ. અનુલ્લિખિત<br>પ્રકા. દામોદરદાસ, રાજા દરવાજા,<br>વારાણસી |
| ૨૩. પૂજ્યપાદ ગો. શ્રીવ્રજરત્નલાલજી મહારાજ (સૂરત) ની નડિયાદ કેસની જુબાની | તા. ૨-૧૧-૪૬ ના દિ.બી.બી. દેસાઈ કમિશ્નર ઓફ ખેરા સ્પેશિયલ સૂટ નં.૨૫૪૩ |
| ૨૪. ગો.શ્રીગિરધરલાલજી ના ૧૨૦ વચનામૃત | પ્ર.વ.વિ.સં. ૨૦૨૫<br>પ્રકા. શ્રીબજરંગ પુસ્તકાલય, દાઉજી ઘાટ,<br>મથુરા. |
| ૨૫. અણુભાષ્ય ચતુર્થાધ્યાય (પ્ર.આ.) | પ્ર.વ.વિ.સં. ૧૯૮૪<br>પ્રકા. સેઠ ગોવર્ધનદાસ સુંદરદાસ |
| ૨૬. સર્વનિર્ણય નિબંધ | પ્ર.વ.વિ.સં. ૧૯૯૯<br>શ્રીજેઠાનંદ આસનમલ ટ્રસ્ટ,<br>૧૬૬, કાલબાદેવી રોડ, મુંબઈ-૨ |

| | | |
|---|---|---|
| ૨૭. | સાધનદીપિકા (પુષ્ટિભક્તિસુધા વર્ષ ૬, અંક ૫-૬) | પ્ર.વ.વિ.સં. ૧૯૭૨<br>પ્રકા. વાડીલાલ નગીનદાસ શાહ<br>પુષ્ટિભક્તિસુધા કાર્યાલય, મુંબઈ. |
| ૨૮. | સિદ્ધાંતમુક્તાવલી | પ્ર.વ.વિ.સં. ૧૯૭૯<br>પ્રકા. મૂલચંદ તુલસીદાસ તેલીવાળા, મુંબઈ. |
| ૨૯. | ભક્તિવર્ધિની | પ્ર.વ.વિ.સં. ૧૯૭૭<br>પ્રકા. મૂલચંદ તેલીવાળા, મુંબઈ. |
| ૩૦. | સંન્યાસનિર્ણય | પ્ર.વ.વિ.સં. ૧૯૭૪<br>પ્રકા. મૂલચંદ તેલીવાળા, મુંબઈ. |
| ૩૧. | ચતુશ્લોકી | પ્ર.વ.વિ.સં. ૧૯૭૮<br>પ્રકા. શ્રીજીવનેશાચાર્ય-પુષ્ટિસિદ્ધાંત કાર્યાલય, પોરબંદર. |
| ૩૨. | કૃષ્ણાશ્રય | પ્ર.વ.વિ.સં. ૧૯૮૩<br>પ્રકા. શ્રીજીવનેશાચાર્ય પુષ્ટિ સિદ્ધાંત કાર્યાલય, પોરબંદર. |
| ૩૩. | દ્રવ્યશુદ્ધિ | પ્ર.વ.વિ.સં. ૨૦૩૯<br>પ્રકા. ચતુર્થપીઠ, ગોકુલ. |
| ૩૪. | સુબોધિની પ્રથમસ્કન્ધ | પ્ર.વ.વિ.સં. ૧૯૭૧<br>પ્રકા. શુદ્ધાદ્વૈત સિદ્ધાંત કાર્યાલય, મોટુ મંદિર, મુંબઈ-૨ |
| ૩૫. | સુબોધિની દ્વિતીયસ્કન્ધ | પ્ર.વ.વિ.સં.૧૯૭૬<br>પ્રકા. શુદ્ધાદ્વૈત સિદ્ધાંત કાર્યાલય, મોટા મંદિર, મુંબઈ-૨ |
| ૩૬. | સુબોધિની દશમસ્કન્ધ | પ્ર.વ.વિ.સં. ૧૯૭૯-૧૯૮૯<br>પ્રકા. શ્રીમૂલચંદ તેલીવાળા અને મગનલાલ શાસ્ત્રી મુંબઈ |

| | | |
|---|---|---|
| ૩૭. | સુબોધિની એકાદશસ્કન્ધ<br>(વિવિધ ટીકાસહિત શ્રીમદ્ ભાગવત) | પ્ર.વ.વિ.સં. ૨૯૨૯<br>પ્રકા. શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રી ભાગવત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| ૩૮. | શ્રીમદ્વિઠ્ઠલેશ્વરણાં પત્રાણિ<br>(પુષ્ટિ ભક્તિસુધા વર્ષ ૪ અંક ૪) | પ્ર.વ.વિ.સં. ૧૯૮૦<br>પ્રકા. વાડીલાલ નગીનદાસ શાહ<br>પુષ્ટિભક્તિસુધા કાર્યાલય,<br>પ્રિંસેસ સ્ટ્રીટ, મુંબઈ. |
| ૩૯. | શ્રીગિરધરજી લિખિત ઉત્તરાધિકારપત્ર<br>('સાંપ્રદાયિક ઈતિહાસ' પૃષ્ઠ ૪<br>વેણુનાદ વર્ષ ૧ અંક ૧) | પ્ર.વ.વિ.સં. ૧૯૭૭<br>પ્રકા. બંસીધર દામુભાઈ મેહતા,<br>સી.પી.ટૅંક રોડ, મુંબઈ. |
| ૪૦. | શ્રીપુરુષોત્તમજીલિખિત દત્તકપત્ર<br>('સાંપ્રદાયિક પ્રાચીન ઈતિહાસ'<br>પૃષ્ઠ ૬૧, વેણુનાદ વર્ષ ૧ અંક ૨) | પ્ર.વ.વિ.સં. ૧૯૭૮<br>પ્રકા. વંશીધર દામુભાઈ મેહતા<br>સી.પી.ટૅંક રોડ, મુંબઈ. |
| ૪૧. | શ્રીવિઠ્ઠલેશચરિતામૃત | પ્ર.વ.વિ.સં. ૨૦૪૦<br>પ્રકા. શ્રીવલ્લભ ગ્રન્થ પ્રકાશન કાર્યાલય,<br>રમણ ચેમ્બર્સ, મોતી ટોકીજની પાસે,<br>સૂરત-૩. |
| ૪૨. | મૂલ પુરૂષ<br>(નિત્ય નિયમધોલપદ સંગ્રહ) | પ્ર.વ.વિ.સં. ૨૦૪૧<br>પ્રકા. રમણિકલાલ પોપટલાલ પરીખ,<br>પાટણ. |
| ૪૩. | ત્રિવિધનામાવલી | પ્ર.વ.વિ.સં. ૧૯૭૭<br>પ્રકા. ત્રિભુવનદાસ પીતામ્બરદાસ શાહ,<br>નડિયાદ. |
| ૪૪. | સિદ્ધાંતરહસ્ય | પ્ર.વ.વિ.સં. ૧૯૮૦<br>પ્રકા. મૂલચંદ તેલીવાળા, મુંબઈ. |
| ૪૫. | નવરત્ન | પ્ર.વ.વિ.સં. ૧૯૮૧<br>પ્રકા. મુલચંદ તેલીવાળા, મુંબઈ. |

| | | |
|---|---|---|
| ૪૬. | શિક્ષાશ્લોકી | પ્ર.વ.વિ.સં. ૧૯૭૮<br>પ્રકા. શ્રીજીવનેશાચાર્ય પુષ્ટિ સિદ્ધાંત કાર્યાલય, પોરબંદર. |
| ૪૭. | વિવેકધૈર્યાશ્રય | પ્ર.વ.વિ.સં. ૧૯૮૧<br>પ્રકા. ગો.શ્રીરણછોડલાલજી મહારાજ, પોરબંદર. |
| ૪૮. | અણુભાષ્ય (મૂલ) | પ્ર.વ.ઈ.સ. ૧૯૨૧<br>પ્રકા. મુમ્બાપુરસ્થ રાજકીય ગ્રંથશાળા |
| ૪૯. | સર્વોત્તમસ્તોત્ર (બૃહત્સ્તોત્રસરિત્સાગર) | પ્ર.વ.વિ.સં. ૨૦૩૯<br>પ્રકા. ચતુર્થપીઠ, ગોકુલ |
| ૫૦. | વલ્લભાખ્યાન | પ્ર.વ.વિ.સં. ૨૦૪૧<br>રમણિકલાલ પોપટલાલ પરીખ, પાટણ |
| ૫૧. | પુષ્ટિમાર્ગમાં ગાદી અંગેના વિવાદને કોઈ અવકાશ જ નથી (પૂ.શ્રીવ્રજ-રત્નલાલજી મહારાજની આજ્ઞાથી પ્રકાશિત વકતવ્ય) | પ્ર.વ.વિ.સં. ૨૦૪૩<br>અનેક સમાચારપત્ર તથા સાંપ્રદાયિક પત્રિકાઓમાં પ્રકાશિત |
| ૫૨. | અકબર (લે. રાહુલ સાંકૃત્યાયન) | પ્ર.વ.ઈ.સ. ૧૯૬૭<br>પ્રકા. કિતાબમહલ, દિલ્લી |
| ૫૩. | અણુભાષ્યપ્રકાશ | પ્ર.વ.ઈ.સ. ૧૯૦૬-૭<br>પ્રકા. ચૌખંભા સંસ્કૃત સીરીજ, વારાણસી |

***

નોંધ :

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................